राष्ट्रध्वज की उत्पत्ति, उसका इतिहास और साहित्य में उसके प्रतिबिंब पर यह चर्चा समाप्त करते हुए बस यही अपेक्षा है कि हमारे हृदय में राष्ट्रभावना सदैव प्रवाहित होती रहे। राष्ट्रध्वज का गौरव जीवन के अंतिम क्षण तक हमारे भीतर बना रहे और हमारे साहित्य में राष्ट्र–चेतना, राष्ट्र–विचार और सबसे बढ़कर राष्ट्र–भावना लगातार गूंजती रहे।

धन्यवाद।

समीर भट्ट
समर्पण आर्टस एवं कॉमर्स कॉलेज, गांधीनगर

https://www.gapbhasha.org/

GAP भाषा
A MULTILINGUAL JOURNAL OF RESEARCH
(ISSN – 2582-8770)
Globally peer-reviewed and open access journal.

# *Varaha Avatar and Environmental Protection: A Philosophical Study*

# *वराह अवतार और पर्यावरण रक्षण : एक अभ्यास*

*ડૉ. રાકેશકુમાર આર. પટેલ*
*ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સીટી ,ગાંધીનગર ૯૪૦૮૬૪૦૯૩૦*

## *प्रस्तावना*

*वराह अवतार — दशावतार में भगवान विष्णु का तीसरा अवतार है। इस अवतार का पौराणिक महत्व यह है कि भगवान विष्णु ने पृथ्वी की रक्षा करने के लिए वराह (दिव्य सुअर) का रूप धारण किया। श्रीमद भागवत महापुराण (स्कंद – 3, अध्याय – 13) में वराह अवतार का सबसे विस्तृत विवरण मिलता है। एक असुर हिरण्याक्ष पृथ्वी (भूदेवी) को समुद्र के तल तक खींच ले जाता है। उस समय, भगवान विष्णु वराह के रूप में प्रकट होते हैं — विशाल, प्रकाशमान और अत्यंत शक्तिशाली। वह पृथ्वी को अपने दांतों (दन्त) पर उठाकर समुद्र से बाहर लाते हैं और हिरण्याक्ष का नाश कर देते हैं। श्लोक (भागवत 3.13.31):*

*"दंष्ट्राग्रकोट्यां धरणीं विधार्य, रोरोय तस्मै नमो नमस्ते।"*(Bhagavat 3.13.31):

अर्थ: — "भगवान वराह ने अपने दाँतों की नोक पर पृथ्वी को थामा और महान क्रोध में गर्जना की।"विष्णु पुराण (प्रथम भाग, अध्याय 4, 5) –

यहाँ भी वर्णित है कि भगवान ने वराह रूप में पृथ्वी को हिरण्यकशिपु से मुक्त किया। विष्णु पुराण में, इस अवतार को प्रकृति के पुनर्स्थापन और धर्म की रक्षा के प्रतीक के रूप में माना गया है। यहाँ, भूमि देवी (माँ पृथ्वी) और भगवान वराह के बीच असाधारण संवाद का भी वर्णन है, जो पृथ्वी की पूजा का उदाहरण प्रस्तुत करता है।मत्स्य पुराण (अध्याय 144–145) ,

वराह अवतार को सृष्टि के पुनर्स्थापक के रूप में दर्शाया गया है।- विष्णु ने पृथ्वी को, जो समुद्र में डूब गई थी, बचाया और नया सृजन आरंभ किया। यहाँ, भगवान वराह की पूजा के लिए स्तोत्र और अनुष्ठानों का भी वर्णन किया गया है।महाभारत – शांतिपर्व (अध्याय 348–349) – यहाँ, भीष्म पितामह ने युधिष्ठिर को वराह अवतार की कथा सुनाई।- भगवान वराह को बलिदान के रूप और धर्म के अवतार के रूप में प्रस्तुत किया गया है।

"वराह अवतार" का वैज्ञानिक पक्ष आधुनिक दृष्टिकोण से अत्यंत रोचक और प्रतीकात्मक रूप में समझा जा सकता है।नीचे इसके वैज्ञानिक पक्ष में लाक्षणिक (symbolic) अर्थ क्रमबद्ध रूप से समझाए गए हैं, वराह अवतार की वैज्ञानिक लाक्षणिकता (Scientific Symbolism of Varaha Avatar)

वराह अवतार कोई सामान्य सुवर नहीं था । उस समय की जो जरूरत थी उस हिसाब से वो कार्य कर रहा था । भारतीय संस्कृति में कोई भी ज्ञान या प्रयोग होता था उसे सांकेतिक रूप से लिखने का महिमा था । कारण ये था की जो लोग ज्ञान के हक़दार है उसे वो बातें समझ में आये ईस लिए सांकेतिक भाषा का प्रयोग किया जाता था । अब हम सुवर के अवतार का महत्व समजेंगे ।

**1. पृथ्वी का पुनः उद्भव (Symbol of Earth's Formation):** वराह (सुअर) ने समुद्र में डूबी पृथ्वी को अपने दाँतों से उठाया — यह दृश्य भूगर्भ विज्ञान (Geology) के अनुसार पृथ्वी की प्रारंभिक अवस्था के समान है,जब जल और धूल के मिश्रण से पृथ्वी की ठोस परतें बन रही थीं। इसका लाक्षणिक अर्थ है — पृथ्वी का पुनर्जन्म या भू-स्थिरीकरण (stabilization of Earth's crust)।

**2. जल और पृथ्वी का संतुलन (Hydrological Balance):**

समुद्र से पृथ्वी को ऊपर उठाना यह संकेत देता है कि जल और भूमि के अनुपात का सही संतुलन ही जीवन की उत्पत्ति का मूल है। यह **Hydrology** और **Ecology** की दृष्टि से महत्वपूर्ण संकेत है — प्रकृति में जल का संरक्षण और संतुलन बनाए रखना।

**3. गुरुत्वाकर्षण और स्थायित्व का प्रतीक (Symbol of Gravitational Stability):**

वराह पृथ्वी को अपने दाँतों पर धारण करता है —यह *गुरुत्वाकर्षण (Gravitational pull)* और *स्थायित्व (stability)* का दार्शनिक प्रतीक है। वैज्ञानिक दृष्टि से यह दर्शाता है कि पृथ्वी अपनी कक्षा में संतुलित शक्ति से स्थित है।

**4. हिरण्याक्ष – अंध वैज्ञानिकता या विनाशकारी शक्ति का प्रतीक:**

हिरण्याक्ष वह शक्ति है जो पृथ्वी को अधोगति में ले जाती है —अर्थात् *भौतिक लोभ, अति-उपभोग और पर्यावरण विनाश* की प्रवृत्ति। वराह का उससे युद्ध विज्ञान की उस प्रक्रिया का प्रतीक है जहाँ संतुलित प्राकृतिक शक्ति विनाशकारी प्रवृत्तियों को नियंत्रित करती है।

https://www.gapbhasha.org/

**5. सुवर (Varaha) का चयन – जैविक प्रतीक (Biological Symbolism):**

सूअर मिट्टी खोदने वाला, छिपी हुई वस्तु निकालने वाला प्राणी है। यह संकेत है कि *प्रकृति में जीवन की उत्पत्ति मिट्टी और जल के संयोग से हुई—* जो आधुनिक जीव विज्ञान (Biogenesis) से मेल खाती है।

6. **वराह अवतार – पर्यावरण पुनर्संरक्षण का प्रतीक:**

वैज्ञानिक दृष्टि से वराह अवतार यह संदेश देता है कि जब पृथ्वी असंतुलन की स्थिति में पहुँच जाए, तो *संतुलन पुनः स्थापित करने के लिए चेतन शक्ति (Consciousness of Nature)* सक्रिय हो जाती है। यह पर्यावरण संरक्षण, जल-संतुलन और भू-स्थायित्व की चेतावनी है।

## *वराह अवतार के विविध शास्त्रों में उल्लेख*

*"वराहो धर्म एवायं यज्ञरूपो महाबलः।*

अर्थ — "वराह रूप में प्रकट हुए विष्णु धर्म और यज्ञ के स्वरूप हैं।"

मनुजी ने कहा ;- पाप का नाश करने वाले पिताजी! मैं आपकी आज्ञा का पालन अवश्य करूँगा; किन्तु आप इस जगत् में मेरे और मेरी भावी प्रजा के रहने के लिये स्थान बतलाइ। देव! सब जीवों का निवास स्थान पृथ्वी इस समय प्रलय के जल में डूबी हुई है। आप इस देवी के उद्धार का प्रयत्न कीजिए। श्रीमैत्रेयजी ने कहा—पृथ्वी को इस प्रकार अथाह जल में डूबी देखकर ब्रम्हाजी बहुत देर तक मन में यह सोचते रहे कि 'इसे कैसे निकालूँ ? जिस समय मैं लोक रचना में लगा हुआ था, उस समय पृथ्वी जल में डूब जाने से रसातल में चली गयी । हम लोग सृष्टि कार्य में नियुक्त हैं, अतः इसके लिये हमें क्या करना चाहिये ? अब तो, जिनके संकल्पमात्र से मेरा जन्म हुआ है, वे सर्वशक्तिमान् श्रीहरि ही मेरा यह काम पूरा करें'। संदर्भ - (श्रीमद्भागवत महापुराण: तृतीय स्कन्ध: त्रयोदश अध्यायः श्लोक 18-30 का हिन्दी अनुवाद)

## वराह अवतार का प्रादुर्भाव

निष्पाप विदुरजी! ब्रम्हाजी इस प्रकार विचार कर ही रहे थे कि उनके नासिकाछिद्र से अकस्मात् अँगूठे के बराबर आकार का एक वाराह-शिशु निकला। भारत! बड़े आश्चर्य की बात तो यही हुई कि आकाश में खड़ा हुआ वह वाराह-शिशु ब्रम्हाजी के देखते-ही-देखते बड़ा होकर क्षण भर में हाथी के बराबर हो गया। उस विशाल वाराह-मूर्ति को देखकर मरीचि आदि मुनिजन, सनकादि और स्वायम्भुव मनु के सहित श्रीब्रम्हाजी तरह-तरह के विचार करने लगे—। अहो! सूकर के रूप में आज यह कौन दिव्य प्राणी यहाँ प्रकट हुआ है ? कैसा आश्चर्य है! यह अभी-अभी मेरी नाक से निकला था। पहले तो यह अँगूठे के पोरुए के बराबर दिखायी देता था, किन्तु एक क्षण में ही बड़ी भारी शिला के समान हो गया। अवश्य ही यज्ञमूर्ति भगवान् हम लोगों के मन को मोहित कर रहे हैं। ब्रम्हाजी और उनके पुत्र इस प्रकार सोच ही रहे थे कि भगवान् यज्ञपुरुष पर्वताकार होकर गरजने लगे। सर्वशक्तिमान् श्रीहरि ने अपनी गर्जना से दिशाओं को प्रतिध्वनित करके ब्रम्हा और श्रेष्ठ ब्राम्हणों को हर्ष से भर दिया। अपना खेद दूर करने वाली मायामय वराह भगवान् की घुरघुराहट को सुनकर वे जनलोक, तपलोक और सत्यलोक निवासी मुनिगण तीनों वेदों के परम पवित्र मन्त्रों से उनकी स्तुति करने लगे। भगवान् के स्वरुप का वेदों में विस्तार से वर्णन किया गया है; अतः उन मुनीश्वरों ने जो स्तुति की, उसे वेदरूप मानकर भगवान् बड़े प्रसन्न हुए और एक बार फिर गरजकर देवताओं के हित के लिये गजराज की-सी लीला करते हुए जल में घुस गये।

पहले से सूकर रूप भगवान् पूँछ उठाकर बड़े वेग से आकाश में उछले और अपनी गर्दन के बालों को फटकारकर खुरों के आघात से बादलों को छितराने लगे। उनका शरीर बड़ा कठोर था, त्वचा पर कड़े-कड़े बाल थे, दाढ़े सफ़ेद थीं और नेत्रों से तेज निकल रहा था, उस समय उनकी बड़ी शोभा हो रही थी। भगवान् स्वयं यज्ञपुरुष हैं तथापि सूकर रूप धारण करने के कारण अपनी नाक से सूँघ-सूँघकर पृथ्वी का पता लगा रहे थे। उनकी दाढ़े बड़ी कठोर थीं। इस प्रकार यद्यपि वे बड़े क्रूर जान पड़ते थे, तथापि अपनी स्तुति करने वाले मरीचि आदि मुनियों की और बड़ी सौम्य दृष्टि से निहारते हुए उन्होंने जल में प्रवेश किया। जिस समय उनका वज्रमय पर्वत के समान कठोर कलेवर जल में गिरा, तब उसके वेग से मानो समुद्र का पेट फट गया और उसमें बादलों की गड़गड़ाहट के समान बड़ा भीषण शब्द हुआ। उस समय ऐसा जान पड़ता था मानो अपनी उत्ताल तरंग रूप भुजाओं को उठाकर वह बड़े आर्तस्वर से 'हे यज्ञेश्वर! मेरी रक्षा करो।' इस प्रकार पुकार रहा है। तब भगवान् यज्ञमूर्ति अपने बाण के समान पैने खुरों से जल को चीरते हुए उस अपार जलराशि के उस पार पहुँचे। वहाँ रसातल में उन्होंने समस्त जीवों की आश्रयभूता पृथ्वी को देखा, जिसे कल्पान्त में शयन करने के लिये उद्दत श्रीहरि ने स्वयं अपने ही उदर में लीन कर लिया था। (श्रीमद्भागवत महापुराण: तृतीय स्कन्ध: त्रयोदश अध्यायः श्लोक 31-41 का हिन्दी अनुवाद)

फिर वे जल में डूबी हुई पृथ्वी को अपनी दाढ़ों पर लेकर रसातल से ऊपर आये। उस समय उनकी बड़ी शोभा हो रही थी। जल से बाहर आते समय उनके मार्ग में विघ्न डालने के लिये महापराक्रमी हिरण्याक्ष ने जल के भीतर ही उन पर गदा से आक्रमण किया। इससे उनका क्रोध चक्र के समान तीक्ष्ण हो गया और उन्होंने उसे लीला से ही इस प्रकार मार डाला, जैसे सिंह हाथी को मार डालता है। उस समय उसके रक्त से थूथनी तथा कनपटी सन जाने के कारण वे ऐसे जान पड़ते थे मानो कोई गजराज लाल मिट्टी के टीले में टक्कर मारकर आया हो। तात! जैसे गजराज अपने दाँतों पर कमल-पुष्प धारण कर ले, उसी प्रकार अपने सफ़ेद दाँतों की नोक पर पृथ्वी को धारण कर जल से बाहर निकले हुए, तमाल के समान नीलवर्ण वराह भगवान् को देखकर ब्रम्हा, मरीचि आदि को निश्चय को हो गया कि ये भगवान् ही हैं। तब वे हाथ जोड़कर वेदवाक्यों से उनकी स्तुति करने लगे। ऋषियों ने कहा ;- भगवान् अजित्! आपकी जय हो, जय हो। यज्ञपते! आप अपने वेदत्रयीरूप विग्रह को फटकार रहे हैं; आपको

https://www.gapbhasha.org/

GRAND ACADEMIC PORTAL
RESEARCH JOURNALS
GAP भाषा
A MULTILINGUAL JOURNAL OF RESEARCH
(ISSN – 2582-8770)
Globally peer-reviewed and open access journal.
ज्ञान: अध्ययन: परम्परा

नमस्कार हैं। आपके रोम-कूपों में सम्पूर्ण यज्ञ लीन हैं। आपसे पृथ्वी का उद्धार करने के लिये ही यह सूक्ष्मरूप धारण किया है; आपको नमस्कार है। नाथ! चराचर जीवों के सुखपूर्वक रहने के लिये आप अपनी पत्नी इन जगन्माता पृथ्वी को जल पर स्थापित कीजिये। आप जगत् के पिता हैं और अरणि में अग्निस्थापन के समान आपने इसमें धारण शक्तिरूप अपना तेज स्थापित किया है। हम आपको और इस पृथ्वीमाता को प्रणाम करते हैं। प्रभो! रसातल में डूबी हुई इस पृथ्वी को निकालने का साहस आपके सिवा और कौन कर सकता था। किंतु आप तो सम्पूर्ण आश्चर्यों के आश्रय हैं, आपके लिये यह कोई आश्चर्य की बात नहीं है। आपने ही तो अपनी माया से इस अत्याश्चार्यमय विश्व की रचना की। जब आप अपने वेदमय विग्रह को हिलाते हैं, तब हमारे ऊपर आपकी गरदन के बालों से झरती हुई शीतल बूँदें गिरती हैं। ईशा! उनसे भोगकर हम जनलोक, तपलोक और सत्यलोक में रहने वाले मुनिजन सर्वथा पवित्र हो जाते हैं। जो पुरुष आपके कर्मों का पार पाना चाहता है, अवश्य ही उसकी बुद्धि नष्ट हो गयी है; क्योंकि आपके कर्मों का कोई पार ही नहीं है। आपकी योगमाया के सात्वादि गुणों से यह सारा जगत् मोहित हो रहा है। भगवन्! आप इसका कल्याण कीजिये।
श्रीमैत्रेयजी कहते हैं ;- विदुरजी! उन ब्रम्हवादी मुनियों के इस प्रकार स्तुति करने पर सबकी रक्षा करने वाले वराहभगवान् अपने खुरों से जल को स्तम्भित कर उस पर पृथ्वी को स्थापित कर दिया। इस प्रकार रसातल से लीला पूर्वक लायी हुई पृथ्वी को जल पर रखकर वे विष्वक्सेन प्रजापति भगवान् श्रीहरि अन्तर्धान हो गये। विदुरजी! भगवान् के लीलामय चरित्र अत्यन्त कीर्तनिय हैं और उनमें लगी हुई बुद्धि सब प्रकार के पाप-तापों को दूर कर देती है।
वराह का स्वरूप पृथ्वी (भूमि) और आकाश (गगन) के बीच का संवादात्मक रूप है — जो मनुष्य को धर्म की सीमा सिखाता है।

## अर्थ और प्रतीकात्मक महत्व:

- वराह = शक्ति और धर्म का प्रतीक।
- पृथ्वी = जीवन और मातृत्व का प्रतीक।
- हिरण्याक्ष = अहंकार और अतिकौतिक वृत्तियों का प्रतीक।

इस प्रकार यह अवतार दर्शाता है कि —"जब अहंकार और अधर्म पृथ्वी को अंधकार में धकेल देते हैं, तब भगवान धर्मरूप में अवतरित होकर उसका उद्धार करते हैं।"
वराह अवतार का तत्त्वविचारात्मक और शैक्षणिक अर्थ : वराह अवतार केवल पौराणिक कथा नहीं है, बल्कि इसमें गहन तत्त्वज्ञान, मानवीय मूल्यों और आध्यात्मिक संदेशों का समावेश है। इसे विभिन्न स्तरों पर इस प्रकार व्याख्यायित किया जा सकता है —
**१. प्रकृति के संरक्षण का संदेश (Ecological Philosophy)**वराह भगवान ने पृथ्वी (भूदेवी) का उद्धार किया —इसका अर्थ है कि जब मानव लोभ और अहंकार से प्रकृति का संतुलन बिगाड़ता है, तो धर्मरूप शक्ति को प्रकृति की सुरक्षा करनी ही पड़ती है। वराह अवतार प्रकृति के प्रति जिम्मेदारी और पर्यावरण संरक्षण का प्रतीक है।
**२. अहंकार और अन्याय के विरुद्ध दिव्य शक्ति (Triumph of Truth over Ego)**हिरण्याक्ष असुर का प्रतीक है — अहंकार, संपत्ति प्रेम और अन्याय।वराह अवतार दिखाता है कि धर्म की शक्ति हमेशा अहंकार और अन्याय पर विजय प्राप्त करती है।🕉 अहंकार क्षणिक है, लेकिन धर्म चिरंजीवी है।
**३. धर्म और कर्तव्य का उद्देश्य (Duty and Dharma)**वराह भगवान ने अपनी शक्ति केवल स्वार्थ के लिए नहीं, बल्कि पृथ्वी और जीवजंतु की रक्षा के लिए इस्तेमाल की।यह मानव के लिए सीख है कि —"सत्य कर्तव्य वह है, जो सभी के कल्याण के लिए हो।"
**४. स्त्री तत्व और पृथ्वी माता का सम्मान (Reverence for Feminine & Earth)**भूदेवी (पृथ्वी) स्त्री तत्व का प्रतीक है।वराह अवतार यह सिखाता है कि स्त्री की रक्षा, सम्मान और संवर्धन धर्म की सीमा है। पृथ्वी और स्त्री — दोनों जीवन के आधारस्तंभ हैं।
**५. आध्यात्मिक स्तर पर अर्थ (Inner Spiritual Message)**पृथ्वी का समुद्र में विलीन होना = मानव की चेतना का अँधेरे में खो जाना।वराह का उद्धार = आत्म-जागृति का उदय।✨ भगवान वराह हमारे अंदर वह शक्ति हैं, जो अज्ञान और अहंकार के समुद्र से आत्मा को उठाते हैं।
**६. शैक्षिक अर्थ (Educational Meaning)**वराह अवतार सिखाता है —ज्ञान का उपयोग रक्षा के लिए करें, विनाश के लिए नहीं।कर्तव्य, सहानुभूति और संतुलन ही सच्चे शिक्षा के मूल्य हैं।🎓 सच्ची शिक्षा वही है, जो धर्म, कर्तव्य और करुणा को जोड़ती है।
**७. आधुनिक समय के लिए संदेश (Contemporary Relevance)**आज के युग में, जब पर्यावरण का विनाश, स्वार्थ और अहंकार बढ़ रहा है —वराह अवतार हमें याद दिलाता है कि —🌿 मानव का सच्चा धर्म यह है कि वह पृथ्वी, प्रकृति और जीव-जंतुओं की रक्षा करे।"वराह अवतार" धर्म का अवतार है —जो दिखाता है कि जब पृथ्वी अधर्म और अहंकार के बोझ तले दब जाती है, तब ईश्वर धर्म के रूप में प्रकट होकर इसे उद्धार करते हैं।
7. **अवतार का सार्वभौमिक संदेश:**

"पृथ्वी को डूबने से बचाना"

आज के वैज्ञानिक युग में यह रूपक *Climate Change* और *Sustainability* से सीधे जुड़ा हुआ है।

**निष्कर्ष (Conclusion):** वराह अवतार केवल धार्मिक कथा नहीं, बल्कि "पृथ्वी के संरक्षण, पर्यावरणीय संतुलन और मानव जिम्मेदारी" का वैज्ञानिक प्रतीक है।

https://www.gapbhasha.org/

GRAND ACADEMIC PORTAL
RESEARCH JOURNALS

GAP भाषा
A MULTILINGUAL JOURNAL OF RESEARCH
(ISSN – 2582-8770)
Globally peer-reviewed and open access journal.

# માનવીની ભવાઈ’ નવલકથામાં માનવ મૂલ્યોનો અભ્યાસ

## ડૉ. અભિષેકકુમાર બી. દરજી

ઈ.સ. ૧૯૧૫માં ગાંધીજી ભારત આવે છે અને ભારતનું દરેક ક્ષેત્ર ગાંધીજીના વિચારોના પારસ સ્પર્શે પરિવર્તન પામે છે. ભારતીય અને ગુજરાતી સાહિત્યમાં પણ ગાંધીજીના જીવન અને વિચારોનો પ્રભાવ પડે છે. સાહિત્યના કેન્દ્રમાં ગામડું, વાસ્તવિકતા, ખેડૂત, અને ખાસ કરીને મનુષ્ય કેન્દ્રમાં આવે છે. તળના મનુષ્યનું જીવન, તેના સુખ-દુઃખ, તેના આચાર-વિચાર, તેનો સંઘર્ષ ગુજરાતી કૃતિઓનો કેન્દ્રવર્તી વિચાર બને છે. ગુજરાતી કવિતામાં દરિદ્રનારાયણના દર્શન થાય છે. આ સમય ગાળામાં ગુજરતી સાહિત્યનો ચમત્કાર ગણાતા જ્ઞાનપીઠ પુરસ્કારથી પુરસ્કૃત એવા પન્નાલાલ પટેલ ગુજરાતના ઈશાનિયા પ્રદેશના તળના ખેડૂતના જીવન સંઘર્ષની ગાથા અને સમગ્ર ગુજરાતી સાહિત્યમાં મોંઘેરા મોર સમી કૃતિ 'માનવીની ભવાઈ' લઈને આવે છે. પ્રસ્તુત કૃતિમાં દુકાળની વચ્ચે ઝઝુમતા ખેડૂતની સંઘર્ષગાથા અને પ્રણયની કથા આલેખાયેલી છે આથી જ તેને ખેતી અને પ્રીતિનું મહાકાવ્ય કહેવાયું છે. સમગ્ર કથા સત્ય, ઈમાનદારી, નિષ્ઠા, પ્રેમ, કરુણા, સહાનુભૂતિ, સમ્માન – આત્મસમ્માન જેવા માનવમૂલ્યોથી રસાઈને ભાવક સમક્ષ રજુ થાય છે.

નવલકથાની શરૂઆત ફ્લેશબેક પદ્ધતિથી કરવામાં આવી છે જેમાં પ્રથમ પ્રકરણ ‘ઝાકળિયા'માં નવલકથા આકારિત થવાની શરૂઆત થાય છે. એક નાનો છોકરો આવીને કાળુંને પૂછે છે.

'એં કાળુકાકા બીજું બધું તો ઠીક પણ તમે પેલા ડુંગરની પાર ધરતીને છેડે મીટ માંડીને રો'છો તે છે શું?

કાળુ ભારે શ્વાસ લેતા જવાબ આપે છે.

‘અંધારામાં હું મારી એળે ગયેલી જોવનાઈને, હૈયાના દાબડામાં પૂરી રાખેલી અને તોયે પારકી થઈ ગયેલી રાજુને, એક લોહીના બંધાયેલા ને તો એ દુશ્મનનું કાર્યકર્તા મારા પિતરાઈ ભાઈ નાનાને અને ખોવાઈ ગયેલા મારા દીકરા પ્રતાપને શોધું છું.'

આ વિધાન જ વાચકને આખી નવલકથા વાંચવા માટે પ્રેરે છે.

કાળુની આંખ આગળ આખો ભૂતકાળ ભવાઈની જેમ ભજવાઈ રહે છે.

સાઠ વર્ષની ઉંમરે વાલા ડોસા અને રૂપા ને ત્યાં કાળુ નો જન્મ થાય છે. જોકે વાલા ડોસાનું ઘર અછત અને અભાવગ્રસ્ત છતાં સુખી છે તો બીજી તરફ વાલાનો નાનો ભાઈ પરમો છે. તે આર્થિક રીતે સંપન્ન છે પરંતુ તેની પત્ની માલી એ ઈર્ષા અને કકળાટનું ઘર બની રહેલી છે, તે કાળુંના જન્મથી ખુશ નથી. સમય જતા કુલી ડોશી જેવી જાજરમાન સ્ત્રીના પ્રયત્નોથી કાળુનો ગલાડોસા જેવા સુખીયા ખેડૂતની સુંદર પુત્રી રાજુ સાથે વિવાહ થાય છે પરંતુ આ વિવાહ જાદુ ટકતો નથી. માલીના પુત્ર રણછોડ અને તેના કાકા સસરા મનોરના તેમ જ નાતના ચૌદસિયા પેથા પટેલ જેવાઓના કાવા દાવાઓથી રાજુ અને કાળુંનો વિવાહ તૂટે છે. નાતનો ફેસલો એમ આવે છે કે નરસિંહની પુત્રી ભલી સાથે કાળનું લગ્ન અને નરસિંહના ભાઈ સદા બીમાર અને બીજવર એવા દયાળજી સાથે રાજુનું લગ્ન ગોઠવાય છે. આવા સમયમાં તે કાળુ સાથે અબોલા લે છે જો કે ભીતર કાળુંની પ્રેમિકા બની રહે છે અને જ્યારે તેનું લગ્ન દ્યાળજી સાથે થાય છે ત્યારે તે પોતાના ચારિત્ર્યને સાચવે છે. ક્યાંય કલંક નથી લાગવા દેતી. સાસરિયા સંબંધને કારણે કાળુને રાજુના ઘરે જવાનું વારંવાર બને છે. પત્ની ભળી સાથે કાળુને બનતું નથી. રાજુ એ જાણે છે અને સલાહ – શિખામણ પણ આપી મેળ રાખવા મથે છે. જોકે રાજુ પોતાના પતિ દયાળજીમાં પોતાનો જીવ પરોવી રાખે છે. બંને એકબીજાને ચાહતા હોવા છતાં કાળુ રાજુને વધારે નહી મળવાનું નક્કી કરે છે અને મનના મોરલા મનમાં રમાડીને મનખો પૂરો કરવાનું સમાધાન શોધે છે તેમાં તેની માનવતા અને તેની સંસ્કારિતા જોવા મળે છે. બીજી તરફ મેઘરાજા વિસામણા મનામણા કરે છે અને છપ્પનિયો દુકાળ પડે છે. તે વખતે પડોશી ગામના ભીલો તીડના ટોળાની જેમ તૂટી પડે છે અને આખા ગામની લૂંટે છે. ભૂખમરો પ્રજાને ચારે દિશાએથી ભરડો લે છે. કાળુના ગામમાં લૂંટ – ફાટ થાય છે. કાળુના ઢોર ધાડવાળા હાંકી જાય છે અને કાળુ ઢોરને છોડાવા જાય છે ત્યાં ભૂખનું વિકરાળ સ્વરૂપ જુએ છે ત્યારે તેને થાય છે કે, ક્યારે આ લોકો પેલા ઢોરને મારી રહેશે ક્યારે ખાવાભેગા થશે અને ક્યારે આ ઢોર છૂટશે ! પણ ભૂખ્યા માનવોની દયા આવી જાય છે અને ધાડવાળા તરફ તલવાર ફેંકીને બોલે છે ‘લ્યો તમારી માના ધણીઓ’ પ્રસ્તુત ઘટનામાં કાળુને ઢોર કરતા ભૂખ્યા માણસોની દયા વધારે આવે છે. આ આખીય

https://www.gapbhasha.org/

પરિસ્થિતિથી ત્રસ્ત કાળુ ભગવાનનેય ગાળ દઈ બેસે છે. "કાળના પાડનારા તારું મૂળ જજો, તે માનવીની આ દશા કરી!" વળી લોકોને બચાવવાના ઓરતા સેવતો કાળુ બોલી ઉઠે છે. "મારું ચાલે તો દૈવની સામે બાથ ભીંડું, અરે આભલાને કાણા કરી દઉં." અહીં કાળુની ભીતર ધબકતા માનવીયતાની પણ પરાકાષ્ઠા જોવા મળે છે.

રાજુ પોતાના પ્રેમનું બલિદાન આપીને પણ પોતાના પતિને જ પોતાનો દેવ માની અને ચાલે છે. તેમાં જરા પણ અસ્થિરતા આવવા દેતી નથી. દુકાળના દિવસોમાં ભલી જેવી સ્ત્રીઓ દેહ વ્યાપાર કરે છે પરંતુ રાજુ એ બાબતે ચઢીયાતી નીકળે છે. તે કોઈના સકંજામાં આવતી નથી. દુકાળના ભયાનક દિવસોમાં કાળુ સસરાના ઘરની એમ કહો કે રાજુની ખબર જોવા જાય છે. ત્યાં રાજુની ખુમારી પણ જોવા મળે છે. રાજુ પોતાના કુટુંબને અને પતિને બચાવવા માટે નીતિના માર્ગે ચાલીને થાય એ બધું કરી છૂટે છે તે કાળુંને પોતાની વિગત જણાવતા કહે છે કે "એક દિવસ દાણા લેવા ગઈ હતી અને શેઠે મારી કાયા વખાણીને છેડતી કરી એ ઠાલા હાથે પાછા ફરતા મને ઘણું એ થયું કે જો હું આદમી હોત તો એ સાવકારનું ખૂન કરી નાખત અને ભૂખે મરતા બધાયને બોલાવી પેલા કોઠાર લૂંટાવી દેતો." અહીં રાજુની માનવીયતા અને નૈતિકતા બંનેના દર્શન થાય છે. 'જયારે કાળુને એવી વાત મળે છે કે, રાજુ નાનીયા સાથે ઘર માંડવાની છે ત્યારે કાળુ રાજુને ન કહેવાના વેણ કહે છે ત્યારે રજુ કાળુને સ્પષ્ટ રીતે જણાવે છે કે, 'રાજુનો દહાડો નથી ઉઠ્યો કે તે વળી બે ભાવમાં ત્રીજો ભવ કરે, તમ તમારે સવામણનું કાળજું રાખજો.' એ જ વખતે કાળુ પૂછી બેસે છે કે, "રાજુ તું સાચે જ દયાળજી ને ખરેખર બચાવવા ચાહે છે ત્યારે રાજુ જવાબ આપે છે 'તમે ઊઠીને એમ કહેશો ! દુનિયાની એમ છે કે રાજુ આ આદમી મરી જાય એની વાટ જોઈને બેઠી છે પણ શું કરવા? શા સુખ માટે? તમે બધા જાણો છો કે રાજુને દુઃખ છે પણ શું દુઃખ છે!" પ્રસ્તુત વિધાનમાં જ રાજુની પત્ની તરીકેની ખુમારી અને નૈતિકતા જોવા મળે છે. ભૂખમારાથી ત્રાસીને કાળુ, રાજુ, ભલી અને બચેલા છોકરાઓ પડોશમાં આવેલા ગામ દેગડિયામાં ચાલ્યા જાય છે ત્યાં સહુકારોએ અન્ન ક્ષેત્ર ખોલ્યા છે.

દેગડિયા જતા પહેલા ધાડવાળાઓ દુષ્ટ માલીને મારી નાખે છે ત્યારે માલીના શરીર પર એક પણ કપડું નથી એ જ વખતે જેણે કાળુ ને આંખો અવતાર કાળમુકો કયો અને ભાંડ્યો તે કાળુ પોતાના ધોતિયાનું કફન ઓઢાડે છે. અહીં કાળુંના પાત્રની ઉદ્દાતતા નજરે ચડે છે. સુંદર જી શેઠે ધર્માદુ અનાજ આપવાનું શરૂ કર્યું છે તેવું સાંભળી લોકો ખૂબ અનાજ મેળવવા લાઈનમાં ઊભા રહે છે પરંતુ કાળું તો કણબીનો દીકરો એને માગવાનું ગમતું નથી. તે કહે છે ભૂખ ભૂંડી છે આજે એ ભૂખથી એ ભૂંડી વર્ષ જોઈ ભૂખથી એ ભૂંડી છે ભીખ ભૂખ તો એકનું શરીર કાઢી નાખે છે જ્યારે આ ભીખ તો મનને ગાળી નાખે છે. પ્રસ્તુત વાક્ય આખી નવલકથાને વ્યંજિત કરે છે. નવલકથાને અંતે તરસ્યા કાળુના મુખમાં પોતાનું સ્તન મૂકીને તેને બચાવે છે. પ્રસ્તુત અંત નવલકથા માં માનવતાની પરાકાષ્ઠા બની રહે છે.

આમ 'માનવીની ભવાઈ' નવલકથાના માનવીના ભવની વહી છે. એટલેજ તેમાં માનવ, માનવ સંગર્ષ, વસમી વેળાની વચ્ચે નવલકથાના પાત્રો માનવમૂલ્યોને ભૂલ્યા નથી. સંકટ સમયમાં સંસ્કારિતાનું જતન કરતાં જણાય છે.

**ડૉ. અભિષેકકુમાર બી. દરજી**
**આસિ. પ્રોફેસર**
**ગુજરાત આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ**

https://www.gapbhasha.org/

GAP भाषा
A MULTILINGUAL JOURNAL OF RESEARCH
(ISSN – 2582-8770)
Globally peer-reviewed and open access journal.

# ભારતીય પરિવાર અને પરંપરાગત શિક્ષણ

## ડૉ. અલ્પા જે. પટેલ

*સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ*
*સેક્ટર, 28 ગાંધીનગર*
*patel.aj68@gmail.com*

ભારતીય સામાજિક વિજ્ઞાન પરંપરામાં પરિવાર સામાજિક એકમ હોવાની સાથે ધાર્મિક, આધ્યાત્મિક, નૈતિક અને સાંસ્કૃતિ મૂલ્યોનું પ્રતીક છે. પ્રાચીન કાળથી લઈને આધુનિક યુગ સુધી ભારતીય સમાજમાં કુટુંબ વ્યક્તિના સામાજિક મૂલ્ય નિર્માણ અને સાંસ્કૃતિક વારસાના સંવર્ધનમાં મુખ્ય ભૂમિકા ભજવી છે. ભારતીય સંસ્કૃતિમાં કુટુંબ વ્યક્તિના જન્મથી મૃત્યુ સુધીના સમગ્ર જીવનને પ્રભાવિત કરે છે. પરિવાર પ્રજોત્પતિ, વંશવૃદ્ધિ અને વ્યક્તિના સામાજિક, સાંસ્કૃતિક મૂલ્યના સંક્રમણ અને આધ્યાત્મિક ઉન્નતી નું પ્રાથમિક ક્ષેત્ર છે.

**પરિવાર એટલે.....**

વૈદિક પરંપરામાં પરિવારને એક ગૃહસ્થાશ્રમ તરીકે ઓળખવામાં આવે છે. જ્યાં દરેક સભ્ય પોતાના કર્તવ્યોનું પાલન કરીને સમાજને બ્રહ્માંડના સંતુલનમાં યોગદાન આપે છે. ઋગ્વેદ અને અર્થવવેદ જેવા ગ્રંથોમાં ગૃહ એટલે ઘર અને કુળ એટલે કુટુંબ બંને પવિત્ર અને સમૃદ્ધિના સ્ત્રોત તરીકે વર્ણવવામાં આવ્યા છે. વૈદિક ઋષિઓએ દસ પુત્રોની પ્રાપ્તિ જેવા આશીર્વાદ માંગ્યા છે. જે દર્શાવે છે કે કુટુંબનું વિસ્તરણ અને સમૃદ્ધિ એ વ્યક્તિગત અને સામુદાયિક કલ્યાણનો આધાર સ્તંભ છે. પરિવારની કેટલીક સાર્વત્રિક લાક્ષણિકતાઓ છે. તે સાર્વત્રિક છે કાયમી છે તમામ સામાજિક સંબંધોનું કેન્દ્રબિંદુ છે. ભાવનાત્મક આધાર દર્શાવે છે તેના સભ્યો પર ઘેરી અસર કરે છે. અને તેમને સામાજિક જવાબદારી તથા સહકારની ભાવના શીખવે છે.

ભારતીય સામાજિક વ્યવસ્થામાં પરિવાર એ સૌથી મહત્વપૂર્ણ એકમ છે. જે વ્યક્તિના જીવનને આકાર આપે છે. વ્યક્તિને અહમ માંથી વયમ તરફ લઈ જાય છે. જ્યાં સહકાર, ત્યાગ અને સેવાના પાઠ શીખવાય છે.

ભારતીય જીવન પદ્ધતિમાં પરિવારને વિકાસ સાંસ્કૃતિક સંસ્થા તરીકે થયો છે. ભારતીય પરિવારે માનવીય સંબંધોને ઉચ્ચ સાંસ્કૃતિક સપાટીએ પહોંચાડ્યા છે. પુત્રની માતા-પિતા પ્રત્યે ભક્તિ અને કર્તવ્ય ભાવના ભાઈનો બહેન સાથેનો પવિત્ર સંબંધ વિશ્વના અન્ય દેશોમાં પ્રાપ્ત થતો નથી. ભારતીય સંસ્કૃતિની સમૃદ્ધિમાં પરિવારનો મહત્વનો ફાળો રહેલો છે.

## ભારતીય પરિવારનું મહત્વ : -

પરિવાર ભારતીય સંસ્કૃતિ અને જીવનના આદર્શોનું સરક્ષણ કેન્દ્ર છે. બાળક પોતાના સમાજની સંસ્કૃતિને ગ્રહણ કરે છે. પરિવારમાં જ બાળક ભાષા શીખે છે. તેના શારીરિક, માનસિક, નૈતિક અને આધ્યાત્મિક વિકાસનો પાયો નખાય છે. બાળકનું ચારિત્ર્ય, કૌશલ્યો, ટેવો અને જીવનની નાનામાં નાની વાતો પરિવાર ઉપર આધાર રાખે છે. બાળકના ભાવિ જીવનના બીજ સંસ્કાર રૂપે પરિવારમાં જ રોપાય છે. પરિવાર બાળકની પ્રથમ પાઠશાળા, માતા તેની પ્રથમ ગુરુ, પિતા સંરક્ષક અને વડીલો શિક્ષક ગણ હોય છે. જેમકે સત્ય, અહિંસા, દયા સામાજિક ધોરણો અને વ્યવહારિક જ્ઞાન શીખવવામાં આવે છે. બાળકોને વડીલોને પ્રણામ કરવા, અતિથિ સત્કાર કરવો અને ધાર્મિક વિધિઓમાં ભાગ લેવો જેવા સંસ્કારો ગુરુકુળમાંથી જ મળે છે. સંયુક્ત કુટુંબમાં, કુટુંબ સહકારી ઉત્પાદન, ઉપભોગ અને સંસાધનોના વિતરણનું કેન્દ્ર બની રહેલું છે. ભાવનાત્મક સુરક્ષા, પ્રેમ, સ્નેહ અને સહાનુભૂતિ પૂરી પાડવામાં પરિવારની ભૂમિકા અનિવાર્ય છે. તે સભ્યોને મુશ્કેલીના સમયમાં, બીમારી, આર્થિક સંકટ સમયે ટેકો પૂરો પાડે છે. સાંસ્કૃતિક વારસાનું સંક્રમણ ધાર્મિક તહેવારોની ઉજવણી પરિવારમાં જ થાય છે. પરિવાર એક સામાજિક એકમ નથી પરંતુ સાંસ્કૃતિક અને આધ્યાત્મિક વારસાનું જીવંત સંગ્રહાલય છે.

https://www.gapbhasha.org/

**अनुव्रतः पितुः पुत्रो, मात्रा भवतु सम्मनाः| जाया पत्ये मधुमतीम्, वाचं वदतु शान्तिवाम् ||**

આદર્શ ઘર સંસારમાં સંતાનો માતા પિતા - પત્ની પારસ્પરિક સંબંધો મીઠાશ ભર્યા હોય છે. આવા જ કુટુંબો હંમેશા ફુલતા - ફાલતા હોય છે અને સુખી રહે છે. ઋષિઓ એ મનુષ્ય જીવનને ચાર આશ્રમમાં વહેંચેલું છે. બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ, સંન્યાસ. બ્રહ્મચર્ય આશ્રમમાં શારીરિક, માનસિક, બૌદ્ધિક અને આધ્યાત્મિક શક્તિઓ પ્રાપ્ત કરે છે. ગૃહસ્થાશ્રમમાં તેની શક્તિઓમાં ઘટાડો થાય છે. વાનપ્રસ્થાશ્રમ માં સ્વાસ્થ્ય પદ, જપ, તપ દ્વારા શક્તિમાં વધારો કરે છે. સન્યાશ્રમમાં પોતાના એકત્રિત જ્ઞાન, વિજ્ઞાન અને અનુભવનું સમાજમાં વિચરનણ કરે છે. માનવ જીવનની આશ્રમ વ્યવસ્થામાં વૈદિક ધર્મોની ઘણી વિશેષતા છે. ગૃહસ્થાશ્રમમાં ત્યાગની ભાવના વધુ બળવાન છે. કુટુંબમાં બધા સભ્યો એકબીજા પ્રત્યે સ્નેહ અને સહકારનો ભાવ રાખીને પોતે કષ્ટ વેઠવા માટે તત્પર રહે છે. કુટુંબમાં બધાની ઉન્નતી માટે પોતાનો ભાવના પ્રબળ બનેછે. પ્રેમ અને મિત્રતા જ આદર્શ કુટુંબનો આધાર છે. ગૃહસ્થ જીવન ગર્ભધાન સંસ્કારથી માંડીને જાતિ કર્મ, ચુડા કરણ, ઉપર નયન વગેરે સંસ્કારોની પરંપરા યોગ્ય સનાતનના નિર્માણ માટે જે છે. બાળક રાષ્ટ્રની સંપત્તિ છે. સમાજની અમૂલ્ય મૂડી છે. તે રાષ્ટ્રના વિકાસ માટે માતા-પિતાની આ ભારતીય દ્રષ્ટિ વર્તમાન સમયમાં પણ એટલી જ યોગ્ય છે.

## પરિવારમાં વડીલોનનો વ્યવહાર : -

માતા પિતા અને પરિવારના અન્ય લોકોના વ્યવહારનો પ્રભાવ બાળક ઉપર પડે છે. માતા પિતા એ બાળકો સાથે પૂરતો સમય વિતાવવો જોઈએ. તેમને ભરપૂર પ્રેમ આપવો જોઈએ. બાળકોના વ્યક્તિત્વનો સારી રીતે વિકાસ થશે તેઓ વડીલો પ્રત્યે આદર અને આત્મીયતાનો વ્યવહાર કરશે. ભારતીય પરંપરામાં સંયુક્ત કુટુંબ તથા સામાજિક માળખાનો મુખ્ય આધાર રહી છે. આ પ્રથામાં અનેક પેઢીઓ દાદા - દાદી, માતા - પિતા, બાળકો અને પૌત્રો એક જ પરિવારમાં રહે છે. જ્યાં વડીલોના અનુભવનો લાભ લેવાય છે. વૈદિક કાળમાં કુટુંબ એ સમાજનો મૂળભૂત એકમ ગણાતો ઋગ્વેદ મંડળ દસ માં વિવાહ અને પારિવારિક સંબંધો કુટુંબનું મહત્વ સામાજિક એકતા નું પ્રતીક હતા. બાળકોને વડીલો પાસેથી સંસ્કારો અને વ્યવહારિક જ્ઞાન મળતું હતું જ્યારે વડીલોને યુવાનો સહકાર મળતો હતો. આનાથી સામાજિક સુરક્ષા નું એક મજબૂત નેટવર્ક બનતું.

**આધ્યાત્મિક વાતાવરણ :-**

ભારતીય સંસ્કૃતિમાં ભોજન ક્રિયાને યજ્ઞરૂપ ગણવામાં આવી છે. જેવું અન્ન ખાઈશું તે જ પ્રકારનું આપણું મન બનશે શક્ય હોય ત્યાં સુધી ભોજન પરિવારના બધા જ સભ્યોએ સાથે કરવું જોઈએ. તેનાથી પરિવારમાં પરસ્પર પ્રેમ અને આત્મીયતાના ભાવો ની વૃદ્ધિ થાય છે. ભોજન મંત્ર બોલીને, પરમેશ્વરને સમર્પિત કરીને સદવિચારો સહિત પ્રસન્ન ચિત થઈને કરવું જોઈએ. પશુ પક્ષીઓનો ભાગ ભોજન કરતા પહેલા જ જુદો કાઢવો જોઈએ ત્યાં તેને જ યજ્ઞ કહેવાય છે. અન્નકૂટ, ઓમ હવન, નવચંડી યજ્ઞ જેવી વિધિઓ ધર્મ મૂલ્યના અભ્યાસ તરીકે રહે છે. વરસાદ અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરવામાં આવતી સમુદાયના કલ્યાણ માટે સામૂહિક ભોજન થતું હતું જ્યાં સમાજના વિવિધ વર્ગના લોકો ભેગા થતા અને એકબીજા સાથે જોડાતા.

સૂર્યોદય પૂર્વ જાગૃત થઈને પરિવારના બધાએ પ્રાતઃ સ્મરણ ધાર્મિક ગીત વગેરે ગાવા જેનાથી આધ્યાત્મિક વાતાવરણનું નિર્માણ થાય છે. સાંજે તથા રાત્રે સૂતી વખતે પરમેશ્વરનું સ્મરણ કરવાની પરંપરા બાળકોના મન ઉપર તેનો પ્રભાવ સારો પડે છે. પ્રાતઃ સ્મરણના બે શ્લોકનું ગાન બિછાનાથી બહાર પગ મુકતા ધરતી માતાને વંદન કરી માતા-પિતા અને વડીલોના ચરણ સ્પર્શ કરી નિત્યક્રમ એ પ્રાતઃ કાલીન ભારતીય ચર્યા છે.

**સંસ્કાર પ્રદ સામયિકો :-**

પરિવારમાં બાળકો માટે સંસ્કાર આપનારા પુસ્તકો અને સામયિકોની વ્યવસ્થા કરવી જોઈએ. ગીતા, રામાયણ વગેરે ધાર્મિક પુસ્તકો પ્રત્યેક પરિવારમાં હોવા જોઈએ. આજકાલ ફિલ્મ ફેર જેવા સામયિકો વાંચવા એ સંપન્ન પરિવારોમાં આધુનિકતા અને પ્રગતિનું લક્ષણ માનવામાં આવે છે. પરંતુ બાળ માનસ ઉપર આ પત્રિકાઓથી સારા સંસ્કાર પડતા નથી માતા પિતાએ આ બાબતોનું ધ્યાન રાખવું જોઈએ.

https://www.gapbhasha.org/

**ઉત્સવોનું આયોજન**

ઉત્સવો ધર્મ, સંસ્કૃતિ, પરંપરા અને સમુદાયને જોડનારા પ્રસંગો છે. ભારતીય સમાજમાં ઉત્સવો દ્વારા સંસ્કૃતિ અને પરંપરાઓનું જતન કરે છે. પરિવાર અને સમાજમાં એકતાનું પ્રેમનું અને સંસ્કારોનું પ્રતીક છે. લોકો સાથે મળીને આનંદ, ભક્તિની ઉજવણી કરે છે. ઉત્સવો દ્વારા લોકો પોતાની ધરોહર, ભાષા પ્રત્યે ગર્વ અનુભવે છે. જાતિ, ધર્મ અને વર્ગ ભેદો ભુલાવી સમાજમાં એકતાનો સંદેશ આપે છે. રિવાજો અને પરંપરાઓ જાળવી રાખવામાં મદદ કરે છે. નૈતિક મૂલ્યો અને સહકાર જીવત કરે છે. લોકોમાં આત્મીયતા અને સંયોગના ભાવ વધે છે. ઉત્સવ ભારતીય સમાજની પ્રાણ શક્તિ છે. લોકોમાં હૃદય સ્નેહ અને સમર્પણ જગાવે છે.

ભારતીય પરંપરામાં સંસ્કૃતિનું જીવંત રૂપ પર્વો, ઉત્સવો, વ્રતો, મેળાઓ, તીર્થયાત્રાઓ વગેરે સ્વરૂપે જળવાઈ રહ્યું છે દિપાવલી, હોળી, નવરાત્રી, જન્માષ્ટમી, રક્ષાબંધન વગેરે તહેવારો પારિવારિક જીવનમાં આનંદ અને ઉલ્લાસ લઈને આવે છે. જીવન સંગીતમય બની જાય છે. એ જ રીતે જન્મોઉત્સવ, વિવાહ વગેરે જીવનના સંસ્કાર છે. યજ્ઞ, હવન, પૂજા વગેરે કરીને વડીલો દ્વારા આશીર્વાદ પ્રાપ્ત કરવા, દાન આપવું. વગેરે જન્મ દિવસ ઉજવવાની સાચી પદ્ધતિ છે. આ પર્વો, વ્રતો ઉત્સવો વગેરે સાચી રીતે ઉજવવામાં પહેલ કરવી જરૂરી છે. અગ્નિ વેદિકા, પુરોહિત, વેદ મંત્ર, સપ્તપદી વગેરે વિવાહને ધાર્મિકતા પ્રદાન કરે છે. ભજનોનું સૌહાદ, ગીત, વાધ, ભોજન વગેરે તેને એક ઉલ્લાસપૂર્વક ઉત્સવોનું સ્વરૂપ આપે છે. તો આની ગરિમા ટકાવી રાખવી આવશ્યક છે.

**પરિવાર અને વિદ્યાલય**

વિદ્યાલય અને પરિવાર બાળકોના વિકાસમાં પરસ્પર પૂરક છે. વિદ્યાલયની જેમ જ ઘરમાં પણ બાળકને સંસ્કારવાળું વાતાવરણ બાળકોના ઘડતરમાં મહત્વની ભૂમિકા ભજવે છે. વિદ્યાલય અને પરિવારના સહયોગ અને પૂરકતા આવશ્યક છે. પરિવાર અને આચાર્યના સહયોગ અને સક્રિય ચેતનાની સમાજમાં વ્યાપક કુરિવાજો અને અભારતીય પરંપરાઓને દૂર કરીને સમાજમાં ઇચ્છિત પરિવર્તન લાવી શકાય છે.

**પરિવારમાં સરસતા**

સહદયી બનો, કોમળતા, મધુરતા તથા આદ્રતા - સહદય માણસ બધાના દુઃખમાં ભાગીદાર બને છે. તે પ્રેમ તથા ઉત્સાહ આપીને નીરસ હૃદય ઓને સીચે છે. શ્રુતિ કહે છે "રસો વૈ સઃ" અર્થાત પરમાત્મા રસ મદ્ય છે. પરિવારમાં તેમની પ્રતિષ્ઠા કરવા માટે ભાવનાને કોમળ, પ્રેમાળ તથા સરસ બનાવી પડે છે. નિયંત્રણ દ્વારા પરિવારને નિયતબંધ, સંયમી, શિસ્ત બધ તથા આજ્ઞાંકિત બનાવવા. સન્માનગેં વાળવો પરિવાર ની ઉન્નતી માટે કડક પગલાં ભરવા જોઈએ.

સત્યનિષ્ઠા, સદગુણો પ્રત્યે રુચિ, શ્રમશીલતા અને સ્વચ્છતા તથા સફાઈ દરેક સભ્યોને કરવી જોઈએ. તેમને શિસ્તમાં રહેતા શીખવું જોઈએ પરિવારમાં બાળકથી માંડીને વૃદ્ધો સુધી બધાએ અનુસાશનમાં રહેવું જોઈએ. નિયતબદ્ધ જીવન જીવવું જોઈએ ભ્રષ્ટાચાર અને સદભાવના પૂર્વક એકબીજાને સન્માન આપવું જોઈએ. મુદ્દાઓનું અભિવાદન કરવાની તથા તેમની આજ્ઞાનું પાલન કરવાની ટેવ નાના સભ્યોએ પાડવી જોઈએ. આ નિયમોના પાલનથી કૌટુંબિક જીવન વ્યવસ્થિત બની જશે અને ઘરમાં સ્વર્ગ ઉતરી આવશે લાંબા સમય સુધી સંયુક્ત અને સુખી જીવન જીવી શકાશે.

ભારતીય પરિવાર અને સમાજ જીવનમાં ખૂબ જ મહત્વ ધરાવે છે. આ બંને સંસ્થાઓ વ્યક્તિના નૈતિક વિકાસ, આર્થિક સહયોગ માટે પાયાના સ્તંભ છે. તેઓ વ્યક્તિના માનવ મૂલ્યો, ઓળખ, નૈતિકતા અને સામૂહિક જવાબદારી વિકસાવવામાં મદદરૂપ થાય છે. દરેક વ્યક્તિનું પ્રથમ શિક્ષણ કેન્દ્ર તેમજ સંસ્કાર સ્થળ છે. ભારતીય સંસ્કૃતિમાં પરિવારમાં માત્ર જીવવા માટેની વ્યવસ્થા નહીં પણ એક સંસ્કાર શાળા છે. સહયોગનો આધાર અને સંઘર્ષમાં સહારો માનવામાં આવે છે. પરિવાર એક છત નીચે વસતા સગા સંબંધીઓનું જૂથ છે. જેમનામાં પરસ્પર પ્રેમ, સહયોગ, જવાબદારી અને સંસ્કાર હોય છે. એ પરંપરાઓનું સ્થાનાંતર કરતું પવિત્ર બંધન છે. જે સહકાર, શિસ્ત, પ્રેમ, સંસ્કાર અને સુરક્ષા આપે છે. એ વ્યક્તિને સમાજમાં જીવવાની સિદ્ધિઓ તરફ દોરી જાય છે. પરિવાર એ પદ્ધતિ અને વ્યવસ્થા નો સમૂહ છે જેના દ્વારા લોકો એકબીજા સાથે રહીને સંવાદ, સહકાર અને શિસ્ત સાથે જીવન જીવતા હોય છે. આ વ્યવસ્થા દરેક સમાજમાં અનિવાર્ય છે જેથી સઘન અને સુસંગત

https://www.gapbhasha.org/

જીવનશૈલી બની રહે. સામાજિક વ્યવસ્થાએ આપણા જીવનની એકઠું બાંધી રાખે છે. તે સહકાર, શાંતિ અને ન્યાય તરફ દોરી જાય છે. દરેક વ્યક્તિએ આ વ્યવસ્થાઓ નું સન્માન અને પાલન કરવું જરૂરી છે જેથી સમાજ મજબૂત અને સુખી બની શકે. ભારતીય પરિવાર માનવ માટે નહીં પણ સંપૂર્ણ સૃષ્ટિ માટે વિચાર કરે છે. વસુધૈવ કુટુંબકમ એટલે આખી દુનિયા એક પરિવાર છે. ભારતીય સંસ્કૃતિ એવા મૂલ્યો, રીતે -રિવાજો નો સમૂહ છે જે સમાજ દ્વારા એક પેઢીથી બીજી પેઢીને આપવામાં આવે છે જેના દ્વારા સમાજ ટકી રહે છે. સર્વભૂત હિતાય સર્વભૂત સુખાય સમગ્ર જગતના કલ્યાણ માટે છે વેદોમાં પણ સર્વે ભવન્તુ સુખીન જેવા સૂત્રો માનવ સમાજના સુખની કામના કરે છે.

## સંદર્ભ ગ્રંથો

- ભારતીય જ્ઞાન પ્રણાલી - ડૉ. રાજન ચૌહાણ
- ભારતીય શિક્ષણના મૂળ તત્વો - લજ્જારામ તોમર
- કેળવણીના પરિણામો - શ્રી અરવિંદ
- વેદોનો દિવ્ય સંદેશ - પંડિત શ્રી રામ શર્મા
- યુગઋષિઓનો સંદેશ - યુગ નિર્માણ યોજના મથુરા

https://www.gapbhasha.org/

GAP भाषा
A MULTILINGUAL JOURNAL OF RESEARCH
(ISSN – 2582-8770)
Globally peer-reviewed and open access journal.

# सामाजिक विज्ञान एवं ह्यूमन डेवलपमेंट

प्रो/डा. दक्षा एच. निमावत 'पृथा'

"मानव समाज का अध्ययन करने वाली शैक्षिक विधा यानी सामाजिक विज्ञान ।इस मानव समाज में विकास एक ऐसी प्रक्रियां है जो लोगों के जीवन की गुणवत्ता में सुधार करती है। और उन्हें अपने लिए मूल्यवान जीवन जीने की अधिक स्वतंत्रता तथा अवसर प्रदान करती है।"इसमें न केवल आर्थिक विकास बल्कि स्वास्थ्य, शिक्षा और सामाजिक स्तर पर भी सुधार शामिल है।इसप्रकार मानव विकास का अर्थ है लोगों की क्षमताओं का विकास करना ताकि वे अपनी पसंद के अनुसार एक बेहतर और अधिक संतोषजनक जीवन जी सके ।"सामाजिक विज्ञान मानव समाज और उसके व्यक्तियों के व्यवहार संबंधों और अंत: क्रियाओं का व्यवस्थित अध्ययन है; इसमें मनोविज्ञान, अर्थशास्त्र, राजनीति, विज्ञान, समाजशास्त्र और भूगोल जैसे कई विषय शामिल हैं उसे समझने का प्रयास किया जाता है और एक दूसरे से कैसे जुड़ते हैं । इसका लक्ष्य सामाजिक चुनौतियों को समझना, सार्वजनिक नीतियों में सुधार करना और दुनिया के बारे में हमारे समाज की समझ को बेहतर बनाना है ।

## 'ह्यूमन डेवलपमेंट यानी मानव अधिकार संरक्षण अधिनियमों का पालन एवं अनुसरण'_पृथा

इस मानव अधिकार संरक्षण अधिनियम 1993 की कलम 21 अनुसार गुजरात राज्य मानव अधिकार आयोग की रचना सन 2006 में की गई है।1.अतः ह्यूमन डेवलपमेंट को हम न्यायालय में रख सके ऐसे व्यक्तियों के जीवन स्वतंत्रता समानता तथा गौरव पाने योग्य जीवन को पाकर समाज को उच्च स्तरीय गति देना, जैसे कि : मानव के अपने व्यक्तित्व विकास हेतु को मान्य रखना ।अनुच्छेद : 2.के अनुसार वर्तमान स्पष्टीकरण प्रत्येक राज्य, पक्षकार, जाति, रंग, लिंग, भाषा, धर्म, राजकीय या अन्य मतमतांतर या राष्ट्रीय अथवा सामाजिक उद्भवस्थान मिलकत, जन्म या अन्य पद जैसे किसी भी प्रकार के भेदभाव के अतिरिक्त प्रत्येक राज्य पक्षकार, अपनी हुकूमत से अधीन और अपने विस्तार में इस स्पष्टीकरण से मान्य कराए गए तमाम अधिकार का सम्मान और पालन करने का विश्वास देता है ।2.

'सोने की चिड़िया' की पहचान रखने वाला हमारा देश भारत वर्तमान में विश्व गुरु की संज्ञा में आ रहा है। सिंध-सरस्वती सभ्यता, वैदिक- सभ्यता एवं महाभारत कालीन सभ्यता तथा संस्कृति का काल भी भारत का स्वर्णिम काल रहा है। वेद को विश्व ज्ञान-कोष के रूप में जाना जाता है सिंधु-सरस्वती सभ्यता स्थापत्य की दृष्टि से सर्वोतकृष्ट सभ्यता है । कालजयी ग्रंथ रामायण और महाभारत के विभिन्न आदर्श एवं नीति ग्रंथों के रूप में प्रसिद्ध रहे हैं। तत्कालीन समाज इससे प्रभावित रहा है । हमारा महाजनपद-काल गणतंत्रात्मक एवं संवैधानिक व्यवस्था का आदर्श रहा है; परंतु उत्तर वैदिक-काल में विभिन्नता के कारण कृषि,उद्योग, व्यापार, वाणिज्य आदि के विकास के परिणाम स्वरूप प्राचीन जनजाति व्यवस्था में परिवर्तन आया, छोटे-छोटे जनों का स्थान बड़े जनपदों ने ग्रहण कर लिया। ईसा पूर्व के प्रारंभ में भारत में सार्वभौम सत्ता का पूर्णतया अभाव था। ईसा पूर्व छठी शताब्दी आते-आते जनपद महाजनपदों के रूप में विकसित हो गए और संपूर्ण भारत स्वतंत्र राज्यों में विभक्त हो गया। यह राज्य उत्तर वैदिक कालीन राज्यों की अपेक्षा अधिक विस्तृत तथा शक्तिशाली थे। बौद्ध ग्रंथ :'अगुतरनिकाय' के अनुसार उस समय महाजनपद विद्यमान थे। इन महाजनपदों में दो प्रकार के राज्य थे एक राजतंत्र और दूसरा गणतंत्र। उस समय इन राज्यों की शासनकालीता से जनमानस काफि प्रभावित रहा ।

1206 ई. सन से 1757 ई.तक का भारत संघर्षरत था, लगातार विदेशी आक्रांताओ ने आक्रमण किए । हम भारतीयों ने इन आक्रमणों का विस्तार पूर्वक प्रतिरोध किया संघर्ष किया जिसका प्रभाव समाज और समाज की व्यवस्था एवं विचारों पर पडना स्वाभाविक रहा और इसलिए मानव-विकास संसाधनों में परिवर्तन होता रहा था।1857 से 1947 तक का संघर्ष ब्रिटिशरों को हटाने में समय व्यतीत हुआ । इन सभी निर्मित स्थिति का सीधा असर समाज की मान्यताओं आस्थाओं और राष्ट्र की अर्थ-व्यवस्थाओं पर पडना स्वाभाविक रहा, जिससे मानवीय विकास की राहें सतत संघर्षरत रही; साथ-साथ कृषि एवं पशुपालन व्यवसाय से बाहर आकर नौकरी उद्योग की ओर प्रेरित भारतीय जन-मानस नई-नई खोज में लगा। नए आविष्कार नए विचार नए-नए संस्थानों की स्थापना भी हुई । 'परलोक से इह लोक' की ओर जन-मानस प्रेरित होकर भारतीयता में नई उम्मीद का संचार हुआ । इन उम्मीदभरी राहों पर चलने से समाज के अनेक दकियानुसी खयालात,रुढ मान्यताएं,रीति-रिवाज,परंपरागत रुढियों,प्रथाओं आदि को ध्वस्त की गई जो कि समाज-विकास में बाधा थी । परंपरागत संस्कार एवं भारतीयता को आबाद रखने हेतु दयानंद सरस्वती,राजाराममोहनराय ,स्वामीविवेकानंद तथा पंडित मदन मोहन मालवीय आदि ने कमर कसी होने से धर्म क्षेत्र में आध्यात्मिकता के कारण मानव-जीवन में सामुदायिक उदारीकरण ने स्थान लिया । पण्डित मदन मोहन मालवीय जी की धार्मिक धारणायें मानव कल्याण की भावना से अनुप्राणित थी । कल्याण की वृध्दि में वे सब वर्णों और आश्रमों से समाज की सेवा ही परम तप और परम धर्म है । निष्काम भाव के महत्व को प्रतिपादित करते हुए वे कहते थे कि जो लोग निष्काम भाव से काम नहीं करते उन लोगों में परस्पर ईर्ष्या व द्वेष उत्पन्न हो जाते हैं और कार्य सफल नहीं होने पाता ....ईश्वर का काम समझकर कर्म करने वाला निष्काम भाव से काम करता है । 3. तथा 'मैं अपने ब्राह्मण तथा अब्राह्मण भाईयों से आपस का भ्रम दूर करने का अनुरोध करता हूं ।'4. इससे मानवमन प्रेरित हुए परिणामत:भेदभाव जैसे,कि:छुआछूत की भावना से समाज मुक्त हुआ। गरीबों के सुख एवं शांति में शिक्षा की सर्वोच्चता की वकालत करते हुए पण्डित मदन मोहन मालवीय जी का यह विचार था कि:' शिक्षा के जरिए गरीब जनता अपने विवेक और आत्मसम्मान के वे स्वभाव प्राप्त कर सकते हैं जिनसे सब गुण विकसित होते हैं ।वे चाहते थे कि सरकार बडे पैमाने पर शिक्षा का व्यापक प्रसार करे।उनकी मांग थी कि प्रारम्भिक शिक्षा नि: शुल्क दी जाय तथा सब बच्चों के लिए उसका प्रबंध किया जाय ।5.प्रेरित समाज से नर-

https://www.gapbhasha.org/

नारी भेदभाव को शिक्षा के माध्यम से दूर किया गया शिक्षा का समान अधिकार समाज को सही दिशा की ओर प्रेरित करने लगा।14 वर्ष की उम्र तक के बच्चों से मजदूरी नहीं कराने का कानून सार्थक हो के संकल्प से शिक्षा से कोई वंचित न रहे का भाव जागा। वर्तमान में समाज की विचारधारा में उच्चशिक्षा के कारण आमूल बदलाव आया। इस कारण सरकार की विभिन्न योजनाओं का सही प्रयोग करने से खासकर समाज-विकास में नविनतम योजनाएं 'स्वच्छता अभियान','कृषि विकास', पशुपालन तथा आयुर्वेद एलोपथी, होम्योपथी के संयुक्त उपक्रम को स्वीकार करने का हेतु सिध्द होने के कारण समाज जीवन में काफी सुधार हुआ। गांव हो या शहर मानव जीवन की आम जरूरत को आसानी से पहुंचने का काम सरकार कर रही है; परिणामत: रोटी कपड़ा और मकान मात्र पाकार जन-जीवन ठप्प नहीं होकर उससे ऊपर उठने का प्रयास मानवमन कर रहा है यह उन्हें जीवन मूल्य एवं मानवीय जीवन की सार्थकता पर की ओर ले जा रहा है। पूरा मानव समाज एक साथ अपने-अपने क्षेत्र में उन्नत होने लगा। साथ-साथ समाज की जागृतता अपने अधिकार से परिचित मानव समाज की मनोदशा अपने अधिकार या हक से वंचित नहीं रहे के प्रण उठने लगे।

दूसरी ओर आज व्यक्ति स्वातंन्त्र्य से मानवीय मूल्यों की परिभाषा भी बदल रही हैं इससे प्रभावित समाज का वर्ग-विभाजन व्यापक स्तर पर हो रहा है संयुक्त परिवार से विभक्त परिवार हो रहे हैं, कहीं-कहीं परिवार टूट रहे हैं, कहीं-कहीं व्यक्ति के मन टूट रहे हैं।गांव शहर में स्थानांतर हो रहे हैं रोजगार के लिए प्रतियोगिताएं बढ़ रही हैं; ऐसे में सरकार की जॉबप्लेसमेंट वाली योजना शिक्षित नवयुवा वर्ग के लिए आशीर्वाद रूप सिद्ध हो रही हैं, बढ़ती हुई कंपनियों में पढ़े लिखे युवाओं के लिए नौकरी पाना आसान होता जा रहा है तो उससे विपरित भारतीय मूल में रहे व्यवसाय की परंपरा के प्रति; जैसे कि खेती करना, पशुओं का पोषण करना आदि के प्रति उदासीनता भी बढ़ रही है।

## वर्तमान समाज की दशा और दिशा के प्रति की जागृकता के लिए :-

**उदाहरण : 1.**
विकास का अधिकार :['राइट्स टू डेवलपमेंट']:-मनुष्य एक सामाजिक प्राणी है ऐसे में जन्म से ही बच्चे जिस सामाजिक वातावरण में पलकर बडे होते हैं उससे प्रभावित उनमें संस्कार बनते हैं तब वर्तमान में भागदौड भरी जीवनशैली के परिणामत: बच्चों के लिए कभी--कभी कुछ-कुछ परिवार रूप समाज में समय की कमी दिख रही है; जिससे बच्चे अपने बहोत से हक से वंचित रह जाते हैं ऐसे में कभी- कभी, कहीं -कहीं बच्चें अकेलेपन की समस्या, अपराध जैसी समस्या के शिकार होने लगते हैं,परंतु जाग्रत समाज समझदारीपूर्वक इन बातों पर ध्यान रखकर आगे बढते हैं,जैसे -"बच्चों के इस अधिकार में शिक्षा, सुरक्षा और बचपन के विकास के लिए आलंबन, सामाजिक सुरक्षा, समय देना, मनोरंजन एवं सांस्कृतिक अधिकारों का समावेश होता है।"1.तब वहां अवश्य स्वस्थ-समाज की नीव निर्मित होती दिखती है।6.
**उदाहरण :2.**
दो और दो से अधिक समूह की परिभाषा अनुसार समाज में एक स्त्री और एक पुरुष के विवाह से परिवार बनता है। दोनों पर जिम्मेवारी होती है तब बंधे हुए रिश्तों में बेटा-बेटी को एक समान अधिकार देने की जिम्मेवारी भी पति-पत्नी की बनती है ऐसे में अभाव,अज्ञान,अशिक्षा से पिडित परिवारों में भेदभाव भरा परिवेश परिवार को उन्नत बनने से रोकता है तब वहां,अनुच्छेद 11: पुरुषों और स्त्रियों के बीच समानता सिध्द करने हेतु रोजगारी के क्षेत्र में स्त्रियों के विरोध में तमाम भेदभाव दूर करने हेतु कदम उठायेंगे। (अ) "काम का अधिकार तमाम मानविओं का अपवर्तनीय अधिकार रहेगा।"7.इस नियम का अनुपालन परिवार के साथ-साथ राष्ट्र का सर्वांगी विकास होता है,ऐसे परिवार राष्ट्र-निर्माण के लिए प्रेरक बनते हैं। -अस्तु

1. 'ह्युमन राइट्स' मानव अधिकार के स्रोत -पृष्ठ :01
2. मानव अधिकार पर का अंतरराष्ट्रीय दस्तावेज ह्यूमन राइट्स- पृष्ठ : 11
3. अभ्युदय ,26 मार्च ,1909
4.प्रोसिडंग-गवर्नल कनरल की कौसिल [विधायिका] ,सन 1912,जि0-50,पृष्ठ : 170-175
5.दी आनरेबिल पण्डित मदन मोहन मालवीय:लाइफ एण्ड स्पीचेज,1907 द्वितीय संस्करण, पृष्ठ 465-466
6.बच्चों का मानवीय हक :4 'मानव-अधिकार ' पृष्ठ :70
7.'मानव-अधिकार 'पृष्ठ :70

https://www.gapbhasha.org/

GAP भाषा
A MULTILINGUAL JOURNAL OF RESEARCH
(ISSN – 2582-8770)
Globally peer-reviewed and open access journal.

# સોશ્યલ મીડિયા એન્ડ સોશ્યલ સાયન્સ

## ડૉ.દિનેશ જે કણઝરીયા

*અધ્યક્ષ સમાજશાસ્ત્ર વિભાગ*
*ઉમિયા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ફોર ગર્લ્સ*
*સોલા અમદાવાદ*
*સંપર્ક: ૯૪૨૮૧૮૪૭૧૧*
*Email:dinesh.umiya@gmail.com*

### એબસ્ટ્રેક

*આધુનિક યુગમાં સામાજિક માધ્યમોને સમાજની ચોથી જાગીર ગણવામાં આવે છે. આ વિધાન સામાજિક માધ્યમોની શક્તિ કે સક્ષમતાનો નિર્દેશ કરે છે. કારણકે તે દેશના વિકાસનો સૌથી શક્તિશાળી માધ્યમો છે. સામાજિક માધ્યમોના વિવિધ સાધનો દ્વારા જનમાનસને બદલીને નવા જ્ઞાન નું પ્રસરણ કરે છે. વિશ્વને સાંકડું બનાવી દે છે. આંખના પલકારામાં માહિતી પ્રસારિત થાય છે. આ તમામ કાર્યો સમૂહ સંચારની પ્રક્રિયા દ્વારા શક્ય બને છે.*

*પ્રાચીન સમયથી સામાજિક માધ્યમોના અનેકવિધ પ્રકારો અસ્તિત્વ ધરાવે છે. તેને મુખ્યત્વે બે વિભાગમાં વિભાજીત કરી શકાય આ બંને વિભાગો એક બીજાના વિરોધી નહિ પરંતુ સહયોગી છે. પ્રાચીન ગ્રંથો સાહિત્ય,નાટકો કે પ્રવાસીઓએ સામાજિક માધ્યમના પરંપરાગત માધ્યમો છે. પરંતુ વિકાસશીલ અને વિકસિત દેશોમાં REDIO ફિલ્મ T.V,ઈ મેલ ઇનસ્ટાગ્રામ વગેરે સામાજિક માધ્યમોના આધુનિક પ્રકારો છે.*

*આ વિધાન સમૂહ પ્રત્યાયન અને તેના વિકસતા જતા માધ્યમોને લીધે વિશ્વને સાંકડું એક કુટુંબ કે વૈશ્વિક ગામડું બનાવી દીધું છે. એટલે કે વિશ્વમાં બનતી કોઈ પણ ઘટનાઓ અને તેની અસરો ખુબ ઓછા સમયમાં અનેક જગ્યાએ પહોચાડી શકાય છે. તેથી તેને આજના યુગની ચોથી જાગીર તરીકે પણ પરિભાષિત કરવામાં આવી છે. આ સામાજિક માધ્યમોમાં વિજાણું માધ્યમોએ સમાજજીવન ના દરેક ક્ષેત્રોમાં ક્રાંતિકારી બીજનું આરોપણ કર્યું છે.*

*સામાજિક માધ્યમો જે અનુક્રમે પરંપરાગત અને આધુનિક એમ બે વિભાગોમાં વિભાજીત કરવા માં આવે છે. તેમાં પુસ્તકો અને મેગેઝીન સમૂહ માધ્યમના સાધન તરીકે સમાજ જીવન ઉપર અનેકવિધ અસરો કરી છે. પરંપરાગત સમયમાં યંત્રની શોધના અભાવે પુસ્તકો અને મેગેઝીન સીમિત હતા. પરંતુ તેનું આ કાર્ય વિજાણું માધ્યમોએ ઉપાડી લીધું છે. જેને કારણે મુદ્રિત માધ્યમથી સમૂહ માધ્યમોની ક્રાંતિનો આરંભ થયો. પરંતુ આઝાદીની ચળવળે ખુબ જ ઓછા સમયમાં અનેક વિધ વર્તમાનપત્રોની શરૂઆત કરી જેને આઝાદીથી માંડીને આજ સુધી જીવનની અનેકવિધ સમસ્યા ને દુર કરવામાં મદદરૂપ બની દૈનિક પેપર કે ચોપાનીયા એ મુદ્રિત માધ્યમો છે જે આધુનિક યુગ નું એક મજબુત સાધન છે.*

*વિજ્ઞાનની શોધો ના પરિણામે સ્વરૂપ વિજાણું માધ્યમ દ્વારા T.V ની શોધ એ પ્રત્યન જગતમાં ઉથલ-પાથલ કરી મૂકી સમાજ જીવનને લગતી ઘટનાઓ કે દેશવ્યાપી યોજનાઓ અંગેનું જ્ઞાન T.V મારફતે ખુબ ઓછા સમયમાં મળી રહે છે. જો કે આવા ઝડપી પ્રત્યાયનના સમૂહ માધ્યમો એ સમાજજીવન ઉપર કેટલીક નકારાત્મક અસરો પણ ઉપજાવી છે.*

*છેલ્લા એક દસકામાં વિજાણું માધ્યમથી ચાલતા INTERNET અને INTERNET ના NETWORK ની પ્રક્રિયાઓના પરિણામે E-MAIL ,FACEBOOK,WHATSAPP,VABINAR બ્લોગ,ઇનસ્ટાગ્રામ વગેરે દુનિયાને ગ્લોબલ વિલેજ બનાવી બનાવી દીધું સમાજ જીવનના કોઈ પણ પાસાઓ ઉપર તેની ગાઢ અસર જોવા મળી છે. જો કે તેની વિધાયક અસરોની સાથે સાથે સાયબર ક્રાઈમ નો પણ જન્મ થયો.આ INTERNET થી દુનિયા જ્ઞાનબદ્ધ બની રહી છે.*

*સક્ષેપમાં સામાજિક માધ્યમો સમાજના તમામ ક્ષેત્રો ઉપર હકારાત્મક અને નકારાત્મક અસરો ઉપજાવે છે જેના પરિણામે સમાજના નવા આંતર સંબધો ની દિશા અને દશા બદલાય છે.*

https://www.gapbhasha.org/

*કી વર્ડ:આધુનિક યુગ-જનમાનસ –વિજ્ઞાનની શોધ-મુદ્રિત માધ્યમ-વિજાણું માધ્યમ-સંસ્કૃતિ-જાતીય આક્રમકતા-રાષ્ટ્રીય જાગૃતિ-આધુનીકરણ- પૂર્ણ જીવનશેલી-વાચક વર્ગ-સ્વાર્થી સંબધો*

આધુનિક સમયમાં યુવા વર્ગો ભારતમાં પરંપરાગત સંસ્કૃતિને છોડીને આધુનિક કે વિદેશી સંસ્કૃતિ અપનાવતા થયા છે જેથી ભારતીય સંસ્કૃતિ નષ્ટ થવા લાગી છે વિદેશી સંસ્કૃતિ પાછળ ભારતીય યુવાનોએ આંધળી ડોટ મૂકી છે અને તેની ઘેલછા ઉદભવી છે. ઉદાહરણ : ભારતમાં લાઇવ ઇન રીલેશનશીપ નો ખ્યાલ જોવા મળે છે. પ્રત્યાયનના માધ્યમોની સૌથી વધુ અસર જાતીયતા અને આક્રમકતા ઉપર જોવા મળે છે.સમાજવર્ગમાં અમુક પુરુષો સ્ત્રીઓને ગંદી નજરથી જુએ છે તેમજ તેના સ્વમાનને નુકસાન પહોચાડે છે.સમાજવર્ગ વધારે પડતુ ટીવી જોવાનું પસંદ કરે તો અમુક વર્ગ તેનું અનુકરણ કરવા માટે સામાજિક દુષણો ફેલાવે છે અને જાહેર સંપતિ તેમજ મહિલાઓ કે બાળકોને નુકસાન કરે છે ઉદાહરણ: ટીવી ના માધ્યમથી સમાજના બાળકોમાં અપહરણ ના કિસ્સામાં વધારો થયો છે.

આધુનિક પ્રત્યાનના માધ્યમ ના સંપર્કથી ઉપભોક્તાવાદમાં વૃદ્ધિ થવા લાગી છે વ્યક્તિઓને લલચાવા માટે વારંવાર જાહેર ખબર કે જાહેરાતો આપવામાં આવે છે આથી ગ્રાહક વર્ગ તેના તરફ આકર્ષાય છે. ઉદાહરણ: દિન પ્રતિદિન માર્કેટમાં નવા કોસ્મેટીક આવવાથી તેની ખરીદીમાં વધારો થયો છે. ઇન્ટરનેટના માધ્યમથી ઘરે બેઠા બેઠા શોપિંગ થતી હોવાથી બિનજરૂરી ખરીદીમાં વધારો થયો છે સ્ત્રીઓમાં સૌથી વધુ બિનજરૂરી ખરીદી થતી હોય છે ઉદાહરણ: ફેશન ડીઝાઇનર મનીષ મલ્હોત્રા ના ડીઝાઇનીંગ વેર થી આકર્ષાય ને સ્ત્રીઓ તેવા ડ્રેસ ખરીદે છે. યુવા પેઢીનું વાંચન જેમ જેમ વધશે તેમ દેશ અને સમાજ શિક્ષિત બનશે આથી દરેક લોકો જેમ જેમ શિક્ષણ મેળવે છે તે જ રીતે દેશના વિકાસમાં પોતાનું મહત્વનું યોગદાન આપે છે ટેલિવિઝનના માધ્યમથી સમાજ ના દરેક વર્ગના લોકમાં રાષ્ટ્રભાવના અંગે જાગૃતિ લાવવાના કાર્યક્રમો હાથ ધરવામાં આવે છે ઉદાહરણ: ધ લેંજ ઓફ ભગતસિંહ  ટેલિવિઝનના માધ્યમથી નકારાત્મક અસરો પણ ઉદભવે છે જેના દ્વારા સામાજિક સંબધોમાં સ્વાર્થી સંબધો બન્યા છે. પોતાના સ્વાર્થ માટે થઈને અન્ય સંબધ  વાચકવર્ગ ને કઈ વાંચે તેમજ પ્રેક્ષક વર્ગ જે કઈ જુએ છે તેની અસર દિર્ધજીવી છે એટલેકે તેની અસર લાંબા સમય સુધી રહે છે જેથી વ્યક્તિક જીવનનું યોગ્ય થાય છે. સમાજમાં વર્તમાન સમયમાં કઈ કઈ સમસ્યાઓ કે દેશમાં શુ ચાલી રહ્યું છે? તે અંગેની જાણકારી ન્યુઝ પેપરમાં દરરોજ અલગ અલગ માહિતી આપવામાં આવે છે જેથી પ્રવર્તમાન પ્રવાહોનું જ્ઞાન મળી રહે છે.ઉદાહરણ: ૦૮-૧૧-૨૦૧૬ ના દિવસે નરેન્દ્ર મોદી એ દેશના સંબોધનમાં કરન્સી નાબુદ કરી તે અંગે ન્યુઝ પેપર અને ટીવી ના માધ્યમથી માહિતી લોકોને મળી.

ટેલીવિઝન મારફતે સમાજમાં જાગૃતિ લાવી શકાય છે તેમજ લોકો શોષણ સામે અવાજ ઉઠાવતા થાય છે સામાજિક સમસ્યા ની જાણકારી આપવામાં આવે છે  વર્તમાન પત્રો કે પુસ્તકોએ દરેક વ્યક્તિમાં શિક્ષણની ભૂખ જગાડી છે વ્યક્તિ દરેક પ્રકારની શિક્ષણ મેળવતી થઇ છે શિક્ષણ આધારે વર્તમાન સમસ્યાને દુર કરી શકે છે ઉદાહરણ: શિક્ષિત વ્યક્તિ અન્યને શિક્ષણ આપી નિરક્ષરતા દુર કરવામાં મહત્વનો ફાળો આપે છે. ટેલીવિઝન દ્વારા સમાજવર્ગમાં આધુનિકતાનો રંગ લાવ્યો છે આધુનિકતા તરફ આંધળી ડોટ મુકે છે આધુનિકતા દ્વારા સમાજ માં પરિવર્તનો આવ્યા છે આ પરિવર્તનોએ દેશના વિકાસ માં મહત્વનો ફાળો આપ્યો છે. ઉદાહરણ: ભારત ને કેશલેશ કરવાની સીસ્ટમ એ આધુનિકતા છે.

લાઈબ્રેરીના પુસ્તકોના વાંચનથી વ્યક્તિઓ ઊંચી અપેક્ષઓ જાગૃત કે ઈચ્છા ધરાવે છે દરેકના જીવનમાં કોઈને કોઇ આદર્શ વ્યક્તિ હોય છે તેના જીવનની સંપૂર્ણ માહિતી મેળવીને તે પણ એવું જીવન જીવવા પ્રેરાય છે. ઉદાહરણ: સ્વામી વિવેકાનંદના જીવનની માહિતી મેળવી તેના જેવું જીવન જીવવાની અપેક્ષા જાગૃત થાય. અમુક ખાસ મેગેઝીન કે વર્તમાન પત્ર અથવા બુકમાં માત્ર રમત-ગમત ને લગતી બાબતો અંગે જાણકારી આપવામાં આવે છે જેના દ્વારા લોકો પ્રેરિત થાય છે અને રમત ગમતમાં જોડાય છે. સમૂહ પ્રત્યાયનથી વાચક અને પ્રેક્ષકના મનમાં હકારાત્મક અસરો ઉપજાવે છે રૂઢ માનસિકતા ધરાવતા વ્યક્તિ જયારે ટેલિવિઝનમાં આવતા જાગૃતિ ના કાર્યક્રમો જોઇને તેની માનસિકતા બદલાવે છે. ઉદાહરણ: પ્રમુખ સ્વામીના આધ્યાત્મિક ચિંતનના વાંચનથી સમાજ આધ્યાત્મિક તરફ વળ્યો છે. સમૂહ પ્રત્યાયન પર સૌથી મોટી અસર બાળ માનસ પર થાય છે બાળકો જે વાંચે છે કે જુએ છે તે જ સાચું માને છે જેથી બાળકોમાં બે પ્રકારની અસર થાય છે જે હકારાત્મકતા જળવાય તો દેશનો ઉતમ નાગરિક બને છે. ઉદાહરણ: ગીજુભાઈ બધેકાની બાળવાર્તા વાંચવાથી બાળકોનું મગજ વિકસિત બને છે.

https://www.gapbhasha.org/

સમાજમાં વાંચન અને ટેલીવિઝન ના માધ્યમથી સમાજમાં હકારાત્મક અસરો ઉદભવે છે જેમાં સમાજ વિકાસ અને રાષ્ટ્ર વિકાસ થાય છે સમાજનું વાસ્તવિક ચિત્ર રજુ કરે છે પુસ્તકો એ સમાજનો અરીસો છે. ઉદાહરણ: સરસ્વતીચંદ્ર માં ગોવર્ધનરામ ત્રિપાઠીએ સમાજનું વાસ્તવિક ચિત્ર રજુ કર્યું છે. વ્યક્તિઓમાં સારું વાંચન દ્વારા કુટુંબના ધોરણ અને મુલ્યો બદલાય છે કુટુંબોમાં સંબધો મજબુત બને છે કુટુંબમાં દ્રેષની ભાવના દુર થાય છે એક સાથે મળીને વિકાસમાં ફાળો આપે છે ઉદાહરણ: રામાયણમાં ભાઈઓની લાગણી વ્યક્ત તથ્ય છે. આધુનિક માધ્યમોના અનુકરણથી વ્યક્તિઓની જીવનશેલી માં બદલાવ આવી રહ્યો છે આ બદલાવમાં પરંપરા અને રૂઢિઓને સ્થાન આપવામાં આવ્યું છે આધુનિક મૂલ્યોનું અનુકરણ કરે છે. ઉદાહરણ: ફેશનના યુગમાં સ્ત્રીઓ પ્લાઝો કે એન્કલ લેન્થ જીન્સ પહેરતી થઇ છે. વર્તમાન પત્રોના સમાજમાં પરિવર્તન આવે છે તેની સાથે સાથે વૈયક્તિક જીવનમાં આ જ્ઞાન ખુબ જ ઉપયોગી બને છે વ્યક્તિની સમાજ પ્રત્યે હકારાત્મક વલણ જન્મે છે. ઉદાહરણ: પર્સનાલીટી ડેવલોપમેન્ટ લેખક કોણ છે  દ્રશ્ય અને શ્રાવ્ય માહિતી મેળવીને લોકો પોતાના વર્તન વ્યવહારમાં સુધારો લાવે છે પોતાનું યોગ્ય સમાજીકરણ અને લોકરૂચીના ઘડતર થાય છે જેના આધારે બાળકો સમાજના યોગ્ય નાગરિક બને છે  ઉદાહરણ: ઝગમગ અને બાળ ભાસ્કરની પૂર્તિ વાંચીને બાળકોનો વિકાસ થાય છે. સમૂહ પ્રત્યાયન માધ્યમ દ્વારા સમાજમાં વિભિન્ન પરિવર્તનો આવી રહ્યા છે ટેલીવિઝન ના માધ્યમ દ્વારા અંધશ્રદ્ધાઓ રૂઢિઓ અને પરંપરાગત વિચારોથી સમાજના પરિવર્તન આવે છે લોક લાગણીઓ દુભાય નહિ તે ધ્યાનમાં રાખીને માહિતી પ્રસરણ કરવામાં આવે છે.

## સંદર્ભ સૂચી

સમૂહ માધ્યમોનું સમાજશાસ્ત્ર,અનડા પ્રકાશન

https://www.gapbhasha.org/

GAP भाषा
A MULTILINGUAL JOURNAL OF RESEARCH
(ISSN – 2582-8770)
Globally peer-reviewed and open access journal.

# વિવિધ ક્ષમતાના પ્રોફાઇલિંગ દ્વારા અધ્યેતા-કેન્દ્રિત શિક્ષણ: NEP-2020ની સંકલ્પનાનો વ્યવહારિક ઉપયોગ

# (Learner-Centered Education through Differential Ability Profiling: Conceptualizing NEP-2020 in Practice)

**Dr. Harikrishna A. Patel, Dr. Ajay Raval**

*Assistant Professor,*
*S. S. Patel College of Education, Kadi Sarva Vishwavidyalaya, Gandhinagar*

*Assistant Professor,*
*S. S. Patel College of Education, Kadi Sarva Vishwavidyalaya, Gandhinagar*

**સારાંશ**

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) 2020 ભારતમાં અધ્યેતા-કેન્દ્રિત શિક્ષણ તરફ પરિવર્તનકારી પગલાંની કલ્પના કરે છે જેમાં સર્વસમાવેશકતા, વૈયક્તિકીકરણ અને સર્વાંગી વિકાસ પર ભાર મૂકવામાં આવ્યો છે. આ અભ્યાસ પત્ર ડિફરન્શિયલ એબિલિટી પ્રોફાઇલિંગ (DAP) દ્વારા NEP-2020ના અમલીકરણની સંકલ્પના કરે છે. જે વ્યક્તિગત અધ્યેતાની ક્ષમતાઓ, જેમ કે આંકડાકીય, યાંત્રિક, તર્ક, ક્લોઝર, અવકાશીય, ગુજરાતી મૌખિક, હિન્દી મૌખિક અને કારકૂની ક્ષમતાઓને ઓળખવા માટેની પદ્ધતિ છે. તાજેતરના સંશોધન અને નીતિ વિશ્લેષણના આધારે આ અભ્યાસ દર્શાવે છે કે DAP કેવી રીતે NEP-2020ના ક્ષમતા-આધારિત (competency-based), બહુ-વિદ્યાશાખાકીય (Multi-Disciplinary) અને સર્વસમાવેશક શિક્ષણના સિદ્ધાંતો સાથે સુસંગત છે. આ અભ્યાસ પત્ર વ્યક્તિગત શિક્ષણ માર્ગો બનાવવા માટે મનોવૈજ્ઞાનિક અને ભાષાકીય પ્રોફાઇલિંગને વર્ગખંડની પ્રેક્ટિસમાં સંકલિત કરવા માટેનું એક માળખું પ્રસ્તુત કરે છે. તે નિષ્કર્ષ આપે છે કે DAP દ્વારા NEP-2020ને કાર્યરત કરવાથી વિવિધ અધ્યેતાઓ માટે સમાન અને ક્ષમતા-આધારિત શિક્ષણનું નિર્માણ થઈ શકે છે.

**ચાવીરૂપ શબ્દો:** NEP-2020, અધ્યેતા-કેન્દ્રિત શિક્ષણ, ડિફરન્શિયલ એબિલિટી પ્રોફાઇલિંગ (DAP), સર્વસમાવેશક શિક્ષણ, શૈક્ષણિક મનોવિજ્ઞાન, વ્યક્તિગત શિક્ષણ, ભારત

## 1. પ્રસ્તાવના

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 (NEP-2020) એ ભારતની લાંબા સમયથી ચાલી આવતી ગોખણપટ્ટી અને વિષયવસ્તુ આવરી લેવા પરની ભારપૂર્વકની નીતિમાંથી નિર્ણાયક રીતે અલગ થઈને શાળાકીય શિક્ષણને અધ્યેતા-કેન્દ્રિત, ક્ષમતા-આધારિત શિક્ષણ તરફ પુનઃસંગઠિત કરીને એક સીમાચિહ્નરૂપ પરિવર્તન લાવે છે (Sreenivas et al., 2025). NEP-2020 જ્ઞાનને યાદ કરવાના સ્થિર તથ્યો તરીકે ગણવાને બદલે શિક્ષણને સૈદ્ધાંતિક સમજણ, કૌશલ્યો, મૂલ્યો અને અભિગમોના પ્રગતિશીલ પ્રદર્શન તરીકે માને છે. તે સર્વાંગી અને કલા, વિજ્ઞાન અને વ્યાવસાયિક ઘટકોનું સંકલન થાય છે તેવાબહુવિદ્યાશાખાકીય વિકાસને પ્રોત્સાહન આપે છે જ્યારે અભ્યાસક્રમની પસંદગીમાં લવચીકતા, બહુવિધ પ્રવેશ-નિકાસના વિકલ્પો અને મૂલ્યાંકન પ્રથાઓ પર ભાર મૂકે છે જે માત્ર યાદશક્તિના પરીક્ષણોને બદલે ઉપયોજન, પ્રદર્શન અને અધિકૃત કાર્યોને વિશેષ મહત્વ આપે છે. આ મોડેલમાં અધ્યાપન અનુકૂલનશીલ અને સંવાદાત્મક બને છે; શિક્ષકો શિક્ષણના અનુભવોને મહત્વ આપે છે, પૂછપરછને સપોર્ટ કરે છે અને જ્ઞાનાત્મક, સામાજિક-ભાવનાત્મક અને મનોગતિશીલ ક્ષેત્રોમાં વૃદ્ધિનું પણ મૂલ્યાંકન કરે છે.

https://www.gapbhasha.org/

વૈયક્તિકીકરણ (Personalization) અને સર્વસમાવેશકતા એ સહાયક આદર્શો નથી પરંતુ અભ્યાસક્રમની ડિઝાઈન, મૂલ્યાંકન સુધારણા અને શાળા સંસ્કૃતિમાં જડેલી માળખાકીય પ્રતિબદ્ધતાઓ છે.

આ યોગ્યતા અભિગમમાં ડિફરન્શિયલ એબિલિટી પ્રોફાઇલિંગ (Differencial Ability Profiling-DAP) નીતિના હેતુ અને વર્ગખંડની પ્રેક્ટિસ વચ્ચે એક સઘન મનોવૈજ્ઞાનિક-શૈક્ષણિક સેતુ તરીકે કાર્ય કરે છે. DAP વ્યવસ્થિત રીતે અધ્યેતાઓની આંકડાકીય, યાંત્રિક, તર્ક, ક્લોઝર, અવકાશી, ભાષાકીય અને કારકૂની ક્ષેત્રોમાં યોગ્યતાની પેટર્નનું મેપિંગ કરે છે, જે જ્ઞાનાત્મક શક્તિઓ અને સંબંધિત જરૂરિયાતોનું બહુ-આયામી ચિત્ર રજૂ કરે છે (Hiremath, 2024). આવી પ્રોફાઇલ્સ "સરેરાશ" અથવા "ધીમા કે ઝડપી" અધ્યેતાઓના સામાન્ય લેબલ્સથી આગળ વધે છે અને તેના બદલે વિશિષ્ટ સંયોજનો જાહેર કરે છે—ઉદાહરણ તરીકે, મજબૂત અવકાશી-યાંત્રિક તર્ક ધરાવતો પરંતુ ભાષાકીય ચોકસાઈ વિકસાવી રહેલો વિદ્યાર્થી અથવા મજબૂત આંકડાકીય પ્રવાહ ધરાવતો અધ્યેતા જેને વિઝ્યુઅલ ક્લોઝરમાં લક્ષિત સમર્થનથી ફાયદો થાય છે. યોગ્યતાઓ વિવિધ મોડાલિટીઝમાં દર્શાવવામાં આવતી હોવાથી DAP શિક્ષકોને સૂચનાત્મક વ્યૂહરચનાઓ, સામગ્રીઓ અને મૂલ્યાંકનને વ્યક્તિગત વિદ્યાર્થીઓ માહિતીને સૌથી અસરકારક રીતે પ્રોસેસ કરે છે અને સમસ્યાઓ ઉકેલે છે તેની સાથે જોડવામાં મદદ કરે છે.

DAP નું NEP-2020ના ઇકોસિસ્ટમમાં સંકલન એ સૂચનાત્મક પ્રવાહને ફરીથી આકાર આપે છે. એક સત્રની શરૂઆતમાં સ્ક્રીનિંગ અને નિદાનાત્મક પ્રોફાઇલિંગ એ સ્તરીય પાઠ આયોજનની માહિતી આપે છે: મુખ્ય પાઠો સાર્વત્રિક રીતે સુલભ થવા માટે રચાયેલ છે જ્યારે વિસ્તરણ કાર્યો ઓળખાયેલી શક્તિઓનો લાભ લે છે (દા.ત., અવકાશીય મોડેલિંગ, સમાનતાત્મક તર્ક) અને લક્ષિત સમર્થન ચોક્કસ અંતરને દૂર કરે છે (દા.ત., ક્લોઝર સ્પીડ અથવા ભાષાકીય એન્કોડિંગ). ત્યાર પછી ફોર્મેટિવ મૂલ્યાંકન ક્ષેત્ર એટલે કે સામાન્ય કૌશલ્યો જેમ કે મેટાકોગ્નિશન અને જટિલ વિચારસરણી અને ક્ષેત્ર વિશિષ્ટ ક્ષમતાઓ બંનેમાં યોગ્યતાની વૃદ્ધિને ટ્રેક કરે છે, જે ડેટાને પુનરાવર્તિત આયોજનમાં પાછો આપે છે. સમય જતાં શિક્ષકો નોંધ રાખી શકે છે કે અનુકૂલન — જેમ કે યાંત્રિક તર્ક માટે મેનિપ્યુલેટિવ્સ, ક્લોઝર અને અવકાશી કાર્યો માટે વિઝ્યુઅલ ઓર્ગેનાઇઝર્સ, અથવા મૌખિક તર્ક માટે થિંક-અલાઉડ પ્રોટોકોલ્સ — કેવી રીતે નિપુણતામાં માપી શકાય તેવા લાભમાં અનુવાદિત થાય છે કે જેનાથી NEPના પુરાવા-આધારિત, સુધારણા-લક્ષી પ્રેક્ટિસ પરના ભારને સંતોષે છે (Sreenivas et al., 2025).

DAP એ NEP-2020ની સમાનતા અને સર્વસમાવેશકતા પ્રત્યેની પ્રતિબદ્ધતાઓને પણ આગળ ધપાવે છે. ઊણપના વર્ણનોને બદલે વિવિધ ક્ષમતા પ્રોફાઇલ્સને અગ્રતા આપીને તે યોગ્યતા દર્શાવવાના બહુવિધ માર્ગોને કાયદેસર બનાવે છે અને સાંસ્કૃતિક-ભાષાકીય પૂર્વગ્રહને ઘટાડે છે કે જે ઘણીવાર પરંપરાગત પરીક્ષણ પર આધારિત રહે છે. ઉદાહરણ તરીકે, બહુભાષી અધ્યેતાઓ માટે મજબૂત અવકાશીય અથવા યાંત્રિક સૂચકાંકોને ભાષાકીય પ્રાવીણ્ય વિકસિત થાય ત્યાં સુધી ઓળખી શકાય છે અને તેનો લાભ લઈ શકાય છે; તેવી જ રીતે વિવિધ સામાજિક-આર્થિક સંદર્ભોના વિદ્યાર્થીઓ શૈક્ષણિક ભાષાના પૂર્વ સંપર્કમાં અસમાનતા હોય તો પણ તર્ક અથવા આંકડાકીય શક્તિઓ દર્શાવી શકે છે. જ્યારે શાળાઓ વ્યક્તિગત શિક્ષણ યોજનાઓ, સમૃદ્ધિ ક્લસ્ટરો અને લવચીક જૂથની માહિતી આપવા માટે DAPનો ઉપયોગ કરી શકે છે, ત્યારે વ્યક્તિગતકરણ (Personalization) આકસ્મિક નહીં પણ પ્રણાલીગત બને છે કે જે "તેમની ક્ષમતા અનુસાર, સૌને શિક્ષણ"ના NEP ના વિઝન સાથે જોડાણ ધરાવે છે (Hiremath, 2024).

શિક્ષક-શિક્ષણ અને વ્યાવસાયિક વિકાસમાં DAPને સાંકળવાથી અમલીકરણની વફાદારી મજબૂત થાય છે. પૂર્વ-સેવાકાલીન અને સેવાકાલીન તાલીમ કાર્યક્રમો શિક્ષકોને જવાબદારીપૂર્વક પ્રોફાઇલ્સનું અર્થઘટન કરવા, લક્ષિત ક્ષમતાઓ મેળવવા માટે બહુ-મોડલ કાર્યોની રચના કરવા અને ડેટાના ઉપયોગ પર નૈતિક સલામતી જાળવવા માટે તાલીમ આપી શકે છે. આ રીતે DAP માત્ર નિદાન કરતું નથી પરંતુ તે ક્ષમતા-આધારિત અધ્યાપનને માર્ગદર્શિત કરે છે કે જે પ્રતિભાવશીલ, સર્વસમાવેશક અને નિદર્શનાત્મક રીતે અસરકારક છે કે જે NEP-2020ના ગોખણપટ્ટીથી સર્વાંગી, કૌશલ્ય-સંકલિત, અધ્યેતા-કેન્દ્રિત શિક્ષણ તરફના નમૂનારૂપ પરિવર્તનને વ્યવહારુ સમજણ આપે છે (Sreenivas et al., 2025; Hiremath, 2024).

## 2. સૈદ્ધાંતિક પાયો: અધ્યેતા-કેન્દ્રિત અધ્યાપન અને NEP-2020

https://www.gapbhasha.org/

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 (NEP-2020) સક્રિય જોડાણ, સહયોગ અને વ્યક્તિગતકરણ (Personalization)ને અસરકારક શિક્ષણના પાયાના પથ્થરો તરીકે ભાર આપતા નિર્માણવાદી (constructivist) શિક્ષણ સિદ્ધાંતોમાંથી આધાર લે છે (Ajitha & Mary, 2025). તે વર્ગખંડોને ગતિશીલ જગ્યાઓ તરીકે કલ્પના કરે છે જ્યાં અધ્યેતાઓ માહિતીને નિષ્ક્રિય રીતે મેળવવાને બદલે અન્વેષણ, ક્રિયાપ્રતિક્રિયા અને પ્રતિબિંબ દ્વારા અર્થનું નિર્માણ કરે છે. પરંપરાગત સમાન અને પરીક્ષા-સંચાલિત અભિગમને નકારીને NEP-2020 લવચીક, અનુભવજન્ય અને પૂછપરછ-આધારિત શિક્ષણ વાતાવરણની હિમાયત કરે છે કે જે જિજ્ઞાસા, જટિલ વિચારસરણી અને સર્જનાત્મકતાનું પોષણ કરે છે. આ પરિવર્તન સ્વીકારે છે કે જ્યારે અધ્યેતાઓ સમસ્યાનું નિરાકરણ, પ્રયોગો અને સાથીદારો તથા શિક્ષકો સાથેના સંવાદ દ્વારા તેમના પોતાના જ્ઞાનના નિર્માણમાં સક્રિયપણે ભાગ લે છે ત્યારે જ સાચી સમજણ ઉદ્ભવે છે.

આ પરિવર્તનના કેન્દ્રમાં અધ્યેતા-કેન્દ્રિત મોડેલ છે કે જે પરંપરાગત શિક્ષક-વિદ્યાર્થી સંબંધને ફરીથી વ્યાખ્યાયિત કરે છે. NEP-2020 માળખામાં વિદ્યાર્થીઓને જ્ઞાનના સહ-નિર્માતા તરીકે સ્થાન આપવામાં આવે છે કે જેઓ તેમની શીખવાની પ્રક્રિયાઓની માલિકી લે છે. જ્યારે શિક્ષકો સહાયક, માર્ગદર્શક અને મેન્ટરની ભૂમિકાઓ ધારણ કરે છે (Hiremath, 2024). ભાર માહિતીનું પ્રસારણ કરવાથી યોગ્યતાઓને કેળવવા તરફ જાય છે અને અધ્યેતાઓને પ્રશ્ન કરવા, વિચારોને જોડવા અને અધિકૃત સંદર્ભોમાં જ્ઞાન લાગુ કરવા પ્રોત્સાહિત કરે છે. આ પુનઃસંરચના સ્વાયત્તતા અને સ્વ-નિર્દેશિત શિક્ષણને પણ પ્રોત્સાહન આપે છે તથા શૈક્ષણિક અનુભવોને વ્યક્તિગત અધ્યેતાઓની રુચિઓ, ક્ષમતાઓ અને આકાંક્ષાઓ સાથે જોડે છે. ધ્યેય માત્ર શૈક્ષણિક સિદ્ધિને વધારવાનો નથી પણ 21મી સદીની જટિલતાઓ માટે સજ્જ, સર્વાંગી, આજીવન અધ્યેતાઓનો વિકાસ કરવાનો પણ છે.

આ નિર્માણવાદી અને અધ્યેતા-કેન્દ્રિત નમૂનામાં ડિફરન્શિયલ એબિલિટી પ્રોફાઇલિંગ (DAP) એક નિર્ણાયક શૈક્ષણિક સાધન તરીકે ઉભરી આવી શકે છે. DAP શિક્ષકોને વિદ્યાર્થીઓની વિવિધ યોગ્યતા પેટર્ન — અન્ય લોકો વચ્ચે આંકડાકીય, ભાષાકીય, તર્ક, અવકાશી અને યાંત્રિક ક્ષમતાઓ — ને વ્યવસ્થિત રીતે ઓળખવા અને સમજવા સક્ષમ બનાવે છે. આવી નિદાનાત્મક આંતરદૃષ્ટિ શિક્ષકોને સૂચના, સંસાધનો અને મૂલ્યાંકનને એક જ વર્ગખંડમાં હાજર વિવિધ શક્તિઓ અને શીખવાની જરૂરિયાતો અનુસાર તૈયાર કરવા સશક્ત બનાવે છે. ઉદાહરણ તરીકે, મજબૂત અવકાશી તર્ક ધરાવતો વિદ્યાર્થી વિઝ્યુઅલ અને હેન્ડ્સ-ઓન શીખવાના કાર્યોથી લાભ મેળવી શકે છે, જ્યારે અદ્યતન મૌખિક ક્ષમતા ધરાવતો અન્ય વિદ્યાર્થી ચર્ચા અને લેખિત પ્રતિબિંબ દ્વારા ઉત્કૃષ્ટ થઈ શકે છે. ભેદભાવપૂર્ણ સૂચના માટે પુરાવા-આધારિત પાયો પૂરો પાડીને, DAP નિર્માણવાદી આદર્શો અને વ્યવહારુ વર્ગખંડના અમલ વચ્ચેના અંતરને દૂર કરે છે.

DAP નું NEP-2020 ના અધ્યેતા-કેન્દ્રિત વિઝનમાં સંકલન મોટા પાયે સર્વસમાવેશકતા અને વ્યક્તિગતકરણ (Personalization)ને પ્રોત્સાહન આપે છે. તે શિક્ષકોને એવા અનુકૂલનશીલ શિક્ષણ માર્ગોની રચના કરવાની મંજૂરી આપે છે જે જૂથ માટે સામાન્ય શિક્ષણ લક્ષ્યો જાળવી રાખીને વ્યક્તિગત તફાવતોનું સન્માન કરે છે. આમ કરવાથી DAP એક શિક્ષણ પ્રણાલી બનાવવી કે જે સમાન, પ્રતિભાવશીલ અને માનવ સંભવિતતાની સંપૂર્ણ શ્રેણી સાથે સુસંગત હોય તેવા NEP-2020ના વ્યાપક મિશનને સાકાર કરવામાં મદદ કરે છે(Ajitha & Mary, 2025; Hiremath, 2024).

## 3. ડિફરન્શિયલ એબિલિટી પ્રોફાઇલિંગ: સંકલ્પના અને ઘટકો

DAP એ ડિફરન્શિયલ મનોવિજ્ઞાન અને એપ્ટિટ્યુડ માપનમાં મૂળ ધરાવે છે. તે વિવિધ ક્ષમતાઓમાં અધ્યેતાઓની સંબંધિત શક્તિઓ અને નબળાઈઓને ઓળખે છે કે જે શિક્ષકોને લક્ષિત કાર્યક્રમોની રચના કરવામાં મદદ કરે છે.

DAP ફ્રેમવર્કમાં પ્રાથમિક ક્ષમતાઓ:

a. Numerical Ability: સંખ્યાત્મક તર્ક અને સમસ્યાનું નિરાકરણ.
b. Mechanical Ability: ભૌતિક અને તકનીકી કામગીરીની સમજણ.
c. Reasoning Ability: તાર્કિક અને વિશ્લેષણાત્મક વિચારસરણી.
d. Closure Ability: અપૂર્ણ માહિતી પર પ્રત્યક્ષ જ્ઞાનાત્મક સંગઠન અને ધ્યાન.
e. Spatial Ability: વિઝ્યુલાઇઝેશન અને અવકાશીય સંબંધોની માનસિક પ્રક્રિયા.

https://www.gapbhasha.org/

f. Gujarati Verbal Ability: પ્રાદેશિક ભાષાની સમજણ અને અભિવ્યક્તિ.
g. Hindi Verbal Ability: રાષ્ટ્રીય ભાષાની સાક્ષરતા અને ઉચ્ચારણ.
h. Clerical Ability: વહીવટી કાર્યોમાં ચોકસાઈ અને વિગતવાર ધ્યાન.

યોગ્યતા પરીક્ષણ પરનું સંશોધન જાતિ, શિક્ષણ સ્તર અને જ્ઞાનાત્મક ક્ષેત્રોમાં નોંધપાત્ર ભિન્નતાને દર્શાવે છે (Izzaty et al., 2024), જે વ્યક્તિગત શિક્ષણ માર્ગોની આવશ્યકતા સૂચવે છે.

## 4. ડિફરન્શિયલ એબિલિટી પ્રોફાઇલિંગનું મહત્વ

ડિફરન્શિયલ એબિલિટી પ્રોફાઇલિંગ (DAP)એ NEP-2020 હેઠળ કલ્પના કરાયેલ અધ્યેતા-કેન્દ્રિત અને સર્વસમાવેશક શૈક્ષણિક પ્રથાઓને વાસ્તવિક બનાવવા માટે ઘણું મહત્ત્વ ધરાવે છે. તે એક નિદાનાત્મક અને શૈક્ષણિક પદ્ધતિ બંને તરીકે સેવા આપે છે જે શિક્ષકોને અધ્યેતાઓની જ્ઞાનાત્મક વિવિધતામાં મૂળ હોય તેવી વ્યક્તિગત અધ્યાપનની રચના કરવા સક્ષમ બનાવે છે. DAP ના મહત્ત્વને 5 મુખ્ય પરિમાણોમાં તપાસી શકાય છે—શૈક્ષણિક વ્યક્તિગતકરણ (Personalization), સમાન શિક્ષણની તકો, વ્યાવસાયિક જોડાણ, ભાષાકીય સર્વસમાવેશકતા અને શૈક્ષણિક નીતિનો અમલ.

### 4.1 શૈક્ષણિક વ્યક્તિગતકરણ (Personalization) અને અધ્યેતા-કેન્દ્રિત શિક્ષણ

DAP શિક્ષકોને વિદ્યાર્થીઓની અનન્ય જ્ઞાનાત્મક પ્રોફાઇલ્સ અનુસાર શિક્ષણના અનુભવોને બનાવવાની મંજૂરી આપે છે. આંકડાકીય, તર્ક, અવકાશી અને ભાષાકીય ક્ષમતાઓમાં ભિન્નતાને વ્યવસ્થિત રીતે ઓળખીને શિક્ષકો દરેક અધ્યેતાની યોગ્યતા સાથે મેળ ખાતી સૂચનાત્મક પદ્ધતિઓ અને મૂલ્યાંકનને અનુકૂલિત કરી શકે છે. આ NEP-2020ના ક્ષમતા-આધારિત અને અનુભવજન્ય શિક્ષણ પરના ભાર સાથે સંબંધિત છે કે જ્યાં શિક્ષણ અભ્યાસક્રમને બદલે અધ્યેતાની આસપાસ વિકસિત થાય છે (Ajitha & Mary, 2025). DAP આ રીતે ફોર્મેટિવ મૂલ્યાંકન પ્રણાલીઓને સમર્થન આપે છે જે બધા માટે સમાન પરીક્ષણને સતત ચાલી રહેલા પ્રદર્શન-આધારિત પ્રતિસાદ સાથે બદલે છે કે જે અધ્યેતાઓમાં સ્વાયત્તતા અને આંતરિક પ્રેરણાને પ્રોત્સાહન આપે છે.

### 4.2 સમાન અને સર્વસમાવેશક શિક્ષણ વાતાવરણને પ્રોત્સાહન આપવું

ભારતમાં ભાષાકીય, સામાજિક-આર્થિક અને જ્ઞાનાત્મક પરિમાણોમાં શૈક્ષણિક વિવિધતા એ સર્વસમાવેશકતા માટે અનુકૂલનશીલ વ્યૂહરચનાઓની આવશ્યકતા છે. DAP એવા વિદ્યાર્થીઓને ઓળખવા માટેનું એક વ્યવસ્થિત માળખું પ્રદાન કરે છે કે જેઓ ચોક્કસ ક્ષેત્રોમાં (દા.ત., યાંત્રિક અથવા અવકાશી ક્ષમતાઓ) ઉચ્ચ સંભવિતતા હોવા છતાં પરંપરાગત પરીસ્થિતિમાં નબળો દેખાવ કરે છે.

બહુભાષી સંદર્ભોમાં પ્રતિભાશાળી ઓળખ પરના સંશોધન મુજબ સાંસ્કૃતિક નિષ્પક્ષતા અને સર્વસમાવેશકતા સુનિશ્ચિત કરવા માટે મનોવૈજ્ઞાનિક સાધનોને સંદર્ભોમાં અનુકૂલનની જરૂર છે (Kurup, 2021).

પરંપરાગત શિક્ષણવિદોથી આગળની વિવિધ ક્ષમતાઓને ઓળખીને DAP ક્ષમતા અનુસાર સૌને શિક્ષણના NEP સિદ્ધાંતને કાર્યરત કરે છે તથા શિક્ષણ અને વૃદ્ધિની સમાન ઉપલબ્ધતા સુનિશ્ચિત કરે છે.

### 4.3 વ્યાવસાયિક અને કૌશલ્ય-આધારિત શિક્ષણને મજબૂત બનાવવું

NEP-2020 પ્રારંભિક તબક્કાઓથી વ્યાવસાયિક અને કૌશલ્યલક્ષી શિક્ષણના સંકલનની હિમાયત કરે છે (Sharma & Pathak, 2024). DAP અધ્યેતાઓની તકનીકી, યાંત્રિક અને કારકૂની યોગ્યતાઓને ઓળખવા માટે એક પાયાની પદ્ધતિ પૂરી પાડે છે, જેનાથી તેમને યોગ્ય વ્યાવસાયિક માર્ગો તરફ માર્ગદર્શન મળે છે. ઉદાહરણ તરીકે, ઉચ્ચ યાંત્રિક અને અવકાશીય ક્ષમતાઓ ધરાવતા અધ્યેતાઓ એન્જિનિયરિંગ અથવા ડિઝાઈન ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ બની શકે છે, જ્યારે મજબૂત કારકૂની અને ક્લોઝર ક્ષમતાઓ ધરાવતા લોકો વહીવટી અને વિશ્લેષણાત્મક કારકિર્દી માટે યોગ્ય હોઈ શકે છે. આ ક્ષમતા-આધારિત શૈક્ષણિક માર્ગદર્શન શાળા શિક્ષણ અને રોજગારક્ષમતા વચ્ચેના અંતરને દૂર કરે છે કે જે 21મી સદીની કૌશલ્યની જરૂરિયાતો સાથે શિક્ષણને જોડવાના NEP-2020 ના ધ્યેયને સમર્થન આપે છે (Talluri, 2025).

https://www.gapbhasha.org/

**4.4 ભાષાકીય અને સાંસ્કૃતિક સર્વસમાવેશકતા**

ગુજરાતી અને હિન્દી મૌખિક ક્ષમતાઓને સામેલ કરીને DAP બહુભાષી પ્રાવીણ્ય અને સાંસ્કૃતિક મૂળને પ્રોત્સાહન આપે છે કે જે NEP-2020ની ભાષા નીતિના મુખ્ય લક્ષ્યો છે (Kumar, 2025). આ દ્વિભાષી મૂલ્યાંકન ભાષાકીય સર્વસમાવેશકતાને પ્રોત્સાહન આપે છે અને સુનિશ્ચિત કરે છે કે ભાષા પ્રાવીણ્યનું મૂલ્યાંકન સાંસ્કૃતિક રીતે સંબંધિત માળખાંમાં કરવામાં આવે છે. તે માત્ર પ્રાદેશિક અને રાષ્ટ્રીય ઓળખને મજબૂત કરતું નથી પણ વિવિધ ભાષાકીય જૂથોમાં સમજણ, સાક્ષરતા અને માહિતીસંચારમાં પણ સુધારો કરે છે.

**4.5 ડેટા-સંચાલિત શૈક્ષણિક નીતિ અને સતત સુધારો**

DAP સમૃદ્ધ મનોવૈજ્ઞાનિક ડેટા જનરેટ કરે છે જે સંસ્થાકીય નિર્ણય લેવા અને રાષ્ટ્રીય શિક્ષણ નીતિને માહિતી આપી શકે છે. આવા ડેટાને પ્રાદેશિક અથવા લિંગ-આધારિત શિક્ષણ વલણોને ઓળખવા માટે એકત્રિત કરી શકાય છે, જેનાથી સંસાધનોની ફાળવણી, શિક્ષક તાલીમ અને અભ્યાસક્રમ વિકાસનું માર્ગદર્શન મળે છે. DAP-આધારિત વિશ્લેષણનું SWAYAM અને N-DEAR (નેશનલ ડિજિટલ એજ્યુકેશનલ આર્કિટેક્ચર) જેવા ડિજિટલ પ્લેટફોર્મ્સમાં સંકલન પુરાવા-આધારિત નીતિ અમલ અને દેખરેખને વધારી શકે છે (Das, 2025). વધુમાં, ક્ષમતાઓમાં જાતિ-ભેદભાવપૂર્ણ પેટર્ન, જેમ કે તર્ક અને યાંત્રિક યોગ્યતામાં જોવા મળે છે (Izzaty et al., 2024), સમાન હસ્તક્ષેપો માટે DAPની નીતિ સુસંગતતાને જોડે છે.

ડિફરન્શિયલ એબિલિટી પ્રોફાઇલિંગનું મહત્ત્વ નિદાનથી આગળ વધે છે અને તે માનવ-કેન્દ્રિત શૈક્ષણિક પરિવર્તન માટેનું એક વ્યૂહાત્મક માળખું છે. DAP ક્ષમતામાં વિવિધતાને વ્યક્તિગત, સમાન અને કૌશલ્યલક્ષી શિક્ષણ માર્ગોમાં અનુવાદિત કરીને NEP-2020 ના અધ્યેતા-કેન્દ્રિત ફિલસૂફીને કાર્યરત કરે છે. જ્યારે અસરકારક રીતે અમલ કરવામાં આવે છે ત્યારે તે વર્ગખંડની પ્રથાઓને ફરીથી વ્યાખ્યાયિત કરી શકે છે, શિક્ષકોને કાર્યક્ષમ આંતરદૃષ્ટિ સાથે સશક્ત બનાવી શકે છે, અને દરેક અધ્યેતાની અનન્ય સંભવિતતાને ઓળખે અને તેનું પોષણ કરે તેવી શિક્ષણ પ્રણાલીનું નિર્માણ કરી શકે છે.

**4.6 DAP દ્વારા NEP-2020નો અમલ**

NEP-2020 એ નિદાન અને ફોર્મેટિવ મૂલ્યાંકનના ઉપયોગ પર ભાર મૂકે છે જે માત્ર ગ્રેડિંગથી આગળ વધે છે અને તેના બદલે મુખ્ય યોગ્યતાઓ, કૌશલ્યો અને સૈદ્ધાંતિક સમજણને માપવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે (Sharma & Pathak, 2024). ડિફરન્શિયલ એબિલિટી પ્રોફાઇલિંગ (DAP) શિક્ષકોને વિદ્યાર્થીઓની યોગ્યતાની પેટર્ન અને બહુવિધ ક્ષેત્રોમાં શીખવાની ક્ષમતાઓમાં ચોક્કસ આંતરદૃષ્ટિ પ્રદાન કરીને આ વિઝનને હાંસલ કરવા માટેનો એક માળખાગત અભિગમ પ્રદાન કરે છે.

- મનોવૈજ્ઞાનિક સાધનો દ્વારા અધ્યેતાની પ્રોફાઇલ્સને ઓળખો: DAP વૈજ્ઞાનિક રીતે માન્ય મનોવૈજ્ઞાનિક સાધનોનો ઉપયોગ કરીને વિગતવાર અધ્યેતા પ્રોફાઇલ્સ જનરેટ કરે છે જે જ્ઞાનાત્મક પરિમાણો જેમ કે આંકડાકીય, અવકાશીય, તર્ક અને ભાષાકીય ક્ષમતાઓમાં વ્યક્તિગત શક્તિઓ અને નબળાઈઓને દર્શાવે છે. આ પ્રોફાઇલ્સ શિક્ષકોને દરેક અધ્યેતાની અનન્ય સંભવિતતાને સમજવામાં મદદ કરે છે, જે અધ્યાપન, ઉપચાર અને સુધાર માટે ડેટા-સંચાલિત નિર્ણયોને સક્ષમ કરે છે.
- વ્યક્તિગત જ્ઞાનાત્મક જરૂરિયાતો માટે અભ્યાસક્રમની ડિલિવરીને કસ્ટમાઇઝ કરો: DAP પરિણામોનું વિશ્લેષણ કરીને શિક્ષકો ભેદભાવપૂર્ણ સૂચનાત્મક વ્યૂહરચનાઓની રચના કરી શકે છે જે તેમના વિદ્યાર્થીઓની જ્ઞાનાત્મક પ્રોફાઇલ્સ સાથે જોડાણ થાય છે અને આ શિક્ષણ સામગ્રી દરેક વિદ્યાર્થીની ગતિ અને પ્રક્રિયા શૈલી સાથે મેળ ખાય છે. આ અભિગમ વર્ગખંડને વ્યક્તિગત શિક્ષણ વાતાવરણમાં પરિવર્તિત કરે છે, જ્યાં વિષયવસ્તુની ડિલિવરી સઘન અભ્યાસક્રમને બદલે અધ્યેતાને અનુકૂલિત થાય છે.
- ભાષાકીય સર્વસમાવેશકતા પર NEP ના ભારને જોડીને દ્વિભાષી અને પ્રાદેશિક સૂચનાને પ્રોત્સાહન આપો: DAP ભાષાકીય યોગ્યતાની ઓળખને સમર્થન આપે છે અને શિક્ષકોને દરેક અધ્યેતા માટે સૂચનાની સૌથી અસરકારક ભાષા નક્કી કરવામાં મદદ કરે છે. આ બહુભાષી અને સર્વસમાવેશક શિક્ષણના NEP-2020ના વિઝન સાથે સંદર્ભ ધરાવે છે, જે દ્વિભાષી અધ્યાપનને પ્રોત્સાહન આપે છે જે અંગ્રેજીની સાથે પ્રાદેશિક ભાષાઓને પણ મહત્ત્વ આપે છે, સમજણ અને સાંસ્કૃતિક જોડાણને વધારે છે (Kumar, 2025).

https://www.gapbhasha.org/

- વ્યાવસાયિક અભિગમને સરળ બનાવો, કારકૂની અને યાંત્રિક કૌશલ્યોને વ્યવહારુ તાલીમમાં જોડો: યાંત્રિક, કારકૂની અને તર્ક ક્ષમતાઓના મૂલ્યાંકન દ્વારા DAP તકનીકી અને વ્યાવસાયિક ક્ષેત્રો માટે યોગ્યતા ધરાવતા અધ્યેતાઓને ઓળખવામાં મદદ કરે છે. આ ડેટા-સંચાલિત જોડાણ શાળાઓને લક્ષિત કૌશલ્ય વિકાસ અને વ્યવહારુ તાલીમ પ્રદાન કરવા સક્ષમ બનાવે છે, વિદ્યાર્થીઓને શાળાકીય શિક્ષણના તમામ તબક્કાઓમાં વ્યાવસાયિક શિક્ષણના સંકલન પર NEPના ભાર અનુસાર ભાવિ રોજગારક્ષમતા માટે તૈયાર કરે છે (Talluri, 2025).

શૈક્ષણિક રેકોર્ડ્સમાં મનોવૈજ્ઞાનિક ડેટાને સામેલ કરીને શાળાઓ અધ્યેતા ક્ષમતા પોર્ટફોલિયો (LAPs) બનાવી શકે છે—વ્યાપક, પુરાવા-આધારિત પ્રોફાઇલ્સ જે સમય જતાં જ્ઞાનાત્મક, ભાષાકીય અને વ્યાવસાયિક વૃદ્ધિને દસ્તાવેજ કરે છે. આ LAPs વ્યક્તિગત અધ્યાપન, કાઉન્સેલિંગ અને કારકિર્દી આયોજનને માર્ગદર્શન આપવા માટે ગતિશીલ સાધનો તરીકે સેવા આપે છે જે દરેક અધ્યેતાની શૈક્ષણિક યાત્રા તેમની વ્યક્તિગત સંભવિતતા અને આકાંક્ષાઓને અનુરૂપ હોય.

## 5. શૈક્ષણિક અને સંસ્થાકીય અસરો

NEP-2020ના માળખા હેઠળ ડિફરન્શિયલ એબિલિટી પ્રોફાઇલિંગ (DAP)-આધારિત શિક્ષણનો અમલ કરવાથી શૈક્ષણિક અને સંસ્થાકીય બંને સ્તરે પ્રણાલીગત પરિવર્તનની જરૂર પડે છે. તે શૈક્ષણિક અનુભવો સમાન, વ્યક્તિગત અને ભવિષ્ય-લક્ષી હોય તે સુનિશ્ચિત કરવા માટે શિક્ષક તૈયારી, અભ્યાસક્રમની રચના, ડિજિટલ સંકલન, ભાષાકીય સર્વસમાવેશકતા અને ડેટા-સંચાલિત નીતિ નિર્માણ વચ્ચે જોડાણની માંગ કરે છે.

- વ્યાવસાયિક વિકાસ અને મનોવૈજ્ઞાનિક સાક્ષરતા દ્વારા શિક્ષક ક્ષમતા નિર્માણ: શિક્ષકો DAP માળખાને અર્થપૂર્ણ વર્ગખંડની પ્રેક્ટિસમાં લાવવા માટે કેન્દ્રસ્થાને છે (Hiremath, 2024). તેથી, સતત વ્યાવસાયિક વિકાસે શિક્ષકોની મનોવૈજ્ઞાનિક સાક્ષરતા વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ—તેમને અધ્યેતા પ્રોફાઇલ્સનું સચોટ અર્થઘટન કરવા અને સૂચનાત્મક ડિઝાઇનમાં તારણો લાગુ કરવા સક્ષમ બનાવવા. તાલીમ કાર્યક્રમોએ ભેદભાવપૂર્ણ સૂચના, ફોર્મેટિવ મૂલ્યાંકન અને સર્વસમાવેશક અધ્યાપનમાં કૌશલ્યો કેળવવા જોઈએ, શિક્ષકોને વિવિધ જ્ઞાનાત્મક જરૂરિયાતોને સંબોધતા ડેટા-માહિતગાર શૈક્ષણિક નિર્ણયો લેવા સશક્ત બનાવવા જોઈએ.
- અનુકૂલનશીલ શિક્ષણ માટે SWAYAM અને NPTEL જેવા ડિજિટલ પ્લેટફોર્મ સાથે સંકલન: SWAYAM, DIKSHA અને NPTEL જેવા ડિજિટલ પ્લેટફોર્મ્સ અનુકૂલનશીલ અને વ્યક્તિગત શિક્ષણના અમલ માટે માપી શકાય તેવા માર્ગો પૂરા પાડે છે. જ્યારે DAP એનાલિટિક્સ સાથે સંકલિત થાય છે ત્યારે આ પ્લેટફોર્મ્સ કસ્ટમાઇઝ્ડ લર્નિંગ મોડ્યુલ્સની ભલામણ કરી શકે છે, વ્યક્તિગત પ્રગતિને ટ્રેક કરી શકે છે અને વિદ્યાર્થીઓ તથા શિક્ષકોને રીઅલ-ટાઇમ પ્રતિસાદ પ્રદાન કરી શકે છે. મનોવૈજ્ઞાનિક મૂલ્યાંકન અને તકનીક વચ્ચેનો આ સમન્વય સુલભતાને વધારે છે, સતત શિક્ષણને સમર્થન આપે છે અને ડિજિટલ અધ્યાપન અને આજીવન શિક્ષણની તકો પર NEP-2020 ના ભારને કાર્યરત કરે છે (Das, 2025).
- ભાષાકીય સર્વસમાવેશકતા અને સમાનતા સુનિશ્ચિત કરતું બહુભાષી અધ્યાપન: ભાષાકીય વિવિધતા પ્રત્યેની NEP-2020ની પ્રતિબદ્ધતા સાથે સુસંગત DAP વિદ્યાર્થીઓની ભાષાકીય યોગ્યતાઓને ઓળખી શકે છે અને પ્રાદેશિક અને રાષ્ટ્રીય બંને ભાષાઓમાં અધ્યાપનને સમર્થન આપી શકે છે. બહુભાષી અધ્યાપન માત્ર સમજણ અને ધારણમાં જ મદદ કરતું નથી પણ અધ્યેતાઓની સાંસ્કૃતિક ઓળખને પણ માન્યતા આપે છે તથા એક સર્વસમાવેશક વાતાવરણ બનાવે છે જ્યાં દરેક વિદ્યાર્થી અર્થપૂર્ણ રીતે જોડાઈ શકે છે. દ્વિભાષી સામગ્રીઓ, અનુવાદ સાધનો અને પ્રાદેશિક રીતે સંબંધિત ઉદાહરણોનો સમાવેશ કરવાથી ભાષાકીય પૃષ્ઠભૂમિમાં સમાન ભાગીદારી સુનિશ્ચિત થાય છે (Kumar, 2025).
- રાષ્ટ્રીય શૈક્ષણિક બેન્ચમાર્કિંગ માટે DAP મેટ્રિક્સનો લાભ લેતા નીતિ નિર્ણયો: સંસ્થાકીય અને નીતિ સ્તરે એકત્રિત DAP ડેટા શૈક્ષણિક ગુણવત્તાના બેન્ચમાર્કિંગ અને પ્રદેશોમાં અધ્યેતા વિકાસને ટ્રેક કરવા માટે એક

https://www.gapbhasha.org/

શક્તિશાળી નિદાનાત્મક સાધન તરીકે સેવા આપી શકે છે. નીતિ નિર્માતાઓ પ્રણાલીગત અસમાનતાઓને ઓળખવા, સંસાધનોની અસરકારક ફાળવણી કરવા અને ચોક્કસ શીખવાની જરૂરિયાતોને લક્ષ્ય બનાવતા હસ્તક્ષેપોની રચના કરવા માટે આ મેટ્રિક્સનો ઉપયોગ કરી શકે છે. સમય જતાં આવી ડેટા-સંચાલિત ગવર્નન્સ અધ્યેતા પ્રોફાઇલ્સના રાષ્ટ્રીય ભંડારને આકાર આપી શકે છે કે જે NEP-2020 ઇકોસિસ્ટમમાં પુરાવા-આધારિત શૈક્ષણિક સુધારણા અને જવાબદેહીને મજબૂત કરવામાં ફાળો આપે છે (Kurup, 2021).

DAPના સંસ્થાકીયકરણ માટે શિક્ષકો, નીતિ નિર્માતાઓ અને ડિજિટલ ઇન્ફ્રાસ્ટ્રક્ચરને જોડતા સંકલિત પ્રયત્નોની જરૂર છે. જ્યારે વ્યૂહાત્મક રીતે અમલ કરવામાં આવે છે ત્યારે તે શાળાઓને સર્વસમાવેશક, ડેટા-માહિતગાર શિક્ષણ સમુદાયોમાં પરિવર્તિત કરી શકે છે જે ખરેખર NEP-2020ના સમાન, ક્ષમતા-આધારિત અને અધ્યેતા-કેન્દ્રિત શિક્ષણના વિઝનને મૂર્તિમંત કરે છે.

## 6. નિષ્કર્ષ

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 (NEP-2020) સર્વસમાવેશક, લવચીક અને અધ્યેતા-કેન્દ્રિત શિક્ષણ પ્રણાલી તરફ પરિવર્તનકારી પરિવર્તનની કલ્પના કરે છે. આ એક એવી પ્રણાલી જે વિષયવસ્તુ યાદ રાખવાને બદલે યોગ્યતાને અને એકરૂપતાને બદલે વ્યક્તિત્વને મહત્ત્વ આપે છે. ડિફરન્શિયલ એબિલિટી પ્રોફાઇલિંગ (DAP) નીતિના આદર્શો અને વર્ગખંડની વાસ્તવિકતાઓ વચ્ચેના અંતરને દૂર કરીને આ વિઝનને વાસ્તવિક બનાવવા માટેની એક મૂર્ત પદ્ધતિ પ્રદાન કરે છે. એક મનોવૈજ્ઞાનિક-શૈક્ષણિક માળખા તરીકે DAP શિક્ષકોને આંકડાકીય, ભાષાકીય, તર્ક, અવકાશીય અને વ્યાવસાયિક ક્ષેત્રોમાં અધ્યેતાઓની વિવિધ યોગ્યતા પેટર્નને સમજવા સક્ષમ બનાવે છે કે જે એવી અધ્યાપન સૂચનાને સરળ બનાવે છે જે નિદાન અને વિકાસલક્ષી બંને હોય છે. આ અભિગમ શિક્ષણને પ્રમાણીકરણથી આગળ લઈ જાય છે, શિક્ષકોને ભારતના અધ્યેતાઓની જ્ઞાનાત્મક અને ભાષાકીય વિવિધતા પ્રત્યે સંવેદનશીલ હોય તેવા કાર્યક્રમોની રચના કરવા સશક્ત બનાવે છે.

પ્રણાલીગત સ્તરે DAP એ શિક્ષણ, મૂલ્યાંકન અને નીતિ અમલના આર્કિટેક્ચરને ફરીથી વ્યાખ્યાયિત કરે છે. SWAYAM, N-DEAR અને NPTEL જેવા ડિજિટલ ઇકોસિસ્ટમ્સમાં મનોવૈજ્ઞાનિક માપનનું સંકલન કરીને શાળાઓ ડેટા-સંચાલિત શિક્ષણ વાતાવરણનું નિર્માણ કરી શકે છે જે અધ્યેતા પ્રોફાઇલ્સને સતત અનુકૂલિત થાય છે. અધ્યેતા ક્ષમતા પોર્ટફોલિયો (LAPs)નું નિર્માણ આ વિઝનને વધુ મજબૂત બનાવે છે, જે જ્ઞાનાત્મક વૃદ્ધિનો પુરાવા-આધારિત સાતત્ય પ્રદાન કરે છે જે વ્યક્તિગત અધ્યાપન સૂચના, વ્યાવસાયિક માર્ગદર્શન અને સમાન મૂલ્યાંકનની માહિતી આપે છે. શિક્ષક ક્ષમતા નિર્માણ અને મનોવૈજ્ઞાનિક સાક્ષરતા આ પ્રક્રિયામાં નિર્ણાયક એન્કર બની જાય છે. આ શિક્ષકો જોડાણ અને પરિણામોને વધારવા માટે અધ્યેતા ડેટાનું નૈતિક અને અસરકારક રીતે અર્થઘટન કરી શકે. બહુભાષી અધ્યાપન અને અનુકૂલનશીલ તકનીક દ્વારા DAP ભાષાકીય સર્વસમાવેશકતા, કૌશલ્ય સંકલન અને આજીવન શિક્ષણ પર NEPના ભારને મજબૂત બનાવે છે.

ડિફરન્શિયલ એબિલિટી પ્રોફાઇલિંગ એ માત્ર એક નિદાન સાધન નથી પરંતુ તે એક શૈક્ષણિક ફિલસૂફી છે કે જે NEP-2020ના અધ્યેતા-કેન્દ્રિત અને સમાનતા-સંચાલિત માળખા સાથે એકીકૃત રીતે જોડાણ થાય છે. તેનો અમલ એવા વર્ગખંડોને કેળવી શકે છે જે જ્ઞાન અને ક્ષમતામાં વિવિધતાની ઉજવણી કરે છે, પ્રણાલીગત પૂર્વગ્રહોને ઘટાડે છે અને શિક્ષણને વ્યક્તિગત સંભવિતતા અને રાષ્ટ્રીય વિકાસલક્ષી લક્ષ્યો બંને સાથે જોડે છે. જ્યારે શિક્ષક-શિક્ષણ, અભ્યાસક્રમની રચના અને નીતિ નિર્માણમાં એમ્બેડ કરવામાં આવે છે ત્યારે DAP પાસે ભારતની શિક્ષણ પ્રણાલીને સર્વાંગી, ડેટા-માહિતગાર અને માનવ-કેન્દ્રિત ઇકોસિસ્ટમમાં પરિવર્તિત કરવાની શક્તિ છે—એક એવી પ્રણાલી જે ખરેખર દરેક અધ્યેતાની સંભવિતતાનું સંપૂર્ણ પોષણ કરે છે.

**નાણાકીય સહાયનું અસ્વીકરણ**

આ સંશોધનને કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરના એમ. એમ. પટેલ રિસર્ચ સેલ દ્વારા આર્થિક સહાય પૂરી પાડવામાં આવી છે. લેખકો શૈક્ષણિક અભ્યાસને પ્રોત્સાહન આપવા અને પુરાવા-આધારિત અભિગમોના સતત વિકાસને સક્ષમ કરવા બદલ સંસ્થાના યોગદાન માટે આભાર માને છે.

https://www.gapbhasha.org/

## સંદર્ભસૂચિ

Ajitha, M. (2025). *The Future of Education: Holistic Approaches in NEP-2020*. Shanlax International Journal of Arts, Science and Humanities.

Pratim Das, P. (2023). Perspective Chapter: MOOCs in India – Evolution, Innovation, Impact, and Roadmap. IntechOpen. doi: 10.5772/intechopen.1001972

Hiremath, S. S. (2024). *Acharya Devo Bhava: A Paradigm Shift for Teachers in the Implementation of National Education Policy 2020*. Educational Administration: Theory and Practice, 30(1), 5759–5764. https://doi.org/10.53555/kuey.v30i1.9243

Izzaty, R. E., Setiawati, F. A., & Istikomah, F. (2024). *The effect of educational levels and gender on students' reasoning ability and mechanical aptitude*. Cypriot Journal of Educational Sciences, 19(4), 309–325. https://doi.org/10.18844/cjes.v19i4.8953

Kurup, A. (2021). Challenges to identify and mentor gifted children in developing countries: the Indian experience. *Current Science*, *120*(3), 472–478. https://www.jstor.org/stable/27310215.

Sabaj Kumar. Role of Indian languages in the National Education Policy (NEP) 2020: A step towards inclusive and culturally rooted education. Int J Adv Acad Stud 2025;7(5):175-177. DOI: 10.33545/27068919.2025.v7.i5c.1470

Sharma, P., & Pathak, A. (2023). The National Education Policy (NEP) 2020: Transforming skill development in India. BSSS Journal of Education, 13(1), [page numbers if known]. https://doi.org/10.51767/je1305

Talluri, V. (2025). *Transforming India's Education: Skill-Based Learning under NEP-2020*. International Journal for Multidisciplinary Research, 7(3). https://doi.org/10.36948/ijfmr.2025.v07i03.48924 ijfmr.com+2ijfmr.com+2

https://www.gapbhasha.org/

GAP भाषा
A MULTILINGUAL JOURNAL OF RESEARCH
(ISSN – 2582-8770)
Globally peer-reviewed and open access journal.

# ટકાઉ વિકાસ લક્ષ્યોના સંદર્ભમાં ગુજરાત રાજ્યના ગ્રામ્ય વિસ્તારોમાં સામાજિક-આર્થિક પડકારો

## ડૉ. જીજ્ઞેશકુમાર રાજુભાઈ પુરબીયા

*આસિસ્ટન્ટ પ્રોફેસર,*
*અર્થશાસ્ત્ર વિભાગ,*
*એસ.ડી. આર્ટ્સ એન્ડ શાહ બી.આર. કોમર્સ કોલેજ, માણસા.*

## પરિચય

ભારતનું વિકાસ મોડેલ છેલ્લા દાયકામાં Sustainable Development Goals (SDGs)ની દિશામાં આગળ વધી રહ્યું છે. SDGs નો મૂળ ઉદ્દેશ "Leave No One Behind" — એટલે કે દરેક વ્યક્તિ સુધી વિકાસ પહોંચાડવાનો છે. ગુજરાત ભારતના સૌથી વિકસિત રાજ્યોમાંનો એક છે, ગુજરાત રાજ્યે ઉદ્યોગ, વિજળી, આરોગ્ય અને સ્વચ્છતા ક્ષેત્રે નોંધપાત્ર પ્રગતિ કરી છે. ગુજરાત રાજ્યમાં ઉદ્યોગ, સેવાનો વિકાસ તો થયો છે, પણ ગ્રામ્ય વિસ્તારોમાં લોકો હજુ પણ પરંપરાગત કૃષિ અને મૌસમી રોજગાર પર નિર્ભર છે. રાજ્યના ગ્રામ્ય વિસ્તારોમાં હજુ પણ ગરીબી, બેરોજગારી, શિક્ષણ અને આરોગ્ય જેવી સમસ્યાઓ અને સામાજિક-આર્થિક પડકારો યથાવત્ છે. આ પડકારોનો સીધો સંબંધ સંયુક્ત રાષ્ટ્ર દ્વારા ઘોષિત ટકાઉ વિકાસ લક્ષ્યો (SDGs) સાથે છે, જે 2030 સુધી વિશ્વમાં સર્વાંગી અને સમાન વિકાસ હાંસલ કરવાનો ઉદ્દેશ ધરાવે છે. કારણ કે ગ્રામ્ય વિસ્તાર ભારતની અર્થવ્યવસ્થા અને સમાજ માટે કેન્દ્રબિંદુ છે.

## સંશોધન ઉદ્દેશ્યો

આ સંશોધનનો મુખ્ય ઉદ્દેશ ગુજરાતના ગ્રામ્ય વિસ્તારોમાં SDGs સંદર્ભે સામાજિક-આર્થિક સ્થિતિનું મૂલ્યાંકન કરવું છે. વિશિષ્ટ રીતે:

- SDG લક્ષ્યો સંદર્ભે મુખ્ય સામાજિક-આર્થિક પડકારોની ઓળખ કરવી.
- ગુજરાતના ગ્રામ્ય વિસ્તારોમાં સામાજિક-આર્થિક સ્થિતિનું SDG દ્રષ્ટિકોણથી મૂલ્યાંકન કરવું.
- સરકારની યોજનાઓ અને સ્થાનિક નીતિ અમલનું વિશ્લેષણ કરવું.
- ભવિષ્યના સમયગાળા માટે યોગ્ય સુધારા સૂચનો રજુ કરવા.

## સંશોધન પદ્ધતિ

આ લેખ લખવા માટે વર્ણનાત્મક પધ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

**માહિતીનું એકત્રીકરણ**

- ગુજરાત SDG ઈન્ડેક્સ (2023-24) ના અહેવાલો.
- નીતિ આયોગ,
- રાજ્ય સરકારના આંકડા વિભાગ.

**મુખ્ય પડકારો**

https://www.gapbhasha.org/

GAP भाषा
A MULTILINGUAL JOURNAL OF RESEARCH
(ISSN – 2582-8770)
Globally peer-reviewed and open access journal.

- પાણીની અછત (Water Scarcity):- ગુજરાત રાજ્યનો મોટો ભાગ અર્ધશુષ્ક વિસ્તાર છે. ખાસ કરીને કચ્છ, સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાં વરસાદ ઓછો પડે છે, જેથી પીવાના પાણી અને સિંચાઈ માટેની અછત સર્જાય છે.
- કૃષિ ક્ષેત્રના પ્રશ્નો (Agriculture Issues):- વરસાદ આધારિત ખેતી, ભૂગર્ભજળનું ઘટતું સ્તર, મોંઘા ખાતર અને જીવાતનાશક દવાઓના કારણે ખેડૂતોને નુકસાન ભોગવવું પડે છે.
- પ્રદૂષણ અને પર્યાવરણ (Pollution & Environment):- ઉદ્યોગીકરણને કારણે હવા અને પાણીનું પ્રદૂષણ વધી રહ્યું છે, ખાસ કરીને અંકલેશ્વર, વડોદરા, અને હજીરા વિસ્તારમાં.
- શહેરોમાં વધતી ભીડ (Urbanization Challenges):- અમદાવાદ, સુરત, રાજકોટ જેવા શહેરોમાં વસ્તી ઝડપથી વધી રહી છે, જેના કારણે ટ્રાફિક, કચરાના પ્રશ્નો અને રહેણાંકની તંગી ઊભી થઈ છે.
- શિક્ષણ અને રોજગારી (Education & Employment):- ગ્રામિણ વિસ્તારોમાં ગુણવત્તાસભર શિક્ષણનો અભાવ છે, અને ઘણા યુવાનોને યોગ્ય રોજગારીના અવસરો ઉપલબ્ધ નથી.

**સામાજિક પડકારો (Social Challenges)**

- શિક્ષણમાં અછત: ઘણા ગામડાંઓમાં શાળાઓ પૂરતી નથી અથવા ગુણવત્તાસભર શિક્ષકોની અછત છે. ખાસ કરીને છોકરીઓના શિક્ષણમાં પાછળપણું જોવા મળે છે.
- આરોગ્ય સુવિધાનો અભાવ: ગામડાંઓમાં હોસ્પિટલો, ડોક્ટરો અને દવાઓની ઉપલબ્ધતા ઓછી છે. આરોગ્ય જાગૃતિનો અભાવ પણ મોટો પ્રશ્ન છે.
- લિંગ અસમાનતા (Gender Inequality): સ્ત્રીઓ માટે શિક્ષણ, રોજગાર અને નિર્ણયક્ષેત્રમાં અવસરો પુરતા નથી. ઘણી જગ્યાએ બાળવિવાહ અને દહેજ જેવી પ્રથાઓ હજુ જોવા મળે છે.
- સામાજિક કુપ્રથાઓ: અંધશ્રદ્ધા, જાતિવાદ અને અછૂતપણા જેવા પ્રશ્નો હજી પણ કેટલીક જગ્યાએ પ્રચલિત છે.
- સ્થાનાંતરણ (Migration): રોજગારીના અભાવને કારણે ઘણા ગ્રામ્ય લોકો શહેરોમાં મજૂરી માટે સ્થળાંતર કરે છે, જેના કારણે ગામડાંઓમાં યુવાનોની સંખ્યા ઘટે છે.

**આર્થિક પડકારો (Economic Challenges)**

- કૃષિ આધારિત અર્થતંત્ર: ગ્રામ્ય અર્થતંત્ર મુખ્યત્વે કૃષિ પર આધારિત છે, પરંતુ વરસાદની અનિશ્ચિતતા અને પાણીની અછતને કારણે ખેડૂતોને નુકસાન થાય છે.
- ઉપયોગી રોજગારનો અભાવ: ખેતી સિવાય અન્ય રોજગારીના અવસરો ઓછી સંખ્યામાં ઉપલબ્ધ છે. ગ્રામ્ય યુવાનોને ઉદ્યોગ, સર્વિસ કે ટેક્નોલોજી ક્ષેત્રમાં ઓછા અવસરો મળે છે.
- ગરીબી અને આવક અસમાનતા: કેટલાક ગ્રામ્ય વિસ્તારોમાં આવકનું સ્તર ખૂબ ઓછું છે, અને ધનિકગરીબ વચ્ચેનું અંતર વધતું જાય છે.
- મૂળભૂત સુવિધાઓની અછત: રસ્તા, વીજળી, પીવાનું પાણી, ઇન્ટરનેટ અને પરિવહન જેવી સુવિધાઓ પુરતી નથી. આ અર્થતંત્રના વિકાસમાં અવરોધરૂપ છે.
- કુદરતી આપત્તિઓ: દુષ્કાળ, પૂર અને જમીન ખારાશ જેવા કુદરતી પ્રશ્નો ગ્રામ્ય આર્થિકતંત્રને અસર કરે છે.

**આલેખ દ્વારા રજૂઆત**

ગુજરાત રાજ્યના SDG સ્કોર (ગ્રામ્ય સંદર્ભે)

| SDG સ્કોર (100 મા) | |
|---|---|
| SDG1 Poverty | 65 |
| SDG2 Hunger | 59 |
| SDG3 Health | 72 |
| SDG4 Education | 68 |
| SDG5 Gender | 74 |
| SDG6 Sanitation | 81 |

https://www.gapbhasha.org/

| | |
|---|---|
| SDG8 Employment | [redacted] 67 |
| SDG10 Inequality | [redacted] 63 |

(સ્રોત: Gujarat SDG Index 2024 Planning Commission of Gujarat)

**ગ્રામ્ય ક્ષેત્રોમાં ટોચ અને પાછળના લક્ષ્યો**

- શ્રેષ્ઠ: SDG 6 (સ્વચ્છતા), SDG 5 (લિંગ સમાનતા)
- નિષ્ફળતા: SDG 2 (ભૂખમરી), SDG 10 (અસમાનતા), SDG 1 (ગરીબી)
- ગ્રામ્ય ક્ષેત્રોમાં સ્વચ્છતા અને જલ સંપદા ક્ષેત્રમાં ઉત્તમ પ્રદર્શન જણાય છે, પરંતુ ગરીબી અને ભૂખમરી ક્ષેત્રે અવનતિ દેખાય છે.

**મુખ્ય પરિણામો**

- ગરીબી અને રોજગાર: ગ્રામ્ય વસ્તીમાં લગભગ ૩૨ % પરિવારો અવિકસિત આવક શ્રેણીમાં આવે છે. મૌસમી રોજગાર પર આધારિત હોવાને લઈ સ્થાયી આવક ઓછી છે.
- શિક્ષણ: ગ્રામ્ય વિસ્તારોમાં છોકરીઓનો શાળા છૂટક દર શહેર ની તુલનાએ ૨.૩ ગણો વધુ છે.
- આરોગ્ય: પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દર ૧૦,૦૦૦ વસ્તી પાછળ એક જ છે; ગ્રામ્ય મહિલાઓમાં માતૃત્વ મૃત્યુ દર અધિક છે.
- લિંગ સમાનતા: મહિલાઓના રોજગાર દર માત્ર ૨૩ % છે, જે રાષ્ટ્રીય સરેરાશ થી ઓછું છે.
- અસમાનતા: ગામશહેર વિતરણ અને ઉદ્યોગ કેન્દ્રિત વિકાસ ગ્રામ્ય આવક પર નકારાત્મક અસર છોડે છે.

## સૂચનો

- સ્થાનિક અર્થતંત્ર વિકસાવો: ગ્રામ સ્તરે માઇક્રોઉદ્યોગો, કુશળતા પ્રશિક્ષણ, અને સ્થાનિક ઉત્પાદન મંડળ સર્જવું.
- શિક્ષણસ્વાસ્થ્ય પ્રાથમિકતા: શિક્ષકોની ભરતી, શાળાના બાંધકામ અને પ્રાથમિક હેલ્થ સેન્ટરો મજબૂત કરવા.
- મહિલા સશક્તિકરણ: SHG (સ્વસહાય સમૂહ) દ્વારા મહિલાઓને ઉદ્યોગ અને ઉદ્યમ સંચાલન માં આગળ લાવવું.
- ડેટામોનિટરિંગ સિસ્ટમ: ગામ સ્તરે SDG લક્ષ્યો નુ વાર્ષિક મૂલ્યાંકન કરવા માટે ડિજિટલ ડેશબોર્ડ બનાવવું.
- સંસ્થાગત સહયોગ: સરકારએનજીઓસ્થાનિક સમિતિઓ વચ્ચે ભાગીદારી મજબૂત કરવી.

## સુધારાની દિશા (Steps Towards Sustainable Development)

- શિક્ષણમાં સુધારાઃ ગ્રામ્ય શાળાઓમાં ટેક્નોલોજી આધારિત શિક્ષણ, ડિજિટલ સાક્ષરતા.
- આરોગ્ય સેવાઓનું વિસ્તરણઃ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને ટેલિમેડિસિન સેવાઓનો વિકાસ.
- સ્ત્રી સશક્તિકરણઃ સ્વસહાય જૂથો (SHGs), મહિલા સહકારી સંસ્થાઓ અને માઇક્રો ફાઇનાન્સ દ્વારા સશક્તિકરણ.
- ગ્રામ્ય ઉદ્યોગોને પ્રોત્સાહનઃ હસ્તકલા, દૂધ ઉદ્યોગ, ખાદ્ય પ્રોસેસિંગ જેવા લઘુ ઉદ્યોગોનું વિકાસ.
- પાણી અને સિંચાઈ યોજનાઓઃ નર્મદા કેનાલ નેટવર્ક અને માઇક્રો ઇરીગેશનને પ્રોત્સાહન.
- ગ્રીન એનર્જી અને પર્યાવરણઃ સોલાર, પવન અને બાયોગેસ જેવા નવનિર્મિત ઉર્જા સ્રોતોનો ઉપયોગ.

## નિષ્કર્ષ

ગુજરાત રાજ્યનો વિકાસ મોટે ભાગે ઉદ્યોગ અને સેવાઓ પર આધારિત છે અને ગુજરાતે ઉદ્યોગ અને સેવા ક્ષેત્રે અગ્રણી સ્થાન હાંસલ કર્યું છે, પરંતુ આ વિકાસ સંતુલિત નથી. ગ્રામ્ય વિસ્તારોમાં પરંપરાગત ખેતી પર લોકો આધાર રાખે છે. ગ્રામ્ય વિસ્તારોમાં "SDG Localisation" અર્થાત સ્થાનિક સ્તરે લક્ષ્યો અમલ માં લાવવાની પદ્ધતિ હજી દુર્બળ છે. સરકાર દ્વારા આરંભિત યોજનાઓ જેમ કે 'સ્વચ્છ ગુજરાત મિશન', 'કુશળ ગુજરાત મિશન', 'સૌર ઉર્જા યોજના' થોડી અસરકારક છે, પણ લાભાર્થીઓ સુધી સમગ્ર રીતે પહોંચતી નથી. આ માટે ગામ, ગ્રામ પંચાયત અને સ્થાનિક સમૂહો SDG નીતિ અમલમાં મુખ્ય ભૂમિકા ભજવી શકે. ડેટા મોનિટરિંગ, સતત મૂલ્યાંકન, અને સહયોગી માળખા મહત્વપૂર્ણ છે. ગુજરાત રાજ્યમાં SDG લક્ષ્યોની

https://www.gapbhasha.org/

પ્રગતિ સરાહનીય છે, પરંતુ ગ્રામ્ય સ્તરે સામાજિક-આર્થિક અસમાનતા અને પડકારો હજુ મૂળ પ્રશ્ન રૂપે યથાવત જ છે પરંતુ સરકાર અને સ્થાનિક સમુદાયો દ્વારા જો SDGsને આધારે યોજના અને કાર્યક્રમો અમલમાં મૂકે તો 2030 સુધી "સતત અને સર્વાંગી વિકાસ" હાંસલ કરી શકાય છે અને ગુજરાત એક 'SDG Model State' રૂપે ઉભરી શકે છે.

## સંદર્ભસૂચિ


- Government of Gujarat (2024). Gujarat SDG Index Report 202324. Gandhinagar.
- NITI Aayog (2023 & 2024). India SDG Progress Report 2023. New Delhi.
- Times of India (2024). Gujarat Trails in Reducing Hunger, Tops in Sanitation.
- Gujarat Planning Commission (2023). State Human Development Report.

GRAND ACADEMIC PORTAL
RESEARCH JOURNALS

GAP भाषा
A MULTILINGUAL JOURNAL OF RESEARCH
(ISSN – 2582-8770)
Globally peer-reviewed and open access journal.

# महिलाओं की सामाजिक–राजनीतिक चेतना : हिंदी उपन्यासों के संदर्भ में

## डॉ॰ किंजलबहेन जे दरजी

श्री कृष्णप्रणामी आर्ट्स कॉलेज ,दाहोद
हिन्दी डिपार्टमेन्ट
sweetkinjaldhd@gmail.com
8200389180

### सारांश

*हिंदी उपन्यासों में महिलाओं की सामाजिक- राजनीतिक चेतना एक महत्वपूर्ण और व्यापक चर्चा का विषय है। समय के साथ महिलाओं की भूमिका, संघर्ष और अधिकारों के प्रति उनकी जागरूकता में निरंतर वृद्धि हुई है। विभिन्न उपन्यासकारों ने अपने-अपने ढंग से महिलाओं के सामाजिक- राजनीतिक जीवन, संघर्ष, उत्पीड़न, सपनों और बदलाव की प्रक्रिया को प्रस्तुत किया है। इस शोध- आलेख में 'राग दरबारी', 'महाभोज', 'आपातकाल', 'मैला आंचल', 'अर्धनारीश्वर', 'क्वार्टर टाइड', 'मुख्तसर' और 'स्त्रियों के विशेष संदर्भ वाले अन्य हिंदी उपन्यासों' के माध्यम से महिलाओं की चेतना के विभिन्न आयामों को प्रस्तुत किया गया है।*

## प्रस्तावना

भारतीय समाज में महिलाओं की स्थिति सदियों से संघर्षपूर्ण रही है। सामाजिक रूढ़ियों, लैंगिक भेदभाव, आर्थिक निर्भरता और पितृसत्तात्मक संरचना ने महिलाओं को हमेशा सीमाओं में बांधकर रखा। लेकिन आधुनिक हिंदी साहित्य, विशेषकर उपन्यास विधा, ने महिलाओं की बदलती चेतना को सशक्त स्वर में प्रस्तुत किया है।

- **राग दरबारी में महिला चेतना**

श्रीनिवास के दृष्टिकोण से देखा जाए तो गाँव की सामाजिक संरचना में महिलाएँ हाशिये पर हैं। उनका अस्तित्व केवल घरेलू दायरे तक सीमित है। यह उपन्यास दिखाता है कि पितृसत्तात्मक व्यवस्था में महिलाओं को सम्मानजनक स्थान नहीं मिलता और उनकी राजनीति में कोई प्रत्यक्ष भूमिका नहीं बन पाती।

- **महाभोज में महिला संघर्ष और राजनैतिक अन्याय**

मन्नू भंडारी का 'महाभोज' महिलाओं की सामाजिक–राजनीतिक संघर्षशीलता को अत्यंत प्रभावशाली ढंग से उभारता है। उपन्यास की नायिका गुलबिया सामाजिक अन्याय, शोषण और सत्ता के क्रूर खेल में पिसती हुई आम स्त्री का प्रतीक है। उसकी जागरूकता और साहस इस बात का संकेत है कि स्त्री सत्ता-संरचनाओं को चुनौती देने में सक्षम है।

**मैला आंचल में स्त्री की सामाजिक वास्तविकताएँ**

फणीश्वरनाथ रेणु ने ग्रामीण स्त्री जीवन को बड़ी संवेदनशीलता से दिखाया है—
• स्त्री का श्रम
• सामाजिक तिरस्कार
• पारिवारिक दबाव
• उसकी मौन पीड़ा
'मैला आंचल' में स्त्रियाँ राजनीति का हिस्सा नहीं हैं लेकिन उसके प्रभाव से सबसे अधिक प्रभावित होती हैं।
यह स्त्री की "अंतर-निहित राजनीतिक चेतना"को रेखांकित करता है।

**अर्धनारीश्वर में स्त्री–पुरुष सत्ता संघर्ष**

शिवानी के इस उपन्यास में स्त्री–पुरुष संबंधों और उनके भीतर छिपे सत्ता–द्वंद्व को बड़ी गहराई से प्रस्तुत किया गया है।
इसमें स्त्री अपनी पहचान, अस्तित्व और निजता के लिए संघर्ष करती हुई दिखती है।
यह उपन्यास बताता है कि राजनीति केवल सत्ता का खेल नहीं बल्कि "मानसिक और सामाजिक नियंत्रण का तंत्र" भी है।

- **महिला केंद्रित अन्य उपन्यासों में चेतना**

1) स्त्री–पुरुष- सामाजिक संरचना में स्त्री के स्थान और संघर्ष पर प्रकाश।

https://www.gapbhasha.org/

2) अल्मा कबूतरी** – वंचित वर्ग की स्त्रियों की जीवन-यात्रा।
3) द्रोपदी (महाश्वेता देवी) – शोषण के खिलाफ स्त्री का विद्रोही स्वर।
(4) दुसरी परत– स्त्री की मनोवैज्ञानिक और सामाजिक यात्रा।
(5) कस्तूरी कुंडल बसै – ग्रामीण स्त्रियों की अस्मिता और अधिकार चेतना।
इन सभी उपन्यासों में स्त्री अपनी स्वतंत्र पहचान की स्थापना करती दिखाई देती है।

- **महिलाओं की सामाजिक-राजनीतिक चेतना के प्रमुख आयाम**

• शिक्षा और जागरूकता
• आत्मसम्मान और पहचान की खोज
• आर्थिक स्वतंत्रता
• परिवार और समाज में बराबरी
• शोषण और हिंसा के विरुद्ध आवाज
• सत्ता-संरचनाओं को चुनौती
• सामाजिक बदलाव में सक्रिय भूमिका

## निष्कर्ष

हिंदी उपन्यासों में महिलाओं की सामाजिक और राजनीतिक चेतना समय के साथ अधिक स्पष्ट, दृढ़ और मुखर हुई है।
आज की नारी पात्र सामरिक, संवेदनशील, बुद्धिमान और परिवर्तनकारी भूमिका निभाती है।
उपन्यासकारों ने स्त्री को केवल पीड़िता के रूप में नहीं बल्कि एक परिवर्तनकारी शक्ति के रूप में चित्रित किया है।
यह अध्ययन प्रमाणित करता है कि हिंदी उपन्यास समाज का आईना ही नहीं बल्कि परिवर्तन की प्रक्रिया में एक सक्रिय प्रेरक शक्ति भी है।

**लेखक : डॉ. किंजलबहन जे. दरजी**
**श्री कृष्ण प्रणामी आर्ट्स कॉलेज, दाहोद**

https://www.gapbhasha.org/

GRAND ACADEMIC PORTAL
RESEARCH JOURNALS

GAP भाषा
A MULTILINGUAL JOURNAL OF RESEARCH
(ISSN – 2582-8770)
Globally peer-reviewed and open access journal.

# પિલાટેસ કસરતની તાલીમ દ્વારા ગાંધીનગર શહેરના કબડ્ડીના ખેલાડીઓના પસંદગીના મનોવૈજ્ઞાનિક ચલો પર થતી અસરોનો અભ્યાસ

**શ્રી મહેન્દ્રકુમાર વી. મોડિયા**

*રિસર્ચ સ્કોલર,*
*મોનાર્ક યુનિવર્સિટી,*
*વહેલાલ, અમદાવાદ.*

**Abstract**

*આ અભ્યાસનો મુખ્ય હેતુ ગાંધીનગર શહેરના કબડ્ડી ખેલાડીઓમાં પિલાટેસ કસરતની તાલીમના પસંદગીના મનોવૈજ્ઞાનિક ચલો પર થતી અસરોનો અભ્યાસ કરવાનો હતો. સંશોધન દરમિયાન પસંદ કરાયેલા ખેલાડીઓને નિયંત્રિત, સામાન્ય કસરતો જૂથ અને પિલાટેસ પ્રયોગાત્મક જૂથોમાં વહેંચવામાં આવ્યા હતા. પિલાટેસ પ્રયોગાત્મક જૂથને નિર્ધારિત સમયગાળામાં નિયમિત પિલાટેસ તાલીમ આપવામાં આવી, સામાન્ય કસરતો જૂથને નિર્ધારિત સમયગાળામાં સામાન્ય કસરતોની તાલીમ આપવામાં આવી, જયારે નિયંત્રિત જૂથ પોતાની કોઈ પણ તાલીમ આપવામાં આવી નહોતી. તાલીમ પહેલાં અને ત્યારબાદ ખેલાડીઓમાં તણાવ અને માનસિક સંતુલન(ધ્યાન એકાગ્રતા)નું માપન કરવામાં આવ્યું. આંકડાકીય વિશ્લેષણ દ્વારા જાણવા મળ્યું કે પિલાટેસ કસરતની તાલીમ ખેલાડીઓમાં માનસિક સજાગતામાં નોંધપાત્ર સુધારો કરે છે, તેમજ તણાવના નિયંત્રણમાં મદદરૂપ થાય છે. પરિણામે, પિલાટેસને કબડ્ડી જેવા ઉચ્ચ શારીરિક અને માનસિક તૈયારી માંગતી રમતો માટે એક અસરકારક સહાયક તાલીમ પદ્ધતિ તરીકે માન્યતા મળી. આ સંશોધન ખેલાડીઓ, કોચ તથા રમતવિજ્ઞાનીઓ માટે તાલીમ પ્રવૃત્તિઓમાં મનોવૈજ્ઞાનિક વિકાસને સામેલ કરવાની દિશામાં સૂચક માર્ગદર્શન પૂરું પાડે છે.*

## પ્રસ્તાવના

રમતગમત એ ફક્ત મનોરંજનનું એક સ્વરૂપ નથી પણ સામાજિક વિકાસ માટે એક શક્તિશાળી સાધન છે. રમતગમત શારીરિક સ્વાસ્થ્ય, માનસિક શાંતિ, નૈતિક, સામાજિક અને જીવન કૌશલ્યમાં સુધારો કરે છે. જો આપણે માનવજાતના ઇતિહાસ પર નજર કરીએ તો, પ્રાચીન કાળથી રમતગમત માનવ જીવનનો એક ભાગ રહી છે. આપણા જીવનમાં, રમતગમત ફક્ત સમય પસાર કરવાનો માર્ગ નથી, પરંતુ આરોગ્ય અને શિક્ષણનું સાધન પણ છે. આજકાલ, ફિટનેસ સ્તર ફક્ત કસરત પૂરતું મર્યાદિત નથી. રમતગમત આરોગ્ય, શિક્ષણ, વેપાર, મનોરંજન, સાંસ્કૃતિક વિકાસ અને આંતરરાષ્ટ્રીય સંબંધોને પ્રોત્સાહન આપવાનું એક માધ્યમ પણ બની ગયું છે.

રમતગમત દ્વારા શારીરિક વિકાસ ઝડપથી થાય છે. દોડવું, કૂદવું, કૂદવું, મુક્કા મારવા, ફેંકવું વગેરે જેવી એથ્લેટિક પ્રવૃત્તિઓને કારણે, બધા સાંધા ગતિશીલ બને છે, સ્નાયુઓ મજબૂત બને છે, અને કાર્ડિયોપલ્મોનરી પ્રવૃત્તિ વધે છે.

હરદયાળ સિંહ (૨૦૦૧) જણાવે છે કે "શારીરિક શક્તિ, સુગમતા, ગતિશીલતા અને તંદુરસ્તી સુધારવા માટે રમતગમત એ શ્રેષ્ઠ માર્ગ છે." રમત દ્વારા, બાળકો અને યુવાનો સક્રિય અને અથાક રહી શકે છે. કસરત એ ફક્ત શરીર માટે જ નહીં પણ મન માટે પણ એક શક્તિશાળી પ્રવૃત્તિ છે. કસરત દરમિયાન, વ્યક્તિના મગજમાં સેરોટોનિન અને ડોપામાઇન જેવા હોર્મોન્સનું સ્તર વધે છે, જેના પરિણામે ખુશી, આનંદ અને ઉર્જાની લાગણી થાય છે.

https://www.gapbhasha.org/

અમેરિકન સાયકોલોજિકલ એસોસિએશન (૨૦૨૦) અનુસાર, મધ્યમ કસરત માનસિક તાણ ઘટાડે છે, તાણ દૂર કરે છે અને આત્મવિશ્વાસ વધારવામાં મદદ કરે છે. વિદ્યાર્થીઓ માટે, તણાવપૂર્ણ પરીક્ષાઓ દરમિયાન રમતગમત પ્રેરણાનો સ્ત્રોત બની જાય છે.

રમતગમત શિસ્ત, ટીમવર્ક, નેતૃત્વ, પ્રતિબદ્ધતા, દ્રઢતા અને ખેલદિલી જેવા મૂલ્યો શીખવે છે. રમતગમત આપણને શીખવે છે કે જીત અને હાર એ જીવનનો એક ભાગ છે. જીતીએ ત્યારે નમ્ર રહેવું અને હારીએ ત્યારે આત્મવિશ્વાસ સાથે આગળ વધવું - આ એવી કુશળતા છે જે ફક્ત રમત દ્વારા જ શીખી શકાય છે.

**પિલાટેસનો ઇતિહાસ**

જોસેફ પિલેટ્સનો જન્મ ૧૮૮૩માં જર્મનીમાં થયો હતો. તેમને નાની ઉંમરે જ અસ્થમા અને ગેસ્ટ્રાઇટિસ જેવી લાંબી બીમારીઓ થઈ ગઈ હતી. જોકે, તેમણે યોગ, જુજિત્સુ, યુરોપિયન ફિટનેસ અને બોડીબિલ્ડિંગ તકનીકોનો અભ્યાસ કરીને પોતાની ફિટનેસમાં સુધારો કર્યો. તેમણે પ્રથમ વિશ્વયુદ્ધ દરમિયાન ઘાયલ સૈનિકોની સારવાર માટે આ તકનીકનો ઉપયોગ કર્યો હતો. ૧૯૨૬ માં, તેણી યુનાઇટેડ સ્ટેટ્સમાં સ્થાયી થઈ અને ન્યૂ યોર્કમાં પિલેટ્સ સ્ટુડિયો ખોલ્યો, જ્યાં આ ચળવળ નર્તકો અને રમતવીરોમાં લોકપ્રિય બની.

**પિલાટેસના મુખ્ય સિદ્ધાંતો**

૧. એકાગ્રતા: તમે જે કંઈ કરો છો તેમાં સચેત રહેવું મહત્વપૂર્ણ છે કારણ કે તે મન-શરીરનું જોડાણ મજબૂત બનાવે છે.
૨. નિયંત્રણ: નિઃશંકપણે ચળવળ વિચાર દ્વારા સંચાલિત થવી જોઈએ.
૩. કેન્દ્રિતતા: આ કસરતનું ધ્યાન પેટ, પીઠ અને નિતંબ પર છે.
૪. ચોકસાઈ: દરેક કામ સારી રીતે કરવું જોઈએ.
૫. શ્વાસપ્રક્રિયા: યોગ્ય શ્વાસ લેવાની તકનીકો તમારા વર્કઆઉટ્સની અસરકારકતામાં વધારો કરશે.
૬. પ્રવાહ: સુસંગતતા અને ગતિની ઉચ્ચ ગતિ મહત્વપૂર્ણ છે.

**પાઇલેટ્સના લાભો**

૧. શારીરિક લાભો:

- તમારા સ્નાયુઓને મજબૂત અને મજબૂત બનાવો
- કાર્યક્ષમતા અને સુસંગતતામાં વધારો
- પીઠના દુખાવામાં રાહત અને મુદ્રામાં સુધારો

૨. માનસિક લાભો

- તણાવ ઓછો કરે છે.
- એકાગ્રતા અને ધ્યાન વધારવામાં મદદરૂપ થાય છે.
- ઊંઘની ગુણવત્તામાં સુધારો કરે છે.

## સંદર્ભ સાહિત્યનું વિવેચન

(લિપ્કો-કોવાલ્સ્કા, ૨૦૧૬) આ અભ્યાસનો હેતુ ૬ મહિનાના ફોલો-અપ સમયગાળા દરમિયાન ગતિશીલતા, સ્નાયુઓની શક્તિ, સંતુલન અને શરીરની રચના જેવા અનેક શારીરિક તંદુરસ્તી પરિમાણો પર Pilates કસરતની અસરોની તપાસ કરવાનો છે. અભ્યાસમાં પ્રાયોગિક ડિઝાઇનનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. સ્નાયુઓની શક્તિ, ગતિશીલતા અને સંતુલન જેવા પુખ્ત વયના લોકો માટે સાર્વત્રિક રીતે ઉપયોગમાં લેવાતા "EURO" પરીક્ષણોની પસંદગીનો ઉપયોગ કરીને ચલોનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. અભ્યાસમાં ૫૦.૬૫ ± ૧૩.૭૪ વર્ષની સરેરાશ ઉંમર ધરાવતી ૧૭ મહિલાઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો જેઓ સમાવેશના માપદંડોને પૂર્ણ કરતી હતી. અભ્યાસના પરિણામો દર્શાવે છે કે સહભાગીઓએ ગતિશીલતા અને સ્નાયુઓની શક્તિમાં સૌથી વધુ સુધારો કર્યો છે. આ અભ્યાસના પરિણામો દર્શાવે છે કે Pilates વર્ગો એક અસરકારક તાલીમ પદ્ધતિ છે, ખાસ કરીને સ્નાયુઓની શક્તિ સુધારવામાં.

https://www.gapbhasha.org/

(બ્લેઝેવિક, વિડુલિન અને ટ્રાજકોવસ્કી, ૨૦૧૫) પિલેટ્સને કસરતના એક સ્વરૂપ તરીકે વર્ણવે છે જે શરીરને મજબૂત અને આકાર આપે છે - કસરત દ્વારા, લોકપ્રિય સંગીતનું વિશ્લેષણ અને અર્થઘટન શૈલીઓ દ્વારા કરવામાં આવે છે - રોક, પોપ, જાઝ, બ્લૂઝ અને ફંક. સુધારેલા સંગીતને એક અલગ શૈલી માનવામાં આવતી હતી. પિલેટ્સ અને બેન્ડ વચ્ચેના સંબંધને સમજવા માટે, છ ગીતોનો સંગ્રહ બનાવવામાં આવ્યો હતો. ગીતો તેમની પસંદગીઓ - અને સંગીતમયતા અનુસાર પસંદ કરવામાં આવ્યા હતા, જ્યારે ગીતોનો ક્રમ ગીતોના લય પર આધારિત હતો, જે પિલેટ્સ વર્ગ પર આધારિત હતો. સંશોધનનો હેતુ - પિલાટેસ વર્ગો દરમિયાન સંગીત માટે વિદ્યાર્થીઓની પસંદગીઓ શોધવાનો અને પિલેટ્સ વર્ગો દરમિયાન સંગીતની શારીરિક અસરોનું વિશ્લેષણ કરવાનો હતો - શરતો વિના અને - સાથે. સર્વેક્ષણના પરિણામો, જેમાં પુલામાં જુરાજડોબ્રિલા યુનિવર્સિટીના ૪૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો, દર્શાવે છે કે તેઓ તમામ પ્રકારના સંગીત, મોટે ભાગે આત્મા અને ફંક સાથે આરામદાયક હતા. કસરતની સરળતાના વિવિધ પાસાઓ તેમજ પિલેટ્સ પ્રેક્ટિસની ચોકસાઈ અને તીવ્રતા માટે સમાન સંગીત શૈલી પસંદ કરવામાં આવી હતી. પરિણામો દર્શાવે છે કે શીખવાની પ્રક્રિયા દરમિયાન, વિદ્યાર્થીઓ સંગીત પણ સાંભળતા હતા, તેની સામગ્રીનું અનુકરણ કરતા હતા, ખાસ કરીને રોક, સોલ અને ફંક અને પોપ સંગીતના કિસ્સામાં; તેઓ ઘણીવાર સોલ, ફંક અને પોપ પર ક્લાસિક ગીતો ગાય છે; ઘણીવાર રોક અને પોપ સંગીત પ્રત્યેના તેમના પ્રતિભાવને પ્રતિબિંબિત કરે છે. અમારા અભ્યાસમાં સમાવિષ્ટ તમામ શૈલીઓમાંથી, વિદ્યાર્થીઓએ રોક, પોપ, સોલ અને ફંક સંગીતને કોઈપણ ખાસ સાધનો વિના પિલેટ્સનો અભ્યાસ કરવા માટે સૌથી યોગ્ય તરીકે પસંદ કર્યું, જ્યારે તેઓ જાઝ અને કલા સંગીતના સંયોજનમાં ઓછા રસ ધરાવતા હતા. એવું માની શકાય છે કે અનિયમિત લય, સતત બદલાતી લય અને સંગીત પ્રસ્તુતિમાં ફેરફાર સાથે, જુદા જુદા સમયે બનાવવામાં આવેલા સંગીત પાઠ, સંગીત સંગઠન અને શિક્ષણને પ્રોત્સાહન આપતા નહોતા, એટલે કે, આ પ્રકારના સંગીતે વિદ્યાર્થીઓને અસરકારક અને કાર્યક્ષમ રીતે શિક્ષણ ચલાવવા માટે આરામની ભાવના બનાવી ન હતી.

(જસીમ અને જરી, ૨૦૨૦) આ અભ્યાસનો ઉદ્દેશ્ય મહિલાઓના સ્વાસ્થ્ય પર હસ્તક્ષેપની અસરની તપાસ કરવાનો હતો. સંશોધકે એક પ્રાયોગિક ડિઝાઇનનો ઉપયોગ કર્યો, એક નિયંત્રણ અને પ્રાયોગિક જૂથ બનાવ્યું, અને નમૂનાને હેતુપૂર્વક પસંદ કરવામાં આવ્યો. લારા ફિટનેસ સેન્ટરમાં તાલીમ પામેલી મહિલાઓએ તેમની ફિટનેસમાં સુધારો કર્યો. તેમની સંખ્યા (૨૦) છે અને તેઓ (૩૦-૪૦) વર્ષની છે. ફિલ્મને બે ભાગમાં વહેંચવામાં આવી છે. પ્રાયોગિક અને નિયંત્રણ સમયગાળામાં, દરેક જૂથમાં (૧૦) મહિલાઓનો સમાવેશ થતો હતો, રેન્ડમ પસંદગી દ્વારા. તાલીમ સત્રો (૮) અઠવાડિયા સુધી ચાલ્યા, જે દર અઠવાડિયે બે તાલીમ સત્રોની સમકક્ષ છે. આ પ્રોજેક્ટ માટે તાલીમ સત્રોની સંખ્યા (૧૬) તાલીમ સત્રો હતી. આ વિભાગમાં સાધનો અને સાધનોનો સમાવેશ થાય છે. સંશોધકે પરીક્ષણના મહત્વ, પરીક્ષણો અને માપન કેવી રીતે હાથ ધરવામાં આવ્યા (પ્રી-ટેસ્ટ અને પોસ્ટ-ટેસ્ટ), અને ઉપયોગમાં લેવાતી પદ્ધતિની પણ ચર્ચા કરી. પરિણામો પ્રાપ્ત કર્યા પછી, યોગ્ય આંકડાકીય પદ્ધતિ લાગુ કરવામાં આવી. સંશોધકે તારણ કાઢ્યું કે: શરીરની કેટલીક રચનાઓ ઘટાડવામાં Pilates કસરતોની અસરકારકતા. પ્રયાસ કરવા યોગ્ય. તેણીએ કહ્યું: Pilates અને અન્ય સુધારેલી ફિટનેસ તકનીકોનો ઉપયોગ કરીને ફિટનેસ શાળાઓમાં મહિલા શિક્ષકો પર ધ્યાન કેન્દ્રિત કરો.

(રુઝિક, ૨૦૨૦) આ અભ્યાસનો હેતુ સ્વિસ બોલ પિલેટ્સની મહિલા વિદ્યાર્થીઓના વિકાસલક્ષી પ્રદર્શન પર થતી અસરો નક્કી કરવાનો હતો. ૧૯ થી ૨૨ વર્ષની વયના ૪૫ સહભાગીઓના નમૂનાને પ્રાયોગિક જૂથ અને નિયંત્રણ જૂથમાં વિભાજિત કરવામાં આવ્યા હતા. નિયંત્રણ જૂથે ૧૨ અઠવાડિયાના સ્વિસ બોલ પિલેટ્સ તાલીમમાં ભાગ લીધો હતો, જેમાં દર અઠવાડિયે ત્રણ એક કલાકની કસરત હતી. નિયંત્રણ જૂથે તાલીમમાં ભાગ લીધો ન હતો. લવચીકતાનું મૂલ્યાંકન કરવા માટે ચાર પરીક્ષણોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો (સ્ક્વોટ, સ્ક્વોટ, ઘૂંટણનું વિસ્તરણ અને ઘૂંટણનું વિસ્તરણ). મલ્ટિવેરિયેટ વિશ્લેષણના પરિણામોએ પ્રાયોગિક અને નિયંત્રણ જૂથો વચ્ચે નોંધપાત્ર તફાવત દર્શાવ્યો. યુનિવેરિયેટ પરિણામોએ બધા ચલોમાં નોંધપાત્ર તફાવત દર્શાવ્યા. લેખકોએ તારણ કાઢ્યું કે પિલાટેસ પ્રોગ્રામે મહિલા વિદ્યાર્થીઓને તેમની વાણી પેટર્ન બદલવામાં મદદ કરી.

(બાવલી અને કોયબાસી, ૨૦૧૬) આ અભ્યાસનો ઉદ્દેશ્ય યુવાન સ્ત્રીઓમાં શારીરિક અને મનોસામાજિક પરિમાણો પર છ અઠવાડિયાના પિલાટેસ મેટ કસરતોની અસરોની તપાસ કરવાનો હતો. કુલ ૨૨ મહિલાઓ (સરેરાશ ઉંમર ૨૦.૧ ± ૨.૨ વર્ષ) એ અભ્યાસમાં ભાગ લીધો હતો. સહભાગીઓને બે જૂથોમાં વિભાજિત કરવામાં આવ્યા હતા (પિલાટેસ: ૧૦, નિયંત્રણ જૂથ: ૧૨). પિલાટેસ જૂથે છ અઠવાડિયા સુધી Pilates કસરતો કરી. નિયંત્રણ જૂથે કંઈ કર્યું નહીં. ઊંચાઈ, વજન, નાજુકતા, સંકલન, પેટના

https://www.gapbhasha.org/

સ્નાયુઓ અને આત્મસન્માન માપવામાં આવ્યું. ડેટાનું વિશ્લેષણ કરવા માટે SPSS સોફ્ટવેરનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. વિશ્લેષણમાં થાક, પેટના સ્નાયુઓની શક્તિ અને વ્યક્તિલક્ષી સુખાકારીના પૂર્વ-પરીક્ષણ અને પોસ્ટ-પરીક્ષણ સ્કોર્સ ($p <$ ૦.૦૫) પર આંકડાકીય રીતે નોંધપાત્ર અસરો ($p <$ ૦.૦૫) દર્શાવવામાં આવી હતી. બંને જૂથોના પૂર્વ-પરીક્ષણ અને પોસ્ટ-પરીક્ષણ મેટ્રિક્સ વચ્ચેના તફાવતોની તુલના કરતા, જડતા, સંકલન અને પેટની શક્તિની ડિગ્રીમાં નોંધપાત્ર તફાવત જોવા મળ્યા. પરિણામોના આધારે, એવું નિષ્કર્ષ પર આવી શકે છે કે છ અઠવાડિયાના પિલાટેસ યુવાન છોકરીઓ માટે એક અસરકારક કસરત કાર્યક્રમ છે. એવી દલીલ કરી શકાય છે કે પિલેટ્સ કસરત પદ્ધતિ યુવાન સ્ત્રીઓમાં તેમના આત્મસન્માનને હકારાત્મક રીતે પ્રભાવિત કરવાની દ્રષ્ટિએ અસરકારક સાબિત થઈ છે.

## પદ્ધતિ

પસંદ કરેલ મનોવૈજ્ઞાનિક ચલો: 1. તણાવ 2. ધ્યાન એકાગ્રતા

**વિષયપાત્રોની પસંદગી:**

આ સંશોધન અભ્યાસમાં, સમર્પણ કોલેજ ઓફ આર્ટ્સ એન્ડ કોમર્સ, સેક્ટર-૨૮, ગાંધીનગરના વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવી હતી. આ સંશોધન અભ્યાસમાં, ૧૮ થી ૨૫ વર્ષની વયના કુલ ૯૦ વિદ્યાર્થીઓને વિષય તરીકે પસંદ કરવામાં આવ્યા હતા.

**સંશોધન ની રૂપરેખા:**

| | | | | |
|---|---|---|---|---|
| પૂર્વ-કસોટી | પ્રાયોગિક જૂથ I | પ્રાયોગિક જૂથ II | નિયંત્રિત જૂથ | અંતિમ-કસોટી |
| | પિલેટ્સ તાલીમ જૂથ<br>30 દિવસ | સામાન્ય કસરતો જૂથ<br>30 દિવસ | તાલીમ આપેલ નથી | |
| | 30 | 30 | 30 | |

**માપનના ધોરણો**

| ક્રમ | ચલાયમાન | કસોટી | માપન |
|---|---|---|---|
| ૧ | વિસ્ફોટક પગની તાકાત | લાંબી ડાઇવ | મીટર/સે.મી. |
| ૨ | તરત જ | ડચ ૫૦ | સમય/સેકન્ડ |
| 3 | સુગમતા | બેસવાનો અને પહોંચવાનો પ્રયાસ કરો | સે.મી. |
| ૪ | ચપળતા | ડચ શટલ | સમય/સેકન્ડ |
| ૫ | રુધિરાભિસરણ સ્થિરીકરણ | ૧૨ મિનિટ દોડ/ચાલ | મીટર |

| પરીક્ષણનું નામ | લેખક |
|---|---|
| અષ્ટ સંજોગો પ્રશ્નાવલી(eight state questionaire) | અંગ્રેજીમાં કેટલ દ્વારા બનાવવામાં આવેલ જેનું હિન્દી રૂપાંતરણ મલય કપૂર અને ડો.મહેશ ભાર્ગવ (1992) |

તાલીમ પૂર્વે અને 30 દિવસની તાલીમ પૂરી થયા પછી વિદ્યાર્થીઓનું 8SQ-અષ્ટ સંજોગો પ્રશ્નાવલી (પસંદ કરેલ ચલો-તણાવ અને ધ્યાન-એકાગ્રતા) પ્રશ્નાવલી દ્વારા પરીક્ષણ કરવામાં આવ્યું હતું. અંતિમ કસોટી પછીની પરિસ્થિતિમાં કુલ ૯૦ ઉત્તરદાતાઓનું (દરેક જૂથોમાં 30 ઉત્તરદાતાઓ)નું પરીક્ષણ કરવામાં આવ્યું હતું.

https://www.gapbhasha.org/

**આંકડાકીય વિશ્લેષણ:**

'F' ટેસ્ટ દ્વારા આંકડાકીય પૃથક્કરણ કરવામાં આવ્યું હતું 0.05 કક્ષાએ સાર્થકતા તપાસવામાં આવી હતી.

## પરિણામ

**સારણી નં. 1**

**તણાવના માપનમાં પૂર્વ-કસોટીમાં તણાવ માટે એફ-રેશિયો**

| વિવિધ સ્ત્રોતો | વર્ગોનો સરવાળો SS | સ્વતંત્રતાની માત્રા DF | મધ્યક વિચરણ MS | F | P વેલ્યુ |
|---|---|---|---|---|---|
| જૂથોની વચ્ચે | 4.83 | 2 | 2.41 | 0.053 | 0.948 |
| જૂથોની અંદર | 3935.13 | 87 | 45.23 | | |
| કુલ | 3939.96 | 89 | | | |

સાર્થકતાનું ધોરણ 0.05 કક્ષાએ F= 0.053 (2, 87)= 3.102

સારણી નં 9B.1 દર્શાવે છે કે તણાવના માપનમાં પૂર્વ-કસોટીમાં પિલાટેસ પ્રાયોગિક જૂથ -1), સામાન્ય કસરતો જૂથ (પ્રાયોગિક જૂથ -2) અને નિયંત્રિત એમ અભ્યાસના ત્રણેય જૂથોના તણાવનો એફ-રેશિયો 0.053(2, 87=3.102) હોવાનું જોવા મળેલ હતો. તણાવના સંદર્ભમાં ત્રણેય જૂથનો મધ્યક 2.41 જોવા મળેલ છે. જેને ટેબલ વૅલ્યુ 0.05 સાથે સરખાવતાં સાર્થક જોવા મળેલ ન હતો

**શોધખોળની ચર્ચા**

તણાવના માપનમાં પૂર્વ-કસોટીમાં પિલાટેસ (પ્રાયોગિક જૂથ -1), સામાન્ય કસરતો જૂથ (પ્રાયોગિક જૂથ -2) અને નિયંત્રિત જૂથ એમ અભ્યાસના ત્રણેય જૂથોમાં નમૂનાઓનું એકસમાન વિતરણ છે. તેવું ઉપરોક્ત પરિણામોથી ફલિત થાય છે.

**સારણી નં. 2**

**તણાવના માપનમાં અંતિમ-કસોટીમાં તણાવ માટે F-રેશિયો.**

| વિવિધ સ્ત્રોતો | વર્ગોનો સરવાળો SS | સ્વતંત્રતાની માત્રા DF | મધ્યક વિચરણ MS | F | P વેલ્યુ |
|---|---|---|---|---|---|
| જૂથોની વચ્ચે | 20.4 | 2 | 10.18 | 0.370 | 0.691 |
| જૂથોની અંદર | 2389.3 | 87 | 27.46 | | |
| કુલ | 2409.7 | 89 | | | |

સાર્થકતાનું ધોરણ 0.05 સાથે F= 0.370 (2, 87)=3.101

સારણી નં. 9B.6 પિલાટેસપ્રાયોગિક જૂથ -1), સામાન્ય કસરતોજૂથ(પ્રાયોગિક જૂથ -2) અને નિયંત્રિત જૂથનો F-રેશિયો દર્શાવે છે. તણાવના માપનમાં અંતિમ-કસોટીમાં તણાવના એફ-રેશિયો 0.370(2, 87=3.101) હોવાનું જોવા મળેલ હતો.

https://www.gapbhasha.org/

તણાવના સંદર્ભમાં ત્રણેય જૂથનો મધ્યક 10.18 જોવા મળેલ હતો. જેને ટેબલ વૅલ્યુ 0.05 સાથે સરખાવતાં સાર્થક તફાવત જોવા મળેલ હતો.

**શોધખોળની ચર્ચા**

તણાવના માપનમાં અંતિમ-કસોટીમાં પિલાટેસપ્રાયોગિક જૂથ -1), સામાન્ય કસરતોજૂથ (પ્રાયોગિક જૂથ -2) અને નિયંત્રિત જૂથ એમ ત્રણેય જૂથોના અભ્યાસમાં સાર્થક તફાવતની અસર જોવા મળી હતી, તેવું ઉપરોક્ત પરિણામોથી ફલિત થાય છે.

**સારણી નં. 3**

**ધ્યાન એકાગ્રતાના માપનમાં પૂર્વ-કસોટીમાં ધ્યાન એકાગ્રતા માટે F-રેશિયો**

| વિવિધ સ્રોતો | વર્ગોનો સરવાળો SS | સ્વતંત્રતાની માત્રા DF | મધ્યક વિચરણ MS | F | P વેલ્યુ |
|---|---|---|---|---|---|
| જૂથોની વચ્ચે | 13.42 | 2 | 6.71 | 0.071 | 0.932 |
| જૂથોની અંદર | 8243.97 | 87 | 94.76 | | |
| કુલ | 8257.39 | 89 | | | |

સાર્થકતાનું ધોરણ 0.05 સાથે F= 0.071 (2, 87)= 3.101

સારણી નં. 9D.1 ધ્યાન એકાગ્રતાના સંદર્ભમાં પિલાટેસ (પ્રાયોગિક જૂથ -1), સામાન્ય કસરતો જૂથ (પ્રાયોગિક જૂથ -2) અને નિયંત્રિત જૂથનો F-રેશિયો દર્શાવેલ છે. ધ્યાન એકાગ્રતાના સંદર્ભમાં ત્રણેય જૂથનો મધ્યક 6.71 જોવા મળેલ છે. પૂર્વ-કસોટી માં ધ્યાન એકાગ્રતાનો 'F' રેશિયો 0.071(2, 87=3.101) હોવાનું જોવા મળ્યું હતું. જેને ટેબલ વૅલ્યુ 0.05 સાથે સરખાવતાં સાર્થક જોવા મળેલ ન હતો

**શોધખોળની ચર્ચા**

તણાવના માપનમાં પૂર્વ-કસોટીમાં ધ્યાન એકાગ્રતાના માપનમાં પૂર્વ-કસોટીમાં પિલાટેસ(પ્રાયોગિક જૂથ -1), સામાન્ય કસરતો જૂથ (પ્રાયોગિક જૂથ -2) અને નિયંત્રિત જૂથ એમ ત્રણેય જૂથોના અભ્યાસમાં નમૂનાઓનું એકસમાન વિતરણ છે. તેવું ઉપરોક્ત પરિણામો જોતા ફલિત થાય છે

**સારણી નં. 4**

**ધ્યાન એકાગ્રતાના માપનમાં અંતિમ-કસોટીમાં ધ્યાન એકાગ્રતા માટે F-રેશિયો**

| વિવિધ સ્રોતો | વર્ગોનો સરવાળો SS | સ્વતંત્રતાની માત્રા DF | મધ્યક વિચરણ MS | F | P વેલ્યુ |
|---|---|---|---|---|---|
| જૂથોની વચ્ચે | 26.6 | 2 | 13.3 | 0.217 | 0.805 |
| જૂથોની અંદર | 5321.8 | 87 | 61.8 | | |
| કુલ | 5348.4 | 89 | | | |

સાર્થકતાનું ધોરણ 0.05 સાથે F= 0.217 (2, 87)=3.101

સારણી નં. 9D.6 ધ્યાન એકાગ્રતાના માપનમાં અંતિમ-કસોટીમાં પિલાટેસ (પ્રાયોગિક જૂથ -1), સામાન્ય કસરતોજૂથ (પ્રાયોગિક જૂથ -2) અને નિયંત્રિત જૂથનો F-રેશિયો દર્શાવે છે. ધ્યાન એકાગ્રતાના સંદર્ભમાં ત્રણેય જૂથનો મધ્યક 13.3 જોવા

https://www.gapbhasha.org/

મળેલ હતો. ધ્યાન એકાગ્રતાના માપનમાં અંતિમ-કસોટીમાં ધ્યાન એકાગ્રતાના એફ-રેશિયો 0.217(2, 87=3.101) હોવાનું જોવા મળેલ હતો. જેને ટેબલ વૅલ્યુ 0.05 સાથે સરખાવતાં સાર્થક તફાવત જોવા મળેલ હતો.

**શોધખોળની ચર્ચા**

ધ્યાન એકાગ્રતાના માપનમાં અંતિમ-કસોટીમાં પિલાટેસ (પ્રાયોગિક જૂથ-1), સામાન્ય કસરતોજૂથ (પ્રાયોગિક જૂથ -2) અને નિયંત્રિત જૂથ એમ અભ્યાસના ત્રણેય જૂથોમાં સાર્થક તફાવતની અસર જોવા મળી હતી.તેવું ઉપરોક્ત પરિણામોથી ફલિત થાય છે.

## સંદર્ભ સૂચિ

હરદયાળ સિંહ (૨૦૦૧) જણાવે છે કે "શારીરિક શક્તિ, સુગમતા, ગતિશીલતા અને તંદુરસ્તી સુધારવા માટે રમતગમત એ શ્રેષ્ઠ માર્ગ છે." રમત દ્વારા, બાળકો અને યુવાનો સક્રિય અને અથાક રહી શકે છે.

અમેરિકન સાયકોલોજીકલ એસોસિએશન. (2020). *ધ એક્સરસાઈઝ ઈફેક્ટ.*

લિપ્કો-કોવાલ્સ્કા, એમ. (૨૦૧૬). શારીરિક તંદુરસ્તી અને શરીર રચનાના કેટલાક તત્વો પર પિલેટ્સ કસરતોની અસરો. સ્ટુડિયા પેરીગેટિકા, ૧૬.

બ્લેઝેવિક, આઈ., વિડુલિન, એસ., અને ટ્રાજકોવસ્કી, બી. (૨૦૧૫). વિવિધ સંગીત શૈલીઓ માટે પિલેટ્સનો ઉપયોગ કરવાની કાર્યક્ષમતા. *સ્પોર્ટ સાયન્સ*, ૮, ૨.

જસીમ, એમ. બી., અને જરી, એચ. એસ. (૨૦૨૦). 30-40 વર્ષની વયની સ્ત્રીઓ માટે કેટલીક શારીરિક રચનાઓ પર પિલેટ્સ કસરતોનો ઉપયોગ કરવાની અસર. *મોર્ડન સ્પોર્ટ*, ૧૯, ૧.

રુઝિક, એસ. (2020). મહિલા કોલેજ વિદ્યાર્થીઓમાં સુગમતા પર સ્વિસ બોલ પ્રોગ્રામ સાથે પિલેટ્સની અસરો. *ફેક્ટા યુનિવર્સિટીટિસ, શ્રેણી: શારીરિક શિક્ષણ અને રમતગમત.*

બાવલી, ઓ., અને કોયબાસી, ઓ. (૨૦૧૬). ૬ અઠવાડિયાની પિલેટ્સ કસરતોની બાયોમોટરિકલ ચલો અને યુવતીઓના આત્મસન્માન સ્કોર્સ પર થતી અસરોની તપાસ. *ટર્કિશ જર્નલ ઓફ સ્પોર્ટ એન્ડ એક્સરસાઇઝ*, ૧૮, ૧.

https://www.gapbhasha.org/

GRAND ACADEMIC PORTAL
RESEARCH JOURNALS

GAP भाषा
A MULTILINGUAL JOURNAL OF RESEARCH
(ISSN – 2582-8770)
Globally peer-reviewed and open access journal.

# રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 અને ભારતનાં ઉચ્ચ શિક્ષણનું ભવિષ્ય : સંભાવનાઓ, પડકારો અને માર્ગદર્શિકા

Jaimin Rana

*સારાંશ (Abstract)*

*રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 ભારતના શિક્ષણ ક્ષેત્રમાં એક દિશાસૂચક અને માઈલસ્ટોનરૂપ પરિવર્તન છે. આ નીતિનો મુખ્ય આશય શિક્ષણને માત્ર ડિગ્રી કે અભ્યાસક્રમ સુધી મર્યાદિત ન રાખી, તેને માનવીના સર્વાંગી વિકાસનું માધ્યમ બનાવવાનો છે. આજના વૈશ્વિક યુગમાં શિક્ષણનો અર્થ માત્ર ભણતર નથી, પરંતુ વ્યક્તિને નવી ટેક્નોલોજી, કૌશલ્ય, સંશોધન અને ઉદ્યોગ સાથે જોડીને ભવિષ્ય માટે સજ્જ કરવો એ છે. NEP 2020 આ દિશામાં ભારતીય શિક્ષણને વૈશ્વિક ધોરણે સ્પર્ધાત્મક, નવીન અને મૂલ્યકેન્દ્રિત બનાવવા માટે માર્ગદર્શન આપે છે. આ સંશોધનપત્રમાં નીતિની મુખ્ય દિશાઓ, તેના અમલના પડકારો અને ભારતના ઉચ્ચ શિક્ષણના ભવિષ્ય માટેની સંભાવનાઓનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે.*

***મુખશબ્દો:*** *રાષ્ટ્રીય શિક્ષણ નીતિ, ઉચ્ચ શિક્ષણ, નવીનતા, કૌશલ્ય વિકાસ, સંશોધન, ભારતીય શિક્ષણ તત્વ, ભવિષ્ય*

## પ્રસ્તાવના

ભારતનું શિક્ષણતંત્ર હજારો વર્ષોથી વિશ્વમાં સર્વોચ્ચ માન પામતું રહ્યું છે. નાલંદા, તક્ષશિલા જેવી સંસ્થાઓએ જે સંશોધન અને ચિંતનનો વારસો આપ્યો, તે ભારતની જ્ઞાનપરંપરાનું પ્રતિનિધિત્વ કરે છે. પરંતુ આધુનિક યુગમાં શિક્ષણ ધીમે ધીમે રોજગાર પ્રાપ્તિના સાધન તરીકે સીમિત થતું ગયું. NEP 2020 એ આ સ્થિતિ સ્થાપકતા તોડવાનો પ્રયાસ છે – તે શિક્ષણને "જ્ઞાન + કૌશલ્ય + મૂલ્ય" ના એકીકૃત રૂપમાં જુએ છે. આ નીતિમાં વૈશ્વિક માંગને અનુરૂપ સ્કિલ આધારિત શિક્ષણ, નવી ટેક્નોલોજીનો સમાવેશ, આંતરવિષયક અભિગમ અને સંશોધન આધારિત શીખણને કેન્દ્રમાં રાખવામાં આવ્યું છે.

## ઐતિહાસિક પરિપ્રેક્ષ્ય

ભારતમાં સ્વતંત્રતા પછી અનેક શિક્ષણ નીતિઓ ઘડાઈ – 1968, 1986 (અને 1992 સુધારણા) પછીની આ NEP 2020 નીતિ ત્રીજી મહત્વપૂર્ણ નીતિ છે. અગાઉની નીતિઓનું કેન્દ્ર શિક્ષણના પ્રસરણ પર હતું; જ્યારે NEP 2020 ગુણવત્તા, સમાનતા અને નવીનતા પર ભાર મૂકે છે. આ નીતિમાં પ્રથમ વખત શિક્ષણને "હ્યુમન કેપિટલ ડેવલપમેન્ટ" સાથે જોડવામાં આવ્યું છે – એટલે કે દરેક વિદ્યાર્થીમાં રહેલી આંતરિક શક્તિને ઉદ્બવિત કરવાનો પ્રયત્ન. ભારતીય વિચારમાં **"विद्या या विमुक्तये"** – વિદ્યા મુક્તિ માટેનું સાધન છે, માત્ર રોજગાર માટેનું નહીં. NEP 2020 એ આ જ દૃષ્ટિ ને આધુનિક પરિપ્રેક્ષ્યમાં પુનઃસ્થાપિત કરે છે, જ્યાં શિક્ષણ વ્યક્તિને વિચારશીલ, નૈતિક, અને સર્જનાત્મક બનાવે છે.

NEP 2020 ના મુખ્ય લક્ષ્યો અને માળખા

NEP 2020 નો કેન્દ્રબિંદુ છે – "Holistic and Multidisciplinary Education."

તેના મુખ્ય લક્ષ્યો નીચે મુજબ છે:

1. અભ્યાસક્રમ અને ક્રેડિટ સિસ્ટમ – એક જ વિષયમાં બાંધછોડ ન રહે; વિદ્યાર્થીઓને અલગ ક્ષેત્રોમાં શિક્ષણ મેળવવાની છૂટ.
2. સ્કિલ આધારિત શિક્ષણ – આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ, ડેટા એનાલિટિક્સ, ડિજિટલ લિટરેસી જેવા ક્ષેત્રોમાં કૌશલ્ય વિકાસ.
3. સંશોધન અને ઇનોવેશન – "National Research Foundation (NRF)" ની સ્થાપના દ્વારા સંશોધનને નવી ઊંચાઈ

https://www.gapbhasha.org/

આપવી.

4. લોકલ-થી-ગ્લોબલ દૃષ્ટિ – શિક્ષણને સ્થાનિક ભાષા, સંસ્કૃતિ અને વૈશ્વિક ટેક્નોલોજી સાથે જોડવું.
5. ઉચ્ચ શિક્ષણના માળખામાં સુધારણા – "Higher Education Commission of India (HECI)" દ્વારા એકીકૃત દેખરેખ.
6. ભાષા નીતિ – માતૃભાષામાં પ્રાથમિક શિક્ષણ અને ભારતીય ભાષાઓનો સન્માન.

ઉચ્ચ શિક્ષણમાં પરિવર્તન અને ગુણવત્તા સુધારણા

NEP 2020 એ ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રને "એકલાં વિશ્વવિદ્યાલય" માંથી "મલ્ટી-ડિસિપ્લિનરી ઇન્સ્ટિટ્યુશન" તરફ ફેરવવાની દિશામાં કામ શરૂ કર્યું છે. આ બદલાવનો અર્થ એ છે કે હવે માત્ર Arts, Commerce, Science જેવા વિભાગીય ભેદને બદલે આંતરવિષયક (Interdisciplinary) અભ્યાસને પ્રોત્સાહન મળશે. સાથે સાથે, ગુણવત્તા નિર્ધારણ માટે નવી વ્યવસ્થા જેમ કે "Accreditation System" અને "Learning Outcomes Framework" વિકસાવવામાં આવ્યા છે. આ સુધારણાઓ શિક્ષણની માપદંડ આધારિત ગુણવત્તા વધારશે, જેથી ભારતની ડિગ્રી આંતરરાષ્ટ્રીય સ્તરે માન્ય બને.

શિક્ષણમાં ભારતીય જ્ઞાન પરંપરાનો પુનઃસ્થાપન

આ નીતિ માત્ર આધુનિક ટેક્નોલોજી સુધી સીમિત નથી; તે ભારતીય જ્ઞાન પરંપરા – યોગ, તર્ક, ન્યાય, કલા, સંગીત, અને નૈતિકતાને પણ આધુનિક શિક્ષણ સાથે જોડવાનો પ્રયાસ કરે છે. "Indian Knowledge Systems (IKS)" ને અલગ વિષય તરીકે સ્થાન આપવું એ તેનું ઉત્તમ ઉદાહરણ છે. આ રીતે NEP 2020 એ શિક્ષણને "શોધ અને આધ્યાત્મિક ચિંતન" બંને સાથે જોડ્યું છે, જે વૈશ્વિક સ્તરે અનોખું સંકલન છે.

નવિનતા, સંશોધન અને આંતરવિષયક અભિગમ

21મી સદીનું શિક્ષણ "Innovation-driven" છે. હવે શિક્ષણ માત્ર માહિતી સંચય નહિ, પરંતુ નવું સર્જન કરવાનો સાધન બની રહ્યું છે. NEP 2020 એ "Research and Development" ને ઉચ્ચ શિક્ષણનું હૃદય ગણાવ્યું છે. વિદ્યાર્થીને વિચારવાની, પ્રશ્ન પૂછવાની અને સમાધાન શોધવાની શક્તિ વિકસાવવી એ હવે શિક્ષણનું ધ્યેય છે. અંતરવિષયક અભિગમ (Interdisciplinary Learning) દ્વારા વિદ્યાર્થીઓને એક સાથે વિજ્ઞાન અને માનવશાસ્ત્ર, ટેક્નોલોજી અને કલા વચ્ચે જોડાણ શોધવાની તક મળે છે.

પડકારો અને અમલની સમસ્યાઓ

NEP 2020ની વિઝન જેટલી મહત્ત્વાકાંક્ષી છે, તેટલી જ તેના અમલની સમસ્યાઓ છે. બજેટની અછત: શિક્ષણ માટે GDPના 6% ખર્ચનું લક્ષ્ય હજી પૂરું થયું નથી. શિક્ષક તાલીમ નવી પદ્ધતિઓ માટે શિક્ષકોને યોગ્ય તાલીમની જરૂર. પ્રાદેશિક અસમાનતા ગ્રામ્ય અને શહેરી શિક્ષણ વચ્ચે મોટું અંતર. ટેક્નોલોજી એક્સેસ ડિજિટલ ડિવાઈડના કારણે વિદ્યાર્થીઓ વચ્ચે તફાવત. એડમિનિસ્ટ્રેટિવ કટોકટી નવી નીતિના અમલ માટે સંકલન અને સમયસર માર્ગદર્શનનો અભાવ. તેથી, NEP 2020નું સપનું વાસ્તવિક બનવા માટે રાજકીય ઇચ્છાશક્તિ, સંસ્થાગત કાર્યક્ષમતા અને સામાજિક સહકાર જરૂરી છે.

વિકસિત ભારત તરફ શિક્ષણની દિશા

આજનું શિક્ષણ "ભણતર" થી "કૌશલ્ય" તરફ અને "રોજગાર" થી "સર્જન" તરફ પરિવર્તિત થઈ રહ્યું છે. NEP 2020 એ ભારતને "Viksit Bharat 2047" ના દ્રષ્ટિકોણ સાથે જોડ્યું છે, જ્યાં શિક્ષણ માનવીય મૂલ્યો, વૈજ્ઞાનિક ચિંતન અને વૈશ્વિક સ્પર્ધાત્મકતા વચ્ચે સંતુલન સ્થાપે છે. ભવિષ્યનું શિક્ષણ "AI + EQ + SQ" (Artificial Intelligence + Emotional Quotient + Spiritual Quotient)ના સંયોજનથી બનેલું હશે – જ્યાં મશીનની બુદ્ધિ અને માનવીની સંવેદના એકસાથે કાર્ય કરશે. આથી, આજનો વિદ્યાર્થી માત્ર ડિગ્રી ધરાવતો નાગરિક નહીં, પરંતુ સર્જનાત્મક વિચારક, નૈતિક નેતા અને જવાબદાર વૈશ્વિક નાગરિક બનવો જરૂરી છે – અને NEP 2020 એ આ દિશામાં ભારતીય શિક્ષણને નવા યુગમાં પ્રવેશ કરાવ્યું છે.

https://www.gapbhasha.org/

## નિષ્કર્ષ અને સૂચનો

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 એ ભારતના શિક્ષણ ક્ષેત્રને નવી ઓળખ આપી છે. તે પરંપરાગત જ્ઞાનની ઊંડાણને આધુનિક વૈશ્વિક માગ સાથે જોડે છે.પરંતુ આ વિઝનને વાસ્તવિકતા આપવા માટે નીચેના પગલાં જરૂરી છે:

1. શિક્ષણ માટેના સરકારી ખર્ચમાં વધારો.
2. શિક્ષકો માટે સતત તાલીમ અને ટેક્નોલોજીકલ અપગ્રેડેશન.
3. ગ્રામ્ય વિસ્તારોમાં ડિજિટલ ઇન્ફ્રાસ્ટ્રક્ચરનો વિકાસ.
4. વિદ્યાર્થી કેન્દ્રિત શિક્ષણ અને સ્કિલ આધારિત મૂલ્યાંકન.
5. સંશોધન અને નવીનતા માટે ખાનગી-સરકારી સહયોગ.

આ દિશામાં આગળ વધીને જ ભારત “જ્ઞાન આધારિત અર્થતંત્ર” તરફ આગળ વધી શકશે, જ્યાં શિક્ષણ માત્ર રોજગારનું સાધન નહીં, પરંતુ રાષ્ટ્રનિર્માણનું તત્ત્વ બની રહે.

## સંદર્ભ સૂચિ (References)

1. Government of India (2020). National Education Policy 2020. Ministry of Education, New Delhi.
2. University Grants Commission (UGC) Reports on Higher Education (2021–2024).
3. Y. Sudhakar (2021). Transforming Higher Education through NEP 2020. Indian Journal of Education Policy.
4. UNESCO (2022). Reimagining Our Futures Together: A New Social Contract for Education.
5. R. Ramachandran (2023). Skill and Innovation in the Age of NEP 2020. Journal of Indian Higher Studies.

https://www.gapbhasha.org/

GAP भाषा
A MULTILINGUAL JOURNAL OF RESEARCH
(ISSN – 2582-8770)
Globally peer-reviewed and open access journal.

# રવિન્દ્રનાથ ટાગોર, સ્વામી વિવેકાનંદ અને ગાંધીજીના ચિંતનાત્મક સાહિત્યમાં માનવ મૂલ્યો

કિરણકુમાર અકાભાઇ ચૌધરી, ડો. દીપક પંડયા

*પીએચ.ડી. રીસર્ચ સ્કોલર*
*ગુજરાત યુનિવર્સિટી ભાષા-સાહિત્ય ભવન,*
*અમદાવાદ.*
*Kiranchaudhari926@gmail.com*

*માર્ગદર્શક અને એસોસિયેટ પ્રોફેસર*
*સમર્પણ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ગાંધીનગર*

## પ્રસ્તાવના

રવિંન્દ્રનાથ ટાગોર, સ્વામી વિવેકાનંદ અને ગાંધીજીના ચિંતનાત્મક સાહિત્યમાં માનવમુલ્યોનો અભ્યાસ કરવાનો પ્રયત્ન કર્યો છે. આ ત્રણેય ચિંતકોના સાહિત્યમાં માનવમુલ્યનું મહત્વ સમજાવામાં આવ્યું છે. રવિંન્દ્રનાથ ટાગોર, સ્વામી વિવેકાનંદ અને ગાંધીજી એ પોતાના જીવન દ્વારા સંદેશ આપ્યો છે. આજે વર્તમાન સમયમાં માનવ મુલ્યોનું ખુબ મહત્વ રહેલું છે. આજે માનવ માનવ વચ્ચેના સંબંધોમાં તિરાડ પડતી જાય છે. આજના મનુષ્યનું જીવન સ્વાર્થ ભર્યુ જીવન જીવતો જાય છે. આજનો મનુષ્ય પ્રશ્ચિમી સંસ્કૃતિનું અનુકરણમાં ભારતીય સંસ્કૃતિના મુલ્યોને ભુલતો જાય છે. જેથી આ ત્રણેય ચિંતકો દ્વારા પોતે જીવન જીવીને આપણને માનવમુલ્યનું જીવનમાં કેટલું મહત્વ છે તે સમજાવે છે. રવીન્દ્રનાથ ટાગોરએ અર્વાચીન ભારતની એક વિરલ વિભુતિ છે. એમના વ્યક્તિત્વનાં અનેક સમૃદ્ધ પાસાઓ છે, તેઓ એક મહાન દેશપ્રેમી, સુધારક, કેળવણીકાર , વિચારક, ધર્મવત્સલ મનીષી એમ અનેક રૂપે તેઓ આપણી આગળ પ્રત્યક્ષ થાય છે. રવીન્દ્રનાથ ટાગોર મુખ્યત્વે કવિ તરીકે સૌથી વધુ ઓળખાય છે. તેમણે સાહિત્ય, સંગીત, ચિત્રકળા વગેરે ત્રણેય કળાઓમાં એમનું પ્રદાન જોવા મળે છે. સ્વામી વિવેકાનંદે મનુષ્યમાં ચારિત્ર્ય ધડતર દ્વારા સારા માનવનું ધડતર કરી શકાય છે. સારા માનવનું ધડતર એ શિક્ષણ દ્વારા શક્ય છે. તે માટે કહ્યું હતું કે, ‘ ચારિત્ર્યના ધડતરમાં દુ:ખ અને સુખ, શુભ અને અશુભ, બંને સરખો ભાગ ભજવે છે. કેટલીકવાર તો સુખ કરતાં દુ:ખ વધારે સારા શિક્ષકની ગરજ સારે છે. જગતના સર્વોત્તમ ચારિત્ર્યશીલ માનવીઓનો અભ્યાસ કરવામાં આવે તો, હું ધારૂં છું જે, મોટાભાગના દાખલાઓમાં સુખ કરતા દુ:ખે વધારે શિક્ષણ આપ્યું હશે, ધન કરતા નિર્ધનતાએ વધારે શિક્ષણ આપ્યું હશે.’ સ્વામી વિવેકાનંદે કહ્યું છે કે. ‘તમારા પોતાનામાં શ્રધ્ધા રાખો; એ શ્રધ્ધા પર મુસ્તાક રહો અને બળવાન બનો; આપણને અત્યારે એની જરૂર છે.’ આજે ૨૧ મી સદીમાં માનવતાના ધર્મની ખાસ જરૂર છે. મહાત્મા ગાંધીજીની ૧૫૬ મી જન્મજયંતિ સમગ્ર દેશમાં ઉજવણી કરી રહ્યાં છે, ત્યારે ગાંધીજીના વિચારો અને તેમના સંદેશ આજના સમયમાં પણ એટલા પ્રસ્તુત છે. ગાંધીજીની તુલના વિશ્વના કોઇપણ વ્યક્તિ સાથે કરી શકાય તેમ નથી. ગાંધીજીનું આંતર-બાહ્ય,પારદર્શક વ્યક્તિત્વ, વિચાર,વર્તન અને કાર્યની ઓળખ જ જગજાહેર છે. આવા પ્રકારના વ્યક્તિત્વવાળો પુરૂષ જગતને મળવો મુશ્કેલ છે. સમગ્ર દુનિયા આજે પણ ગાંધીજીને યાદ કરે છે. ગાંધીજીએ પ્રથમથી જ સમાજ વચ્ચે રહીને સામાજિકતા સહજ રીતે સ્વીકારી તેમજ શ્રદ્ધાથી ઇશ્વરનો સ્વાકાર કર્યો છે. ગાંધીજી પોતાનાં મનમાં કોઇ એક સ્વરૂપ સ્થાયી સ્વરૂપે બેસાડી ન શક્યા તેથી સત્ય સ્વરૂપે સ્વીકારીને તેને જ પરમેશ્વર તરીકે સ્વીકારી લીધું હતું. સત્યને પામવા માટે માનવને બ્રહ્મનું સ્વરૂપ ગણી માનવ સેવાને ધર્મ ગણી તેને સ્વીકારી લે છે. ધર્મમાં કોઇ ઉત્તમ માર્ગ, ઉત્તમ શોધ હોય તો તે અહિંસા છે. તેમને જીવનમાં અહિંસાથી ઉત્તમ કોઇ સમાજ

https://www.gapbhasha.org/

સેવાનું સાધન મળ્યું નથી. આમ રવીન્દ્રનાથ ટગોર, સ્વામી વિવેકાનંદ અને ગાંધીજી ના સાહિત્યમાં માનવમુલ્યો ખાસ મહત્વ આપ્યું છે. આજના વર્તમાન સમયમાં માનવમુલ્યોનું જીવનમાં ઉતારવાની ખાસ જરૂર છે.

**રવિંન્દ્રનાથ ટાગોરના સાહિત્યમાં માનવમુલ્યો:**

ભારતીય સંસ્કૃતિનું ગૌરવ અપાવનાર અને વિશ્વકવિ તરીકે ઓળખ ધરાવનાર કવિ રવીન્દ્રનાથ ટાગોરનો જન્મ ૭ મી મેં ૧૮૬૧ ના દિવસે કલકત્તામાં તેમના જોડાસાકોમાં થયો હતો. તેમના પિતાનું નામ દેવેન્દ્રનાથ ટાગોર અને માતાનું નામ શારદામણી દેવી હતું. તેઓ શારદામણી દેવીના ચૌદમાં સંતાન હતાં. તેઓનું ઘર કલકત્તા શહેરના મધ્યભાગમાં ઠાકુરનું કુટુંબ જોડાસાંકોમાં આવેલું છે. તેઓ પરંપરાગત બંગાળી ભાષાને આધુનિક સ્વરૂપ આપે છે. તેમણે બાંગ્લાદેશનું 'અમાર સોનાર બાંગલા' અને ભારત દેશનું ' જન ગણ મન ' એમ બે રાષ્ટ્રગીત આપે છે. તેમનો ટાગોર (ઠાકુર) પરીવાર કલકત્તાના જૂનામાં જૂના અને પ્રતિષ્ઠિત પરીવારોમાંનો એક છે. તેઓ બાહ્મણ સમાજમાં 'પીરાલી' તરીકે ઓળખાતા હતાં. તેમના દાદા દ્વારકાનાથ ટાગોર 'રાજા' તરીકે ઓળખાતા હતાં. રવીન્દ્રનાથ ટાગોર જન્મ્યા ત્યારે માતા શારદામણી દેવીના સાતમા પુત્ર હતાં. સમાજમાં તેમના માતાશ્રીને સાત સાત પુત્રોને જન્મ આપનાર 'રત્નગર્ભા' કહેવામાં આવે છે. આટલાં બધાં સંતાનો હોવાને લીધે દરેકને ધ્યાન આપી શકતાં ન હતાં. એમને મોટા ઠાકુર કુટુંબનો એમના માથે ભાર હતો, એટલા માટે બાળકો પ્રત્યે ધ્યાન આપી શકતા ન હતાં. તેઓનો ઉછેર નોકર-ચાકરના હાથે થયો હતો. ટાગોરના પિતાને 'મહર્ષિ' તરીકે ઓળખવામાં આવે છે. પિતાનાં વારસાની અસર રવીન્દ્રનાથ ટાગોરમાં જોવા મળે છે.તેઓના કુટુંબમાં શ્રી અને સરસ્વતીનો અસામાન્ય સંગમ થયો હતો.

રવીન્દ્રનાથ ટાગોરને વિધાકળાની ઉપાસનાવાળા મોટા કુટુંબમાં ઊછેર થાય છે. એમના ઘરમાં મોટાભાઈઓ અને પિતરાઈઓમાં બંગાળી, સંસ્કૃત, અને અંગ્રેજી સાહિત્યની વાત અને ચર્ચા એકદમ સામાન્ય ગણાતી હતી. બંગાળના તે સમયના પ્રખ્યાત વિદ્વાનો ,લેખકો, સંગીતકારો, કળાકારો, અને જાહેર માણસોની આવ-જા તેમના કુટુંબમાં થયા કરતી હતી. જેનો લાભ કવિ રવીન્દ્રનાથ ટાગોરને મળે છે. ભારતવર્ષનો વેદવ્યાસનો યુગ, મહાભારતનાં યુગ યાદ આવે છે. દેશની જે વિદ્યા, જે વિચારધારા, જે ઇતિહાસકથા દૂર દૂર વેરાયેલી હતી. ભારતવર્ષમાં ચિરકાળના શિક્ષણનો વિશાળ પાયો નાંખ્યો હતો. તે શિક્ષણ ધર્મમાં-કર્મમાં, રાજનીતિમાં, સમાજનીતિમાં, તત્વજ્ઞાનમાં એમ બહુવ્યાપક હતું. વિશ્વવિદ્યાલયના સ્વરૂપ વિશે વિચાર કરીએ તો ભારતમાં વેદવ્યાસ, વાલ્મીકિના આચાર-વિચાર આજે પણ એટલા ઉપયોગી લાગે છે. આજે આપણે યુનિવર્સિટી તરીકે ઓળખે છે. તેમાં ખાલી ડિગ્રી (પ્રમાણપત્ર) મળે છે. વિદ્યા પ્રાપ્ત થતી જ નથી. જેથી આજે જે શિક્ષણની સમસ્યા છે તેનો ઉકેલ આપણી પ્રાચીન વિશ્વવિદ્યાલયમાં જે શિક્ષણ જેવું કે ચિત્તને જાગ્રત કરવાનો તથા ચારિત્ર્ય નિર્માણ કરવાનો તથા પરિપૂર્ણ મનુષ્યતાનો નિર્માણ કરવાનું લક્ષ્ય હતું. જે આજે ફરી જરૂરિયાત ઊભી થઈ છે. માટે યુરોપની યુનિવર્સિટીનું જે શિક્ષણ આજે મળે તેના કરતા આપણું પોતાની વિદ્યા આજે શિક્ષણસંસ્થાઓમાં આપવાની જરૂરિયાત છે. જે સમયે અધ્યાપકો અને આચાર્યો પણ એવા ચરિત્રવાળા હતા. ચીની મુસાફર હ્યુયેન સાંગે પણ વિદ્યાલયોનું વખાણ કર્યા છે. હ્યુયેન સાંગ કહે : ''તેઓનું ચારિત્ર્ય પવિત્ર અનિંદનીય હતું. વિદ્યાનો પ્રચાર કરવાનો ભાર હતો. રવીન્દ્રનાથ ટાગોર આવી બાહ્ય સ્થિતિની અસમાનતા ઉપર ધ્યાન આપવા તૈયાર નથી. એ દૂર થઈ શકે છે. કવિ પોતાનું સ્વતંત્ર વિશ્વવિદ્યાલય સ્થાપવાની વાત કરે છે.વિદ્યા મેળવવાનો આધાર કેવળ વિદ્યાલય ઉપર જ નથી હોતો. મુખ્યત્વે કરીને વિદ્યાર્થી ઉપર જ હોય છે. ઘણા વિદ્યાર્થી વિદ્યાલયમાં જાય છે, એટલું જ નહિ ઉપાધિ પણ મેળવે છે, તેમ છતાં વિદ્યા પામતા નથી. વિદ્યાનું ખૂબ જ મહત્વ રહેલું છે. વિદ્યા દ્વારા જ શ્રેષ્ઠ મનુષ્ય બની શકે છે. પરંતુ વિદ્યા મેળવવી એ વિદ્યાલય પર જ આધાર હોતો નથી. પરંતુ વિદ્યાર્થી પર પણ આધાર રાખે છે. શિક્ષણ એ ઇન્દ્રિયનું નહિ કે જ્ઞાનનું નહિ પણ સમજણના શિક્ષણને આપણાં વિદ્યાલયોમાં પ્રધાન સ્થાન આપવું જોઈએ. અર્થાત કેવળ કારખાનાની દક્ષતાની કેળવણી નહિ, શાળા કૉલેજોની પરીક્ષામાં પાસ થવાનું નહિ, પણ આપણું સાચું શિક્ષણ તપોવનમાં છે. પ્રકૃતિની સાથે હળીમળી જઈને તપસ્યા દ્વારા પવિત્ર થઈને. આપણી શાળા કૉલેજોમાં પણ તપસ્યા છે. પણ તે મનની તપસ્યા છે, જ્ઞાનની તપસ્યા છે, સમજણની તપસ્યા નથી.

**સ્વામી વિવેકાનંદના સાહિત્યમાં માનવમુલ્યો:**

https://www.gapbhasha.org/

સ્વામી વિવેકાનંદની ૧૬૨ મી જન્મ જયંતિ તા.૧૨/૦૧/૨૦૨૫ ના રોજ આખુ વિશ્વ ઊજવી રહ્યું છે, ત્યારે એમનું જીવન અને સંદેશ યુવાનો માટે પ્રેરણારૂપ છે. સ્વામી વિવેકાનંદનો જન્મ ૧૨ જાન્યુઆરી, ઈ.સ. ૧૮૬૩ના રોજ કલકતામાં થયો હતો. તે સમયમાં કલકતામાં ચારેબાજુ ઉત્સાહ- ઉમંગથી સભર વાતાવરણ હતું . મકરસંક્રાતિના પાવન દિવસે સાત વાગ્યે પિતા વિશ્વનાથ દત્તના ઘરે થયો હતો. તેમણે ' ઊઠો, જાગો! ધ્યેય પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી મંડ્યા રહો.' સુત્ર જ આજની પેઢી માટે પ્રેરણારૂપ છે.

સ્વામી વિવેકાનંદનું આહ્‌વાન:

આપ ! યુવા ભારત !
શું આપ ' ઊઠો ! જાગો !' નું
આહ્‌વાન આપતો બુલંદ અવાજ સાંભળી રહ્યાં છો ?
શું આ તે સ્વર છે? જેની આ
રાષ્ટ્ર ઘણા સમયથી રાહ જોઇ રહ્યું હતું ?
શું આ તે સ્વર છે? જેણે,
આ રાષ્ટ્રને તેની પ્રલંબ નિદ્રામાંથી જગાડ્યું ?
તે કોણ છે, જેણે આ રાષ્ટ્રમાં,
પોતાના શક્તિશાળી નાદ દ્વારા વીજસંચાર કર્યો ?

એક એવો યુવા, જે આવનારા સમગ્ર સમયકાળ દરમિયાન યુવાનોનો આદર્શ બની રહેશે. આ પ્રકારનું આહ્‌વાન કરનાર શાશ્વત યુવાન, અન્ય કોઇ નહિં , પણ દેશભક્ત હિંદુ સંન્યાસી સ્વામી વિવેકાનંદ હતાં. ૧૯ મી સદીના ઉત્તરાર્ધમાં ભૌતિકવાદ, વ્યક્તિવાદ, ધાર્મિક અલગતાવદ, પોતાના સ્વાર્થ માટે અન્યનું શોષણ કરી રહ્યાં હતાં. અને અન્ય પ્રત્યેની સદભાવના અને આધ્યાત્મિકતા જેવા મુલ્યોનું પતન થઇ રહ્યું હતું ત્યારે ભારતની ભૂમિમાં સ્વામી વિવેકાનંદએ આ મૂલ્યોને પોતાના રાષ્ટ્રીય જીવનમાં અમલમાં મુક્યા હતાં. તેમણે માત્ર ૩૯ વર્ષ, ૫ મહિના અને ૨૪ દિવસનું જ આયુષ્ય ભોગવ્યું હતું. આ માતૃભૂમિના પૂજારીએ આટલી નાની ઉંમરમાં જ રાષ્ટ્રભક્ત સંન્યાસીએ શતાબ્દીઓથી નિદ્રામાં સૂતેલા ભારત વર્ષને જગાડ્યું હતું. તેઓ ભોગવિલાસમાં રાચતાં પશ્ચિમી જગતને આધ્યાત્મિક માર્ગે લઇ ગયા હતાં. તેમણે સર્વધર્મ સમભાવ, વસુધૈવ કુંટુંમ્બકમના ઉદ્દેશ દ્વારા સંસારમાં ચાલતાં ધાર્મિક વિવાદો- વિખવાદો, બંધ કરાવવાનું ભગીરથ કાર્ય કર્યું હતું. મા ભારતીના આ ભક્તે કરોડો ભારતવાસીઓને એક જ મંત્ર આપ્યો હતો : ' બાકી બધાં દેવી-દેવતાઓને ભૂલી જાઓ, માત્ર ભારતમાતાની આરાધના કરો અને ફરી એકવાર એને જગદ્‌ગુરૂના સ્થાન ઉપર બિરાજમાન કરો.' આથી કેટલું જીવો એ મહત્વનું નથી પણ જીવો એ દરમિયાન કેવું જીવન જીવો છો, એના આધારે જ ઇતિહાસમાં સ્થાન નક્કી થાય છે. સ્વામી વિવેકાનંદ નાની ઉંમરમાં આવું જીવન યુગો-યુગો સુધી સ્મૃતિમાં જીવંત રહે એવું જીવન જીવી ગયા હતાં.

સ્વામી વિવેકાનંદના સિંહગર્જનાથી દેશભરમાં નવી ઊર્જાનો સંચાર થયો અને હજાર વર્ષથી ગુલામી ભોગવી રહેલી મા ભારતીના ચૈતન્યમાં સ્વાભિમાન,શક્તિ અને સામર્થ્યનો નૂતન સંકલ્પ છેક કાશ્મીરથી કન્યાકુમારી અને કચ્છથી કામરૂપ સુધી ગુંજવા લાગ્યો હતો. જેથી મહર્ષિ અરવિંદે કહ્યું હતું કે, ' વિવેકાનંદનો જન્મ જ વિશ્વ વિજયી ભારતના નિર્માણ માટે થયો હતો.' ભારતામાતાના આ મહાપ્રતાપી વિવેકાનંદની ગૌરવગાથા આજે ૨૧ મી સદીમાં પણ પ્રત્યેક ભારવાસીને પ્રેરણા આપનારી છે. જે યુવાનમાં ભારતમાતાનું હિત હૃદયમાં વસેલું હૌ તેણે વિવેકાનંદના વિચારો અને તેમનું જીવનમાંથી પ્રેરણા આત્મસાત કરવી જોઇએ. મહાન વિચારક અને નોબેલ પુરસ્કાર વિજેતા કવિશ્રી રવીન્દ્રનાથ ટાગોર કહ્યું હતું, કે ' જો તમારે ભારતને ઓળખવું હોય તો વિવેકાનંદનું અધ્યયન કરો. તેમનામાં બધું જ સકારાત્મક છે, કશું જ નકારાત્મક નથી.' આમ સ્વામી વિવેકાનંદને અભ્યાસ કરવાથી ભારત દેશને સારી રીતે જાણી શકાશે.

સ્વામી વિવેકાનંદે આદર્શ માનવનું નિર્માણ કરવા માટે સ્વપ્ન જોયું હતું. મધદરીયે ખડક ઉપર બેસીને તેમણે હિંદુ ધર્મના મહાન સત્યની ઘોષણા કરવાનો અને આ દેશના ગરીબોને મદદરૂપ થવાનો માર્ગ શોધવા પશ્ચિમમાં જવાનો અતિ મહત્વપૂર્ણ નિર્ણય લીધો હતો. અંતે જ્યારે ૩૧ મી મેં ઈ.સ. ૧૮૯૩ ના દિવસે શિકાગોમાં વિશ્વ ધર્મ પરિષદમાં હિંદુ ધર્મના પ્રતિનિધિ તરીકે ધર્મસભામાં ભાગ લેવા માટે ગયા ત્યારે આખુ વિશ્વ આ મહાપુરૂષને સાચી ઓળખ મળે છે. આ વિશ્વધર્મ

https://www.gapbhasha.org/

પરિષદમાં 'મારા અમેરિકાવાસી ભાઇઓ તથા બહેનો' ના ઉદ્‌બોધનથી આખી સભા તાળીઓના ગળગળાટથી ગુંજી ઊઠે છે. આ વિશ્વધર્મ પરિષદમાં વિવેકાનંદ જગતના લોકો ઓળખતા થાય છે. સ્વામી વિવેકાનંદે 'માનવતા' ની મહત્વની વાત કરી છે. તેમણે જીવનનાં સિધ્ધાંતો ક્યાં છે? તેની પણ સરસ રીતે ચર્ચા કરી છે. તેમણે સૌપ્રથમ 'એકત્વનો સંદેશ' આપ્યો છે. માનવજીવનનું અંતિમ લક્ષ્ય એકત્વની અનુંભૂતિ કરાવવાનું છે. ભારતે વિશ્વને સંદેશ આપવાન છે તેથી કહે : 'આપણી પાસેથી બીજા મહાન આદર્શની વિશ્વ અપેક્ષા રાખી રહ્યું છે. તે સમસ્ત વિશ્વની આધ્યાત્મિક એકતાની સનાતન ભવ્ય ભાવના છે.' તેઓ માનવ કલ્યાણની વાત કરે છે.તેઓ કહે છે કે, 'શાશ્વત સુખના સંતાનો' કેવું મધુર અને આશાસ્પદ સંબોધન ! બધુંઓ, મને તમને સહુને એ મધુર નામથી સંબોધવા દો, હિંદુઓ તમને પાપી તરીકે ગણવાનો ઇન્કાર કરે છે. તમે સહુ પરમાત્માના બાળકો છો, શાશ્વત સુખના સહભાગીદાર છો, પવિત્ર અને પૂર્ણ છો. આ પૃથ્વી પરના ઓ દિવ્ય આત્માઓ ! તમ્ને પાપી કેમ કહીં શકાય ? મનુષ્યને પાપી કહેવો એ પાપ છે. માનવસ્વભાવ ઉપર એ કાયમી આક્ષેપ છે. ઓ સિંહો ! તમે ઘેટાંઓ છો એ ભ્રમજાળ ખંખરીને ઊભા થાઓ. તમે અમર આત્માઓ છો, તમે સ્વતંત્ર આત્માઓ છો, તમારા ઉપર આશિષનું અવતરણ થયું છે, તમે અનંત છો, તમે ભૌતિક પદાર્થો નથી, તમે માત્ર દેહ નથી, ભૌતિક પદાર્થો તો તમારા ગુલામો છે; ભૌતિક પદાર્થોના તમે ગુલામ નથી.' આવા વિચારોથી પશ્ચિમના વિચારકો પર ગંભીર અસર પડે છે. સ્વામી વિવેકાનંદે કહ્યું છે કે, 'આપણા દેશમાં વેદાંતને આચરણમાં ઉતારવાની ખાસ જરૂર છે.' અને તેનું પ્રથમ પગલું એ છે કે, ભારતના પતીત, ડૂબતા અસંખ્ય લોકોનો હાથ થામી તેમને ઉગારવાના છે, આવી રીતે ગરીબોની સહાય કરવાની વાત કરે છે. જે આજે વર્તમાન સમયામાં એની ખાસ જરૂર છે. એકવાર પ્રોફેસર સુંદરમ અય્યર સાથે વાતચીત દ્વારા સ્વામી વિવેકાનંદે કહ્યું છે કે, 'રાષ્ટ્રભક્તિનું આચરણ એટલે માતૃભુમિ પ્રત્યે ફક્ત લાગણી કે પ્રેમની ભાવના માત્ર નથી; પરંતુ તે સાથી દેશવાસીઓની સેવા પ્રત્યેના આવેશમાં સાચી દેશભક્તિ છે. મેં સમગ્ર ભારતનો પગપાળા પ્રાઅસ કર્યો અને મારી સગી આંખે જોયું કે આપણા લોકો અજ્ઞાનતા, કંગાલિયત અને ગંદકીમાં સબડી રહ્યાં છે. મારો સમગ્ર આત્મા સળગી ઊઠ્યો અને હું આવી દારુણ સ્થિતિને બદલવાની આગઝરતી ઈચ્છાથી સળગી રહ્યો છું. જો તમારે ભગવાનને શોધવા છે, તો મનુષ્યની સેવા કરો. નારાયણને પામવા ભારતના લાખો ભૂખ્યા દરિદ્રનારાયણની સેવા કરવી જ પડશે.' આવા વિચારો તેમનામાં જોવા મળે છે. જેથી સ્વાર્થી હેતુંથી કોઇ સેવા કરવી ન જોઇએ. જે આજે ગરીબોના કોઇ બેલી નથી ત્યારે આજના યુવાનોએ વિવેકાનંદના વિચારો આચરણમાં જરૂરી છે. આથી સ્વામી વિવેકાનંદે કહ્યું છે કે, 'યાદ રાખો કે, દેશ ઝુંપડાઓમાં જીવે છે, દેશનું ભવિષ્ય સામાન્ય જનતાની સ્થિતિ પર આધાર રાખે છે. તમે તેનો ઉદ્ધાર કરી શકશો ? તેમની જન્મજાત -સહજ-આધ્યાત્મિક પ્રકૃતિને છોડાવ્યા વગર શું તમે તેમને તેમનું ખોવાયેલું વ્યક્તિત્વ પાછું આપી શકશો ? આ આદર્શ તમારી સમક્ષ રાખો. તેમના ધર્મને નુકસાન પહોંચાડ્યા વગર મનુષ્યોનું ઉત્થાન.' આમ સ્વામી વિવેકાનંદ ગરીબ મનુષ્યની સેવા કરવાની વાત કરે છે. જે આજના આધુનિક જમાના સતત જરૂર છે. આજે ગરીબ અને ધનવાન વચ્ચે અંતર વધતું જાય છે. ગરીબ વધુ ગરીબ બનતો જાય છે અને ધનવાન વધુ ધનવાન બનતો જાય છે. જેથી આજના સમયમાં માનવતાની ધર્મની ખાસ જરૂર છે. ભારતની જીવનશક્તિ ધર્મમાં રહેલી છે, અને જ્યાં સુધી હિંદુ પ્રજા પોતાના પૂર્વજોનો મહાન વારસો ભૂલશે નહિં, ત્યાં સુધી પૃથ્વીના પટ પર એવી કોઇ પણ તાકાત નથી કે જે તેનો નાશ કરી શકે.

સ્વામી વિવેકાનંદ યુવાનોને પ્રભાવક સંદેશ આપે છે : 'તમે સર્વ કંઇ કરી શકો છો. તમે ધ્યેયપ્રાપ્તિમાં સફળ થશો જ.' આમ યુવાનો માટે શક્યતાઓના નવા વિશ્વના દ્વાર ખોલે છે. તેઓ એવું ઇચ્છતા હતાં કે, દરેક યુવાન સિંહ સમાન બને. જેથી એમનું જીવન લક્ષ્ય ભારતના યુવાનોને જાગ્રત કરવાનું હતું. સ્વામી વિવેકાનંદને ભારતના યુવાનોમાં અપાર શ્રધ્ધા હતી. એમણે કહ્યું છે કે, 'નવયુવકો પર, અત્યારની પેઢી પર મને શ્રધ્ધા છે; તેમનામાંથી જ મારા કાર્યકરો આવશે.સિંહની શક્તિથી તેઓ આખા પ્રશ્નને હલ કરશે.. જો તમારામાં મારું કહ્યું માનવાની હિંમત હોય તો તમારામાંના એકેએકનું ભાવિ ઊજળું છે, જેમ મને બચપણમાં શ્રધ્ધા હતી અને જેનો ઉપયોગ અત્યારે હું કરી રહ્યો છું, તેવી બળવાન શ્રધ્ધા તમારી જાતમાં રાખો.' આથી યુવાનોને જાગ્રત તેના વિચારોને અમલ કરવાથી દેશમાં બદલાવ લાવી શકાશે. આજે પણ સ્વામી વિવેકાનંદના વિચારોમાંથી પ્રેરણા લઇ સફળતા પ્રાપ્ત કરી રહ્યાં છે. વિવેકાનંદ કહે છે કે, ચારિત્ર્ય માનવ માત્રનું ઘરેણું છે. ચારિત્ર્યની નિષ્ઠાથી આપણી માનવતા અને નૈતિક મૂલ્યોમાં વધારો થાય છે. મનુષ્યની ખરી ધાર્મિકતા પણ વ્યકિતના ચારિત્ર્ય પરથી જાણી શકાય છે. દરેકના જીવનમાં ઉત્તમ ચારિત્ર્યનું મહત્વ છે. જેથી ચારિત્ર્યવાન બનો !

https://www.gapbhasha.org/

સ્વામી વિવેકાનંદનું આહવાન : ' ઊઠો, જાગો અને ધ્યેય પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી અટકશો નહીં ' આ મહાપુરૂષના વિચારો આજે અને ભવિષ્યમાં પણ યુવાનોને પ્રેરણા આપશે.

મહાત્મા ગાંધીજીના સાહિત્યમાં માનવમુલ્યો:

**વિશ્વની પ્રાચીન ભારતીય સંસ્કૃતિઓમાં ભારતની સંસ્કૃતિ વિરલ ગણાય છે. ભારતીય સમાજને નવી દિશા આપનાર અનેક યુગપુરુષોનો ભારતમાં જન્મ લઇ ચુક્યા છે. તેમાં મહાત્મા ગાંધીજીનું નામ મહત્વનું છે. મહાત્મા ગાંધીજીએ માત્ર ભારતનાં જ રાષ્ટ્રપિતાનાં ના હતા તેઓ સમગ્ર માનવજાતના એક મહાન આત્મા હતા. આધુનિક યુગમાં પ્રાચીન ઋષિઓ જેવું જીવન અને આશ્રમ જીવન તેમને જીવી બતાવ્યું છે. ગાંધીજી ગરીબ માણસમાં ભગવાનના દર્શન કરતા હતા જેથી તેઓએ દરિદ્રનારયણ શબ્દનો ઉપયોગ કર્યો હતો. તેઓ કહેતા કે, 'મારૂં જીવન એજ મારો સંદેશ'** . તેઓને સાદગી અને સત્ય પસંદ હતા. તેમણે સીવ્યા વગરના બે જ વસ્ત્રોમાં પોતાનું આખુ જીવન પસાર કરી દીધુ હતું. તેમના જન્મ દિવસે 'આંતરરાષ્ટ્રીય અહિંસા દિવસ ' તરીકે આખુ વિશ્વ ઉજવણી કરે છે. આજના આધુનિક સમયમાં કૃષ્ણના કર્મયોગ, બુધ્ધની કરૂણા, ઇસુના માનવપ્રેમની અને પયંગબરના પૈગામની અને ગાંધીજીના સત્ય અને અહિંસાની આજે વર્તમાન સમયમાં જરૂર છે. આજે વર્તમાન સમયમાં માનવપ્રેમ અને કરૂણાની ખાસ જરૂર છે. આજના માનવે જીવન જીવવા માટે માનવ મુલ્યોની ખાસ જરૂર છે. ગાંધીજીએ અગિયાર મહાવ્રતો આપેલા છે. જે આજના સમયે ખુબ જ ઉપયોગી ગણાય છે. સત્ય, અહિંસા, ચોરી ન કરવી, વણજોતું નવ સંઘરવું, બ્રહ્મચર્ય, જાત મહેનત, કોઇ અડે નવ અભડાવું, અભય, સ્વદેશી, સ્વાદત્યાગ, સર્વધર્મ સરખા ગણવા, આ મહાવ્રતો જીવનમાં ઉતારવા જરૂરી છે. ગાંધીજી આ મહાવ્રતોનું જાતે પાલન કરી બીજાને પણ પાલન કરાવતાં હતાં. ભારતીય સંસ્કૃતિના મુલ્યો ગાંધીજીએ પોતાના જીવનમાં જીવી બતાવ્યા છે. આજે પણ આ મહાવ્રતોનું પાલન કરવું જરૂરી છે. માનવ જીવન આ મુલ્યો નો ઉપયોગ કર્યા વગર શક્ય નથી. મહાત્મા ગાંધીજીનો જન્મ ૨ જી ઓક્ટોમ્બર ઇ.સ.૧૮૬૯ ના રોજ પોરબંદરમાં પિતા કરમચંદ ગાંધીના ઘરે થયો હતો. આપણા સમાજનો વિકાસ કરવો હોય તો ગાંધીજીના વિચારો અને આદર્શોને આપણે અપનાવવા પડશે. ગાંધીજીના જીવન દર્શનમાંથી એક નવો માનવધર્મ પ્રગટ થતો જોવા મળે છે. આ માનવધર્મની આજે જગતને જરૂર છે. આજે આતંકવાદ જેવી વૈશ્વિક સમસ્યાના લીધે માનવધર્મની ખાસ જરૂર જણાય છે. પરમતત્વ જેવી શોધ બીજા કોઇ દેશમાં થયેલી નથી જગત પરીવર્તનશીલ છે. જે સમયની પ્રવાહ સાથે લોકોના જીવનમાં પણ પરીવર્તન જોવા મળે છે. દરેક વસ્તુંઓનો બદલાવ થાય છે પરંતુ એક ધર્મનું પરીવર્તન થતુ નથી. ધર્મ એટલે વસ્તુનો સ્વભાવ, દરેક પદાર્થનો સહજ ગુણ હોય છે. તથા કુદરતનો કાયદો હોય છે. જે સનાતન જ હોય છે. હિંસાને માનવજીવનમાંથી તેમજ સમાજ જીવનમાંથી નેસ્તનાબૂદ કરવાની છે. જીવનનો સાચો સિદ્ધાંત અથવા પાયો અહિંસા જ છે, હિંસા નહિં. જીવમાત્ર સમાન છે. પણ અહિંસાની સાધના મનુષ્યો વચ્ચે કરવાની હોવાથી મનુષ્ય સમાજનો વિશેષ વિચાર કરવાનો છે. ભોગવિલાસ અને એશઆરામની ઇચ્છા તથા હિંસા વચ્ચે સીધો સંબંધ છે. એથી ઊલટું સાદાઇ, સંયમ, ખડતલપણું, અંગમેહનત અને સેવાવૃતિ અહિંસાને અનુકૂળ થનારા ગુણો છે. દેશને સ્વતંત્ર કરનાર ગાંધીજીની તો એક ભારતીય દ્વારા જ હત્યા કરવામાં આવી હતી. આ બદલાતા સમયની સાથે હવે ગાંધીજીનાં વિચારો, આદર્શ, અને મૂલ્યો ક્રમશઃ અદ્દશ્ય થવાં લાગ્યાં છે. જેથી ગાંધીજીએ તો જોહન રસ્કિનના પુસ્તક 'અન ટુ ધિસ લાસ્ટ'પુસ્તકથી પ્રભાવિત થઇ જાહેર જીવનમાં ગરીબનાં બકીલ બન્યાં હતાં. ગાંધીજીના સ્વપ્નનું સ્વરાજ કેવું હતું એ આજે પણ યાદ અપાવે છે. મારા સ્વપ્નનું સ્વરાજ એ ગરીબોનું સ્વરાજ છે. રાજા અને ધનિકવર્ગ જીવનનીજે જરૂરિયાતોઓ ઉપયોગ કરે છે, તે ગરીબોને પણ સુલભ હોવી જોઇએ. ધનિકવર્ગ ભોગવતો હોય એવી જીવનની બધી આવશ્યક સગવડો ગરીબને પણ મળવી જોઇએ.

આજે શહેરો ગામડાં પર સત્તા ચલાવી રહ્યાં છે. પરિણામે ગામડાં નાશ પામતાં જાય છે. જો આપણે અહિંસાની ભુમિકા પર સ્વરાજની રચના કરવી હોય તો આપણે ગામડાંઓને તેમનું યોગ્ય સ્થાન આપવું જોઇએ. ગામડાંનાં લોહીની સિમેન્ટ વડે જ શહેરોની મોટી-મોટી ઇમારતો બાધવામાં આવી છે. મોટાં-મોટાં શહેરો ઉભા થવા એ અર્થતંત્રના રોગની નિશાની છે. જેથી ગામડાંનો નાશ થશે તો હિંદુસ્તાન નહિ રહે. જગતમાં એનું જે વિશિષ્ટ કાર્ય છે તે લુપ્ત થઇ જશે. જેમાં આર્થિક સમાનતાનો મુદ્દો અહિંસક પૂર્ણ સ્વરાજની મુખ્ય ચાવી છે. ગાંધીજી એ તત્વ ચિંતક, દાર્શનિક કે ફીલસુફ નથી તેમને સ્વતંત્ર સિધ્ધાંત કે ફિલસુફી આપી નથી. છતાં પણ તેમની જીવન પ્રતિભા કે તેમણે રજુ કરેલ વિચારો કોઈપણ તત્વચિંતક , દાર્શનિકનાં વિચારોથી પણ વધુ સ્પષ્ટ અને મુળગામી ગણાય છે. તેઓ ધર્મપુરુષ , ધર્માચાર્ય , સંત કે ઋષિ

https://www.gapbhasha.org/

નથી છતાં તેનું જીવન કોઈપણ ઋષિ , સંત કે ધર્માચાર્યથી જરાય ઉતરતું નથી. તેમના વિચારોમાં અને આચરણોમાં સંપૂર્ણ આધ્યાત્મિકતા જોવા મળે છે. મહાત્મા ગાંધીજી એ માનવતા જોડે તેવા ધર્મની વાત કરી છે. જે માનવ સમાજને જોડે તે ધર્મ કહેવાય છે. અને જે ધર્મને તોડે તેને અધર્મ કહેવાય છે. આજે આપણને સાચા ધર્મની ખાસ જરૂર છે. જે ધર્મ માનવ માનવ વચ્ચે સહકાર ભર્યું જીવન જીવે તેને સાચો ધર્મ ગણાય છે. તેથી ગાંધીજી કહેતા હતા કે, " મારી જાણનાં બધા ધર્મોમાં હિન્દુ ધર્મ સૌથી વધુ સહિષ્ણુ છે. હિન્દુ ધર્મ એના અનુયાયીઓએ માનવા જ જોઈએ એવા સિધ્ધાંતોની જાળથી મુક્ત છે. આ મને બહુ ગમે છે., કારણ તેથી હિન્દુધર્મીને આત્મો ઉન્નતિનો વિશાળમાં વિશાળ અવકાશ રહે છે. હિન્દુધર્મ સાંકડો નથી તેને લીધે જ હિંદુઓ બીજા ધર્મોને માન આપી શકે છે, એટલું જ નહિ પણ બીજા ધર્મોમાં સાર હોય તે ગ્રહણ પણ કરી શકે છે. " ગાંધીજીએ બધા ધર્મો કરતા હિન્દુધર્મને વધારે સહિષ્ણુતા ધરાવે છે. આજના આધુનિક સમાજમાં ધર્મનું સાચું શિક્ષણ આપવાની ખાસ જરૂર જણાય છે. વર્તમાન સમયમાં શાળાઓમાં ભગવદ ગીતાનું શિક્ષણ આપવાનું શરૂ કર્યું છે. જે ખુબજ સારી બાબત ગણાય છે. ગાધીજીને મન ધર્મ એ વ્યવહારુ ચીજ છે. જીવનના પ્રત્યેક કાર્યમાં ધર્મની ખાસ જરૂર છે. ગાંધીજીએ ધર્મ વિષે સમજાવતા કહે છે કે, કોઇપણ માણસ ધર્મ વિના ના રહી શકે. કેટલાંક લોકો એવા હોય છે જે પોતાના તર્કનાં અહંકારમાં એવી ઘોષણા કરે છે કે એમનો ધર્મ સાથે કોઈ સંબંધ નથી, ધર્મની વ્યાખ્યા મૌલિક તેટલી સરળ છે. તેઓ લખે છે કે, "મારે મન તો ધર્મ એટલે સત્ય, અહીસા અથવા સત્ય કહો તો પણ બસ અહીસા સત્યનાં પેટમાં જ સમાયેલ છે, તે વિના સત્યની ઝાંખી સરખીય ના થાય તે રીતે જે કેળવણી અપાય તે ધાર્મિક કેળવણી."

માનવતાની વાત ગાંધીજીએ તેમના સાહિત્યમાં સરળ રીતે કરી છે. તેઓ સર્વધર્મ સમભાવ વિષે જણાવે છે કે, " હું માનું છું જગતના સર્વધર્મો પૂર્ણ સાચા છે. હું માનું છું એ બધા ઈશ્વરે આપેલા છે. જે જે લોકોમાં એ ધર્મો પ્રગટ થયા તેમને માટે તે જરૂરના હતાં આપણે બધા મિત્રો ભિન્ન ભિન્ન ધર્મોનાં શાસ્ત્રો, ગ્રંથો, તે તે ધર્મના અનુયાયીઓની દ્દષ્ટિએ વાંચી શકીએ તો આપણને જણાય કે બધા ધર્મોનું મુળ એક જ છે ને બધા ધર્મો એકબીજાને સહાયકર્તા છે. " ગાંધીજીએ સાચા ધર્મની વાત કરી છે. બધા જ ધર્મો સાચા જ છે પણ તેમાં કઈ દોષ રહેલા છે. ગાંધીજીએ સર્વધર્મ સમભાવની વાત કરી છે. જે આજના સમયમાં ખાસ જરૂર છે.

## ઉપસંહાર

**રવીન્દ્રનાથ ટાગોર, સ્વામી વિવેકાનંદ અને ગાંધીજીનાં ચિંતનાત્મક સાહિત્યમાં માનવમુલ્યોની સરસ રીતે વાત કરવામાં આવી છે. આજના વર્તમાન સમયમાં માનવમુલ્યો ખાસ જરૂર છે. આપણી ભારતીય સંસ્કૃતિનું ગૌરવ અપાવનાર આ ત્રણેય ચિંતકો છે. જેમને માનવતાની વાત કરી છે. આજના આધુનિક સમયમાં માનવતાની ખાસ જરૂર છે. માનવ માનવ પ્રેમથી રહે એજ આજના સમયની માંગ છે. માનવ એકબીજાનાં સહકારથી રહે એજ જરૂરી પણ છે. મનુષ્યનું સાચુ જીવન એકબીજાને મદદ કરવી, સાથ આપવો, એજ જ સાચું જીવન ગણાય છે. એમાં સર્વધર્મની સમાન ભાવ રાખવાની વાત ખુબ જ મહત્વની ગણાય છે. ગાંધીજીએ ભારતની સંસ્કૃતિનો મહિમા કરીને એક મોટો દાવો કર્યો છે. ગાંધીજીએ સમસ્ત માનવજાતિનો આત્મીય સ્વજન અને પરમ હિત-ચિંતક અને સહદયી મિત્ર છે. સ્વામી વિવેકાનંદ કાયમ કહેતા કે,' પ્રમાદ ત્યાગો, કાયરતા ત્યાગો, શક્તિશાળી પુરૂષ બનો. મહાન કાર્યો મહાન ત્યાગ દ્વારા જ થાય છે. મારા બાંધવો ! ચાલો આપણે બધા કઠોર પરિશ્રમ કરીએ. આ ઊંધવાનો સમય નથી. ભારતમાતાનું ભવિષ્ય તમારા કાર્ય પર આધાર રાખે છે. ભારતમાતા તમારી રાહ જોઇ રહી છે. યુવાનોને જાગ્રત રહેવાની વાત કરે છે. સ્વામી વિવેકાનંદનો આદર્શ તો વિશ્વવિજયી ભારત છે. આપણા યુવકોએ બળવાન બનવું પડશે. ભારતની મોટા ભાગની સમસ્યાઓનું સમાધાન શિક્ષણ દ્વારા જ શક્ય છે. અને ભારતમાં વ્યાપેલી દરિદ્રતાનું નિવારણ પણ કેવળ શ્રેષ્ઠ શિક્ષણ દ્વારા જ સંભવ છે. સ્વામી વિએકાનંદએ માનવતાના પૂજારી હતાં. આપણી ભારતની સંસ્કૃતિ વિશ્વમાં મહાન છે. આજે આપણે પશ્ચિમી સંસ્કૃતિ તરફ પ્રયાણ વધુ જોવા મળે છે. વિદેશીઓ આપણી સંસ્કૃતિઓ અપનાવી રહ્યાં છે. જેથી હવે આપણા દેશના યુવાનોએ જાગવાનો દિવસ આવી ગયો છે. માટે વિવેકાનંદ કહે છે કે હવે ઊંઘવાનો સમય રહ્યો નથી માટે યુવાનો, જાગો ! ઊઠો ! આદર્શ મનુષ્યના નિર્માણના કાર્યમાં લાગી જાઓ. આજે વિશ્વને માનવતાની ખાસ જરૂર છે. ઓ મનુષ્યો ! સામર્થ્યવાન બનો ! ઊભા થાઓ ! અને તાકાતવાન બનો. આપણે એક જ વાત યાદ રાખવાની છે, શક્તિ ! શક્તિ ! શક્તિ !' આમ**

https://www.gapbhasha.org/

સ્વામી વિવેકાનંદના વિચારો આજે પણ સદીઓ વીતી ગઇ પણ આજે પણ એવી જ પ્રેરણા આપે છે. સત્ય, અહિંસા, સાધનશુદ્ધિ, સ્વૈચ્છીક સાદગી, વિકેન્દ્રીકરણ, વિશ્વહિત અને સ્વદેશી જેવા વિચારો કોઇપણ સ્થળે અને કોઇપણ કાળે લાગુ પડે એવા છે. ગાંધીજી સમસ્ત માનવજાતિનો આત્મીય સ્વજન અને પરમ હિત ચિંતક અને સહૃદયી મિત્ર છે.

## સંદર્ભસૂચી :-

(૧) રવીન્દ્રનાથ ટાગોર , ભોળાભાઈ પટેલ , પ્ર . આ . ૨૦૧૫ રંગદ્વાર પ્રકાશન, અમદાવાદ.
(૨) રવીન્દ્રનાથની ચરિત્રસુષ્ટિ , પ્રફૂલ્લ રાવલ , પ્ર . આ . ૨૦૨૨ કૃતિ પ્રકાશન, વિરમગામ
(૩) રવીન્દ્ર એક મેઘધનુષી વ્યક્તિત્વ ,રીદ્ધી પટેલ , પ્ર . આ . ૨૦૧૪ આર. આર. શેઠ કપની , અમદાવાદ.
(૪) ભારત જાગો ! વિશ્વ જગાઓ ! અનુવાદક: કેતન પટેલ. આવૃતિ-૨૦૧૨, વિવેકાનંદ કેન્દ્ર બોડકદેવ, અમદાવાદ.
(૫) સ્વામી વિવેકાનંદનો સંદેશ અને વિધાર્થીજીવનની સફળતા, આર.કે.શર્મા. આવૃતિ-૨૦૧૫, શારદા બુક હાઉસ વિજયવાડા.
(૬) કેળવણી. પ્રકાશક, સ્વામી ધ્રુવેશાનંદ. આવૃતિ-૧૯૯૩ શ્રી રામકૃષ્ણ મિશન, રાજકોટ.
(૭) યુગપુરૂષ વિવેકાનંદ, કિશોર મકવાણા, આવૃતિ-૨૦૦૮ આર.આર. શેઠ કંપની અમદાવાદ.
(૮) સ્વામી વિવેકાનંદ ગ્રંથમાળા – ૧, સ્વામી સર્વસ્થાનંદ, આવૃતિ-૧૯૬૨, શ્રી રામકૃષ્ણ મિશન, રાજકોટ.
(૯) ગાંધીની નજરે દુનિયા, મનસુખ સલ્લા, ગૂર્જર સાહિત્ય પ્રકાશન, અમદાવાદ.પ્રથમ આવૃતિ-૨૦૧૯
(૧૦) અમારા ગાંધી, સંપાદક, ચેતના પટેલ, પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ,પ્રથમ આવૃતિ-૨૦૧૯
(૧૧) ગાંધીજી એક ખોજ, દેવેન્દ્ર પટેલ, નવભારત સાહિત્ય મંદિર,અમદાવાદ, પ્રથમ આવૃતિ-૨૦૧૭

https://www.gapbhasha.org/

GAP भाषा
A MULTILINGUAL JOURNAL OF RESEARCH
(ISSN – 2582-8770)
Globally peer-reviewed and open access journal.

# શીમળાનાં ફૂલ': આંતરમનનો સંઘર્ષ વ્યક્ત કરતી નવલકથા

## પ્રજાપતિ ક્રિષ્ના વી.

*Ph. D શોધછાત્રા,*
*ગુજરાતી વિભાગ,*
*ગુજરાત યુનિવર્સિટી*

ધીરુબહેન પટેલની નવલકથા "શીમળાનાં ફૂલ" (૧૯૭૬) નારીના આંતરખોજની કથા છે. આ નવલકથાની નાયિકા રન્ના એક શિક્ષિત, બુદ્ધિશાળી અને સ્વતંત્ર વિચારો ધરાવતી સ્ત્રી છે, જે પુરુષપ્રધાન સમાજમાં પોતાના અસ્તિત્વ અને સ્વાયત્ત વ્યક્તિત્વ માટે સંઘર્ષ કરે છે. લગ્નજીવનમાં પતિ સાથેની સંવાદિતાનો અભાવ અને એકસૂરી દામ્પત્યજીવન તેને માનસિક રીતે અસહ્ય બને છે. એ અંતે ગૃહત્યાગ કરે છે, પરંતુ સ્વાતંત્ર્યની શોધમાં નીકળીને એ અનુભવે છે કે સાચી મુક્તિ બહાર નહીં, પણ પોતાના અંતરમાં છે. આ રીતે આત્મઅભિજ્ઞતા પ્રાપ્ત કરીને તે પુનઃ ગૃહાગમન કરે છે.

ધીરુબહેન પટેલ પોતાની રચનાઓમાં શિક્ષિત વર્ગની બુદ્ધિપ્રધાન સ્ત્રીને પુરુષપ્રધાન સમાજ સામે ઝઝૂમતી બતાવે છે. તેમની કલમ સ્ત્રીના મનની વેદના, અંતરવિરોધ અને આત્મસંઘર્ષને પારદર્શી રીતે વ્યક્ત કરે છે. આ નવલકથા નારીના આંતરમનના સંઘર્ષ અને આત્મજ્ઞાનની યાત્રા છે. ધીરુબહેન પટેલે સ્ત્રીને સહનશીલ નહીં, પરંતુ વિચારશીલ અને નિર્ણયશીલ પાત્ર તરીકે રજૂ કરી છે.  અહીં લેખકે સ્ત્રીના મનનું ખૂબ સુંદર ચિત્રણ કર્યું છે. કથાની નાયિકા રન્ના છે, જે પોતાના લગ્નજીવનમાં અને દામ્પત્યજીવનમાં એકલતા અને નીરસતા અનુભવે છે.  રન્ના પોતાના પ્રિય વિમલને પતિ તરીકે પામી છે. શરૂઆતમાં બંને વચ્ચે ખૂબ પ્રેમ હતો, પરંતુ હવે એ પ્રેમ ખોવાઈ ગયો છે. આ પરિસ્થિતિ માનવજીવનની એક દુઃખદ અને વાસ્તવિક હકીકત છે – સમય જતાં ઘણા દંપતિઓ વચ્ચેની લાગણીઓ ઓછી થઈ જાય છે.  રન્ના ઈચ્છે છે કે પતિ-પત્ની વચ્ચે હંમેશાં આત્મીય જોડાણ રહે, એકબીજા સાથે મનથી જોડાયેલ રહે. પરંતુ વિમલને તેમાં રસ નથી. તે પોતાના ઓફિસના કામ, મિત્રો અને મનોરંજનમાં જ વ્યસ્ત રહે છે. તે એટલો સંવેદનહીન બની ગયો છે કે રન્ના સાથે સમય વિતાવવાની કે વાતચીત કરવાની તેની પાસે ઈચ્છા નથી. રન્નાને દુઃખ એનું નથી કે વિમલ ખરાબ માણસ છે, દુઃખ એનું છે કે વિમલને તેમના નિરસ દામ્પત્યજીવનનું અણસાર પણ નથી. આ જ વાત રન્નાને અંદરથી ખાલી કરી નાખે છે. તે વિચારે છે કે ઘરના બંધનમાંથી બહાર નીકળી પોતાનું અસ્તિત્વ ("સ્વ") શોધવું જોઈએ. એવું જીવન જીવવું જોઈએ, જ્યાં તે પોતાની જાતને અનુભવી શકે. આ વિચારથી પ્રેરાઈને રન્ના ગૃહત્યાગ કરવાનો નિર્ણય લે છે. તેના પતિ વિમલ તેને ખૂબ સમજાવે છે, વિનવે છે કે આવું ન કર, પણ રન્ના અડગ રહે છે. વીસ વર્ષના દામ્પત્યજીવનને પાછળ મૂકી તે ઘર છોડે છે. રન્નાનો આ નિર્ણય બતાવે છે કે તે સમાધાન કરનારી સ્ત્રી નથી, પણ પોતાનું અસ્તિત્વ શોધવા માટે સાહસિક અને સંકલ્પબળ ધરાવતી સ્ત્રી છે. એ ગૃહત્યાગ કોઈ અચાનક પગલું નથી એનાં પાછળ એનો ગંભીર વિચાર અને સ્પષ્ટ કારણ છે. તે સમજે છે કે "રન્ના" નામની ગૃહિણી ઉપરાંત એની અંદર એક અલગ વ્યક્તિ પણ છે, અને મૃત્યુ પહેલાં એ વ્યક્તિને શોધવી જરૂરી છે. વિમલ વ્યક્તિ તરીકે સજ્જન અને માયાળુ છે. બંને વચ્ચે કોઈ ઝઘડો કે ગેરસમજ નથી. પરંતુ વિમલ રન્નાના ભાવનાત્મક આવેગોને સમજતો નથી, એથી રન્ના ધીમે ધીમે એની ચીડનું કારણ બની જાય છે.

લેખક કહે છે કે – સ્ત્રી અને પુરુષનો સંબંધ બહુ જ જટિલ છે. એ માત્ર વ્યક્તિગત નથી, પણ સામાજિક પણ છે. એટલે જ સર્જકો (લેખકો) માટે આ વિષય હંમેશા મહત્વનો રહ્યો છે. લગ્નસંબંધમાં પ્રેમ, ફરજ, સ્વતંત્રતા, સમજણ, હઠ, છેતરપિંડી જેવા અનેક પાસા જોડાયેલા હોય છે. નવલકથામાં લેખિકા આવા અનેક પ્રકારના લગ્નસંબંધો અને માનવસંબંધો બતાવે છે – ઉમા જે પોતાના પતિના આત્મહત્યાના દુઃખને સહન કરીને જીવતી રહે છે. પાયલ ઉમાની પુત્રી, જે કિશોરાવસ્થામાં છેતરાઈને ગર્ભવતી થાય છે છતાં પોતાના જીવનમાં સ્થિર રહે છે. સુરુભાઈ અને લીલીભાભી જેઓ સ્વભાવમાં ભિન્ન છે,

https://www.gapbhasha.org/

છતાં તેમનું દામ્પત્ય somehow ચાલે છે. મંજુ અને નિશીથ જ્યાં મંજુ હઠ કરે છે કે પતિ સાથે જ પ્રવાસે જશે. પલ્લવી જે પ્રેમમાં વિશ્વાસ ન હોવા છતાં ગોઠવણથી વિમલ સાથે થોડો સમય રહે છે. આ બધાં પાત્રો અને તેમની ઘટનાઓમાંથી "સ્ત્રીસંબંધ"ના વિવિધ રૂપો દેખાય છે – છૂટાછેડાં, છેતરપિંડી, સમાધાન, હઠ, કુટુંબત્યાગ, આત્મપ્રતારણા વગેરે. આ બધા પ્રસંગો સમાજની વાસ્તવિકતા બતાવે છે અને સાથે રન્નાના મનની કરુણ સ્થિતિને પણ સમજવામાં મદદ કરે છે.

એક વખતે ઉમા રન્નાને પૂછે છે કે "વિમલભાઈને કશું કોઈની સાથે... આઈ મીન..." ત્યારે રન્ના બહારથી શાંત સ્વરે જવાબ આપે છે, "ના ઉમા, વિમલને એવું કંઈ જ નથી." પરંતુ એના મનમાં એક બીજું જ તોફાન ચાલી રહ્યું હોય છે. એ વિચારતી રહે છે કે, "બિનવફાદારી જ એક સંબંધનો અંત લાવનારી વાત હોવી જોઈએ એવું કોણે નક્કી કર્યું હશે? ક્યારેક મૌન પણ બે જણ વચ્ચે એટલું મોટું અંતર ઊભું કરી દે છે કે એક એક શબ્દ ઈંટ બનીને ગેરસમજૂતીની દીવાલ ઊંચી થતી જાય." એટલે રન્ના સમજે છે કે સંબંધ ફક્ત પ્રેમથી ટકતો નથી. તે માટે સમજદારી, પરસ્પર આદરભાવ અને ગાઢ સ્નેહ જરૂરી છે. રન્નાને આ ત્રણેય વાતો પોતાના દામ્પત્યજીવનમાં ન મળી, અને એ માટે એના મનમાં ખાલીપો અને એકલતા ઊગી નીકળે છે.

રન્ના કહે છે, "આપણા જીવનમાં કેટલીએ 'જો' અને 'તો' આવી ગઈ. એમાંથી એકાદીને પણ શાશ્વતતાની સોનેરી બેડી પહેરાવી શક્યાં હોત તો આજે એકબીજાની નિકટ હોત. માત્ર એક ઘરમાં ન રહેતાં હોત, પણ સ્ત્રીપુરુષનું અખંડ સાયુજય પામી શક્યા હોત." આ વાક્યમાં રન્નાનું હૃદય ઉઘડી જાય છે. એના શબ્દોમાં વિમલ માટેનો પ્રેમ છે, પણ એ પ્રેમ હવે એક અપૂર્ણ સ્મૃતિ બની ગયો છે. એ કહે છે, "આ ઘડીએ મને જો પાંખ હોત તો ક્યારનીયે ઊડી આવીને તમને વળગી પડી હોત." એટલે એનો પ્રેમ હજી જીવંત છે, પરંતુ એ પ્રેમ વ્યક્ત થવાનો અવસર હવે ખોવાઈ ગયો છે.

થોડા સમય પછી વિમલ રન્નાને મળવા માટે ઉમાનું ઘર શોધતો ત્યાં આવી પહોંચે છે. પતિનું ઘર છોડી આવેલી રન્ના સહજ રીતે વિમલ સાથે હીંચકા પર બેસી જાય છે. આ એક એવી ક્ષણ છે, જ્યાં બંનેના અલગ થયેલા હૃદયના તાર ફરીથી જોડાઈ જાય છે. એ ક્ષણમાં બે આત્માઓ વચ્ચેની અંતરંગતા ફરી જન્મે છે, પરંતુ એ ક્ષણ પૂરી રીતે ફૂલી શકતી નથી. પ્રેમની એ ચીજ જે અત્યારે ફૂંકાઈ જવાની હતી, એ અચાનક ચીમળાઈ જાય છે. કશું ખોટકાઈ ગયું છે – કદાચ સમય, કદાચ સંજોગ, કદાચ સ્વભાવ – પરંતુ એ બંને વચ્ચેનું સ્નેહસંબંધ હવે અપૂર્ણ રહી ગયો છે.

આ રીતે ધીરુબહેન રન્ના જેવા પાત્ર દ્વારા સ્ત્રીના અંતરજીવનની કરુણ લાગણી અને આંતરિક સંઘર્ષનું ખૂબ જ સુંદર ચિત્રણ કર્યું છે. રન્ના બહારથી મજબૂત દેખાય છે, પરંતુ અંદરથી એ સતત એક અદૃશ્ય દુખથી પીડાય છે. એના માટે પ્રેમ એક એવી શક્તિ છે જે જીવંત રાખે છે, પણ એ જ પ્રેમ એને એકલતા અને અધૂરાપણાની સજા આપે છે

રન્ના પછી થોડો સમય ઉમા પાસે રહે છે. ત્યાં પાયલ સાથે તેની ગાઢ મૈત્રી બંધાય છે, પણ તે સંબંધની મીઠાશ જળવાઈ રહે તે માટે તે હસતાં મુખે ઉમાનું ઘર છોડે છે. પછી પંઢરપુર જાય છે – જ્યાં કોઈ પરિચિત નથી. ત્યાં તેને પોતાના સ્ત્રીત્વનું ભાન થવા લાગે છે. નિશીથ નામના પરપુરુષની હાજરી એને અસ્વસ્થ અને પ્રક્ષુભ બનાવે છે. તેના મનમાં એક અજાણી બેચેની ઉપસે છે, અને એ સમજવા લાગે છે કે પોતે માત્ર આત્મા કે મન નથી, પરંતુ શરીર પણ છે. એમાં ઉઠેલા ભાવો એને પોતાની નારીસ્વભાવની સમજ આપે છે. આ અનુભવો એને માનસિક રીતે પોતાના પતિ વિમલની વધુ નજીક લાવે છે. પોતાના સ્ત્રીત્વની નિર્બળતા અનુભવી એ વિમલને ઝંખવા લાગે છે. આ રીતે રન્નાનો આંતરિક પ્રવાસ એના મન, શરીર અને આત્માની સમજ તરફ દોરી જાય છે. અંતે જ્યારે એ સ્વગૃહે પાછી જવાની નક્કી કરે છે, ત્યારે એને એવું લાગે છે કે જાણે પહેલી વાર નહીં, પણ બીજી વાર એ સાસરે જઈ રહી હોય – નવી સમજ અને અનુભૂતિ સાથે. પરંતુ વિમલ એને આનંદથી આવકારતો નથી. વિમલના ઘરે આવી પહોંચેલી રન્નાને દરવાજા પરથી જ પાછી જવું પડે છે. અહીંથી વાર્તામાં કરુણભાવ વધુ ઊંડો બને છે, કારણ કે વિમલ પોતાના એકાંકી જીવનમાંથી બહાર આવવા માટે પલ્લવી નામની યુવતી સાથે જોડાયો છે. એટલે કે, રન્નાને પ્રેમ કરવા છતાં, વિમલ હવે એની સાથે રહી શકતો નથી, તેથી એને સમજાવીને શર્માના ગેસ્ટહાઉસમાં રાખી આવે છે. પછી રન્ના વિમલને જણાવે છે કે પંઢરપુરમાં એની અંદર નિશીથ નામના માણસ પ્રત્યે ક્ષણિક આકર્ષણ ઉપજ્યું હતું. આ વાત સાંભળીને વિમલ ગુસ્સે ભરાઈ જાય છે અને પૂછે છે – "મને સાચું કહેજે, નહિતર હું તને મારી નાખીશ! એણે તારી સાથે શું કર્યું હતું?" પરંતુ રન્નાએ જે સત્ય સ્વીકાર્યું, તેની કિંમત વિમલને જરા પણ નથી લાગતી. રન્નાને દુખ થાય છે કે વિમલ એના આ નાના લાગણીસંબંધને કલંક સમજે છે, પરંતુ પોતાના પલ્લવી સાથેના સંબંધ વિશે ક્યારેય વિચારતો નથી. ઉલટું, એ રન્નાને જ દોષી ઠરાવે છે. અહીં વિમલનું પુરુષ

https://www.gapbhasha.org/

અહંકાર અને સ્વકેન્દ્રિતતા દેખાય છે. પછી વિમલ ધીમે ધીમે રન્ના પ્રત્યે કરુણાભર્યો બનવા લાગે છે. લેખક બતાવે છે કે દાંપત્યજીવનમાં પતિએ પોતાની સ્વકેન્દ્રિતતા છોડીને પત્નીની લાગણીઓ માટે જગ્યા આપવી જોઈએ. પરંતુ બીજી દૃષ્ટિએ જોવું તો એવું પણ લાગે છે કે કદાચ આ વાત માત્ર એક કથાની કળા (તરકીબ) છે જેથી વિમલને પલ્લવી તરફ વાળવાનો માર્ગ તૈયાર થાય. એના અસંતુલિત સ્વભાવને કારણે રન્ના એના મનની નજીક આવી શકતી નથી.

રન્ના એક એવી નારી છે જેને દંભી અને નિરર્થક દામ્પત્યજીવનથી મુક્તિ જોઈએ છે, પરંતુ સમાજ અને પરિસ્થિતિના બાંધણને કારણે તે બહાર આવી શકતી નથી. વિમલને નુકસાન ન થાય એ માટે તે પોતાનો વિદ્રોહ દબાવી દે છે, એટલે તેનો સમર્પણ વેદનાભર્યું છે. નવલકથાનો અંત રન્નાના વિમલ પાસે પાછા ફરવાથી થાય છે — આ વાસ્તવિક અને સામાજિક દૃષ્ટિએ યોગ્ય ઉકેલ છે, આદર્શવાદી નહીં. "શીમળાનાં ફૂલ" નું પ્રતીક રન્નાના દુઃખી આંતરિક જીવનને દર્શાવે છે — જેવું ફૂલ ખરી જાય છતાં થોડીવાર જીવતું લાગે છે, એવી જ રીતે રન્નાનું જીવન પણ બહારથી જીવતું દેખાય છે પણ અંદરથી મરેલું છે. આમ, આ નવલકથા એક સંવેદનશીલ સ્ત્રીની માનસિક વેદના અને સમાજમાં એની અસ્તિત્વની લડતનું મનોવૈજ્ઞાનિક (psychological) ચિત્રણ છે, જે ધીરુબહેન પટેલએ સુંદર ભાષા અને રૂપકોથી વ્યક્ત કરી છે.

## સંદર્ભગ્રંથ :

પટેલ ધીરુબહેન, 'શીમળાનાં ફૂલ', પ્ર.આવૃત્તિ ૧૯૭૬, **Zen opus Ahmedabad**

https://www.gapbhasha.org/

GRAND ACADEMIC PORTAL
RESEARCH JOURNALS

GAP भाषा
A MULTILINGUAL JOURNAL OF RESEARCH
(ISSN – 2582-8770)
Globally peer-reviewed and open access journal.

# 'ક્રોસ રોડ' અને 'જુઠા સચ' નવલકથામાં ભારતીય નારીની છબી

## પ્રીતીબેન અરૂણકુમાર મકવાણા

*રીસર્ચ સ્કૉલર,*
*ગુજરાતી વિભાગ,*
*ભાષા-સાહિત્ય ભવન, ગુજરાત યુનિવર્સિટી*

## ૧. પ્રસ્તાવના

**ભારતીય સાહિત્યમાં નારીનું સ્થાન હંમેશા એક મહત્વપૂર્ણ અને સંવેદનાત્મક વિષય રહ્યું છે. સમાજમાં સતત બદલાતી મુલ્ય વ્યવસ્થા,પિતૃસત્તાક વ્યવસ્થાના બંધનો,વ્યક્તિગત ઈચ્છાઓ અને વિકાસની તરસ -આ બધું ભારતીય નારીના જીવનને અનેક પડકારોથી ભરેલું બનાવે છે. આ સંદર્ભમાં વર્ષા અડાલજાની 'ક્રોસરોડ' અને યશપાલ ની 'જુઠા સચ' બંને નવલકથાઓ ભારતીય નારીની છબીને બે અલગ પરિસ્થિતિઓમાં પ્રકાશિત કરતી મહત્વપૂર્ણ કૃતિઓ છે. એક તરફ ગુજરાતી ભાષામાં લખાયેલી 'ક્રોસરોડ' આધુનિક ભારતીય નગરજીવનમાં સ્ત્રીના આંતરિક સંઘર્ષો અને આત્મખોજનું ચિત્રણ કરે છે, જ્યારે બીજી તરફ હિન્દી ભાષામાં લખાયેલી 'જુઠા સચ'ભારતના વિભાજનકાળની સામાજિક -રાજકીય હિંસા અને માનવતાહીન પરિસ્થિતિઓ વચ્ચે નારીની દશાને વાસ્તવવાદી રીતે રજુ કરે છે. બંને નવલકથાઓનો સમય,પ્રસંગ,પરિસ્થિતિ અને લેખનશૈલી અલગ હોવા છતાં નારીની છબી બંનેમાં સંઘર્ષશીલ ,જાગૃત અને સશક્ત રૂપે સામે આવે** છે.

## ૨. 'ક્રોસરોડ' આધુનિક ભારતીય નારીની આંતરજગતનું ચિત્રણ.

વર્ષા અડાલજા આધુનિક ગુજરાતી નવલકથાના એવા લેખકોમાં આવે છે કે જેમણે સ્ત્રીના આંતરિક મનોકથા,ભાવજગત અને સંઘર્ષોને નવીનતા સાથે રજુ કર્યા.તેમની નવલકથા 'ક્રોસરોડ' આધુનિક યુગની ભારતીય નારીના જીવનમૂલ્યો, સપનાઓ,બંધનો અને વિખવાદોનું ખુબ જ અસરકારક પ્રતિબિંબ તરીકે સામે આવે છે. આ નવલકથાની નાયિકા માત્ર સામાજિક બાંધછોડમાં બંધાયેલી પરંપરાગત નારી નહિ ,પરતું પોતાના જીવનમાં મહત્વના નિર્ણયો વિશે વિચાર કરતી અને વ્યક્તિગત ઓળખ ઘડવા માંગતી આધુનિક સ્ત્રી છે. નવલકથા નું શીર્ષક જ'ક્રોસરોડ' એ દર્શાવે છે કે નારી એક તરફ કુટુંબ, પરંપરા અને સમાજની મર્યાદાઓ સાથે બંધાયેલી છે ,જ્યારે બીજી તરફ તે પોતાની ઓળખ, સ્વતંત્રતા અને આત્મસન્માન માટે ઝઝૂમે છે. નારીના મનમાં ચાલતી આ આંતરિક ઉથલપાથલ જ'ક્રોસરોડ' નું મુખ્યકેન્દ્ર છે.

આ નવલકથામાં ભારતીય નારીની છબી એકરૂપ નથી,પણ અનેક પરતો ધરાવે છે. લેખિકાએ નારીને માત્ર ભાવુક અથવા ત્યાગમૂર્તિ તરીકે નહીં, પરંતુ વિચારશીલ,આત્મનિર્ધારક અને સંઘર્ષશીલ વ્યક્તિ તરીકે રજૂ કરી છે. તેઓ સ્ત્રીના મનના ઊંડાણમાં જઈને બતાવે છે કે કેવી રીતે ભારતીય નારી બહારથી શાંત અને સમજુતી વાળી લાગી શકે,પરંતુ અંદરથી અનેક સંઘર્ષોમાંથી પસાર થતી હોય છે. નારી માટે પ્રેમ,સમજણ,માન અને સ્વતંત્રતા એ એટલી જ જરૂરી છે જેટલી કે તેમની માટે સમાજે ગોઠવેલી પરંપરાઓ. ભારતીય સમાજમાં સ્ત્રી પર લાગેલા મર્યાદા-બંધનો નવલકથાના નારી પાત્રોમાં સ્પષ્ટ દેખાય છે, છતાં પણ આ સ્ત્રીઓ મૌન નથી.તેઓ પ્રશ્ન કરે છે. વિચાર કરે છે. પોતાનું યોગ્ય સ્થાન મેળવવા પ્રયત્ન કરે છે. લેખિકા નારીને પરંપરાગત મૂલ્યોમાં જડબેસલાક બાંધેલી દેખાડતી નથી,પરંતુ તેને

https://www.gapbhasha.org/

પરિવર્તનશીલ યુગની સહયાત્રી તરીકે ચીતરે છે. જે ભૂતકાળ,વર્તમાન અને આવનારા સમય વચ્ચે સંતુલન સાધવા ઈચ્છે છે.

## 'જુઠા સચ' વિભાજનકાળની નારીનું વાસ્તવિક ચિત્ર.

યશપાલ હિન્દી સાહિત્યના એવા લેખક છે કે જેમણે ભારતીય સમાજ,રાજકીય પરિવર્તન અને ખાસ કરીને નારી જીવનના વાસ્તવિક સંઘર્ષોને ખૂબ જ નિર્ભય અને સત્યનિષ્ઠ રીતે રજુ કર્યા છે. તેમની પ્રસિદ્ધ નવલકથા 'જુઠા સચ' ભારતના વિભાજનના ભયંકર તોફાન વચ્ચે ફસાયેલા જીવનચિત્રોનું દસ્તાવેજ છે.આ નવલકથામાં પુરુષની સાથે સાથે અનેક નારીપાત્રો પણ એવી રીતે આલેખાયેલાં છે કે તે સમયની ભારતીય સ્ત્રીની માનસિક,સામાજિક અને ભાવનાત્મક સ્થિતિનો જીવંત અનુભવ મળે છે. યશપાલ નારી ને માત્ર ગૃહિણી કે પુરુષની છાયાથી ઓળખ દેતા નથી; તેઓ નારીની વ્યક્તિત્વ ધરાવતી વિચારશીલ આસક્તિઓ ,ઈચ્છાઓ અને સમાજ સામે પોતાનો અવાજ ઉઠાવવાની શક્તિ ધરાવતી વ્યક્તિ તરીકે રજૂ કરે છે.

આ નવલકથામાં નારી અનેક રૂપ ધરાવે છે -માતા,પત્ની,પ્રેમિકા,કાર્યકર,સંઘર્ષક અને એક સામાન્ય માનવી. 'જુઠા સચ' ની નારી શિક્ષિત અને વિચારશીલ છે. તે સમાજની અસમાનતાને પડકારે છે. રાજકીય જાગૃતિ ધરાવે છે. નવલકથામાં અનેક સ્ત્રીઓ પર વિભાજનના હુલ્લડોમાં થયેલા અત્યાચારનું ચિત્રાંકન જોવા મળે છે. જો કે લેખક પીડા બતાવે છે, ત્યાં સુધી જ સીમિત નથી રહેતાં. તેઓ બતાવે છે કે સ્ત્રી માત્ર શોષિત નથી પણ વિપત્તિમાં એ જીવવાની ઈચ્છા અન લડવાની શક્તિ ધરાવે છે. હુલ્લડોમાં વેશ્યાગામને આશ્રયસ્થાન બનાવી વપરાતી સ્ત્રીઓ, પોતાના ઘરના પુરુષોને ગુમાવતી માતાઓ,અસુરક્ષા માટે સંઘર્ષ કરતી યુવતીઓ આ બધા દ્રશ્યો ભારતીય નારીના જીવનમાં આવેલી અસહ્ય કરુણ સત્યતા દર્શાવે છે. યશપાલની નારી પરંપરા બંધ સમાજ સામે પ્રશ્ન ઉઠાવે છે.નવલકથામાં દર્શાવેલ નારી પુરુષ પ્રાધાન્યની માન્યતાઓને નિર્ભયતાથી પડકારતી જોવા મળે છે. 'જુઠા સચ'ની નારી અતિ સંવેદનશીલતાની સાથે-સાથે વાસ્વતવિક જીવનની જખમ ભરેલી કઠોર સત્યતાનો સંગમ છે.લેખકે નારીના મનમાં ચાલતા ભય,અવિશ્વાસ,પ્રેમ,ત્યાગ,આક્રોશ,અને આશાને જીવંત બનાવ્યાં છે. વિભાજન જેવી ટ્રેજેડી વચ્ચે પણ નારી જીવનને ફરીથી ગોઠવવાની શક્તિ ધરાવે છે- યશપાલનો આ મુખ્ય સંદેશ છે.

## બંને નવલકથામાં નારીની છબીનું તુલનાત્મક મુલ્યાંકન

વર્ષા અડાલજાની 'ક્રોસરોડ' નવલકથામાં મધ્યમ વર્ગના ઘર પરિવારની વાત કરે છે. તેમાં નારીના આંતરિક સંઘર્ષ અને આત્મખોજની ચર્ચા થઇ છે. આ નવલકથામાં નારી પોતાની ઓળખ, સબંધો અને સ્વતંત્રતા, માટે લડે છે. તેમાં વ્યક્તિગત જીવનના ભાવનાત્મક અને આત્મિક સંઘર્ષને દર્શાવે છે,જ્યારે યશપાલની 'જુઠા સચ' નવલકથામાં સ્વતંત્રતા, વિભાજન અને રાજકીય આંદોલનની વાત કરી છે. અહીં નારીનું સશક્ત અને સામાજિક-રાજકીય રૂપ દર્શાવ્યું છે. આ નવલકથામાં નારી અસમાનતા, હિંસા અને સમાજ સુધારણા સામે લડે છે. તેમાં નારીનું વાસ્તવિક અને સમાજ કેન્દ્રિત ચિત્ર રજૂ થાય છે

## ઉપસંહાર

વર્ષા અડાલજાની 'ક્રોસરોડ' અને યશપાલની 'જુઠા સચ'બંને નવલકથાઓ ભારતીય નારીની છબીને બે અલગ-અલગ પરિસ્થિતિઓમાં પ્રકાશિત કરતી અનોખી કૃતિઓ છે. 'ક્રોસરોડ' એ આધુનિક સ્ત્રીના આંતરિક જગત,તેની ભાવનાત્મક જરૂરિયાતો અને મનોવૈજ્ઞાનિક સંઘર્ષને વ્યક્ત કરે છે. તે એવી નારીનું ચિત્ર દોરી આપે છે કે જે સબંધોમાં બંધાઇને રહેતી નથી, પરંતુ પોતાનું જીવનમુલ્ય પોતે નક્કી કરવા માંગે છે. બીજી તરફ 'જુઠા સચ'એ સ્ત્રી પર થતી સામાજિક-રાજકીય હિંસાનું વાસ્તવિક ચિત્રણ રજુ કરે છે. વિભાજનકાળની અસુરક્ષા,હિંસા,માનવતાહીનતા વચ્ચે પણ નારી નિર્વિકાર રહી નથી.તે પોતાના અધિકારો માટે લડે છે અને પોતાની ઓળખ માટે આગ્રહ રાખે છે. આ રીતે બંને નવલકથાઓ એકસાથે મળીને ભારતીય નારીની બહુપરિમાણીય છબીને ઉજાગર કરે છે. જેમકે- સંવેદનશીલ પણ મજબૂત,દયાળુ પણ

https://www.gapbhasha.org/

સ્વાભિમાની,પીડિત પણ લડાયક,પરંપરાની દીકરી પણ આધુનિકતાની સાથી. આમ, આજની ભારતીય નારીનું આ જ વિસ્તૃત,જટિલ અને શક્તિશાળી ચિત્રણ એ આ બંને નવલકથાઓની વિશેષતા છે.

## સંદર્ભ સાહિત્ય :

૧. વર્ષા અડાલજા - 'ક્રોસરોડ' . આર.આર.શેઠ કંપની : મુંબઈ
૨. યશપાલ - 'જુઠા સચ' (ભાગ-૧ અને ૨) - રાજકમલ પ્રકાશન : નવી દિલ્હી.

https://www.gapbhasha.org/

GAP भाषा
A MULTILINGUAL JOURNAL OF RESEARCH
(ISSN – 2582-8770)
Globally peer-reviewed and open access journal.

# આધુનિક શિક્ષણમાં સંસ્કૃતનું મહત્વ

## રાજેશકુમાર ડી. જોષી

*Ph.d Scholar*
*સંસ્કૃત વિભાગ ભાષાસાહિત્ય ભવન,*
*ગુજરાત યુનિવર્સિટી,*
*અમદાવાદ.*

આધુનિક શિક્ષણમાં સંસ્કૃતનું મહત્વ ખૂબ જ વ્યાપક અને બહુઆયામી છે. તેને માત્ર ધાર્મિક ભાષા તરીકે ન જોતા, આધુનિક સંદર્ભમાં તેના અનેક ફાયદાઓ છે.

## 📜 સાંસ્કૃતિક અને જ્ઞાનનો વારસો: -

મૂળભૂત જ્ઞાનનો ભંડાર: સંસ્કૃતમાં વેદો, ઉપનિષદો, રામાયણ, મહાભારત, અને ગીતા જેવા મહાન ગ્રંથો સિવાય પણ વિજ્ઞાન, ગણિત (શૂન્ય અને દશાંશ પદ્ધતિ), જ્યોતિષ, દવા (આયુર્વેદ), યોગ, તર્કશાસ્ત્ર અને કાયદાનું વિપુલ સાહિત્ય ઉપલબ્ધ છે. સંસ્કૃતનું જ્ઞાન આ પ્રાચીન બૌદ્ધિક વારસાને સીધો સમજવા માટે જરૂરી છે. સંસ્કૃત સાહિત્યમાં નૈતિક મૂલ્યો, ચારિત્ર્ય નિર્માણ અને માનવતાવાદી વિચારોનું સમૃદ્ધ શિક્ષણ છે, જે આધુનિક સમાજ માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. સંસ્કૃત એ વેદ, ઉપનિષદ, આયુર્વેદ, યોગ, ગણિત અને તર્કશાસ્ત્ર સહિત ભારતીય જ્ઞાન પ્રણાલી **(Indian Knowledge System - IKS)**નું પ્રવેશદ્વાર છે. આધુનિક વિદ્યાર્થીઓ માટે પોતાના મૂળ ઇતિહાસ અને વિજ્ઞાનને સીધો સમજવા માટે સંસ્કૃત જરૂરી છે.સંસ્કૃત સાહિત્યમાં સંગ્રહાયેલા નૈતિક અને માનવીય મૂલ્યો વિદ્યાર્થીઓના ચારિત્ર્ય નિર્માણ અને સામાજિક જવાબદારીની ભાવના માટે અત્યંત મહત્વના છે.

## 💻 કમ્પ્યુટર વિજ્ઞાન અને કૃત્રિમ બુદ્ધિમત્તા (AI) માં મહત્વ: -

પાણિનિનું સંસ્કૃત વ્યાકરણ 'અષ્ટાધ્યાયી' એ વિશ્વમાં ભાષાના વૈજ્ઞાનિક વ્યવસ્થાપનનું પ્રથમ અને અત્યંત સચોટ ઉદાહરણ છે. પાણિનિએ (ઈ.સ. પૂર્વે ૪થી સદી) 'અષ્ટાધ્યાયી' માં સંસ્કૃત ભાષાનું જે માળખું તૈયાર કર્યું, તે કમ્પ્યુટર પ્રોગ્રામિંગના મૂળભૂત સિદ્ધાંતો સાથે અત્યંત સામ્યતા ધરાવે છે.પાણિનિનું વ્યાકરણ એટલું નિયમબદ્ધ અને ગાણિતિક છે કે તેમાં કોઈપણ પ્રકારની અનિયમિતતા **(irregularity)** કે અસ્પષ્ટતા **(ambiguity)** નથી.વ્યાકરણના સૂત્રો પ્રોગ્રામિંગ અલ્ગોરિધમ **(Algorithm)** ની જેમ જ કાર્ય કરે છે. આ નિયમોનું પાલન કરીને કોઈપણ શબ્દ કે વાક્યનું નિર્માણ કે વિશ્લેષણ કરી શકાય છે.

આ ક્ષેત્રમાં થયેલું સૌથી મોટું સંશોધન **NASA**ના ભૂતપૂર્વ વૈજ્ઞાનિક રિક બ્રિગ્સ **(Rick Briggs)** દ્વારા ૧૯૮૫ માં થયું હતું. તેમણે તેમના સંશોધનપત્ર **"Knowledge Representation in Sanskrit and Artificial Intelligence"** માં સાબિત કર્યું કે સંસ્કૃત વિશ્વની એકમાત્ર એવી કુદરતી ભાષા છે જે કૃત્રિમ બુદ્ધિમત્તાના પાયાના સિદ્ધાંતોને ટેકો આપી શકે છે અને મશીન લર્નિંગ માટે આદર્શ છે.

સંસ્કૃતની નિયમબદ્ધતા, ચોકસાઈ અને સ્પષ્ટતા તેને કૃત્રિમ બુદ્ધિમત્તા સ **(Artificial Intelligence)** અને મશીન લર્નિંગ માટે આદર્શ ભાષા બનાવે છે. તે એક એવી અસ્પષ્ટ **(unambiguous)** ભાષા છે, જે કોમ્પ્યુટર માટે સરળતાથી પ્રોગ્રામ કરી શકાય છે.

**AI** અને નેચરલ લેંગ્વેજ પ્રોસેસિંગ **(NLP)** માટે સંસ્કૃતને ખૂબ અનુકૂળ માનવામાં આવે છે. મોટાભાગની કુદરતી ભાષાઓમાં સંદિગ્ધતા હોય છે. જેમ કે અંગ્રેજીમાં **"Bank"** શબ્દ નદીનો કિનારો પણ હોઈ શકે અને નાણાકીય સંસ્થા પણ. સંસ્કૃતમાં આ પ્રકારની અસ્પષ્ટતા નહિવત્ છે, જેનાથી કમ્પ્યુટરને વાક્યનો સાચો અર્થ સમજવામાં સરળતા રહે છે. વાક્યના શબ્દોનો ક્રમ **(Word Order)** અંગ્રેજી કે અન્ય ભાષાઓ જેટલો સખત નથી. શબ્દોના વિભક્તિ પ્રત્યયો **(Case**

https://www.gapbhasha.org/

**Endings)** જ તેમનો વ્યાકરણિક સંબંધ સ્પષ્ટ કરી દે છે. આનાથી **AI** અર્થપૂર્ણ માળખા પર વધુ ધ્યાન આપી શકે છે, નહિ કે માત્ર શબ્દના ક્રમ પર.સંસ્કૃતના વ્યાકરણની સચોટતાને કારણે, તેનો ઉપયોગ ડેટાબેઝ અને જ્ઞાનનું પ્રતિનિધિત્વ **(Knowledge Representation)** કરવા માટે એક કાર્યક્ષમ માળખું પૂરું પાડી શકે છે, જ્યાં દરેક માહિતી તાર્કિક અને વ્યવસ્થિત રીતે સંગ્રહિત હોય.

આ કારણોસર, આધુનિક શિક્ષણમાં સંસ્કૃત માત્ર માનવ સંસ્કૃતિનો જ નહીં, પણ કમ્પ્યુટર અને **AI** ટેકનોલોજીના વિકાસ માટે પણ એક આવશ્યક સાધન બની ગયું છે.

## 🧠 માનસિક વિકાસ અને ભાષા કૌશલ્ય:

સંસ્કૃતને ભારતીય ભાષાઓની 'જનની' (માતા) માનવામાં આવે છે. સંસ્કૃત શીખવાથી હિન્દી, ગુજરાતી, મરાઠી, બંગાળી જેવી અનેક આધુનિક ભારતીય ભાષાઓ અને અહીં સુધી કે ગ્રીક અને લેટિન જેવી ઈન્ડો-યુરોપિયન ભાષાઓનું વ્યાકરણ અને શબ્દભંડોળ સમજવું સરળ બને છે.સંસ્કૃતના શ્લોકોનો ઉચ્ચાર અને પાઠ કરવાથી મગજના ચોક્કસ ભાગો સક્રિય થાય છે, જે યાદશક્તિ, એકાગ્રતા અને જ્ઞાનાત્મક **(Cognitive)** કૌશલ્યો ને સુધારે છે.સંસ્કૃતનું ઉચ્ચારણ વૈજ્ઞાનિક રીતે સુવ્યવસ્થિત છે, જે વિદ્યાર્થીઓને સ્પષ્ટ અને શુદ્ધ વાણી **(Clarity of speech)** વિકસાવવામાં મદદ કરે છે.

## 🏛 નવી શિક્ષણ નીતિ (NEP) 2020 માં સ્થાન: -

ભારતની નવી શિક્ષણ નીતિ **(NEP) 2020** માં સંસ્કૃતના મહત્વ પર ભાર મૂકવામાં આવ્યો છે. તેને શાળાઓ અને કોલેજોમાં વૈકલ્પિક ભાષા તરીકે શીખવવાની અને તેને 'ત્રણ ભાષા ફોર્મ્યુલા' માં સામેલ કરવાની હિમાયત કરવામાં આવી છે, જેથી વિદ્યાર્થીઓને આ પ્રાચીન ભાષાના અભ્યાસનો લાભ મળી શકે. સંસ્કૃત માત્ર એક પ્રાચીન ભાષા નથી, પરંતુ તે આધુનિક યુગમાં તાર્કિક વિચારસરણી, સાંસ્કૃતિક સમજણ અને ટેક્નોલોજીકલ એપ્લિકેશન માટે એક શક્તિશાળી સાધન છે. આધુનિક શિક્ષણમાં સંસ્કૃત માત્ર એક ભાષા નહીં, પણ એક જ્ઞાનનો પાયો હોવાથી તે જરૂરી છે. નીતિ સૂચવે છે કે સંસ્કૃતના પાઠ્યપુસ્તકો અને શબ્દકોશોને નિયમિતપણે અપડેટ કરવામાં આવે, જેથી તે સૌથી વર્તમાન મુદ્દાઓ અને વિભાવનાઓ ને સમાવી શકે.સંસ્કૃતના અભ્યાસને પ્રોત્સાહન આપવા માટે ડિજિટલ સંસાધનો, ઓનલાઈન પ્લેટફોર્મ અને ટેકનોલોજીના ઉપયોગ પર ભાર મૂકવામાં આવ્યો છે.

**NEP** 2020 હેઠળ, હાલની સંસ્કૃત યુનિવર્સિટીઓ અને સંસ્થાઓને મોટી, બહુ-વિષયક **(Multidisciplinary)** ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં રૂપાંતરિત કરવામાં આવશે. આનાથી સંસ્કૃતનો અભ્યાસ અન્ય વિષયો (જેમ કે સાયન્સ, આર્ટ્સ, મેનેજમેન્ટ) સાથે સંકલિત થઈ શકશે.નીતિ અનુવાદ અને અર્થઘટન માટે ભારતીય સંસ્થા **(IITI)** ની સ્થાપના પર ભાર મૂકે છે. સંસ્કૃતના હજારો હસ્તપ્રતો અને ગ્રંથોના સંગ્રહ, સંરક્ષણ અને અનુવાદ પર વિશેષ ધ્યાન આપવામાં આવશે.

સંક્ષિપ્તમાં કહીએ તો, **NEP** 2020 માં સંસ્કૃતનું મહત્વ એ છે કે તેને એક બંધિયાર પરંપરામાંથી બહાર કાઢીને, આધુનિક શિક્ષણ પ્રણાલીના કેન્દ્રમાં લાવવામાં આવ્યું છે, જેથી વિદ્યાર્થીઓને તેના બૌદ્ધિક અને સાંસ્કૃતિક વારસાનો સંપૂર્ણ લાભ મળી શકે. કમ્પ્યુટર વિજ્ઞાન અને કૃત્રિમ બુદ્ધિમત્તા **(AI)** માં સંસ્કૃતનું મહત્વ એ આધુનિક યુગનો એક સૌથી રસપ્રદ વિષય છે. સંસ્કૃતને માત્ર એક પ્રાચીન ભાષા તરીકે નહીં, પણ ભવિષ્યની ટેકનોલોજી માટેના એક આદર્શ સાધન તરીકે જોવામાં આવે છે. . **NEP** 2020 એ સંસ્કૃતને ભારતીય શિક્ષણ પ્રણાલીમાં ખૂબ જ મજબૂત અને મુખ્ય સ્થાન આપ્યું છે, જે પરંપરાગત અભિગમથી ઘણું અલગ છે. નીતિમાં સંસ્કૃતને માત્ર ધાર્મિક ભાષા તરીકે નહીં, પરંતુ બૌદ્ધિક, વૈજ્ઞાનિક અને આધુનિક ભાષા તરીકે જોવામાં આવી છે.

## 🏛 NEP 2020 માં સંસ્કૃતના મહત્વના મુખ્ય મુદ્દાઓ: -

📜 ૧. મુખ્ય પ્રવાહમાં સમાવેશ **(Mainstreaming)**:-

https://www.gapbhasha.org/

NEP 2020 સ્પષ્ટ કરે છે કે સંસ્કૃતને 'ત્રણ ભાષા ફોર્મ્યુલા' માં એક મહત્વપૂર્ણ વિકલ્પ તરીકે સામેલ કરવામાં આવશે. આનાથી વિદ્યાર્થીઓ માટે સંસ્કૃત શીખવાના દરવાજા ખુલે છે, જે અત્યાર સુધી ઘણા રાજ્યોમાં મર્યાદિત હતા. પોલિસી સૂચવે છે કે સંસ્કૃતનો અભ્યાસ શાળા સ્તરે (પ્રાથમિકથી ઉચ્ચ માધ્યમિક સુધી) શિક્ષણના તમામ સ્તરે કરવામાં આવશે, જેમાં વિદ્યાર્થીઓની રુચિને અનુરૂપ સરળ અને આધુનિક પદ્ધતિઓનો ઉપયોગ થશે.

૨. જ્ઞાન અને સંસ્કૃતિનો પાયો:

NEP 2020 ભારતીય જ્ઞાન પ્રણાલી **(Indian Knowledge System - IKS)** પર ભાર મૂકે છે, જેનું મૂળ સંસ્કૃતમાં છે. આયુર્વેદ, યોગ, ગણિત, ખગોળશાસ્ત્ર અને તર્કશાસ્ત્રના જ્ઞાનને સંસ્કૃતના માધ્યમથી મુખ્ય અભ્યાસક્રમમાં લાવવામાં આવશે.સંસ્કૃતને ભારતની બૌદ્ધિક ધરોહરના એક અનિવાર્ય ભાગ તરીકે સ્વીકારવામાં આવ્યું છે, જે વિદ્યાર્થીઓમાં પોતાના સાંસ્કૃતિક મૂળ વિશે ઊંડી સમજ વિકસાવશે.

## આયુર્વેદ અને યોગ :

આજે સમગ્ર વિશ્વમાં આયુર્વેદ અને યોગનો પ્રચાર થઈ રહ્યો છે. આ બંને વિજ્ઞાનના મૂળભૂત ગ્રંથો (જેમ કે ચરક સંહિતા, યોગ સૂત્રો) સંસ્કૃતમાં છે. આ ક્ષેત્રોમાં ઊંડો અભ્યાસ કરવા માટે સંસ્કૃત આવશ્યક છે.
આધુનિક શિક્ષણમાં સંસ્કૃતને સામેલ કરવાથી વિદ્યાર્થીઓ માત્ર ભૂતકાળ સાથે જોડાતા નથી, પરંતુ તેમને ભવિષ્યની તકનીકો અને તાર્કિક વિકાસ માટે પણ તૈયાર કરે છે. સંસ્કૃતને આધુનિક વિદ્યાર્થીઓ માટે આકર્ષક અને સરળ બનાવવા માટે આજે અનેક નવીન અને અસરકારક અભિગમો અપનાવવામાં આવી રહ્યા છે, જે તેને પરંપરાગત શિક્ષણ પદ્ધતિઓ કરતાં વધુ ઇન્ટરેક્ટિવ અને વ્યવહારુ બનાવે છે.

## સંસ્કૃત શીખવા માટેના મુખ્ય નવીન અભિગમો:

ટેકનોલોજી આધારિત શિક્ષણ **(Technology-Based Learning)** :-

**Duolingo** જેવી ભાષા શીખવાની એપ્સના મોડલ પર સંસ્કૃત શીખવવા માટે ઘણી મોબાઇલ એપ્લિકેશનો ઉપલબ્ધ છે. આ ઉપરાંત, **Coursera, Swayam,** અને અન્ય પ્લેટફોર્મ પર ગેમિફાઇડ **(Gamified)** અને માળખાગત ઓનલાઈન કોર્સિસ છે જે ઇન્ટરેક્ટિવ ક્વિઝ અને લેસન દ્વારા ભાષા શીખવે છે.સંસ્કૃતના શબ્દોના ઉચ્ચાર અને સંધિ-વિગ્રહને સમજવા માટે અદ્યતન **AI**-આધારિત ભાષા પ્રોસેસિંગ ટૂલ્સ અને ઓનલાઈન ડિક્શનરીનો ઉપયોગ કરવો.

સંભાષણ પદ્ધતિ **(Spoken Sanskrit Method)** :-

પરંપરાગત રીતે માત્ર વ્યાકરણ અને ગ્રંથો પર ધ્યાન કેન્દ્રિત કરવાને બદલે, આ અભિગમ રોજિંદા જીવનમાં સંસ્કૃત બોલવા પર ભાર મૂકે છે. આમાં નાના અને સરળ વાક્યોનો ઉપયોગ કરીને પરસ્પર વાતચીત કરવી અને ગીતો કે બાળવાર્તાઓ દ્વારા ભાષા શીખવવામાં આવે છે. કેટલાક સંગઠનો "સંસ્કૃત ગામ" **(Samskrita Grama)** ના મોડેલથી પ્રેરિત વર્કશોપ્સનું આયોજન કરે છે, જ્યાં થોડા દિવસો માટે તમામ સંદેશાવ્યવહાર ફક્ત સંસ્કૃતમાં જ થાય છે.

આંતરશાખાકીય અભિગમ **(Interdisciplinary Approach)** :-

વિદ્યાર્થીઓને સમજાવવું કે સંસ્કૃતનું વ્યાકરણ કેવી રીતે કોમ્પ્યુટર પ્રોગ્રામિંગની તર્ક પદ્ધતિ **(Logic)** સાથે સંકળાયેલું છે. આનાથી એન્જિનિયરિંગ અને ટેકનોલોજીના વિદ્યાર્થીઓને પણ સંસ્કૃત પ્રત્યે રુચિ વધે છે.પ્રાચીન ભારતીય ગણિત (જેમ કે આર્યભટ્ટ) અને ખગોળશાસ્ત્રના સંસ્કૃત શ્લોકોનો ઉપયોગ કરીને વિષય શીખવવો, જેથી વિદ્યાર્થીઓને ખબર પડે કે સંસ્કૃત માત્ર ધર્મની નહીં, પણ વિજ્ઞાનની પણ ભાષા હતી.યોગ સૂત્રો કે આયુર્વેદના મૂળ સિદ્ધાંતો સંસ્કૃતમાં શીખવવા, જે વિશ્વભરમાં લોકપ્રિય છે, આનાથી સંસ્કૃતનો વ્યવહારુ ઉપયોગ સ્પષ્ટ થાય છે.

દ્રશ્ય અને શ્રાવ્ય સામગ્રી **(Visual and Auditory Aids)** :-

https://www.gapbhasha.org/

સંસ્કૃતના શ્લોકોને સરળતાથી યાદ રાખવા માટે એનિમેટેડ વિડિયોઝ, કાર્ટૂન, અને ટૂંકી ફિલ્મોનો ઉપયોગ કરવો. **YouTube** પર પણ સંસ્કૃત શીખવતા ઘણા ચેનલો આ પદ્ધતિ અપનાવે છે. વિદ્યાર્થીઓને સંસ્કૃતમાં સરળ નાટકો ભજવવા અને સંસ્કૃત ગીતો ગાવા માટે પ્રોત્સાહિત કરવા, જેથી તેમને ભાષા જીવંત લાગે.

આ નવીન અભિગમો સંસ્કૃતને માત્ર એક અભ્યાસનો વિષય નહીં, પણ એક જીવંત અને ઉપયોગી ભાષા તરીકે સ્થાપિત કરવામાં મદદ કરે છે. શ્રીમદ્ ભગવદ્ ગીતા એ જીવનનું સાર્વત્રિક દર્શન છે, જે આધુનિક શિક્ષણ અને કારકિર્દીના પડકારોનો સામનો કરવા માટે શ્રેષ્ઠ માર્ગદર્શન આપે છે.

ગીતાના કેટલાક અતિ મહત્વપૂર્ણ શ્લોકો જે આધુનિક શિક્ષણ અને વિદ્યાર્થીઓ માટે સીધા ઉપયોગી છે:

**🧘 કર્મયોગ: કાર્ય અને પરિણામ :-**

આધુનિક શિક્ષણમાં વિદ્યાર્થીઓ પરિણામ (ગ્રેડ, નોકરી) ની ચિંતામાં તણાવ અનુભવે છે. આ શ્લોક તેમને કાર્ય પર ધ્યાન કેન્દ્રિત કરવાનું શીખવે છે.

कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन।
मा कर्मफलहेतुर्भूः मा ते सङ्गोऽस्त्वकर्मणि॥

(અધ્યાય ૨, શ્લોક ૪૭)

ગુજરાતી અર્થ:

તારો અધિકાર કેવળ કર્મ કરવા પર જ છે, તેના ફળો પર ક્યારેય નથી. તું કર્મફળનું કારણ પણ ન બન, અને તારી અકર્મ (કાર્ય ન કરવા) માં પણ આસક્તિ ન થાઓ.આ શ્લોક વિદ્યાર્થીઓને શીખવે છે કે તેઓએ પરીક્ષાના પરિણામની ચિંતા કર્યા વગર, તેમની મહેનત (અધ્યયન, પ્રેક્ટિસ) પર ૧૦૦% ધ્યાન આપવું જોઈએ. સફળતા માત્ર યોગ્ય કર્મ (મહેનત) થી જ મળે છે.

**🎯 એકાગ્રતા અને નિશ્ચય :-**

આધુનિક યુગમાં ધ્યાન ભંગ થવું ખૂબ સામાન્ય છે. આ શ્લોક સફળતા માટે એકાગ્રતાનું મહત્વ સમજાવે છે.

व्यवसायात्मिका बुद्धिरेकेह कुरुनन्दन।
**बहुशाखा ह्यनन्ताश्च बुद्धयोऽव्यवसायिनाम्॥**

(અધ્યાય ૨, શ્લોક ૪૧)

ગુજરાતી અર્થ:

હે કુરુનંદન (અર્જુન), આ માર્ગમાં (યોગમાં) નિશ્ચયાત્મક બુદ્ધિ એક જ હોય છે. અનિશ્ચયાત્મક મનવાળા માણસોની બુદ્ધિ ઘણી શાખાઓવાળી અને અનંત હોય છે.વિદ્યાર્થીઓને જ્યારે ઘણા બધા વિકલ્પો (કોર્સ, વિષયો, કરિયર) મળે, ત્યારે આ શ્લોક તેમને એક ધ્યેય પર નિશ્ચયપૂર્વક ધ્યાન કેન્દ્રિત કરવા અને ધ્યાન ભંગ થવાથી બચવા માટે પ્રેરિત કરે છે.

**⚖️ સંતુલન અને સંયમ (યોગ):-**

શ્રેષ્ઠ પરિણામ માટે વિદ્યાર્થીઓ માટે અભ્યાસ અને આરામ વચ્ચે સંતુલન જરૂરી છે.

युक्ताहारविहारस्य युक्तचेष्टस्य कर्मसु।
युक्तस्वप्नावबोधस्य योगो भवति दुःखहा॥

(અધ્યાય ૬, શ્લોક ૧૭)

ગુજરાતી અર્થ:

યોગ (સફળતાનો માર્ગ) સંતુલિત આહાર અને વિહારવાળા, કર્મમાં સંતુલિત પ્રયત્નવાળા તથા સંતુલિત નિદ્રા અને જાગૃતિવાળા મનુષ્ય માટે જ દુઃખોનો નાશ કરનાર બને છે.આ શ્લોક સમય વ્યવસ્થાપન **(Time Management)** અને તંદુરસ્ત જીવનશૈલીનું મહત્વ દર્શાવે છે. વિદ્યાર્થીએ વધારે પડતો આહાર, ઓછી કે વધુ પડતી ઊંઘ અને અસંતુલિત જીવનશૈલીથી દૂર રહીને પોતાના અભ્યાસમાં સંતુલન જાળવવું જોઈએ.

આ ત્રણેય શ્લોકો આધુનિક વિદ્યાર્થીઓ માટે માત્ર ધાર્મિક ઉપદેશ નહીં, પણ સફળતા માટેનો વ્યવહારુ મેનેજમેન્ટ પ્લાન પૂરો પાડે છે.

https://www.gapbhasha.org/

GAP भाषा
A MULTILINGUAL JOURNAL OF RESEARCH
(ISSN – 2582-8770)
Globally peer-reviewed and open access journal.

# ગુજરાતી બાળવાર્તામાં નિરૂપિત નૈતિક મૂલ્યો

## (Naitik Mulyo)

મિતલબેન પ્રભુભાઈ સોલંકી
*રીસર્ચ સ્કોલર,ગુજરાતી વિભાગ*
*ભાષા-સાહિત્ય ભવન ,ગુજરાત યુનિવર્સિટી*

### *પ્રસ્તાવના*

*માનવજીવનનું સૌંદર્ય તેના નૈતિક ગુણોમાં વસેલું છે. નૈતિક મૂલ્યો એ જીવનને દિશા અને અર્થ આપે છે. બાળક જ્યારે બાળવાર્તાવાંચે છે, ત્યારે એના મનમાં સદગુણોનું બીજ રોપાય છે. ગુજરાતી બાળવાર્તા માત્ર મનોરંજન પૂરતું નથી, પણ એ બાળકના ચરિત્ર, વિચારશક્તિ અને વર્તનના ઘડતર માટે એક મજબૂત પાયા તરીકે કાર્ય કરે છે.*

## ૧. નૈતિક મૂલ્યોનો અર્થ (Meaning of Naitik Mulyo)

'નૈતિક' શબ્દનો અર્થ છે – નૈતિકતા, આદર્શ, સદાચાર અને માનવીય ગુણો સાથે જોડાયેલું વર્તન.
નૈતિક મૂલ્યો એટલે –
"એવા આદર્શો કે સિદ્ધાંતો, જે માણસને સાચા–ખોટા વચ્ચેનો ભેદ શીખવે છે. અને સાચા માર્ગે ચાલવાની પ્રેરણા આપે છે."
બાળસાહિત્ય આ નૈતિક મૂલ્યોને સરળ ભાષા, રસપ્રદ વાર્તાઓ, કાવ્યો અને નાટકો દ્વારા બાળકોના મનમાં વાવી દે છે.

## ૨. બાળવાર્તામાં મુખ્ય નૈતિક મૂલ્યો (Main Moral Values in Gujarati Children's Literature)

**(૧) સત્યનિષ્ઠા (Truthfulness):**
સત્ય બોલવું, ખોટુંન બોલવું. અને દરેક પરિસ્થિતિમાં સાચી વાતને સમર્થન આપવું એ સત્યનિષ્ઠા છે. ઉદાહરણ : ઝવેરચંદમેઘાણીની વાર્તાઓમાં સત્યની શક્તિ દર્શાવવામાં આવી છે – "સત્ય ક્યારેય હારતું નથી." "લાકડિયાનો કુહાડો"વાર્તામાંબતાવે છે કે સત્ય બોલનારને ઈશ્વર હંમેશા મદદ કરે છે. "સત્યનિષ્ઠ બાળક" વાર્તામાંસત્યનો વિજય થાય છે.
**(૨) ઈમાનદારી (Honesty):**
ઈમાનદારી જીવનનું મહત્વપૂર્ણ શસ્ત્ર છે. બાળવાર્તા બાળકોને શીખવે છે કે ખોટી રીતથી મળેલ સફળતા ક્યારેય ટકતી નથી. ઉદાહરણ:એવી વાર્તાઓમાં ચોર કે છેતરપિંડી કરનાર પાત્ર અંતે પોતાની ભૂલનો પસ્તાવો કરે છે."રાજા અને ઈમાનદાર ખેડૂત" વાર્તામાં પણ બતાવવામાં આવ્યું છે. કે ઈમાનદારી થી કામ કરનારને ઈશ્વર અને લોકો પણ પ્રશંસા કરે છે."ઈમાનદાર દુકાનદાર"વાર્તામાંસમજાવવામાં આવ્યું છે કે.ઈમાનદારી થી વિશ્વાસ અને સફળતા મળે છે.
**(3) મહેનત અને ધીરજ (Hard Work and Patience):**
બાળવાર્તાશીખવે છે કે પ્રયત્ન કરવાથી કોઈ પણ મુશ્કેલી દૂર થઈ શકે છે. ધીરજ અને મહેનતથી જ સફળતા પ્રાપ્ત થાય છે. ઉદાહરણ: "મકડી અને પતંગિયાનીવાર્તા"માં મહેનત અને ધીરજથી મકડી પોતાનું જાળું ફરીથી બનાવે છે.કાચબો અને સસલો વાર્તામાં પણ ધીરજ અને સતત પ્રયત્ન કરનાર હંમેશાજીતે છે. "ખેડૂત અને તેનું ખેતર"વાર્તામાં મહેનત કરનારને જ સફળતા મળે છે."મધમાખીનું ઘર" વાર્તા પણ ટીમવર્ક ,મહેનત અને નિયમિતતા શીખવે છે.
**(૪) પરોપકાર અને દયા (Kindness and Compassion):**
બીજાના દુઃખમાં સહાનુભૂતિ રાખવી, મદદ કરવી, અને દયાળુ બનવું એ માનવતાનું લક્ષણ છે. ઉદાહરણ:પશુ–પક્ષીઓ અથવા ગરીબ મિત્રોની મદદ કરનારા બાળકોના ઉદાહરણો બાળવાર્તાઓમાં જોવા મળે છે."દયાળુ

https://www.gapbhasha.org/

રાજકુમાર"વાર્તામાં રાજકુમાર ગરીબો અને પ્રાણીઓની મદદ કરે છે."સસલું અને હરણ" માં પણ ઘાયલસસલાની હરણ સેવા કરે છે.આવીવાર્તાથી બાળકોમાં પરોપકાર અને દયાની ભાવના આવે છે.

**(૫) મિત્રતા અને સહકાર (Friendship and Cooperation):**

બાળવાર્તા બતાવે છે કે સાચી મિત્રતા વિશ્વાસ, સહયોગ અને સમર્પણથી ટકતી હોય છે. ઉદાહરણ: "સિંહ અને ઉંદર" જેવી કથાઓમાંસહયોગનું મૂલ્ય વ્યક્ત થાય છે."એકતામાં બળ છે" આ વાર્તામાં પણ બતાવવામાં આવ્યું છે કે કોઈ પણ કામ સહકાર થી કરવામાં આવે તો સરળ બની જાય છે.

**(૬) નમ્રતા અને ક્ષમાશીલતા (Humility and Forgiveness):**

અહંકાર વિનાનું વર્તન અને બીજાની ભૂલોને માફ કરવાની શક્તિ એ માનવીની મહાનતા દર્શાવે છે. ઉદાહરણ:રાજકુમાર અથવા દેવપાત્રો અંતે નમ્ર બનીને સૌનો સન્માન કરે છે."દયાળુરાજા અને ગુસ્સાવાળો સેવક"વાર્તામાં પણ સેવક ગુસ્સે થઈને રાજા સામે ખરાબ બોલે છે છતાં રાજા તેને માફ કરી દે છે.તેવાર્તામાંરાજાની ક્ષમાશીલતા જોવા મળે છે.

**(૭) આદર અને શિષ્ટતા (Respect and Politeness):**

માતા–પિતા, શિક્ષક અને વડીલો પ્રત્યે આદર રાખવો એ સંસ્કારનુંપ્રતિક છે. બાળસાહિત્ય બાળકોને શિષ્ટ અને સૌજન્યપૂર્ણ વર્તન શીખવેછે.ઉદાહરણ:-"ગુરુ અને શિષ્ય"ની એવી ઘણી વાર્તા છે જેમાં ગુરુનો આદર કરવો જોઈએ."રાજકુમાર અને વૃદ્ધ સ્ત્રી"વાર્તામાં પણ રાજકુમાર એક ગરીબ વૃદ્ધ સ્રીની મદદ કરે છે. ને તેનો આદર કરે છે.

**(૮) અહિંસા અને સદભાવ (Non-violence and Goodwill):**

બાળવાર્તામાં અહિંસા અને સૌહાર્દના સંદેશો વારંવાર જોવા મળે છે — કોઈને નુકસાન ન પહોંચાડવું, પ્રેમથી વર્તવું એ સત્ય જીવનમૂલ્ય ગણાય છે."કબુતર અને શિકારી"ર્તામાં કબૂતર પોતાના મિત્રો સાથે મળીને શિકારીનાજાળમાંથી છુટકારો મેળવેછે.પણ શિકારીને નુકશાન નથી પહોચાડતું.આ ઉપરાંત ગાંધીજી ,વિવેકાનંદ જેવા મહાનુભાવનાચરિત્રો પર થી પણ ગુણો વિકસે છે.

## ૩. નૈતિક મૂલ્યોનું શૈક્ષણિક મહત્વ (Educational Importance)

- બાળકના વ્યક્તિત્વ અને ચરિત્ર નિર્માણમાં નૈતિક મૂલ્યોની મહત્ત્વની ભૂમિકા છે.
- એ બાળકને વિચારશીલ,જવાબદાર અને ઈમાનદાર નાગરિક બનાવે છે.
- નૈતિક મૂલ્યો બાળકમાં આત્મવિશ્વાસ અને જીવનપ્રેરણાજગાવે છે.
- બાળસાહિત્ય દ્વારા બાળક "સારા અને ખરાબ" વચ્ચેનો તફાવત સમજે છે અને સારા માર્ગે ચાલવાની પ્રેરણા મેળવે છે.
- બાળકમાં જીવ માટે,પ્રેમ ,દયા અને સમાનતાની ભાવના જગાડે છે.
- નૈતિક મુલ્યો ધરાવનાર વ્યક્તિને અંતરથી શાંતિ અને સંતોષ મળે છે.

## ૪. ઉદાહરણરૂપ સાહિત્યકારો

**ગુજરાતી બાળવાર્તામાં અનેક લેખકોએ નૈતિક મૂલ્યોને જીવંત કર્યા છે —**

- ઝવેરચંદમેઘાણી – સત્ય, ધીરજ, દયા અને રાષ્ટ્રીય ભાવના.
- રમેશ પારેખ – માનવતાનોઉદ્દાત સંદેશ.
- ડૉ. રમણલાલ જોશી, પ્રફુલ્લ દવે, લલિતાબેન ગોરવગેરે – બાળકોના સંસ્કાર અને માનવીય મૂલ્યો પર આધારિત રચનાઓ.
- ગિજુભાઈબધેકા-બાળકો ના બ્રહ્મા તરીકે જાણીતા.તેમણેઘને બધી વાર્તાઓ આપી છે જેમાં બાળકોની નૈતિક મૂલ્યોશીખવવામાં આવે છે.
- લાભશંકર ઠાકર-મહેનત,માનવતા ,સત્ય એવા ગુણોનેલક્ષમાં રહીને એવી ઘણી બાળવાર્તાઓ આપવાનો પ્રયાસ કર્યો છે. આમ બાળવાર્તામાં ઘણા બધા બાળસાહિત્યકારોએઘણુંબધું સર્જન કર્યું છે.

https://www.gapbhasha.org/

## ૫. નિષ્કર્ષ (Conclusion)

ગુજરાતી બાળવાર્તા બાળકોના મનને સદગુણોથી પરિપૂર્ણ બનાવે છે. નૈતિક મૂલ્યો દ્વારા એ સત્યનિષ્ઠ, દયાળુ, ઈમાનદાર અને સંસ્કારી નાગરિક તરીકે ઘડાય છે.

"નૈતિક મૂલ્યો વગરનું શિક્ષણ અધૂરું છે,

"બાળસાહિત્ય એ નૈતિકતાનું જીવંત શાળાગૃહ છે."

## સંદર્ભ સાહિત્ય:

૧. ૨૧મી સદીનુંબાળસાહિત્ય (સંપાદક: કુમારપાળ દેસાઈ)
૨. ગુજરાતી બાળકથાસાહિત્ય (ડૉ.શ્રદ્ધાબેન ત્રિવેદી)

GRAND ACADEMIC PORTAL
RESEARCH JOURNALS

GAP भाषा
A MULTILINGUAL JOURNAL OF RESEARCH
(ISSN – 2582-8770)
Globally peer-reviewed and open access journal.

# 'મલક' લઘુનવલનો બોલીપ્રયોગો સંદર્ભે અભ્યાસ

## અનિલ હસમુખભાઈ રાજહંસ

*પી.એચડી સંશોધક,*
*ગુજરાતી વિભાગ,*
*હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી,પાટણ*
*મો.નં-8347591783*

ગુજરાતી નવલકથા ઐતિહાસિક,સામાજિક,રાજકીય અને અન્ય કથાનકોનું નિર્માણ કરીને સતત વિકસીત થતું રહેલું સાહિત્ય સ્વરૂપ છે. તેમાંય પ્રાદેશિક નવલકથા એ ગુજરાતી સાહિત્યમાં પોતાનું આગવું સ્થાન પ્રાપ્ત કર્યું છે.

સર્જક દલપત ચૌહાણે સાહિત્યમાં 'મલક' (૧૯૯૧), 'ગીધ' (૨૦૦૧), 'ભળભાખળું' (૨૦૦૪), 'રાશવા સૂરજ' (૨૦૧૨), 'બપોર' (૨૦૨૧) વગેરે નવલકથાઓ આપી છે. આ સાથે તેમણે ઉત્તર ગુજરાત પ્રદેશની બોલી પર 'તળની બોલી' (૨૦૦૯) નામનું પુસ્તક આપ્યું છે. જે ઉત્તર ગુજરાતની બોલીને સમજવા માટે ખૂબ જ અગત્યનું ગણાય છે. તેમની 'મલક' નવલકથાનો 'Home land' નામે અંગ્રેજીમાં અને 'મુલક' નામે હિન્દીમાં અનુવાદ થયો છે.

'મલક' નવલકથામાં સર્જક દલપત ચૌહાણે પોતાના વતનને-ઘરને છોડવાની વેદનાને રજૂ કરી છે. ગામમાં છેવાડે રહેતા વણકર વાસના લોકોની સામૂહિક વ્યથા-વેદનાને વિવિધ સ્મૃતિ સંવેદનોથી રજૂ કરી છે.

મુખ્ય પાત્ર ગોકળ, છગન, ભગો, જીવો, મગન રાવળ અને અન્ય પાત્રો હિજરતની પીડા તો સહન કરે જ છે સાથે પોતાના જીવનમાં બનેલ પ્રસંગ-બનાવને લીધે દુઃખી છે અને એ દુઃખ-વ્યથા-વેદનાને યાદ કરીને પોતાના પર થયેલ અત્યાચારને રજૂ કરીને નવલકથાને વધુ આસ્વાદ્ય અને રસસભર બનાવે છે. પ્રથમ પ્રકરણથી લઈને છેક છેલ્લા પ્રકરણ સુધી એક પછી એક પાત્રના મુખે ભૂતકાળમાં બની ગયેલ બનાવને રજૂ કરીને-ફ્લેશબેક પદ્ધતિ દ્વારા નવલકથાને વધુ રોચક બનાવવામાં આવી છે.

'મલક' લઘુ નવલકથાનો બોલી પ્રયોગો બાબતે અભ્યાસ કરવાનો અહી ઉપક્રમ છે. અહી આ નવલકથામાં ઉત્તર ગુજરાતની તળપદી બોલીનો પ્રયોગ થયો છે. નવલકથામાં પાત્રોના ચરિત્ર-ચિત્રણમાં, ગ્રામ્ય પરિવેશ, ઘટનાના નિરૂપણમાં, વાતાવરણના નિરૂપણમાં તેમજ પાત્રો-પાત્રો વચ્ચેની વાતચીતમાં-સંવાદમાં તેમજ તેમના સ્મૃતિ-સંવેદનમાં બોલીનો બળકટ પ્રયોગ થયો છે.

નવલકથામાં મુખ્ય સૂત્રધાર ગણાય એવા પુરૂષ પાત્ર અને જેનાથી નવલકથાની રોચક શરૂઆત થઇ છે એવા છગનના પાત્ર દ્વારા આખીય નવલકથામાં બોલીપ્રયોગો રજૂ થયા છે. છગન વાસના લોકોને વાસ ઉપર હુમલો થવાનો છે એની જાણ થતાં તરત જ ગામ લોકોને ખબર ન પડે એ રીતે વહેલો ઘરે આવે છે. ઘરે આવતાં જ વાસમાં કોઈને ન જોતાં નિરાશ થાય છે.

ઘરે આવતા, રસ્તામાં સાપને જોતા,

'આ હાપ આડો ઊતર્યો, નચ્ચી આજ ભૂંડું થવાનું ! મોંનો ના મોંનો, આજી હો વરહ પૂરાં.' (પૃ.૦૬)

પોતાના વાસ પર અણધારી આફત આવી પડી એટલે મનોમન બબડતાં કહે છે,

-'સો કળજગ આયો સઅ; દિયોરની કાંઇ હમજ પડતી નહીં, ઇન્ની હું......પાડાના વાંકઅ પખાલીનઅ ડામ, હાહરૂં.....આંમ ચ્યાં હુંદી હેંડસે; આ દિયોર ભગવાનેય હોમું ભાળતો નહી.' ( પૃ.૧૦-૧૧) વાસ પર આ આખીય આફત ભગા અને સંતોકને કારણે આવી છે એટલે એમને મનોમન ગાળ બોલતા કહે છે,

- ' એય........દિયોર ગોદળ હોમળાના સોકરાની વઉનો સંગ કર્યો. નઅ વેરીઓએ ઉચાળા ભરાવા ખેલ માંડ્યો. નઅ હાહરી હંતોકડી રાંડ.......એનઅ ભગલા વના કોઈ જણ નજર મઅ ઠર્યો નઈ ?' (પૃ.૧૧)

છગન પોતે જ વાસના તમામને મુશ્કેલીના સમયમાંથી બહાર કાઢી શકે એટલી હિંમત ધરાવે છે. એટલે એ કહે છે,

https://www.gapbhasha.org/

‘ સાતી રાખવી પડસે નકર આ ફેરા બધુંય સાફ થઇ જહઅ. કાંઈ નઈ બચઅ !’ (પૃ.૧૮) ‘ બીજાની પડાપૂસ કરતાં અમઅ હેંડવા માંડો, કોઈનઅ કેવાનું રઈ ના જાય. નકર ભૂંડી વલે થહઅ...!’ (પૃ.૩૨)

આમ, છગનના પાત્ર દ્વારા સર્જકે નવલકથામાં બોલીપ્રયોગો દ્વારા હિજરતના પ્રસંગની અસરકારકતાને આબેહૂબ રીતે રજૂ કરી છે.

ગોકળભા વયોવૃદ્ધ વ્યક્તિ છે અને ભગલાના પિતા રામલાના મોટા ભાઈ છે વળી, અવારનવાર વાસના તમામને મુશ્કેલીના સમયમાં મદદરૂપ થાય છે જ્યારે પહેલી વખત વાસ પર પથરા પડે છે ત્યારે લોઢું લોઢાને કાપે એ ન્યાયે ગામના ઉતાર એવા અનારજી ઠાકોર પાસે પહોંચી જાય છે અને વાસના લોકોની આપવીતી જણાવી આ બાબતે અનારજીને મદદરૂપ થવા જણાવે છે. ગોકળભાની બોલીમાં નરમાશ છે. પોતાનું કામ કેવી રીતે કઢાવવું એ માટે કેટલીક વખત ગોકળભા વિનમ્ર બને છે જે તેમની બોલીમાં જોવા મળે છે.

જેમકે,

-‘ હું કરીએ ઠાકોર, હાહરું અમારાથી તો રાતી ઊંઘીય હકાતું નહી ! ભારે થઇ જ્યું સઅ !’ (પૃ.૨૨)

-‘આખો દાડો મજૂરી કરીનઅ હાહ ખાવા બેઠા કઅ પથરા તડાતડ....તડાતડ. ફફડાટમઅ ઊંઘ ચ્યાંથી આવઅ ?’ (પૃ.૨૩)

ગોકળ વાસના તમામને સાવચેત રહેવા જણાવતા કહે છે,

‘ પેલા ભગાવાળી વાતનું આજી વેર લેવાવાનું સઅ !’ (પૃ.૨૯)

પોતાના વાસના લોકોને હિંમત આપતા,

‘ લ્યો હેંડો તાણ ઊભા ચ્યમ રઈ જ્યાં ! માથઅ તો મોત ભમઅ સનઅ ?’ (પૃ.૬૦) માં છગનની વાસના માણસો પ્રત્યેની ચિંતા દેખાય છે.

સવારે ગોકળ પોતાના વાસના તમામ લોકોને હિંમત આપતા કહે છે,

‘ અમઅ કાંઈ વાટ જોવી નહીં, લો હેંડો બધાય ઉઠો, ધરતી જેવી મા સઅ !
આ મલક જેવો મલક પડ્યો સઅ !’ (પૃ.૧૮૦)

આમ, ગોકળના પાત્ર દ્વારા રજૂ થયેલ બોલીપ્રયોગોમાં તેમનો આત્મવિશ્વાસ અને પ્રભુ પ્રત્યેનો શ્રદ્ધાભાવ જોવા મળે છે.

ભગો અને સંતોક-આ બે ‘મલક’ નવલકથાના કેન્દ્રીયકૃત પાત્રો છે. સંતોક અને ભગાને લીધે જ ગામ-ઘર-મહોલ્લો છોડવાની વાત હિજરતની ઘટના બને છે. બંને વચ્ચે ચાલતો પ્રેમસબંધ ગામના વણકરવાસ અને એમાં રહેતા તમામ માટે આફતરૂપ સાબિત થાય છે.

ગોદડ હોમળાના ખેતરમાં સાથી તરીકે-ખેતમજૂર તરીકે રહેતો ભગો પોતાના કારણે તમામ દુઃખી છે એ વાત જાણે છે પરંતુ તે કશું કરી શકતો નથી. તે પોતે જ ચક્રવ્યૂહમાં ફસાઈ ગયો છે. પોતાની આપવીતી ગોકળભાને જણાવતા ભગો કહે છે.

-‘ભા મું હું કરું ......!’ (પૃ.૨૭)

-‘આટલું વરહ નેહરી જાય, એકઅ ભા મારઅ ગોદડના હાથી નહીં રેવું, આ મસારાનું પૂરું થઇ જાય ઇકઅ ગંગા નાયો, વણવાનું કરે, સૂટી મજૂરી કરે, પણ ગોદડના ઘેર હાથી નઈ રઉ બસ!’ (પૃ.૨૭)

પોતે સવારથી લઇ સાંજ સુધી ખેતરનું કામ કરવું પડે છે પરંતુ ખેતરમાલિકને કશું કહી શકાતું નથી. ખેતમજૂર તરીકેનું કામ કરવાનું હોવાથી ભગાથી ઘરે પણ જઈ શકાતું નથી. ખેતરમાલિક કહે એ કામ સમય જોયા વગર કરવું પડે છે.

-‘હાહરું........ આ બૈરું કુણ અસે ?’ (પૃ.૧૪૯)

-‘અમઅ જીભ ડાબલીમઅ મેલ નકર અડબોથ મેલે !’ (પૃ.૧૫૫)

-‘સેના ફીફી ....... કરો સો ? આંય કાઈ ભવઈ-બવઈ થાય સઅ ?’ (પૃ.૧૬૫)

-‘અલ્યા, ચેવી ઘરવાળી નઅ વાત ચેવી ?’ (પૃ.૧૭૦) વગેરે સંવાદો-વાતચીતમાં ભગાનું આખાબોલાપણું જોવા મળે છે.

સંતોક ’મલક’ નવલકથાનું મુખ્ય સ્ત્રી પાત્ર છે. તેનું પાત્ર નવલકથાને રોચકતા અપાવે છે. સંતોકનો સ્વભાવ અને એનું વર્તન એના બોલીપ્રયોગોથી સર્જકે રજૂ કર્યું છે.

https://www.gapbhasha.org/

ભગો જ્યારે ફુંગરેલા-ગુસ્સે થયેલા રેલ્લાને-બળદને પકડીને પાછો ખેતરમાં લઇ જાય છે ત્યારે સંતોક ભગાની હિંમત જોઈ બોલી ઉઠે છે,

‘ આ ભગો તો જબરા મનખ સઅ !’ (પૃ.૧૫૪)

તો, ભગાની હાજરીમાં પાડોશી સ્ત્રી નવલ સંતોકની મશ્કરી કરે છે ત્યારે સંતોક કહે છે,

‘ અલ્યા હખણા રો, પારકા મનેખ હામું આમ ચાળા ના કરો’ (પૃ.૧૫૬) માં સંતોકનો સ્ત્રી સહજ સ્વભાવ જોવા મળે છે.

તો, રેલ્લો છેક ગામ રસ્તા સુધી આવી ગયો પરંતુ પોતાનો પતિ હજી એને પકડવા ઊભો થયો નથી એ જોઈ સંતોક મનોમન બબડી ઊઠે છે,

‘ એ તો નપાણિયો, રેલ્લાની બીકમ જ લેમડા નીચે બેઠો-બેઠો તમાકુ ખેંચતો અસે.’ (પૃ.૧૫૬)

એક વખત પોતાની સાસુના કહેવાથી સંતોક પોતાના ખેતરમાં સાથી-ખેતમજૂર તરીકે રહેલા ભગાને ભાત આપવા આવે છે ત્યારે જમીન ખોતરતા ભગાને સ્ત્રી સહજ મશ્કરી રૂપે કહે છે,

‘ એય......હેના લીટા કરો સો ભોંય પર ! અમારી ભોંય બગાડો નઈ હોંકઅ ! આ જમીં અમારી સઅ !’ (પૃ.૧૫૮)

ધીરે ધીરે બંને વચ્ચે સાહજિક વાતચીત થતી જાય છે અને બીજી વખતે થતી મુલાકાતમાં બંને વચ્ચે પ્રેમ પાંગરે છે. પોતાની તરફ જોઈ રહેલા ભગાને મશ્કરી કરતા હસતાં-હસતાં સંતોક કહી દે છે,

-‘ ચ્યમ, ચ્યાંઇ બૈરું ભાળ્યું સક નઈ ? તે ઓંમ ડોળા ફાડી-ફાડી નઅ જુઓ સો ? લ્યો અમઅ હુલ્લી ઉતરાવો, ઉતા કરી ઊભા થોવ, હંભળાતું નહીં ?’ (પૃ.૧૬૦)

-‘મું તો ભૂલી જઈ’તી કઅ તમારઅ ખાવાનું સઅ ! હાહરું તમનઅ ભાળીનઅ ચ્યમ ઓમ થાય સઅ ?’ (પૃ.૧૬૧) માં સંતોકનો ભગા પ્રત્યેનો પ્રેમ જોવા મળે છે.

-‘લ્યો હેંડો મારા મણિયારા, બંગડીઓ આરાવો.’ (પૃ.૧૬૭)

-‘ આમ ચ્યમ ઢીલા થઈ જ્યા ? મૂલ બવ વધારઅ પડઅ સઅ ?’ (પૃ.૧૬૮) વગેરે સંવાદ અને વાતચીતમાં મેળો મ્હાલતી વખતે સંતોકનો ભગા પ્રત્યેનો પ્રેમ અને રીસ જોવા મળે છે.

અનારજી ઠાકોર ગામનો ઉતાર માણસ છે. દારૂ તેમજ માંસ-મચ્છી લઈને બદલામાં લોકોને ધમકાવી-બીવડાવી કામ કરાવે છે. આખો દિવસ દારૂના ઘેનમાં ખેતરમાં પડ્યો-પાથર્યો રહે છે. એની વાણીમાં આક્રોશ જોવા મળે છે.

-‘હાહરો કુણ અસે ! કાંઈ વાંધો નઈ, એ તો મું પોંણીમઅ વાટ પાડે !’ (પૃ.૨૩)

નારસંગ ચૌધરીના ખેતરમાં છગન ખેત-મજૂર તરીકે ભાગિયા તરીકે રહે છે. વાતે વાતે નારસંગ છગનનું અપમાન કરે છે.

જેમ કે,

-‘લ્યા ચેટલા વાજે ઊઠ્યો તો; બળદોનઅ નીરણ મેલ્યું’તું.’ (પૃ.૧૩)

-‘રોજ તો ચેટલીય ચોકાસી કરતો’તો, અનઅ આજી મોઢું ફુલાઈનઅ બોલ્યા વગર?’ (પૃ.૧૪)

-‘દિયોર છગનિયા, ડોઢું ના બોલ હોં...... નક્કર અડબોથ મેલે કઅ ......!’ (પૃ.૧૬)

કાળુ વાળંદનું કામ સાદ પાડવાનું છે. ગામ વતી કાળુ વાળંદ વણકરવાસમાં હેમા સેનમાને બોલાવવા માટે આવે છે. ત્યારે કાળુ તોછડી બોલીમાં વણકરવાસના તમામને બોલાવે છે.

‘ અલ્યા..એઈ.... આ હેમલો ઘેર સકઅ નઈ !’ (પૃ.૫૨)

મગન રાવળનો ઊંટ કૂવામાં પડી જાય છે એટલે કાળુ વાળંદ હેમા સેનમાને બોલાવવા આવે છે અને સાથે જ ઊંટનું મૃત્યુ થયું છે એટલે એ ગોકળને કહે છે,

-‘આ હા યું સઅ તાણ તો ઢોલ વગાડવા હેમલાનઅ બોલાબ્બા આયો સું........
નકર અત્યારે કુના વિવા સઅ કો જોયે ?’ (પૃ.૫૩)

-‘હાહરા.....જુવો કોઈ જવાબેય આલતાં નહી.’ (પૃ.૧૩૫)

-‘દિયોર....ઢોલ લટકાઈ મેલ્યો સઅ ! મનઅ આલ્યો હોય તો ? મું વગાડીનઅ હાદ પાડીનઅ આંમનઅ બોલાઈ તો હકું !’ (પૃ.૧૩૫-૧૩૬)

https://www.gapbhasha.org/

સવો ભગત વણકરવાસની નજીક રહે છે. ગામના મહાદેવના મંદિરના દર્શન કરવાની તેમના જીવનની એક ઈચ્છા છે જે પૂર્ણ તો થાય છે પણ એ પછી તેમને ચંદુજી ઠાકોરનો મંદિર અભડાવવાને કારણે લાકડીનો માર ખાવો પડે છે અને આખા ગામ વચ્ચે મુખી તેમનું અપમાન કરે છે અને તેમને દંડ ભરવો પડે છે એટલે તેઓ ખૂબ જ દુઃખી છે. જે તેમના સંવાદમાં જોવા મળે છે.

-'અરે! અડસઠ તીરથનાય અભરખા રઈ જ્યા !' (પૃ.૭૩)

-'બધુંય ધૂળમઅ મલી જ્યું ?' (પૃ.૭૩)

નવલકથામાં મુખીનું પાત્ર સૌથી છેલ્લે આવે છે. સવા ભગતે ગામનું મહાદેવનું મંદિર અભડાયું એટલે ચંદુજીના કહેવાથી એ જ રાત્રે મુખી ભગત અને એની સાથે આવનાર તમામને ગામમાં બધા વચ્ચે ધમકાવે છે અને ગામ વતી ભગતને દંડ ફટકારે છે. મુખીનો કડક સ્વભાવ અને તેમના ક્રોધનો પરચો અને વણકર કોમ પ્રત્યેની તોછડાઈ તેમની વાતચીત પરથી દેખાય છે.

-'ચ્યમ દિયોર ગાંમધણી થઇ જ્યા સો નઈ, ઘોડે ચડીનઅ આયા અસો એકઅ મોં ફાટતું નહી ચ્યમ ?' (પૃ.૮૭)

-'દિયોરો ભહો નઅ ! મુઢામાં મગ ભર્યા સઅ ? મંદિર ચ્યમ અભડાયું ? મારો વાલો મા'દેવ જોઈ રયા સઅ ! બોલો નકર વાહ હળગઈ દેઈસ ?' (પૃ.૮૮)

-'દિયોર બૈડો ભાર નૈ જીલઅ હમજ્યો ?' (પૃ.૮૯)

-'ઇનઅ બવ ચરબી ચઢી સઅ, ઈનું કાંક કરવું પડશે !' (પૃ.૮૯)

આમ, 'મલક' નવલકથામાં ઉત્તર ગુજરાતની ઉત્તર ગુજરાતી અને તેમાંય વણકર કોમની બોલીની સાહજિક રીતે રજૂઆત કરીને નવલકથાકાર દલપત ચૌહાણે ગ્રામ્ય પરિવેશ-એમાં રહેતા ઉચ્ચ વર્ગ અને નિમ્ન વર્ગ વચ્ચેના રોજિંદા વ્યવહારને રજૂ કરીને નવલકથાને પ્રભાવશાળી બનાવી છે. ગામ-ઘર-મહોલ્લાને છોડવાનું દુઃખ સરળ નથી એ હિજરત કરી રહેલ આઝાદી પૂર્વેના વણકરકોમના સામૂહિક જીવનની વ્યથા-કથા હૂબહૂ રજૂ કરી છે અને એટલે, 'દલપત ચૌહાણની નવલકથા 'મલક' પરંપરિત જાનપદી નવલકથાની લાક્ષણિકતાઓ ઉપરાંત ગદ્યની તરેહ, ટેકનીક તથા નાટ્યાત્મક ગતિવિધિને કારણે નૂતન ઉન્મેષો પ્રગટાવે છે.' [૧] એ વાત તદ્દન સાચી ઠરે છે.

## સંદર્ભ સૂચિ

(૧) 'મલક', દલપત ચૌહાણ, હર્ષ પ્રકાશન,અમદાવાદ,બીજી આવૃતિ - ૨૦૦૭

* પાદટીપ

(૧) સ. પટેલ ભોળાભાઈ અને અન્ય, 'ગુજરાતી સાહિત્યનો દસમો દાયકો', પૃ.૪૩,ગુજરાતી સાહિત્ય પરિષદ- અમદાવાદ પ્રથમ આવૃતિ – ૨૦૦૭

https://www.gapbhasha.org/

GAP भाषा
A MULTILINGUAL JOURNAL OF RESEARCH
(ISSN – 2582-8770)
Globally peer-reviewed and open access journal.

# 'આવતી કાલની શોધમાં 'કાવ્ય સંગ્રહમાં પ્રકૃતિ નિરૂપણ

**અશ્વમેધસિંહ નરેન્દ્રસિંહ સિસોદિયા**

*રિસર્ચ સ્કોલર, ગુજરાતી વિભાગ, ભાષા-સાહિત્ય ભવન ગુજરાત યુનિવર્સિટી*

ગાંધીયુગમાં જન્મેલા અને અનુ ગાંધીયુગમાં પોતાની કવિતા દ્વારા અલગતરી આવેલા કવિ પ્રફુલ્લરાવલનો જન્મપ સપ્ટેમ્બર,૧૯૪૮ના રોજ વિરમગામમાં થયો છે. એમનુંજી વનખૂબ જ સાદું અને સરળ છે. એમના જીવનઘડતરમાં તેમના માતાનો વિશેષ ફાળો રહ્યો છે. તેઓ બાળ પણ થી જલેખોલ ખતા હતા અને તેમના લેખો કૉલેજ ના મુખપત્ર ' આકૃતિ ' માંછ પાતાં હતા. તેમને સાહિત્ય સર્જનની પ્રેરણા તેમના મોટાભાઈ પાસેથી મળી છે. બહુમુખીપ્રતિભા ધરાવતા પ્રફુલ્લરાવલ નિબંધકાર, ચરિત્રકાર તરીકે જેટલા સફળ છે, એટલા જ સફળ કવિત રીકે છે તેઆ સંગ્રહની કેટલીક રચનાઓ માંજોવા મળેછે. પ્રફુલ્લરાવલ પાસેથી 'આવતી કાલની શોધમાં', 'મિનોઈ સાચું કહેતી'તી', 'ઘોષાક્યાં ?', અને 'હું જસાંભળું મને 'જેવા કાવ્ય સંગ્રહો મળે છે. સૌંદર્યા ભિમુખ કવિ પ્રફુલ્લરાવલની કવિતાનો પ્રમુખ વિષય પ્રકૃતિ પ્રેમ છે.

પ્રફુલ્લરાવલનો પ્રથમ કાવ્યસંગ્રહ 'આવતીકાલ નીશોધમાં '૨૦૧૧માં પ્રસિદ્ધથયો, જેમાં કુલ ૭૩ કાવ્યોનો સમાવેશ થયો છે. જેમાં વિવિધ વિષયોને આવરીલે તીકવિતાઓ છે. જેમાં પ્રકૃતિ, પશુ-પંખી,ઘર-વતન, સમયખંડો વગેરેનો સમાવેશ કર્યો છે. તેમની કવિતાઓમાં પ્રકૃતિ માત્ર દૃશ્યસૌંદર્યનો ભાગ નથી, પરંતુ તે માનવીય અનુભૂતિ,તત્વજ્ઞાન અને અસ્તિત્વની અનુભૂતિ સાથે જોડાયેલી છે. આ લેખમાં પ્રફુલ્લ રાવલની કવિતાઓ ખાસ કરીને 'આવતી કાલની શોધ'ના આધારે પ્રકૃતિના વર્ણનનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે.

પ્રકૃતિ માનવજીવનની મૂળભૂત અનુભૂતિ છે. ગુજરાતી સાહિત્યમાં પ્રકૃતિ કવિઓ માટે ચિંતન, આનંદ અને કલ્પનાનો શાશ્વત સ્રોત રહી છે. પ્રફુલ્લ રાવલ આધુનિક યુગના એવા કવિ છે જેઓ પ્રકૃતિને માત્ર દૃશ્યરૂપે નહીં પરંતુ માનવચેતનાના અંતરની અનુભૂતિરૂપે વ્યક્ત કરે છે. તેમની કવિતાઓમાં પ્રકૃતિ ક્યારેક આશા રૂપે, ક્યારેક વેદના રૂપે, તો ક્યારેક તત્વજ્ઞાનરૂપે ઉભરી આવે છે. પ્રફુલ્લ રાવલ પ્રથમ કાવ્યમાં જક હેછે 'તારી વાર્તાને મળતો નથી અંત / મારા અંત ને નથી મળતી વાર્તા 'જીવનું પણ એવું જ છે એક જે શોધતું હોય તે બીજાને મળે અને એક ને જેજો ઈતું હોય તેન મળે. તેથી બંને અધૂરા રહીજાય છે.

કવિએ વરસાદની ઉપમા આપીને પ્રેમની લાગણીદર્શાવી છે.

"વધત વરસાદમાં પાળતું પંખીયુગલ
પાંખફફડાવીને પલળી રહ્યું છે એક મેકનેસંગ"

કવિએ'દીવો'નામનાકા વ્યમાં ગ્રીષ્મઋતુના બપોરનું વર્ણન છે બપોરનો તડકો ઉગ્ર છે ત્યારે વરસાદ ગાંડોતુર થઈ ને આવ્યો છે સાથે પવન પણ સુસવાટા ભર્યો આવે છે જેથી 'વૃક્ષ પરથીખર્યાલી લાછમ પર્ણો'.કવિએ 'શોધ' કાવ્યમાં તેમના ગામની નદી 'ઘોષા' નીવાત કરી છે. જ્યાં નદી હોય એની આજુબા જુહં મેશાલોકજી વનહોય છે. નદી માંસવાર માં બ્રાહ્મણો સ્નાનકરવા આવતા અને સૂર્યને જળચડાવવા આવતા. બાળકોએ માંધુ બાકા મારવા આવતા. આજુબાજુ વૃક્ષ પર બેઠેલા પંખીઓ મધુર કલરવ કતા. પણ હાલ આનદી અત્યારે ક્યાં ગઈ છે એની શોધ છે.

બીજા દિવસનું ન્યૂઝ પેપર બોલે છે:

સરસ્વતી નદીમાં આવ્યું છે પૂર
નેબદલાયું છે એનું વહેણ
મારા પૂર્વજોનું જળ, મારુંજળ;
અરે ! પણ ક્યાંછે જળ

'ઉખાડતુંર હ્યુંપોપડું કોઈક કોઈક વાર આપો આપ

બદલાતી મોસમે' કવિએ 'ભીંત' કાવ્યમાં બદલાતી મોસમમાં એટલે અહીં વર્ષાઋતુ માંદી વાલવારંવાર કરે લાકલરને લીધે હવે તો પોપડા પણ ખરવા લાગ્યા છે ક્યાંક ઇટોદેખાવા લાગી છે તો ક્યાંક બખોલ પડી ગઈ છે, કવિ ને ઈચ્છા થાય છે કે

https://www.gapbhasha.org/

GAP भाषा
A MULTILINGUAL JOURNAL OF RESEARCH
(ISSN – 2582-8770)
Globally peer-reviewed and open access journal.

જૂની લિપિ શીખવા માંડું અને ઉકેલું જૂનાપડ. અહીં તે મને તળપદી ભાષા નો શબ્દ 'ગાર' કેજેને ઘરમાંલી પણ માટે ઉપયોગમાં લેવાય છે, એ અને ઉપરાંત 'કરો, ભોંયમાં, ધોળી મૂછાળો નાગ વગેરે શબ્દોનો ઉપયોગ કરી કાવ્યને રસ મયબ નાવ્યું છે.

'કાંતો...' કાવ્યમાં કવિએ સુરજ ઉગવા અને અથમવાની વાત કરી છે

જાણું છું આ ઉગવા – આથમવા ની ભ્રાન્તિને,
તોય કરું છું સવારની પ્રતીક્ષા !
લખું છું લખાય તે.

'કાગવાશ' અને 'શ્રાદ્ધ' કાવ્યમાં કવિએ ભાદરવા મહિનાની વાત કરી છે. કે ભાદરવામાં ના સૂર્ય નાકિરણો દેખાય કે ના ચન્દ્ર દેખાય આખું. અહીં કવિએ અઠવાડિયાને બદલે પખવાડિ યુશબ્દ લીધો છે. એક ધારો વરસાદ પડે છે પડવા (ગુજરાતી મહિનામાં પૂનમ અને અમાસ પછીનો દિવસ) નીસવારે થોડો તડકોની કળ્યોછે અને મેંથોડી હાશ અનુભવી છે.

'પડું પડું થતા પલળે લાછા પરેના ખેછેકાગવાશ'

કવિએ અહીં પ્રકૃતિની સાથે સાથે હિન્દૂ રીતિ રિવાજોને પણ દર્શાવ્યા છે. લોકો ભાદર વામહિના માંપિતૃઓને શ્રાદ્ધ અર્પણકરે ત્યારે કાગવાશ બોલી કાગડાને ખવડાવવામાં આવે છે. ભાદરવો પૂરો થાય એટલે પછી વરસાદ જતો રહેએ નીરાહ કવિજોવે છે અને તેમને અંદરથી હાશકારો અનુભવે છે.

'આફાગણની સવારે' કાવ્યમાંક વિપહેલી જપંક્તિમાં લખ્યું છે.

'ડાબા હાથની હથેળીમાં આવે છે ખંજવાળ
નેફર કે છે એક ધારી જમણી આંખ'

અહીં કવિ કંઈક અમંગળથવાનો ભયદર્શાવ્યો છે. મોભારે ચિબરીબેઠી છે અને કાબરચિ તરીબિલાડી આડી ઉતરે છે વસંતઋતુતો જતી રહીછે અને હવે પાનખરઆવશે અને વૃક્ષપરના પાંદડાખરી પડશે અને હવે લાગશે વૈશાખી બપોરેલૂ અહીંયા કવિએ ઋતુ વર્ણન દ્વારા પ્રકૃતિ માંથતા પરિવર્તન બતાવ્યા છે.

'કોઈ' કાવ્યમાં કવિ અષાઢ મહિનાનું વર્ણન કરે છે. અષાઢમાં વૃક્ષો ઘટાદાર થઈ જાય છે, ધોળા દિવસે અંધારું થાય છે, કાળું ભૂરું આહલાદક અંધારું ચારે કોર છવાઈ જાય છે, મોર લાટ હુકવા માંડે છે અને ઘટાદાર વૃક્ષોને પાંખો ફૂટ વાલાગી છે નવો ઢાજેવી હવા ચારે દિશામાં પ્રસર વાલાગી છે.આ વોહોય છે અષાઢ મહિનો.

'મારી અંદર' કાવ્યમાં કવિ વર્ષાઋતુમાં વરસાદ માણવાની મજા આવે, પલળવું, ભીંજાવું, માટીની સુગંધ, વીજળીના ચમકારા અને કડાકા, વાદળોનો ગડગડાટ વગેરેની વાત કરી છે.

The mantra "प्राप्य वरान्निबोधत" implies that knowledge is obtained through the guidance of a guru. The Mundaka Upanishad (1.2.12) states, "तद्विज्ञानार्थं स गुरुमेवाभिगच्छेत् समित्पाणिः श्रोत्रियं ब्रह्मनिष्ठम्॥" one who desires Brahma-knowledge must go to a worthy guru, devoted and learned. In the Katha Upanishad Yama manifests as a guru who directs Nachiketa's enquiring spirit. The guru is the guiding light that leads the disciple from the darkness of ignorance to the light of knowledge.

**5. Connections to Other Scriptures on Elevation**

**(a) Bhagavad Gīta**:

The Gīta continues the doctrinal thread of the Katha Upanishad. In Gīta (2.19–2.20) it supports the imperishability of the Self. Gīta (6.28) states: "युञ्जन्नेवं सदा योगी विजितात्मा शुचिः सुखम्।" "Thus engaged, the yogi, having conquered the self and being pure, abides in inner bliss." This is the same concept of the steadfast person who rests in inner joy.

**(b) Bṛhadāraṇyaka Upanishad**:

"आत्मा वा अरे द्रष्टव्यः श्रोतव्यो मन्तव्यो निदिध्यासितव्यः।" (2.4.5) explains that realization of the Self comes through hearing, reflection and deep meditation — the threefold practice of elevation.

**(c) Chāndogya Upanishad**:

"तत्त्वमसि श्वेतकेतो।" (6.8.7) — "You are That" — this mahāvākya brings the experience of the identity of Self and Brahman and aligns with Katha's "एष सर्वेषु भूतेषु गूढः आत्मा" (1.3.12).

**(d) Mundaka Upanishad:**

"परिक्ष्य लोकान् कर्मचितान् ब्राह्मणो निर्वेदमायात्।" (1.2.12) — when a person becomes disillusioned with the rewards of actions and seeks more, the journey toward self-knowledge begins — a sentiment that awakens the same inquisitiveness as Nachiketa.

**6. The Modern Significance of Human Elevation**

The teaching of the Katha Upanishad is as relevant to contemporary humans as it was in ancient times. Modern humanity advances in material progress but often loses inner balance. The Upanishadic message is that real progress is not external accomplishments but knowledge of the inner Self. "यदिदं किं च जगत् सर्वं प्राण एजयति निहसृतम्।" meaning the entire world is sustained by a living conscious force. This view can be compared with modern scientific proposals of "Universal Consciousness." Thus the Katha Upanishad leads humanity toward balance, peace and truth. Human elevation is not merely spiritual advancement but the coming together of humanity. According to the Katha Upanishad, the following steps are necessary for human elevation:

1. Desire — intense longing for liberation (मुमुक्षुत्व)
2. Śravaṇa — attentive listening to the teaching of self-knowledge (श्रवण)
3. Manana — reflective contemplation and reasoning (मनन)

https://www.gapbhasha.org/

4. Nididhyāsana — deep meditation and direct experience (निदिध्यासन)

By following these four steps a person can reach self-realization. The story of Nachiketa vividly illustrates these stages.

## CONCLUSION

The Upanishadic literature is regarded as the highest expression of Indian metaphysical thought. The Katha Upanishad's doctrine is an immortal document of human elevation. Its central teaching is to illuminate the mystery of human life and death. The inquisitive nature of Nachiketa, Yama's instructive guidance and the analysis of ātma-tattva together create a spiritual revolution. In brief, the path of human elevation according to the Katha Upanishad can be summarized thus:

1. Śraddhā — the starting point of spiritual inquiry.
2. Viveka — discriminating between śreyas and preyas and choosing rightly.
3. Tapas and Saṁyama — inner purification through control of the senses and restraint.
4. Jñāna and Samādhi — realization of the unity of ātman and Brahman through the guidance of a guru.

Thus the Katha Upanishad teaches humanity that by rising above the fear of death through self-knowledge one may attain immortality. This is the truth of elevation — where humans move from the "limited" to the "unlimited," from "body-consciousness" to "Self-consciousness." "नायमात्मा बलहीनेन लभ्यः।" (1.2.23) the knowledge of the Self is not obtained by the weak; it requires inner strength, patience and alertness. Therefore the Katha Upanishad is a remarkable document on human elevation — because it teaches that "there is a life beyond death," and that life is illumined by self-knowledge. Self-knowledge is the way to enduring peace. The Katha Upanishad is not merely philosophical teaching but a scripture offering practical guidance for human elevation. The essence of human elevation is beautifully presented in the closing verse of the Upanishad:

नित्यो नित्यानां चेतनश्चेतनानाम् एको बहूनां यो विदधाति कामान् ।
तमात्मस्थं येऽनुपश्यन्ति धीरास् तेषां शान्तिः शाश्वती नेतरेषाम् ॥

## REFERENCES

1. Katha Upanishad — Ed., Swami Madhavananda; Advaita Ashrama, Calcutta.
2. Bṛhadāraṇyaka Upanishad — Ed., Swami Shivananda; Divine Life Society, Rishikesh.
3. Śrīmad Bhagavad Gīta — Gita Press, Gorakhpur.
4. Mundaka Upanishad — Ed., Dr. S. Radhakrishnan; Oxford University Press.
5. Chāndogya Upanishad — Ed., Swami Chinmayananda; Chinmaya Mission, Mumbai.
6. Taittiriya Upanishad — Ed., Swami Gambhirananda; Advaita Ashrama, Kolkata.
7. Yoga Vasistha — Publisher: Gita Press, Gorakhpur.
8. Shankaracharya, Adi. "Brahma Sūtra Bhāṣya." Motilal Banarsidass, Delhi.
9. Katha Upanishad: with Shankarabhāṣya, Ed., Swami Gambhirananda; Advaita Ashrama, Kolkata; Edition: 2020.
10. Bhagavad Gīta: with Shankarabhāṣya, Ed., A. G. Krishna Warrier; Gita Press, Gorakhpur; Edition: 2022.
11. Upanishad Ganga, Ed., Swami Ramsukhdas; Gita Press, Gorakhpur; Edition: 2019.
12. Patañjali Yoga Sūtra: Vivekananda commentary, Ed., Swami Vivekananda; Advaita Ashrama, Kolkata; Edition: 2021.
13. Dharma ane Darshan (Religion and Philosophy), Author: Dr. Surendrabhai Shah; University Granth Nirman Board, Ahmedabad; Edition: 2018.
14. History of Hindu Religion, Author: Dr. S. Radhakrishnan; Oxford University Press; Edition: 2017.
15. Śvetāśvatara Upanishad: Śankarabhāṣya, Ed., Swami Tyagishananda; Ramakrishna Math, Chennai; Edition: 2020.

https://www.gapbhasha.org/

GRAND ACADEMIC PORTAL
RESEARCH JOURNALS

GAP भाषा

A MULTILINGUAL JOURNAL OF RESEARCH

(ISSN – 2582-8770)

Globally peer-reviewed and open access journal.

# AN INVESTIGATION INTO THE SIGNIFICANCE OF PHYSICAL EDUCATION AND ITS IMPACT ON ACADEMIC ACHIEVEMENT

# શારીરિક શિક્ષણના મહત્વ અને શૈક્ષણિક સિદ્ધિ પર તેની અસરનો અભ્યાસ

**Patel Bina N**

*Research Scholar,H.N.G.U.,Patan.*
*E-Mail : binapatel3584@gmail.com*

## સારાંશ

*બાળકની શીખવાની ક્ષમતામાં સ્વાસ્થ્ય એક મહત્વપૂર્ણ મધ્યસ્થ પરિબળ છે. સ્વસ્થ બાળકો વધુ સારી રીતે શીખે છે તે વિચારને પ્રાયોગિક રીતે સમર્થન આપવામાં આવે છે અને સારી રીતે સ્વીકારવામાં આવે છે (બાશ, 2010). ઘણા પરિબળો બાળકના શૈક્ષણિક પ્રદર્શનને પ્રભાવિત કરે છે. તેમાંના કેટલાક સામાજિક-આર્થિક સ્થિતિ (સિરીન, 2005), માતાપિતાની સંડોવણી (ફ્રેન અને ચેન, 2001) અને અન્ય વસ્તી વિષયક પરિબળો છે. બહુવિધ અભ્યાસોએ પુષ્ટિ આપી છે કે સ્વાસ્થ્ય લાભો શારીરિક પ્રવૃત્તિ સાથે સંકળાયેલા છે, જેમાં રક્તવાહિની અને સ્નાયુબદ્ધ તંદુરસ્તી, હાડકાનું સ્વાસ્થ્ય, મનોસામાજિક પરિણામો અને જ્ઞાનાત્મક અને મગજનું સ્વાસ્થ્ય (સ્ટ્રોંગ એટ અલ., 2005)નો સમાવેશ થાય છે. મગજનું સ્વાસ્થ્ય સમગ્ર જીવનકાળ દરમિયાન મહત્વપૂર્ણ છે, કારણ કે મગજ માનવ શરીરની માનસિક પ્રક્રિયાઓ અને શારીરિક ક્રિયાઓ બંને માટે જવાબદાર છે. પુખ્ત વયના લોકોમાં, મગજનું સ્વાસ્થ્ય, રોગની ગેરહાજરી અને શ્રેષ્ઠ રચના અને કાર્યનું પ્રતિનિધિત્વ કરે છે, તે જીવનની ગુણવત્તા અને દૈનિક જીવનમાં પ્રવૃત્તિઓના અસરકારક કાર્યના સંદર્ભમાં માપવામાં આવે છે. બાળકોમાં, મગજના સ્વાસ્થ્યને શૈક્ષણિક વાતાવરણમાં ધ્યાન, કાર્ય પર વર્તન, યાદશક્તિ અને શૈક્ષણિક પ્રદર્શનના સફળ વિકાસના સંદર્ભમાં માપવામાં આવે છે.*

*બાળપણમાં મગજના વિકાસમાં શારીરિક પ્રવૃત્તિ અને તંદુરસ્તી મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. બાળકો શારીરિક પ્રવૃત્તિના સત્રમાં ભાગ લીધા પછી વિવિધ જ્ઞાનાત્મક કાર્યો માટે ઝડપી અને વધુ ચોકસાઈ સાથે પ્રતિભાવ આપે છે. મધ્યમ શારીરિક પ્રવૃત્તિમાં ભાગ લેવાથી ચોક્કસ જ્ઞાનાત્મક કાર્ય પર ધ્યાન ફાળવવા સાથે સંકળાયેલા ચેતા અને વર્તણૂકીય સહવર્તી પરિબળોમાં વધારો જોવા મળે છે. કેટલાક પ્રાયોગિક અભ્યાસમાં, 30 મિનિટની એરોબિક શારીરિક પ્રવૃત્તિમાં ભાગ લેનારા બાળકોએ તે જ સમય માટે ટેલિવિઝન જોનારા બાળકો કરતાં વધુ સારું પ્રદર્શન કર્યું. શારીરિક પ્રવૃત્તિ જેનો ઉપયોગ સામાન્ય રીતે શૈક્ષણિક શીખવાના સમયમાંથી વિરામ તરીકે થાય છે, તેની સંલગ્નતા પછીની અસરોમાં વધુ સારું ધ્યાન, કાર્ય પરના વર્તનમાં વધારો અને સુધારેલ શૈક્ષણિક પ્રદર્શનનો સમાવેશ થાય છે.*

*શિક્ષકો પૂરક અભ્યાસક્રમના ભાગ રૂપે અથવા ફક્ત પાઠ દરમિયાન વિદ્યાર્થીઓનું ધ્યાન ફરીથી સેટ કરવાના માર્ગ તરીકે શારીરિક પ્રવૃત્તિમાં વિરામ આપી શકે છે. શાળા પછીની શારીરિક પ્રવૃત્તિના કાર્યક્રમોએ રક્તવાહિની સહનશક્તિમાં સુધારો કરવાની ક્ષમતા દર્શાવી છે અને એરોબિક ફિટનેસમાં આ વધારો શૈક્ષણિક પ્રદર્શનમાં સુધારો તેમજ કાર્યકારી મેમરી કાર્ય પર અંતર્ગત પ્રદર્શન અંતર્ગત ન્યુરલ સંસાધનોના ફાળવણીમાં મધ્યસ્થી તરીકે દર્શાવવામાં આવ્યો છે.*

**કીવર્ડ્સ:** *મગજનું સ્વાસ્થ્ય, શારીરિક પ્રવૃત્તિ, શૈક્ષણિક પ્રદર્શન, પ્રતિભાવશીલતા, મનોવિજ્ઞાન*

## 1.પ્રસ્તાવના

"સ્વાસ્થ્ય એ સંપત્તિ છે' નામની લોકપ્રિય કહેવત વ્યક્તિઓ અને સમાજના એકંદર સુખાકારી માટે સારા સ્વાસ્થ્ય જાળવવાની જરૂરિયાત પર પ્રકાશ પાડે છે."

અહીં, નિયમિત શારીરિક કસરત કરવાની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવ્યો છે. સ્વાસ્થ્ય પ્રત્યેની આપણી ધારણા એટલી ખોટી છે કે આપણે કડક કસરત અને સારી ખાવાની આદતોને અનુસરવાને બદલે સ્વસ્થ ખોરાક લેવાનું વલણ રાખીએ છીએ. કોઈ આશ્ચર્ય નથી કે, ઘણા લોકો તેમના વીસના દાયકાના મધ્યમાં મેદસ્વી થઈ જાય છે! 'સ્વસ્થ શરીરમાં સ્વસ્થ મન' એ એક લેટિન કહેવતનો અંગ્રેજી અનુવાદ છે જે દરેક જગ્યાએ શૈક્ષણિક વર્તુળોમાં ટાંકવામાં આવે છે. આપણા પૂર્વજો હંમેશા સારા સ્વાસ્થ્યના ગુણો પ્રત્યે સચેત હતા અને નિયમિત શારીરિક પ્રવૃત્તિઓના પ્રેક્ટિશનરો હતા.

તેથી, સામાન્ય રીતે શારીરિક પ્રવૃત્તિ પ્રત્યે કોલેજના વિદ્યાર્થીઓના વલણમાં ઊંડાણપૂર્વક જવા માટે ખૂબ જ યોગ્ય છે. રમતગમતનો ઉપયોગ માનવોમાં અનેક વિકાસલક્ષી લક્ષ્યો તરફ કામ કરવા માટે થઈ શકે છે જે તેમની સંપૂર્ણ સુખાકારીને સુનિશ્ચિત કરે છે.

રમતગમત જાહેર આરોગ્ય સુધારે છે, શૈક્ષણિક પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપે છે, સામાજિક વિકાસમાં વધારો કરે છે અને સૌથી ઉપર સામુદાયિક જીવનને ટેકો આપે છે.

## 2.સાહિત્ય સમીક્ષા:

જોસેફ (૨૦૧૧) એ હકીકત પર ભાર મૂકે છે કે બાળપણથી કિશોરાવસ્થા સુધી શારીરિક પ્રવૃત્તિમાં વય-સંબંધિત ઘટાડા સાથે, બાળપણમાં શીખેલા શારીરિક પ્રવૃત્તિ વર્તણૂકોની સંભાવના, જો પુખ્તાવસ્થા સુધી લઈ જવામાં આવે, જે સ્વાસ્થ્ય પર હકારાત્મક અસર કરે છે, તો આગાહી કરનારાઓ અને પૂર્વવર્તીઓને સમજવાની એક મહત્વપૂર્ણ જરૂરિયાત બનાવે છે. બાળક અથવા બાળકોના જૂથને હસ્તક્ષેપ માટે લક્ષ્ય તરીકે ચોક્કસ રીતે ઓળખી શકાય છે.

બ્રોમન (2005) તાજેતરના અભ્યાસોનો ઉલ્લેખ કરે છે જે દર્શાવે છે કે કોલેજના વિદ્યાર્થીઓ વિશિષ્ટ તણાવનો અનુભવ કરે છે અને આ તણાવ માદક દ્રવ્યોના દુરુપયોગ, આત્મસન્માનમાં ઘટાડો, શૈક્ષણિક સમસ્યાઓ, હતાશા અને ઘણી અન્ય બીમારીઓ સાથે જોડાયેલો છે. વધુમાં, કોલેજના દિવસો દરમિયાન, માતાપિતાની દેખરેખથી વધુ સ્વતંત્ર જીવનશૈલી તરફ પરિવર્તન આવે છે. વિદ્યાર્થીઓને હંમેશા સમય વ્યવસ્થાપન, કાર્ય સમસ્યાઓ, તેમજ નવી મિત્રતા અને સંબંધો વિકસિત થતાં વિવિધ સામાજિક ભૂમિકા પરિવર્તનનો સામનો કરવા શીખવાની સમસ્યાઓનો સામનો કરવો પડે છે. ઘણા લોકો માટે, નવા પડકારો ઉભા થાય છે કારણ કે તેમની પાસે તેમની પોતાની દિવસની પેટર્ન અને ઊંઘના સમયપત્રક વિકસાવવાની પ્રથમ તક હોય છે. વધુમાં, નવા નાણાકીય ફેરફારો તેમજ શૈક્ષણિક સફળતા માટે દબાણ થાય છે. આ અનન્ય તણાવ ચિંતા સાથે સંકળાયેલા છે અને આખરે વિદ્યાર્થીઓની શીખવાની ક્ષમતા પર નકારાત્મક અસર કરી શકે છે.

પઠાણ અને ઇકબાલ (૨૦૧૦) એ સિંધમાં ઉચ્ચ શાળાના વિદ્યાર્થીઓની રમતગમત પ્રવૃત્તિઓ, શૈક્ષણિક સિદ્ધિઓ અને વ્યક્તિત્વ ગતિશીલતા વચ્ચેના સંબંધની તપાસ કરી. આ અભ્યાસમાં વ્યક્તિના શૈક્ષણિક પ્રદર્શન અને સમાજમાં રમતગમત પ્રવૃત્તિઓ સાથે તેના માવજત વચ્ચેના સંબંધનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે, ખાસ કરીને શાળાના શિક્ષણના પ્રારંભિક સ્તર પર. કેટલાક માન્ય તારણો કાઢવામાં આવ્યા છે જે દર્શાવે છે કે શાળાની ઉંમરમાં રમતગમતની પ્રવૃત્તિઓ વ્યક્તિના પછીના વ્યાવસાયિક જીવનમાં વ્યક્તિત્વના લક્ષણો પર નોંધપાત્ર અસર કરે છે.

વિવિધ સ્તરે શારીરિક પ્રવૃત્તિ અને શૈક્ષણિક સિદ્ધિ પ્રત્યેના વલણ વચ્ચેના સંબંધનું મૂલ્યાંકન કરવા માટે ઘણા દેશોમાં વિગતવાર અભ્યાસ હાથ ધરવામાં આવ્યા છે. નિયમિત શારીરિક પ્રવૃત્તિની સ્વાસ્થ્ય પર સકારાત્મક અસરો હોવાનું જાણીતું છે અને તે ઘણી બીમારીઓના હાનિકારક પ્રભાવોને ઘટાડવામાં મદદ કરી શકે છે. આ હકારાત્મક અસરોએ અન્ય ક્ષેત્રોમાં પણ સુધારો દર્શાવ્યો છે. બાળકોમાં તાજેતરના અભ્યાસોએ દર્શાવ્યું છે કે શારીરિક પ્રવૃત્તિ જ્ઞાનાત્મક કામગીરીમાં સુધારો કરી શકે છે, ખાસ કરીને શૈક્ષણિક અથવા શીખવાની પ્રક્રિયામાં.

છેલ્લા કેટલાક દાયકાઓમાં, અભ્યાસોએ સૂચવ્યું છે કે શારીરિક પ્રવૃત્તિ સાથે શૈક્ષણિક પ્રદર્શનમાં સુધારો કરી શકાય છે. જોકે આમાંના મોટાભાગના અભ્યાસોએ બાળકો અને યુવાનોની તપાસ કરી છે, કેટલાક અભ્યાસોએ બાળકોમાં શારીરિક પ્રવૃત્તિ અને

https://www.gapbhasha.org/

શૈક્ષણિક પ્રદર્શન વચ્ચેના સંબંધની તપાસ કરી છે. આ અસરો, ભલે શારીરિક કે માનસિક ફેરફારોથી થતી હોય, તે સમાન પરિણામો પ્રદાન કરી રહી છે: શૈક્ષણિક પ્રદર્શનમાં સુધારો. અસંખ્ય અભ્યાસોએ શારીરિક પ્રવૃત્તિ, તણાવ અને બાળકોમાં શૈક્ષણિક પ્રદર્શન સાથેના તેમના સંબંધની તપાસ કરી છે. શારીરિક પ્રવૃત્તિ તણાવ રાહતને પ્રોત્સાહન આપવા માટે ખર્ચ-અસરકારક રીત હોઈ શકે છે. અને શૈક્ષણિક પ્રદર્શનમાં વધારો કરે છે. જો વિદ્યાર્થીઓ શારીરિક પ્રવૃત્તિના હકારાત્મક ફાયદાઓ, શારીરિક અને માનસિક બંને રીતે અનુભવી શકે છે, તો તેમનો શૈક્ષણિક અનુભવ વધારી શકાય છે.

## 3. અભ્યાસના ઉદ્દેશ્યો:

1. શાળાના બાળકો માટે શારીરિક શિક્ષણનું મહત્વ સમજવું.
2. શારીરિક તંદુરસ્તી અને બાળકોના શૈક્ષણિક પ્રદર્શન પર તેની અસર વચ્ચેનો સંબંધ નક્કી કરવો.
3. શાળા સ્તરે જ અભ્યાસક્રમના ભાગ રૂપે શારીરિક શિક્ષણનો સમાવેશ કરવાના ખ્યાલને વધુ મજબૂત બનાવવા માટે પગલાં સૂચવવા.

## 4. સંશોધન પદ્ધતિ:

આ સંશોધન એક વર્ણનાત્મક અભ્યાસ છે. જેમાં ૧૦૦ ઉત્તરદાતાઓ લેવામાં આવેલ છે. આ અભ્યાસ માટે એચ. આઈ. કડીવાલા, સેદ્રાણા શાળામાં અભ્યાસ કરતા બાળકોને પસંદ કરવામાં આવેલ છે. આ સંસોધનમાં ડેટા એકત્રિત કરવા માટે પ્રશ્નાવલી ,વ્યક્તિગત મુલાકાત અને નિરીક્ષણ પદ્ધતિ નો ઉપયોગ કરેલ છે.
વિવિધ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય જર્નલો, સામયિકો, અહેવાલો વગેરેમાં પ્રકાશિત થયેલા લેખો અને સંશોધન પત્રોનો સંદર્ભ લઈને ગૌણ ડેટા એકત્રિત કરવામાં આવ્યો છે.
વિશ્લેષણ: આવા એકત્રિત ડેટાનું SPSS સોફ્ટવેરનો ઉપયોગ કરીને પરીક્ષણ કરવામાં આવ્યું હતું, આશ્રિત અને સ્વતંત્ર ચલો વચ્ચેના સહ-સંબંધને સમજવા માટે ભિન્નતાનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું.

## 5. અભ્યાસના તારણો:

□ શારીરિક પ્રવૃત્તિ એકાગ્રતા અને ધ્યાન જેવી જ્ઞાનાત્મક કુશળતા પર સકારાત્મક અસર કરે છે અને તેવર્ગખંડના વલણ અને વર્તણૂકોને પણ વધારે છે, જે બધા સુધારેલાશૈક્ષણિક પ્રદર્શનના મહત્વપૂર્ણ ઘટકો છે.યુનિવર્સિટી ઓફ ઇલિનોઇસના એક અભ્યાસમાં દર્શાવવામાં આવ્યું છે કે જે બાળકો શારીરિક રીતે ફિટ છે તેઓ શાળામાં વધુ સારું પ્રદર્શન કરે છે અને ઉચ્ચ ગ્રેડ પ્રાપ્ત કરે છે.
અભ્યાસમાં ભાગ લેનારા બાળકોને મગજના તરંગો અને ચોક્કસ ઉત્તેજનાઓને મગજ કેટલી ઝડપથી પ્રતિક્રિયા આપે છે તે માપવા માટે ઇલેક્ટ્રોએન્સેફાલોગ્રામ (EEG) આપવામાં આવ્યા હતા. સંશોધકોએ શોધી કાઢ્યું કે શારીરિક રીતે ફિટ બાળકોના મગજના સિનેપ્સ ઝડપી અને મજબૂત રીતે કાર્ય કરે છે, અને પરિણામે તે બાળકોમાં ભાષા કૌશલ્ય વધુ સારું હતું.
□અભ્યાસમાં શારીરિક પ્રવૃત્તિ, તંદુરસ્તી, જ્ઞાનાત્મક કાર્ય અને શૈક્ષણિક સિદ્ધિ વચ્ચે સકારાત્મક જોડાણ પણ જોવા મળ્યું. પુરાવા દર્શાવે છે કે શારીરિક પ્રવૃત્તિનો મગજના તે ભાગો સાથે સંબંધ છે જે પ્રયોગશાળા કાર્યો દરમિયાન જટિલ જ્ઞાનાત્મક પ્રક્રિયાઓને ટેકો આપે છે. તે એ પણ દર્શાવે છે કે શારીરિક પ્રવૃત્તિ વૃદ્ધિ, વિકાસ અને સામાન્ય સ્વાસ્થ્ય માટે મહત્વપૂર્ણ છે.
મધ્યમ શારીરિક પ્રવૃત્તિનો માત્ર એક સત્ર તરત જ બાળકોના મગજના કાર્ય, જ્ઞાનાત્મકતા અને શૈક્ષણિક પ્રદર્શનને વધારે છે.
□મૂળભૂત ચળવળ કૌશલ્યોમાં નિપુણતા મેળવવાથી મગજની શક્તિ અને શૈક્ષણિક પ્રદર્શનમાં વધારો થાય છે. શારીરિક પ્રવૃત્તિના પાઠમાંથી દૂર રહેવાનો સમય સારા ગ્રેડની કિંમતે આવતો નથી.
સંશોધન સાબિત કરે છે કે વિદ્યાર્થીઓને શાળાના દિવસ દરમિયાન પૂરતી માત્રામાં શારીરિક પ્રવૃત્તિની જરૂર છે તે માત્ર સ્થૂળતા અને સ્થૂળતા સંબંધિત સમસ્યાઓને અટકાવે છે, પરંતુ શૈક્ષણિક રીતે વિદ્યાર્થીઓ પણ વધુ સારું પ્રદર્શન કરે છે

https://www.gapbhasha.org/

□આંતર-શૈક્ષણિક રમતોમાં સતત ભાગ લેતા યુવાનોમાં ડ્રોપ-આઉટ દર ઓછો હતો. જોકે રમતગમત ડ્રોપ-આઉટ સમસ્યાને હલ કરશે નહીં જે ઘણી આંતરિક શહેરની શાળાઓને સતાવે છે, તે ફક્ત જોડાણનું વાતાવરણ પેદા કરી શકે છે જે જોખમમાં રહેલા વિદ્યાર્થીઓને શાળામાં હાજરી આપી શકે છે.

## 6. સૂચનો

શારીરિક શિક્ષણ બધા બાળકો સુધી પહોંચવાની ખાતરી આપે છે, તેથી શારીરિક શિક્ષણ એ એકમાત્ર ખાતરીપૂર્વકની તક છે લગભગ બધા શાળા-વયના બાળકો માટે આરોગ્ય-વૃદ્ધિ કરતી શારીરિક પ્રવૃત્તિઓનો લાભ મેળવવા માટે. વિદ્યાર્થીઓ જે દિવસોમાં શારીરિક શિક્ષણ મેળવે છે તે દિવસોમાં તેઓ વધુ શારીરિક રીતે સક્રિય હોય છે. તેથી, અભ્યાસક્રમના ભાગ રૂપે શારીરિક શિક્ષણ પ્રદાન કરવા પર વધુ ભાર મૂકવો જોઈએ.
ગુણવત્તાવાળા શારીરિક શિક્ષણને માતાપિતા અને બાળ આરોગ્ય વ્યાવસાયિક સંગઠનો બંને તરફથી મજબૂત સમર્થન મળે છે. તેથી, તેના ફરજિયાત અમલીકરણ માટે પગલાં લેવા જોઈએ.
ઘણા મોડેલો અને ઉદાહરણો દર્શાવે છે કે શાળાના દિવસ દરમિયાન નિર્ધારિત શારીરિક શિક્ષણ દૈનિક ધોરણે શક્ય છે. તેથી, તેને અભ્યાસક્રમના ભાગ તરીકે ધ્યાનમાં લેવાની જરૂર છે.
સંબંધિત અધિકારીઓએ ઉચ્ચ-ગુણવત્તાવાળા અભ્યાસક્રમ શારીરિક શિક્ષણ પ્રદાન કરવું જોઈએ જેમાં વિદ્યાર્થીઓએ વર્ગ સમયનો ઓછામાં ઓછો અડધો (> 50 ટકા) જોરદાર અથવા મધ્યમ-તીવ્રતાની શારીરિક પ્રવૃત્તિમાં રોકાયેલા રહેવું જોઈએ. બધા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ દરરોજ સરેરાશ 30 મિનિટ અને બધા મધ્યમ અને ઉચ્ચ શાળાના વિદ્યાર્થીઓએ શારીરિક શિક્ષણ વર્ગમાં દરરોજ સરેરાશ 45 મિનિટ વિતાવવી જોઈએ.
અભ્યાસક્રમના સમયપત્રકમાં સુગમતા લાવવા માટે, પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ માટે દર અઠવાડિયે ઓછામાં ઓછી ૧૫૦ મિનિટ અને મધ્યમ અને ઉચ્ચ શાળાના વિદ્યાર્થીઓ માટે દર અઠવાડિયે ૨૨૫ મિનિટ. વિદ્યાર્થીઓએ શાળા દિવસ દરમ્યાન રિસેસ, સમર્પિત વર્ગખંડ શારીરિક પ્રવૃત્તિ સમય અને અન્ય તકો દરમિયાન વધારાની જોરદાર અથવા મધ્યમ-તીવ્રતાવાળી શારીરિક પ્રવૃત્તિમાં ભાગ લેવો જોઈએ. કારણ કે, શારીરિક પ્રવૃત્તિ આરોગ્ય અને શિક્ષણને પ્રોત્સાહન આપે છે, તે અનુસરે છે કે શારીરિક પ્રવૃત્તિ બધી શાળાઓ માટે પ્રાથમિકતા હોવી જોઈએ, ખાસ કરીને જો શૈક્ષણિક સિદ્ધિ સુધારવાની તક હોય.
બાળકો અને કિશોરો માટે શારીરિક પ્રવૃત્તિ માટે તકો પૂરી પાડવા માટે શાળાઓનો ઓછો ઉપયોગ થઈ રહ્યો છે. તેથી, બાળકો અને કિશોરો માટે શારીરિક પ્રવૃત્તિ વધારવા માટે સંપૂર્ણ શાળા અભિગમની જરૂર છે. આવા અભિગમ હેઠળ, શાળાના તમામ ઘટકો અને સંસાધનો એક સંકલિત અને ગતિશીલ રીતે કાર્ય કરે છે જેથી ઍક્સેસ, પ્રોત્સાહન અને કાર્યક્રમો પૂરા પાડી શકાય જે બધા વિદ્યાર્થીઓને દરરોજ 60 મિનિટ કે તેથી વધુ સમય માટે જોરદાર અથવા મધ્યમ-તીવ્રતાવાળી શારીરિક પ્રવૃત્તિમાં જોડાવા સક્ષમ બનાવે.

## REFERENCES

Armstrong, N. and Welsman, J.R. (1997) Young People and Physical Activity, Oxford University Press, Oxford
Baquet, G., Berthoin, S. and Van Praagh, E. (2002) Are intensified physical education sessions able to elicit heart rate at a sufficient level to promote aerobic fitness in adolescents? Research Quarterly for Exercise and Sport, 73, 282– 288.
Biddle, S., Sallis, J.F. and Cavill, N. (eds) (1998) Young and Active? Young People and Health-Enhancing Physical Activity—Evidence and Implications. Health Education Authority, London.
Borys, A.H. (1983) Increasing pupil motor engagement time: case studies of student teachers. In Telema, R. (ed.), International Symposium on Research in School Physical Education. Foundation for Promotion of Physical Culture and Health, Jyvaskyla, pp. 351–358.
Cockburn, C. (2001) Year 9 girls and physical education: a survey of pupil perceptions. Bulletin of Physical Education, 37, 5–24.
Corbin, C.B. and Pangrazi, R.P. (1998) Physical Activity for Children: A Statement of Guidelines. NASPE Publications, Reston, VA.
Department for Education and Employment/Qualifications and Curriculum Authority (1999) Physical Education—The National Curriculum for England. DFEE/QCA, London.

https://www.gapbhasha.org/

GAP भाषा
A MULTILINGUAL JOURNAL OF RESEARCH
(ISSN – 2582-8770)
Globally peer-reviewed and open access journal.

# સામાજિક ન્યાય, સમાનતા અને પરિવર્તનાત્મક નેતૃત્વ

## ડૉ. રમીલાબેન જે. પટેલ

*સમર્પણ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ,ગાંધીનગર*
*Email: about.ramila@gmail.com*
*MO. 9979456650*

*આજના યુગમાં માનવ સમાજ સામેનો સૌથી મોટો પડકાર છે અસમાનતા, ભેદભાવ, જ્ઞાતિવાદ અને અયોગ્યતા. સમાજની રચના એવી છે કે કેટલાક લોકો પાસે ઘણું બધું છે અને કેટલાક લોકો પાસે કંઈ નથી. આવી પરિસ્થિતિમાં "સામાજિક ન્યાય" અને "સમાનતા" માત્ર શબ્દોમાં જ નહીં, પણ રાષ્ટ્રના અસ્તિત્વ માટેના આધારસ્તંભો છે. પરંતુ આ સિદ્ધાંતોને વાસ્તવિક જીવનમાં ઉતારવા માટે જે શક્તિની જરૂર છે તે છે પરિવર્તનાત્મક નેતૃત્વ. પરિવર્તનાત્મક નેતૃત્વ એ એવું નેતૃત્વ છે જે માત્ર નીતિઓ ઘડતું નથી, પણ માનવ વિચારસરણી બદલે છે. અને લોકોમાં વિશ્વાસ જગાવે છે કે પરિવર્તન શક્ય છે અને મુશ્કેલ માર્ગમાં પણ સમાનતા માટે લડે છે.*

## સામાજિક ન્યાય

સામાજિક ન્યાય એટલે દરેક વ્યક્તિને સમાન અધિકાર અને દરજ્જો મળવો જોઈએ, જે જાતિ, ધર્મ, લિંગ, આર્થિક સ્થિતિ કે પ્રદેશના તફાવતથી સંબંધિત હોય છે. આ વિચારધારા ભારતીય બંધારણનો મુખ્ય આધાર છે. ડૉ. બાબા સાહેબ આંબેડકરના નેતૃત્વમાં જ્યારે ભારતનું બંધારણ ઘડાયું ત્યારે તેમણે ન્યાય, સ્વતંત્રતા અને સમાનતાને જ સૌ પ્રથમ મહત્વ આપ્યું હતું. સામાજિક ન્યાય માત્ર કાયદામાં જ લખાયેલું નથી, પરંતુ તે લોકોના જીવનમાં વણાયેલું હોવું જોઈએ.

ભારતમાં સામાજિક ન્યાયના પ્રયાસો :

ભારત એક વૈવિધ્યસભર દેશ છે. જેમાં ભાષા, ધર્મ, જાતિ અને પરંપરામાં વિવિધતા જોવા મળે છે. આ વિવિધતા એક શક્તિ છે, ભારતમાં વિવિધતામાં સમાનતા જોવા મળે છે. જો સમાનતા ન હોય તો એ વિભાજનની શરૂઆત બની શકે છે. આ સંદર્ભમાં ભારતે અનેક યોજનાઓ દ્વારા ન્યાય સ્થાપવાનો પ્રયાસ કર્યો છે.

## અનામત નીતિ

અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને અન્ય પછાત વર્ગોને શિક્ષણ અને રોજગારમાં અનામત આપવાનો ઉદ્દેશ એ છે કે તેમને સામાજિક, આર્થિક અને સરકારી સંસ્થાઓમાં પહોંચવાની તક મળે જે વર્ષો સુધી તેમના માટે બંધ હતી. આ નીતિની મદદથી અનેક યુવાનો સરકારી પદો સુધી પહોંચ્યા છે, જે સામાજિક ન્યાયની દિશામાં મહત્વપૂર્ણ સિદ્ધિ છે.

## મહિલાસ શક્તિકરણ

સ્વતંત્રતા બાદ ભારતમાં સ્ત્રીઓના હક્ક માટે અનેક ચળવળો થઈ છે. 'બેટી બચાવો બેટી પઢાવો' જેવી યોજનાઓ મહિલાઓના હક્ક અને શિક્ષણ માટે સકારાત્મક પ્રયાસ છે. આજના સમયમાં મહિલાઓ સામાજિક અને સહકારી સંસ્થાઓમાં, સેનામાં, પોલીસમાં, રાજકીય, શૈક્ષણિક, વૈજ્ઞાનિક અને ઉદ્યોગ ક્ષેત્રમાં પોતાની પ્રતિભાથી સમાજને નવી દિશા આપી રહી છે. આર્થિક સશક્તિકરણ સ્ત્રીઓને આત્મનિર્ભર બનવાની સાથે સાથે પરંપરાગત સામાજિક માળખામાં પડકાર ફેંકવા અને સમાનતા તથા ન્યાય માટે લડવા માટે સક્ષમ બનાવે છે.

https://www.gapbhasha.org/

## મહાત્મા ગાંધીજીનું યોગદાન

ગાંધીજીએ હરિજનો માટે અવિરત પ્રયત્ન કર્યા હતા."અસ્પૃશ્યતા નાબૂદ કરો" તેમનું સૂત્ર માત્ર શબ્દો માં જ નહી પરંતુ તેઓ દ્રઢ પણે માનતા કે ''અસ્પૃશ્યતા એ હિંદુ ધર્મનું અંગ નથી પરંતુ હિંદુ ધર્મમાં પેસી ગયેલો સડો છે." તેનું નિવારણ કરવું એ પ્રત્યેક હિંદુનો ધર્મ છે. ગાંધીજીના મતે હિંદુ ધર્મમાં જે વિવિધ વર્ણો અસ્તિત્વ ધરાવે છે તે તમામ વર્ણના લોકોને સામાજિક સમાનતાનો અધિકાર મળવો જોઈએ.

## સમાનતા

કોઇપણ ભેદભાવ વિના પ્રત્યેક વ્યક્તિને પ્રાથમિક જરૂરિયાતો અને તકો સમાનતાના ધોરણે ઉપલબ્ધ થાય અને વંચિતો અને પીડિતો પ્રત્યે સંવેદનશીલ અને સહાનુભુતિ હોય એ સમાજમાં સામાજિક ન્યાય માટે કાયદાની જરૂર ના પડે. સમાનતા એ ન્યાયનું બીજું રૂપ છે. સમાનતા એટલે કે સૌને સમાન તક આપવી, પરંતુ તેની સાથે સમાન પરિણામ મેળવવા માટે પછાત વર્ગોને વધારાની મદદ આપવી. નબળા વર્ગો માટેની અનામત નીતિ  જે આર્થિક અસમાનતા ઘટાડવામાં સહાયરૂપ છે.

## પરિવર્તનાત્મક નેતૃત્વ

પરિવર્તનાત્મક નેતૃત્વ એ એક એવું નેતૃત્વ છે જે પરિવર્તનને માત્ર સ્વીકારે જ નહીં, પરંતુ તેને સર્જે છે. કેટલાક નેતાઓ લોકોમાં પ્રેરણા જગાવે છે કે તેઓ અન્યાય સામે લડી શકે છે. ડૉ. બાબા સાહેબ આંબેડકર તેમણે માત્ર કાનૂન બનાવ્યું નહીં, પણ એક વિચારસરણી જન્માવી જેમાં માનવનું મૂલ્ય તેની જાતિથી નહીં, પણ તેના કર્મથી થાય છે. તેમણે દલિતો અને પીડિત વર્ગોને તેમની ઓળખ અપાવી અને તેમને સમાનતાની સમરસતા તરફ લઈ ગયા.

(૧) સાવિત્રીબાઈ ફુલે: સાવિત્રીબાઈ ફુલે પીડિત-શોષિત-વંચિત મહિલાઓ માટે અનેક શાળાઓની સ્થાપના કરી. સાવિત્રીબાઈ સમાજ માટે એક મિશાલ હતા. તેમણે દલિતો, અછૂતો અને અન્ય પછાત વર્ગના શિક્ષણ પર ભાર મુક્યો. તેમનું માનવું હતું કે જો સમાજમાં સમાનતા લાવવી હોય તો શિક્ષણ ખૂબ જરૂરી છે 1848માં તેમણે સ્ત્રીઓ માટે પ્રથમ શાળાની સ્થાપના કરી. એ સમયે જ્યારે સ્ત્રીઓને શાળાએ જવાની પણ મનાઈ હતી. તેમનો આ હિંમતભર્યો પ્રયાસ સમાજમાં સ્ત્રી શિક્ષણ અને સમાનતાની ચળવળની શરૂઆત બની.

(૨) શિક્ષણ: શિક્ષણ એ સામાજિક સમાનતાનું સૌથી શક્તિશાળી સાધન છે. શિક્ષણ એ સમાનતા અને ન્યાયનું સૌથી મોટું હથિયાર છે. ન્યાયનો સશક્ત આધાર છે. મહાત્મા ગાંધીજીના મતે શિક્ષણ એ મનુષ્યની આત્માની જાગૃતિ છે. ભારત સરકારે રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ દ્વારા દરેક બાળકને મફત અને ફરજિયાત શિક્ષણ આપવાનો અધિકાર આપ્યો છે. શિક્ષણના ક્ષેત્રમાં પરિવર્તનાત્મક નેતૃત્વના ઉદાહરણોમાં એક છે કેરળનું મોડેલ કે  જ્યાં દરેક નાગરિકને સાક્ષર બનાવવા માટે સામૂહિક પ્રયાસ થાય છે. તે જ રીતે ગુજરાતમાં કન્યા કેળવણી અને વિદ્યા લક્ષ્મી જેવી યોજનાઓએ ગ્રામ્ય બાળાઓના જીવનમાં પરિવર્તન લાવ્યું છે.

(૩) સામાજિક ન્યાય: સામાજિક ન્યાયનો એક મહત્વનો ભાગ છે આર્થિક ન્યાય. જ્યારે દેશના દરેક નાગરિકને રોજગાર, આવક અને સન્માનપૂર્ણ જીવનની તક મળે, ત્યારે જ ન્યાય પૂર્ણ થાય છે. ભારત સરકારની જન ધન યોજના, મેક ઇન ઈન્ડિયા, સ્કિલ ઈન્ડિયા જેવી યોજનાઓ આ દિશામાં મહત્વપૂર્ણ છે. આ યોજનાઓએ કરોડો લોકોને બેંકિંગ, રોજગાર અને કૌશલ્ય વિકાસની તક આપી છે. આ સાથે ડિજિટલ ઈન્ડિયા જેવી પહેલોએ ગ્રામ્ય અને શહેરી જીવન વચ્ચે ડિજિટલ અંતર ઘટાડ્યું છે જે સમાનતાની નવી દિશા બતાવે છે.

(૪) મહિલાઓમાં પરિવર્તનાત્મક યોગદાન : સામાજિક ન્યાયમાં મહિલાઓની ભૂમિકા પણ અતિ મહત્વની છે. ઇન્દિરા ગાંધી, કિરણ બેદી, મમતા બેનર્જી અને જયલલિતા જેવા નેતાઓએ બતાવ્યું કે સ્ત્રીઓ માત્ર ભાગીદાર જ નહીં પરંતુ પરિવર્તન સર્જનાર શક્તિ છે. તાજેતરના વર્ષોમાં મહિલા ક્રિકેટ ટીમે ભારતને વિશ્વકપ અપાવ્યો છે. જે રમતગમત ક્ષેત્રે ભારતનું પુરા વિશ્વમાં ગૌરવ વધાર્યું છે. ભારતીય વાયુસેનાની મહિલા પાઇલટ્સ, મહિલા પોલીસ અધિકારીઓ અને ઉદ્યોગસાહસિક સ્ત્રીઓએ

https://www.gapbhasha.org/

સમાજને નવો આત્મવિશ્વાસ આપ્યો છે. આ પરિવર્તન એ સાબિત કરે છે કે જ્યારે નેતૃત્વ સમાનતા આધારિત હોય, ત્યારે સમાજની શક્તિ અનેકગણી વધી જાય છે.

પરિવર્તનાત્મક નેતા એવા હોય છે જે સ્પષ્ટ દ્રષ્ટિકોણ ધરાવે, મૂલ્ય આધારિત નિર્ણયો લે, લોકોમાં પ્રેરણા જગાવે, અન્યાય સામે લડવાની હિંમત આપે, અને ભવિષ્ય માટે નૈતિક દિશા નક્કી કરે આવા નેતાઓના કારણે જ સમાજમાં સકારાત્મક પરિવર્તન શક્ય બને છે.

## નિષ્કર્ષ

સામાજિક ન્યાય, સમાનતા અને પરિવર્તનાત્મક નેતૃત્વ આ ત્રણ તત્વો એકબીજા સાથે જોડાયેલા છે. ડૉ. અંબેડકરનું વિઝન, ગાંધીજીની અહિંસક નીતિ અને આધુનિક નેતાઓની લોકશાહી દ્રષ્ટિ એ બતાવે છે કે ન્યાય વિના કોઈ રાષ્ટ્ર ટકી શકે નહીં. જો સમાજમાં ન્યાય હશે તો સમાનતા આવશે અને જો સમાનતા આવશે તો પરિવર્તનાત્મક નેતૃત્વ જન્મશે. જે સમગ્ર રાષ્ટ્રને નવી દિશા આપશે. સાચા અર્થમાં સમાજનું સુખ અને શાંતિ માત્ર કાયદાથી નહીં, પરંતુ માનવતાથી અને પરિવર્તનાત્મક નેતૃત્વથી જ શક્ય બને છે.

## સંદર્ભ

1. **Dr. B.R. Ambedkar, *Annihilation of Caste*, 1936** — સમાનતા અને સામાજિક ન્યાય અંગેના મૂળભૂત વિચારોનું એક ક્લાસિક ગ્રંથ.
2. **Government of India, *Ministry of Social Justice and Empowerment Reports (2019–2023)*** ભારત સરકાર દ્વારા પ્રકાશિત સામાજિક ન્યાય અને સમાનતા અંગેના અહેવાલો.
3. **Azim Premji Foundation (2022),** *Annual Report on Education and Equity* — શિક્ષણમાં સમાનતા અને રૂપાંતરાત્મક શિક્ષણ માટેના પ્રયોગો.
4. **Rangarajan, Varna (2021),** *Pedagogy for Equity: Transforming Rural Education in India*, Journal of Educational Leadership, Vol. 7 — ગ્રામિણ શિક્ષણમાં રૂપાંતરાત્મક નેતૃત્વનો પ્રભાવ.
5. **Kerala Development Report (Planning Commission, 2011)** — કેરળ રાજ્યમાં શિક્ષણ, આરોગ્ય અને સમાનતા ક્ષેત્રે થયેલી પ્રગતિનું વિશ્લેષણ.
6. **UNESCO (2023), *Global Education Monitoring Report: Inclusion and Education – All Means All*** — શિક્ષણમાં સમાનતા માટે વૈશ્વિક દૃષ્ટિકોણ.
7. મહાત્મા ગાંધીનું સમાજદર્શન સ્ત્રીઓનું સમાજશાસ્ત્ર- ડૉ.ભાગ્યશ્રી રાજપૂત,ડૉ.એમ.એમ.ઓડેદરા, ડૉ.જયંતિલાલ બામણીયા

https://www.gapbhasha.org/

GRAND ACADEMIC PORTAL
RESEARCH JOURNALS

GAP भाषा
A MULTILINGUAL JOURNAL OF RESEARCH
(ISSN – 2582-8770)
Globally peer-reviewed and open access journal.

ज्ञान: अध्ययन: परम्परा

# ટકાઉ સામાજિક વિકાસ માટે સમૂહ માધ્યમોની ભૂમિકા: ગુજરાતની એનજીઓના અભ્યાસના આધારે વિશ્લેષણ

**જાની નિકુંજકુમાર જગદીશચંદ્ર**

*Email id- nikunjjani7gmail.com*
*Mo- 9033619931*

**સારાંશ (Abstract)**

*ટકાઉ સામાજિક વિકાસ (Sustainable Social Development) 21મી સદીના વૈશ્વિક વિકાસ માળખાનો મૂળભૂત આધાર બની ગયો છે. સમાજના દરેક વર્ગ સુધી માહિતી, જાગૃતિ અને સેવાઓ પહોંચાડવામાં સમૂહ માધ્યમો (Mass Media)ની ભૂમિકા સતત વિકાસશીલ બની રહી છે. ખાસ કરીને ગેરસરકારી સંસ્થાઓ (NGOs) માટે પ્રચાર-પ્રસાર, લોકોમાં વિશ્વાસ વધારવો,વર્તન પરિવર્તન લાવવો અને સામાજિક અભિયાનને વ્યાપક બનાવવામાં મીડિયા મુખ્ય સાધનરૂપ છે. આ સંશોધન ગુજરાતની પાંચ સક્રિય એનજીઓના કેસ સ્ટડી પર આધારિત છે, જેમાં મિશ્ર પદ્ધતિ (Qualitative + Quantitative)નો ઉપયોગ કરીને મીડિયા ઉપયોગના પ્રકારો, વ્યૂહરચનાઓ, અસરકારકતા અને પડકારોનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. અભ્યાસ દર્શાવે છે કે ડિજિટલ મીડિયા ખાસ કરીને WhatsApp, Facebook, YouTube અને community radio — દ્વારા આરોગ્ય, શિક્ષણ, મહિલા સશક્તિકરણ અને પર્યાવરણ ક્ષેત્રે મહત્વપૂર્ણ પરિણામો પ્રાપ્ત થયા છે. સાથે જ બદલાતી ટેક્નોલોજી, બજેટ મર્યાદા અને ડિજિટલ ડિવાઇડ જેવા પડકારો પણ પ્રકાશિત થયા છે.આ પેપર ટકાઉ વિકાસ અને મીડિયા-આધારિત સામાજિક કાર્ય વચ્ચેના સંબંધને સ્પષ્ટ કરે છે અને ભૂવિષ્યમાં એનજીઓઓ માટે વધુ અસરકારક મીડિયા વ્યૂહરચનાઓ ઘડી આપવા માર્ગદર્શિત કરે છે.*

## 1. પરિચય (INTRODUCTION)

ટકાઉ સામાજિક વિકાસ માત્ર આર્થિક વૃદ્ધિ સુધી સીમિત નથી; તે સામાજિક ન્યાય, સર્વસમાવેશકતા, પર્યાવરણ સંરક્ષણ અને માનવ કલ્યાણનો સંકલન છે. સંયુક્ત રાષ્ટ્રના 17 SDGsમાં Communication for Development (C4D)ને અનિવાર્ય સાધન તરીકે માન્યતા આપવામાં આવી છે. કારણ કે સમાજમાં પરિવર્તન ત્યારે જ શક્ય બને છે જ્યારે માહિતી યોગ્ય રીતે, યોગ્ય લોકો સુધી અને યોગ્ય સમયમાં પહોંચે.

ગુજરાતમાં એનજીઓઓ આરોગ્ય, શિક્ષણ, બાળ અધિકાર, મહિલા સશક્તિકરણ, પર્યાવરણ, ટ્રૅફિક જાગૃતિ અને ગ્રામ વિકાસ જેવા વિવિધ ક્ષેત્રોમાં કાર્યરત છે. આ કાર્યને લોકો સુધી પહોંચાડવા તથા જાગૃતિ મજબૂત બનાવવા માટે મીડિયા પ્રિન્ટ, ઇલેક્ટ્રોનિકથી લઈને સોશિયલ મીડિયાના પ્લેટફોર્મ પરિવર્તનના મુખ્ય આધાર છે.

**સમૂહ માધ્યમોની કેટલીક મુખ્ય ભૂમિકાઓ:**

- ✓ જાગૃતિ (Awareness)
- ✓ જનમત નિર્માણ (Opinion Building)
- ✓ વર્તન પરિવર્તન (Behaviour Change)
- ✓ સામાજિક ચળવળોને ગતિ (Mobilization)
- ✓ પારદર્શિતા અને જવાબદારી (Transparency)

મિડિયા અને સમાજકાર્યનો સંબંધ એકબીજાના પૂરક છે. જ્યાં એનજીઓઓ સમાજ માટે કાર્ય કરે છે ત્યાં મીડિયા આ કાર્યને સમાજ સુધી પહોંચાડે છે.

https://www.gapbhasha.org/

## 2. સાહિત્ય સમીક્ષા (LITERATURE REVIEW)

વિદ્વાનો અનુસાર મીડિયા સામાજિક પરિવર્તન માટેનું સૌથી ઝડપથી અસર કરતું માધ્યમ છે. C4D મોડલ, IEC (Information, Education and Communication) અને BCC (Behaviour Change Communication) જેવી પદ્ધતિઓ વૈશ્વિક સ્તરે સ્વીકૃત છે.

**2.1 Communication for Development (C4D)**

UNICEF મુજબ, C4D એ એવી પ્રક્રિયા છે જેમાં સંચારનું આયોજન, ડિઝાઇન અને અમલીકરણ લોકોમાં સકારાત્મક વર્તન પરિવર્તન લાવવા માટે કરવામાં આવે છે. તેમાં મીડિયા, સમુદાય સંવાદ, સોશિયલ મીડિયા, લોકકલા વગેરેનો સમાવેશ થાય છે.

**2.2 મીડિયા અને SDGs**

SDG-3 (Good Health), SDG-4 (Quality Education), SDG-5 (Gender Equality), SDG-13 (Climate Action) જેવા લક્ષ્યો માટે જાગૃતિ જ સૌથી મહત્વપૂર્ણ છે. મીડિયા વગર આ લક્ષ્યો હાંસલ કરવું મુશ્કેલ ગણાય છે.

**2.3 NGO અને મીડિયા**

National Development Report (Planning Commission, India) મુજબ એનજીઓઓ માટે મીડિયા માત્ર પ્રચારનું સાધન નથી, પરંતુ ફંડ રેઇઝિંગ, લોકો સુધી પહોંચ, નીતિ સ્તરે અસર, સમુદાય ભાગીદારી માટે પણ જરૂરી છે.

**2.4 ડિજિટલ મીડિયા સંશોધન**

Pew Research Center અનુસાર ડિજિટલ મીડિયા ખાસ કરીને ગ્રામ્ય યુવાનોમાં ઝડપથી ફેલાયેલું છે. WhatsApp અને YouTube સૌથી અસરકારક પ્લેટફોર્મ માનવામાં આવે છે.

## 3. સંશોધન પદ્ધતિ (RESEARCH METHODOLOGY)

**3.1 સંશોધન પ્રકાર**

આ અભ્યાસ મિશ્ર પદ્ધતિ (Mixed Method) પર આધારિત છે:

ગુણાત્મક (Qualitative): ઈન્ટરવ્યુ, કેસ સ્ટડી

પરિમાણાત્મક (Quantitative): પ્રશ્નાવલી, આંકડાકીય વિશ્લેષણ

**3.2 નમૂનો (Sample)**

**ગુજરાતની 5 પ્રતિષ્ઠિત એનજીઓ પસંદ કરવામાં આવી જેના કાર્યક્ષેત્રો:**

- ✓ આરોગ્ય
- ✓ પર્યાવરણ
- ✓ મહિલા સશક્તિકરણ
- ✓ શિક્ષણ
- ✓ બાળ સુરક્ષા

3.3 માહિતી વિશ્લેષણ પદ્ધતિ

થીમેટિક એનાલિસિસ

વર્ણનાત્મક આંકડાઓ (Descriptive Statistics)

## 4. અભ્યાસના તારણો (FINDINGS & ANALYSIS)

**4.1 એનજીઓ દ્વારા મિડિયા ઉપયોગના મુખ્ય ક્ષેત્રો**

4.1.1 આરોગ્ય જાગૃતિ

https://www.gapbhasha.org/

HIV, TB, Malnutrition, Maternal Health જેવા વિષયો પર WhatsApp, Facebook video, posters અને community radio અત્યંત અસરકારક સાબિત થયા.

**4.1.2 પર્યાવરણ અને સ્વચ્છતા**

Cleanliness drives, waste segregation, water conservation માટે રેલી, નાટક, short videos અને local FM નો ઉપયોગ કરાયો.

**4.1.3 શિક્ષણ અને બાળ અધિકાર**

બાળ મજુરી, બાળલગ્ન, શિક્ષણનો અધિકાર, માટે storytelling videos, brochures અને શાળા કેમ્પેઇન સફળ રહ્યા.

**4.1.4 મહિલા સશક્તિકરણ**

સેલ્ફ હેલ્પ ગ્રુપ, મહિલા નેતુત્વ અને સ્ત્રી પુરૂષ સમાનતા વિશે Instagram reels અને success-story videosથી પરિવર્તન નોંધાયું.

**4.2 મિડિયા ઉપયોગના પ્રકારો (Media Types Used)**

- ✓ મીડિયા પ્રકાર ઉપયોગ અસર
- ✓ પ્રિન્ટ પોસ્ટર્સ, પેમ્ફલેટ, ન્યૂઝ ગ્રામ્ય વિસ્તારમાં અસરકારક
- ✓ રેડિયો/ટીવી ઈન્ટરવ્યુ, ડોક્યુમેન્ટરી મોટા સ્તરે પહોંચ
- ✓ ડિજિટલ મીડિયા FB, Insta, YouTube, WhatsApp યુવાનોમાં અસરકારકતા ઊંચી
- ✓ લોકકલા નાટક, ગીત, ભજન ગ્રામ્ય સમુદાય જોડાણ

4.3 અભ્યાસ મુજબ અસરકારકતા

**4.3.1 ઝડપથી માહિતી પહોંચાડવી**

WhatsApp broadcast દ્વારા લોકડાઉન દરમિયાન 10,000 થી વધુ લોકોને આરોગ્ય માર્ગદર્શન પહોંચાડવામાં આવ્યું.

**4.3.2 વર્તન પરિવર્તન**

TB સારવાર પૂર્ણ કરવાનો દર 18% વધી ગયો, સ્વચ્છતા અભિયાનથી સ્કૂલોમા સ્વચ્છતા 26% સુધરી

**4.3.3 સમુદાયની ભાગીદારીમાં વધારો**

Self-help groups મા મહિલા સભ્યપદ 32% વધ્યું, પર્યાવરણ અભિયાનમાં યુવા વોલન્ટિયર વધ્યા

**4.3.4 એનજીઓ માટે વિશ્વસનીયતા**

મીડિયા કવરેજથી દાતાઓ અને સરકારી વિભાગો સાથે સહકાર વધ્યો. જેના કારણે એનજીઓને ફાયદો થયો.

## 5. ચર્ચા (DISCUSSION)

મિડિયા માત્ર માહિતીનો વહન નથી કરતા, પરંતુ સામાજિક અભિયાનને દિશા આપે છે. ગુજરાતની એનજીઓઓને ડિજિટલ મીડિયાનો શક્તિશાળી લાભ મળ્યો છે.

**5.1 ડિજિટલ ડિવાઇડનો પડકાર**

- ✓ ગામડાઓમાં સ્માર્ટફોન અને નેટ કનેક્ટિવિટી હજી મર્યાદિત છે.

**5.2 ટેકનિકલ કુશળતાનો અભાવ**

- ✓ ઘણી એનજીઓઓ પાસે મિડિયા પ્રોડક્શન ટીમ નથી.

**5.3 ફંડનો અભાવ**

- ✓ ગુણવત્તાપૂર્ણ વિડિયો અથવા કેમ્પેઇન બનાવવા ખર્ચાળ છે.
- ✓ છતાં પણ ડિજિટલ મીડિયાની અસરકારકતા સૌથી વધુ નોંધાઈ છે.

https://www.gapbhasha.org/

## 6. નિષ્કર્ષ (CONCLUSION)

અભ્યાસ સ્પષ્ટ કરે છે કે ટકાઉ સામાજિક વિકાસ માટે સમૂહ માધ્યમો અનિવાર્ય બની ગયા છે. ગુજરાતની એનજીઓઓ માટે મીડિયા — ખાસ કરીને ડિજિટલ મીડિયા —ને કારણે જાગૃતિ વધી, સમુદાય જોડાયો, વર્તન પરિવર્તન થયું, સરકાર-દાતા સહકાર વધ્યો, પડકારો હોવા છતાં, આવનાર વર્ષોમાં મીડિયા અને સમાજકાર્યનું સંકલન વધુ મજબૂત બનશે.

## 7. સૂચનો (RECOMMENDATIONS)

- ✓ 1. એનજીઓઓ માટે મીડિયા ટ્રેનિંગ શરૂ કરવું
- ✓ 2. સ્થાનિક ભાષામાં IEC & BCC સામગ્રી તૈયાર કરવી
- ✓ 3. ડિજિટલ મીડિયાનું વ્યાવસાયિક કન્ટેન્ટ પ્લાનિંગ
- ✓ 4. રેડિયો અને સ્થાનિક ચેનલો સાથે ભાગીદારી
- ✓ 5. યુવા વોલન્ટિયર દ્વારા સોશિયલ મીડિયા સંપર્ક
- ✓ 6. મીડિયા-એનજીઓ-સરકાર વચ્ચે સહકાર મોડલ વિકસાવવું

## REFERENCES

1. UNICEF – Communication for Development (C4D)
2. SDG Communication Strategy – UNDP
3. Gujarat NGO Development Reports (2020–2024)
4. International Journal of Media & Social Work (Elsevier)
5. Planning Commission, Government of India – NGO Documentation

https://www.gapbhasha.org/

GAP भाषा
A MULTILINGUAL JOURNAL OF RESEARCH
(ISSN – 2582-8770)
Globally peer-reviewed and open access journal.

# ધીરુબહેનની 'દીકરીનું ધન'માં નારી સંવેદના

**જાડેજા રિધ્ધિબા જે.**

*Ph d શોધછાત્રા,*
*ગુજરાતી વિભાગ,*
*ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ*

ધીરુબહેન પટેલના વાર્તાસંગ્રહ 'એક લહર'માં કુલ ત્રેવીસ વાર્તાઓ સમાવિષ્ટ છે. તેમાં નારીવાદી અને નારીપ્રધાન અભિગમ ધરાવતી એક વાર્તા એટલે 'દીકરીનું ધન'. આ વાર્તામાં એક ગરીબ મધ્યમવર્ગીય કુટુંબની યુવતીનું જીવન બતાવવામાં આવ્યું છે.

વાર્તા ત્રીજા પુરુષ એકવચનમાં લખાઈ છે, એટલે કે વાર્તાકાર પોતે ઘટનાઓને બહારથી નિરીક્ષણ કરીને કહે છે. વાર્તામાં યુવાન શકુંતલા મુખ્ય નાયિકા તરીકે પ્રકાશિત થાય છે. આખી કથાવસ્તુ શકુંતલાના જીવનને કેન્દ્રમાં રાખીને સુસંગત રીતે ગૂંથાયેલી છે. શકુંતલા ઘરનું આર્થિક ધારાસભ્ય છે – ઘરના તમામ ખર્ચ અને ગુજરાનની જવાબદારી એ જ નિભાવે છે. પોતાના પરિવારની ખરાબ આર્થિક સ્થિતિને સુધારવા માટે નોકરી કરે છે. ઘરકામ અને ઓફિસના કામ વચ્ચે સંતુલન સાધતી શકુંતલા નિરંતર પરિશ્રમ કરે છે.

શકુંતલાના પિતા ગુલાબદાસ અને માતા તેની લગ્ન વિશે કદી વિચારતા નથી, કારણ કે તેના ભાઈ જયંત મેડિકલની અભ્યાસ કરે છે અને તેના અભ્યાસ માટે ઘણો ખર્ચ થાય છે. એ ખર્ચ શકુંતલાની કમાણીથી જ પૂરાય છે, તેથી જયંત ડોક્ટરીનો અભ્યાસ પૂર્ણ કરે પછી જ શકુંતલાના લગ્ન વિશે વિચાર કરી શકાય, એવી ઘરની માન્યતા હોવાથી તેના લગ્ન અંગે કોઈ ધ્યાન આપતું નથી. તેથી શકુંતલા અપરિણીત (લગ્ન ન કર્યા વિના) જ નોકરી કરે તે તેમના માટે જરૂરી છે. પોતે દીકરીનું ધન લેવા ઇચ્છતા નથી એવો દંભ કરતાં શકુંતલાના માતાપિતા ખરેખર તો શકુંતલાની આવક જતી કરવા માંગતા નથી. માટે જ શકુંતલાના લગ્ન પાછળ ઠેલી રહ્યાં છે. કમાતી દીકરી પરણી જાય એવું માતાપિતાને ન ગમે. તેવી વાત વાર્તામાં ફલિત થાય છે.

શકુંતલા એક સંવેદનશીલ, શ્રમશીલ અને આત્મસન્માનવાળી યુવતી છે, પરંતુ તેની માતાની વૃત્તિ તેના માટે સતત માનસિક ઘર્ષણનું કારણ બની રહે છે. શકુંતલાની માતા બહુ સ્વાર્થી અને ઝઘડાળું સ્વભાવ ધરાવે છે. તેને શકુંતલા એ રીતે લાગે છે જાણે સોનાના ઇંડા મૂકતી મરઘી – એટલે કે, કમાણી કરતી દીકરી, જેને લગ્ન કર્યા પછી ગુમાવવી ન પડે. માતા વારંવાર શકુંતલાને કહે છે કે તે દેખાવમાં સારી નથી, તેથી તેના લગ્ન નથી થતા. આવો સતત ટકોરો શકુંતલાના મનમાં દુઃખ, આત્મસંદેહ અને એક પ્રકારની અસ્તિત્વની પીડા જન્માવે છે. તે માનવા લાગે છે કે કોઈ પુરુષ તેને સ્વીકારશે નહીં, કોઈ તેની સાથે જીવન જીવવા ઈચ્છશે નહીં. આ રીતે તે સમાજના સૌંદર્યના ખોટા માપદંડોની શિકાર બને છે.

માનસિક સંઘર્ષમાંથી મુક્તિ મેળવવા શકુંતલા પોતાને કાર્યમાં ડૂબાવી દે છે. દિવસ દરમિયાન તે ઓફિસમાં કાર્યરત રહે છે, સાંજે shorthand–typingના વર્ગોમાં જાય છે અને રવિવારે હિન્દી ભાષા શીખવા પ્રયત્નશીલ રહે છે. આ તેની માનસિક એકાંતતાથી મુક્ત થવાની લડત તરીકે જોવામાં આવે છે. તેના અંતર્મનમાં એક અશાંત પ્રશ્ન સતત ધબકે છે – "શું હું ખરેખર અયોગ્ય છું?" આ પ્રશ્ન જ તેને માનસિક તાણ અને આત્મવિશ્લેષણના વલોણામાં ધકેલી દે છે.

આ દરમિયાન એક દિવસ વસુબહેનના પરિચિત રમેશના પુત્ર તરફથી શકુંતલાને વિવાહ માટે પસંદગીનો સંદેશો આવે છે. આ સંજોગ વાર્તામાં આશાનો પ્રથમ કિરણ બનીને પ્રવેશે છે. પરંતુ શકુંતલાની માતા પોતાના અહંકાર અને ખોટી માન્યતાઓના કારણે આ સંબંધને નકારી દે છે. તે દીકરાના ડોક્ટર બનવાના બહાને વાતને ટાળી દે છે – પરંતુ મૂળ કારણ છે મનનો દંભ અને સામાજિક પ્રદર્શિત ચિંતાનો તણાવ.

શકુંતલાની કથા માત્ર વ્યક્તિગત પીડા નથી, તે તો સમગ્ર સમાજની સ્ત્રી વિરુદ્ધ મનોદશાનું પ્રતિબિંબ છે. શકુંતલાના દુઃખદ જીવન અને આંતરિક વિચારોનું વર્ણન કરીને વાર્તાકારએ સમાજની સ્થિતિને સમજદારીપૂર્વક રજૂ કરી છે.

https://www.gapbhasha.org/

સમાજમાં સ્ત્રીઓ પર વિવિધ રીતે અન્યાય અને શોષણ થતું જોવા મળે છે. જ્યારે દીકરી ઘર માટે કમાણી કરતી બને, ત્યારે તે તેણી માટે દુઃખદ પરિસ્થિતિ બને છે. દીકરીની આવક પર ઘર ચાલે અને માતાપિતા તેના લગ્ન કે ઉમરને અવગણતા રહે, ત્યારે એ તેની માટે ખૂબ કઠિન સમય બને છે. શકુંતલાને પણ એમ જ – પોતાના ભાઇનું અભ્યાસ પૂરું ન થાય ત્યાં સુધી નોકરી કરવી ફરજિયાત છે.

શકુંતલા એક યુવા યુવતી છે, એટલે તે પણ લગ્ન અને જીવનના સપના જોતી હતી — જે સ્વાભાવિક છે. પરંતુ, ભલે તે કમાતી હોય, તોય પોતાના માટે કંઈ કરી શકતી નથી; પોતાનાં કપડાં પણ પસંદથી લઈ શકતી નથી. તેની માતા તેના દેખાવ, વર્તન અને સ્વભાવ અંગે વારંવાર ટિપ્પણીઓ કરે છે, જેના કારણે શકુંતલા આત્મવિશ્વાસ ગુમાવી દે છે અને નિચતા અનુભવે છે.

વાર્તાકાર પાત્રોની મનોસ્થિતિને સૂક્ષ્મ સંવેદનશીલતાથી વ્યક્ત કરવામાં સફળ રહ્યા છે. એ વાર્તાકારની અભિવ્યક્તિ-સિદ્ધિ કહી શકાય. આખી વાર્તા રસાળ અને સ્પર્શક બની રહે છે. ભાવક વાર્તા સાથે તાદાત્મ્ય સાધી શકે, એ તેની ફલશ્રુતિ છે. પાત્રો જીવંત થઈને વાચકને પોતાના લાગે છે. શકુંતલાની માતાની દંભી વૃત્તિનું પણ વાર્તાકારે તીવ્રતાપૂર્વક આલેખન કર્યું છે. માતાના મુખેથી ઉચ્ચારાયેલી પંક્તિ – "દીકરીનો પૈસો મારે મન ગાયની માટી બરાબર છે" – તેના માનસિક વિસંગતતાનું જીવંત પ્રતિબિંબ બની રહે છે.

નબળી આર્થિક સ્થિતિને કારણે શકુંતલા ઓફિસેથી થાકી ને સાડાપાંચે ઘરે પહોંચે છે. મહેમાન આવ્યા હોય તો ક્યારેક કોઈ ઢાંકી રાખેલી રકાબી હાથ લાગે, નહીતર stove જાતે સળગાવી ચા બનાવવી પડે. સાડા આઠે ઠંડી થાળી સામે બેસતા બેસતા તે પૂરી રીતે થાકી જતી. પરિવાર એટલો ગરીબ છે કે શકુંતલાના પાસે ફક્ત ત્રણ સામાન્ય છાપેલા સાડલા અને બે રંગીન સાડલા જ છે. તે હંમેશા જૂના, ઝાંખા કપડાં પહેરીને, ઘર અને ઓફિસ – બંને જગ્યાએ સતત મહેનત કરતી રહે છે. તેના વસ્ત્રો ફાટી ન જાય કે રંગ ઊડી ન જાય, તે ભયથી કપડાં પણ સારા ધોઈ શકાતાં નથી. આ વર્ણન શકુંતલાના જીવનના દારૂણ દૈનિક સંઘર્ષનું તાદૃશ્ય દૃશ્યપટ ખોળે છે.

શકુંતલાની જિંદગીની દશાને વર્ણવતા વાર્તાકારનું ભાષાકર્મ પણ અસરકારક જોવા મળે છે. 'બધે એક સરખો સાધારણ મેલનો પાસ લાગેલો જ રહેતો. અને એક રીતે જુઓ તો શકુંતલાની પોતાની જિંદગીયે એવી જ નહોતી શું ? 'શકુંતલાનું હૃદય જાણે મર્યાદાના બંધન તોડી બહાર સૌ કોઇને પોતાની વાણી સંભળાવવા મથતું હોય તેમ જોરથી ધડકતું હતું." અહીં વાર્તાકાર વિવિધ અલંકારોના વિનિયોગ દ્વારા વાર્તાને વધુ આસ્વાદ્ય બનાવી છે.

આ રીતે શકુંતલાના મનની આંતરિક પીડા, તૂટેલા સપના, અને પરિવારની ધનલાલસા તેના જીવનને દુઃખથી ભરેલું બનાવે છે. વાર્તાકારે આ સમગ્ર પરિસ્થિતિનું કરુણ ચિત્ર દોર્યું છે. દીકરીના ધનપ્રત્યે લોભી વર્તનવાળા સમાજને વિષય બનાવી, લેખકે પોતાની સર્જનાત્મકતા અને સંવેદનશીલતા સફળતાપૂર્વક દર્શાવી છે. એ ભાવ વાર્તાના અંતરમાં સ્પષ્ટ અનુભૂતિરૂપે દેખાય છે એ જ આ વાર્તાની સાહિત્યિક સફળતા છે.

## સંદર્ભ ગ્રંથ

1. પટેલ ધીરુબહેન, 'એક લહર' વાર્તાસંગ્રહ, પ્ર. આવૃત્તિ ૧૯૫૮, એન.એમ. ત્રિપાઠી, મુંબઈ

https://www.gapbhasha.org/